ભક્ત કવિ શ્રીદયારામભાઈ રચિત રસિક બોધક કાવ્ય

ક્લેશ કુઠાર

તથા શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી (ભાવાર્થ સહિત)




ભક્ત કવિ શ્રીદયારામભાઈ રચિત રસિક બોધક કાવ્ય

ક્લેશ કુઠાર

તથા શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી (ભાવાર્થ સહિત)



પ્રકાશક :



પ્લસ કોર્પોરેશન

૧૦૩, શાંતિ કોમ્પલેક્ષ, પહેલા માળે,
૧, કોટક શેરી મેઈન રોડ,
હોટલ આદિત્યની પાછળ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ટેલી/ફેક્સ : (૦૨૮૧) ૨૨૩૫૬૧૧ (રે.) ૨૨૩૪૨૬૨
મોબાઈલ : ૯૪૨૬૨ ૫૦૫૭૦, ૯૪૨૮૦ ૩૯૮૬૦
વેબસાઈટ : www.pustimarg.com
ઈમેઈલ : pluscomad1@gmail.com

ન્યોછાવર : રૂા. ૩૫-૦૦ (પોસ્ટેજ અલગ)

ભક્ત કવિ શ્રી દયારામભાઈ રચિત

કલેશ કુઠાર તથા શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી

પરમ ભગવદીય ____________________

____

____

ને જય શ્રીકૃષ્ણ સહ

____

____

તરફથી સપ્રેમ

____

નોંધ : પુષ્ટિમાર્ગમાં મહાબાધક રૂપ લૌકિક ક્લેશને દૂર કરવા પરમ ભગવદીય પરમ ભક્ત કવિવર્ય શ્રી દયારામભાઈએ અત્યંત સુંદર એવા **'ક્લેશ કુઠાર'** ગ્રંથની રચના કરી છે. જે એના નામ પ્રમાણે ક્લેશને કુઠાર એટલે કુહાડીની જેમ કાપે છે અને ક્લેશ દૂર કરે છે. ચિંતા-દુઃખ અને ક્લેશના સચોટ નિવારણ માટે ખૂબ જ ઉત્તમ દાખલાઓ આપી સમજાવેલ છે. આ પુસ્તકની પ્રેરણા **પ.ભ. સોની શ્રી વસંતરાય દયાળજીભાઈ** દ્વારા પ્રકાશિત પુસ્તક ઉપરથી મળેલ હોઈ અમો તેમના અત્યંત આભારી છીએ.

શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરીના શબ્દાર્થ-ભાવાર્થ-વિવેચન માટે અમો ગો.વા.પ.ભ. શ્રી વ્રજરત્નદાસ ચિમનલાલ પરીખના પણ ખૂબજ આભારી છીએ.

આ પુસ્તક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ભગવદ્ નામ પ્રચાર તેમજ મનોરથ ઉપક્રમ અને સ્વજનોની સ્મૃતિ રૂપે વૈષ્ણવોમાં વાંટવામાં ખૂબજ ઉપયોગી થશે.

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

ક્લેશ કુઠાર

શ્રીગુરુ શ્રીબલ્લભપ્રભો, શ્રીબિઠ્ઠલ શ્રીનાથ. ૧
પદપંકજ બંદન કરું, ધરિયે મમ સિર હાથ,
શ્રીયમુના ગિરિરાજ, શ્રીકૃષ્ણ સખા જો અષ્ટ. ૨
નિજ સેવક મોકો લહી, કરિયે કરુના દ્દષ્ટ,
શુભ મતિ દિહું સુંદર રચું ગ્રંથ ક્લેશ કુઠાર. ૩

૧ = શ્રીમદ્ સદગુરુ શ્રીવલ્લભલાલજી મહારાજ તથા શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલેશાચાર્યજી અને શ્રીનાથજીના ચરણ કમલમાં વંદન કરું છું અને વિનવું છું કે આપનો શ્રી હસ્ત મહારા મસ્તક ઉપર ધારણ કરો.

૨ = શ્રીયમુનાજીને શ્રીગિરિરાજજીને, શ્રીકૃષ્ણના આઠ સખા તે સર્વ મને પોતાનો દાસ જાણીને મારા ઉપર કરુણા દૃષ્ટિ કરો.

૩ = મને જો આપ સુબુદ્ધિનું દાન કરો તો ક્લેશ કુઠાર નામનો સુંદર ગ્રંથ રચી શકું. જે શ્રવણ કરવાથી ચિત્તની ચિંતા (ઉદ્વેગ) ટળે, અને શ્રીનંદકુમાર (શ્રીકૃષ્ણ) ઉપર પ્રીતિ ઉપજે.

શ્રીમહાપ્રભુજીએ નવરત્નગ્રંથમાં કહ્યું છે કે **'ચિન્તા કાપિ ન કાર્યા'** એ વચને કરીને જે ભગવદ્ દાસને ચિંતા લૌકિક કે અલૌકિક કોઈપણ પ્રકારની પણ કરવાની જરૂર નથી. ''કોઇ સમયે પણ'' તે શા માટે શ્રીવલ્લભકુલ પરમ જગદ્ગુરુએ શ્રી પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર જોડે જે જીવને બ્રહ્મસંબંધ કરાવ્યો છે, તે જ આત્મનિવેદન જાણવું તેના દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ધર્મ, સ્ત્રી, ગૃહ, પુત્ર, આપ્ત, વિત આત્માદિ સર્વ શ્રીઠાકોરજીનું થયું, અને પોતે પણ દાસ થયો, એટલે પ્રભુ તેના સ્વામિ થયા, એ પુરુષોત્તમ સર્વેશ્વર છે, તે સર્વાત્મા છે, તેને જે ગમશે તે કરશે. તેમને કોઇનું ભુંડુ થવું તો ગમતું જ નથી, જગત્ માત્રના તે બંધુ છે, ને જગન્નાથ છે, જે સ્વામિ હોય ને જે બંધુ હોય તે સદા સર્વનું રુડું જ કરે, એ પ્રમાણે જે અખિલ વિશ્વનું રુડું કરે છે, ત્યારે તે શું તારું કેમ નહીં કરે ? અર્થાત્ કરશે જ. કેમ કે તું તો ઘરનો ગુલામ ઠર્યો, તેથી તે વિનંતી કર્યા વિના જ રુડું નિશ્ચે કરશે જ કરશે. જેમ નેત્રને વિના કહ્યે પલક રક્ષણ કર્યા જ કરે છે. તદ્દવત્ હરિ પોતાના નિજ જનનું એટલે સ્વકીય જનનું કહ્યા વિના પોતાના

મેળે જ રક્ષણ કરે જ છે. એવો પ્રભુનો સ્વાભાવિક ધર્મ છે. ત્યારે તું કહી શકે કે જ્યારે પ્રભુ તો સર્વનું સદા રુડું જ કરે છે. ત્યારે કોઇ કોઈ સમયે ભુંડુ કેમ થાય છે ? તેનો પ્રતિ ઉત્તર એ છે કે, હરિ તો કદાપી પણ દાસનું તો ભુંડુ કરતાં જ નથી. પણ પ્રભુના હૃદયનો આશય અતિશે ગૂઢ છે, તે તુર્ત તારા સમજ્યામાં આવતો નથી. તેમનું હિત કરવું બહુ જ વિલક્ષણ રીતનું ને ઉત્તમ પ્રકારનું રહસ્યનું ભરેલું હોય છે, તથાપિ જીવને તેનું જ્ઞાન હોતું નથી માટે તે તુર્ત તારા સમજ્યામાં ન આવ્યાથી તું દુઃખ માને છે. બાકી તે ઉપરથી જણાતા કથન માત્રના દુઃખમાં પણ પરિણામે હિતકારી સુખજ સમાયેલું હોય છે. બાકી દાસને તો દુઃખ ન જ થવા દે.

'અહિતં નિજભક્તાનાં ન વિદધાતિ કર્હિચિત્' ઈત્યાદિક વચનાત્

એવા પ્રભુ છે, તદપિ દાસને કાંઇ દુઃખ આપે છે તેનો એ હેતુ જણાય છે કે જે જીવે હરિનું શરણ લીધું છે ને યથાશક્તિ ભગવદ્ ભજન સ્મરણ કર્યું તેનું સંચિત અને ક્રિયમાણ તો ભસ્મીભૂત થઇ ગયું પણ પ્રારબ્ધ માત્ર વેદ મર્યાદા રાખવાને માટે બાકી રહ્યું, તે શૂળી જેવા મહાન કષ્ટરૂપી ભોગ તેને સ્વલ્પ કાંટા જેવું કરીને મટાડે છે. અથવા મહાદુસ્તર અપરાધ શ્રી ગુરુનો વા ભગવદીય નો, પૂર્વનો યા આ જન્મનો હોય, તે અપરાધનું ફળ તો ભોગવ્યા વિના છૂટતો જ નથી. માટે દુઃખ આવે તે શ્રીહરિની ઈચ્છા માનીને ભોગવે છૂટકો. બાકી બીજા એ વિનાના સઘળા દોષ તે તો શ્રીહરિના નામ સ્મરણથી બળી જાય છે. વળી ભગવદીયને એક બીજી રીતનું દુઃખ થાય છે, તે કીયુ કે જીવબુદ્ધિએ કરીને અનિષ્ટ દાતા માયાજનિત પદાર્થ સ્ત્રી, દ્રવ્ય, યશ, માન, મોટાઇ, વૈભવ, ગુણ, રૂપ, વિદ્યા, કુલ, જાત્યાદિકને વિષે અતિ લુબ્ધ થઇને ભજન ભૂલી જાય છે, ત્યારે પ્રભુ જાણે છે જે એ થકી એનો બિગાડ થશે, ને પરિણામે દુઃખ ઘણું પામશે, ને એ તો મારો છે, મારે એને બચાવવો. એ મારી ઉપર દુઃખ લગાડશે, તો તે ભલે લગાડે, પણ એનું બગડવા ન દેવાય. એવી દયા વિચારીને એની બિગાડની વસ્તુ બલાત્કારે પ્રભુ છોડાવે છે. તેણે અજ્ઞાને કરીને મોહથી અનિત્ય પદાર્થોને વિષે પોતાની આસક્તિ બાંધી અહંતા મમતાપણું ધારણ કર્યું છે માટે તેને એવા સાંસારિક પ્રપંચથી મુક્ત કરવો એ હેતુ સમજાવવાને

દેશ ત્યાગો મહાન વ્યાધિ ર્વિરોધો બંધૂભિઃ સહ ॥
ધન હાન્યપમાનં ચ મદનુગ્રહ લક્ષણમ્ ઈતિ વચનાત્॥

દષ્ટાંતમાં જેમ કોઇ અજ્ઞ બાળકને સર્પ અથવા અગ્નિ કે વિષવત્ પદાર્થો ઇત્યાદિક અહિતકર પદાર્થોને મુગ્ધતાએ ઝાલતો દેખીને તેના હિતકારી વાત્સલ્ય

કર્તા માતાપિતા નિષેધ કરે છે, ત્યારે બાળક તે વેળા રુદન કરે છે, વળી બીજું ઉદાહરણ બાળકને કઠિન ગ્રંથિ ગળામાં ભરાઈ હોય અને તે દુઃખમાંથી તેને મુક્ત કરવાને સારું તેના મુખમાં વેલણ વગેરે ઘાલે છે. વળી ત્રીજો દાખલો અસાધ્ય રોગ મટાડવા સારું કડવું ઔષધ તે બાળકને તેની મરજી વિરુદ્ધ પાય છે, ઈત્યાદિક ઉદાહરણ વેળાએ તે બાળક રુદન કરે, માતા પિતા ઉપર દુઃખ માને, પણ તે પછી તે જ્યારે પોતાના હિતકારી માતા પિતા છે એમ સમજણો થાય ત્યારે સમજ્યા પછી સુખ માને. તદવત્ શ્રીહરિનું સમજવું દઢાશ્રય ભરોસો તે હિતકારીનો રાખીને તે પ્રભુનું ભજન સ્મરણ ભૂલવું નહીં.

શિક્ષાશ્લોકી ગ્રંથે મયિ ચેદસ્તિ વિશ્વાસઃ
શ્રીગોપીજન વલ્લભ ઈત્યાદિ વચનાત્ ।

શ્રીઠાકોરજી દાસનું સદૈવ રુડું જ કરે છે, કદાચ તુરત ખોટું ભાસે કે દેખીએ તદપિ દઢ નિશ્ચય રાખવો કે, એમાં પણ પ્રભુ સારું જ કરતાં હશે. નિશ્ચેજ આવું માનીને પ્રભુના ગુણ માનીએ તેનું નામ તે ગુણગાન કહેવાય. તેથી શ્રીભગવાન ઘણાં પ્રસન્ન થાય છે કે, મારા કર્યા ગુણને તે હાવાં સમજ્યો ખરો કૃતઘ્ની મટ્યો. બાકી તરત લાભ દેખીને તો સર્વ સારું માને, તેનું આશ્ચર્ય શું ? માટે શ્રીનાથજીના ઉપર અતિ દઢ વિશ્વાસ રાખવો તે બરાબર બીજું એક પણ સાધન નથી જેનું શુન્ય ભાગ્ય હોય તેને પણ એ પ્રભુ પ્રમેય બળ વડે પોતાનો ગણીને સઘળા મનોરથ પૂર્ણ કરે છે. પણ તેના કોટ્યવધિ અપરાધો કે જે ક્ષમા કરવા સરખાં ન હોય તથાપિ પણ તેની ક્ષમા કરે છે. તેને ફળ આપતાં કાળ, કર્મ, માયાદિ કોઈનો પ્રતિબંધ ચાલે નહીં. કેમકે પ્રભુ કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સર્વ કરવાને સર્વેશ્વર સદા સ્વતંત્ર છે, માટે ને વળી સર્વ ભક્તના અંતર્યામી છે. તે સર્વના મનોભિલાષ માત્રને જાણે છે, માટે તેમને કશું કહેવું ન પડે, આ કારણથી બીજા સર્વ ભરોસા મુકીને એક અનન્ય ભાવે ભરોસો દઢ શ્રીજીનો રાખે. તેને સકળ પદાર્થ સિદ્ધ થયેલા છે જ. શ્રીકૃષ્ણ નામ ક્ષણ માત્ર વૈષ્ણવે ભૂલવું નહીં સદા તેમનું ચિંતન કરવું ને તે ભગવાનની સેવા યથા સંપત્ શક્તિ અનુસાર મિલિત ઉપચારોથી જેમ બને તેમ કરવી યથાશક્તિ કરવામાં આળસ કે પ્રમાદ ન કરવો. તેમ અન્યાશ્રય પણ ન કરવો. અસમર્પિત ખાનપાન ન કરવું દુષ્ટ સંગથી દૂર નાસવું સ્વમાર્ગીય ઉત્તમ ભગવદીયને મળીને અખંડ નિવેદનનું સ્મરણ કરવું તેથી ચિંતા ન ઉપજે. જો એ પ્રમાણે ન કરીએ તો અવિદ્યા બાધ કરે, આસુરાવેશ થાય, તેની નિવૃત્તિનો ઉપાય અષ્ટાક્ષર મહામંત્રનો જપ તથા શ્રીજીનું ચરણામૃત છે. સકળ પાપ, સંતાપ, વ્યાધિ, ક્લેશ, દુઃખ, ભય, હાનિ, ઉદ્વેગાદિક મટવાનો ઉપાય શ્રીહરિની શરણાગતિ અને શ્રીહરિનું નામ સ્મરણ એ વિના બીજો કશો

શ્રેષ્ઠ ઉપાય છે જ નહીં. સર્વ પદાર્થોના કર્તાહર્તા દાતા એક સ્વયમેવ શ્રીનાથજી જ છે. તેમની ઇચ્છા વિના એક પત્ર પણ હલી શકતું નથી. બીજી સર્વ વાતો સાધારણ પક્ષની છે, પણ સત્ય સિદ્ધાંત વાત તો એજ છે. કેમ કે કર્તુમ્, અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ એ પરમેશ્વર તે પ્રાણિ માત્રનું સુખ, દુઃખ એના હાથમાં છે. સદા સર્વદા શ્રીજીનું ધાર્યું જ સફળ થાય છે, તેમાં હરબ્રહ્માદિક કોઇએ અણુ માત્ર પણ ફેર પડે નહીં તો બીજા જીવ ત્યાં કોણ માત્ર છે ? કોટિક બુદ્ધિવાન મળીને અનંત યત્ન કરે તથાપિ તે મિથ્યા કહેવા માત્ર છે. સોચના કરી મરે તેટલો જ લાભ-જીવ હું કરતાપણું માને છે તે તો શકટનો ભાર શ્વાને તાણ્યા જેવું છે. શ્વાનને શકટનો કશો સંબંધ જ નથી. તેમ જીવને પોતાના આપથી કર્તુત્વપણાંનો સંબંધ જ નથી, છતાં અહંતા મમતાથી અજ્ઞાને કરીને માને છે ખરો. એની અલ્પજ્ઞતા બતાવી આપે છે. તે પણ હરિ ટાળે તો જ ટળે. જગતમાં કોઇ જ્ઞાની પણ નથી મૂઢ પણ નથી. જે સમયે જેને જેવો હરિ કરે તે સમયે તે તેવો જ થાય. તે જેમ કાષ્ટની પૂતળી તથા મરકટ અને શુક, યંત્ર બાલકાદિક, પરાધીન, થકા જેમ સુત્રધાર નચાવે ત્યમ નાચે, અને કરાવ્યા ખેલ કરે છે તેમ અખિલ જગત શ્રીજીને વશ છે, શ્રીહરિ જંત્રી છે અને તું જંત્રવત્ છે પૂણ્ય અને પાપ તે તો બંન્ને કહેવા માત્ર છે. જે વૃક્ષે જે લતાએ જેવું ફળફૂલ પત્ર જે ઋતુ સમયે જેટલું હરિએ નિર્માણ કર્યું હોય છે તે પ્રમાણે તે નિમિત્ત માત્ર આપે છે. તે જ પ્રમાણે જેને જે સમયે જેટલું જેવું જેમ હરિએ લખ્યું છે તેને તે સમયે તે પ્રમાણે પ્રાપ્તિ થાય છે. તદપિ પંડિત સરખા પણ સોચ કરે છે.

આધિભૌતિક અધ્યાત્મ દુઃખ આધિદૈવિક હુ કહાય,
તીન મુલ શાખા અમિત સુનત સંશય છિદ જાય. ૪
કર્મકાલગ્રહમનાદિ માનત સુખદુઃખ હેત,
હરિ ઇચ્છા આધીન સબ અસમઝ ઇન સિર દેત. ૫

૪ = ત્રિવિધ પ્રકારના સંતાપ રૂપ દુઃખ (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક જે કહેવાય છે એ ૩મુળ તેની અપાર શાખાઓ છે તે સાંભળવાથી સર્વ સંશયો છેદન થઇ જાય. શરીરના રોગાદી દુઃખ તે આધિભૌતિક અને મનનો સંતાપ તે આધ્યાત્મિક તથા રાજકદૈવક દુઃખ આવી પડે તે આધિદૈવિક ગણાય.

૫ = કર્મ, કાલ, ગ્રહ, સ્વભાવ મન ઇત્યાદિને સુખ દુઃખના હેતુ કહેવામાં આવે છે, પરંતુ એ સર્વે શ્રીહરિની ઇચ્છાને આધિન છે. તેની જેને સમજ નથી હોતી તે એમને શિર દોષ દે છે.

હરિ ઈચ્છા સબતેં પ્રબલ, તા સમ ઓર ન કોય,
કર્માદિક હુ તસ કરેં, જેસી પ્રેરણા હોય. ૬
હરિ શરનાગત સો સબેં, હરિ કર્તા ઈક જ્ઞાન,
કર્માદિક કર કહત સો, કૃષ્ણદાસ બિન આન. ૭

૬ = સર્વ કોઇ શ્રીહરિની ઇચ્છાને આધીન (વશ) છે. પ્રભુની પ્રબળ સત્તા છે, તેની સમાન અન્ય કોઇપણ નથી. કર્માદિક પણ તેટલું જ કરી શકે કે જેવી પ્રભુની પ્રેરણા હોય.

૭ = એ સર્વે શ્રીહરિનો આશ્રય કરીને રહેલા છે માટે સર્વ કર્તૃ પદ શ્રીહરિને જ ઘટે છે, એવું જ્ઞાન રાખવું, કડી ૫ (પાંચ)માં કહ્યા છે તે કર્માદિક કરે છે, એમ કહેનારા શ્રીકૃષ્ણદાસ નથી એમ સમજ છે.

મુલ કૃષ્ણ ઈચ્છા બિના, ડોલે નહી એક પાત,
એ હી દઢ ચિત રાખીયે, લક્ષ બાતકી બાત. ૮
તહુ બિબેક તો રાખીયે, તાપે જો કછુ હોય,
સો ઈચ્છા હરિકી લહો, તામે દોષ ન કોય. ૯

૮ = સર્વનું મૂળ શ્રીકૃષ્ણ છે અને તેમની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલવાને સમર્થ નથી. એવું દઢ કરીને મનમાં રાખવું. લાખ વાતની એક સાર સિદ્ધાંતની વાર્તા એજ છે.

૯ = તો પણ વિવેક રાખી સમજવું જોઇએ છતાં ઇશ્વર ઇચ્છારૂપ પરિણામ ભાવીફળ આવનાર છે તે જ આવશે, એવી સમજણ રાખવી. જો સર્વના મૂળરૂપ શ્રીહરિની ઇચ્છાને જ પ્રધાનપદે સ્વીકારવામાં આવે તો પછી વચલા કારણરૂપ કર્મ, કાળ, ગૃહ, સ્વભાવાદિનું સ્વતંત્ર કાંઇપણ સામર્થ્ય ન હોવાનું સહજ સમજાશે. અને કોઇને નિમિત્ત કારણરૂપ દોષ પણ નહીં રહે.

બિબેકતે ભાવી ન ટરેં, સોચ કરો જિન કોય,
બિબેકકો ગુન એહી હેં, પાછેં તાપ ન હોય. ૧૦
કીયો હોત સબ કૃષ્ણકો, તું મત કર પરિતાપ,
જો અપનો હુ બલ ચલે, તો કરે બુરો કો આપ ? ૧૧

૧૦ = અગાઉથી વિવેકબુદ્ધિ પુરઃસર વર્તતા છતાં પણ ભાવી થનાર વસ્તુ તે કદિ મિથ્યા થઇ શકનાર નથી, માટે ભવિષ્ય પદાર્થરૂપ પરિણામી ફલને માટે કદિ પણ શોચ (ચિન્તારૂપ પરિતાપ) કરવાનું પ્રયોજન નથી. અગાઉથી વિવેક યુક્ત વર્ત્યાનું ફળ એટલું જ કે જગતના લોકો એવો ઠપકો ન આપે કે, પ્રભુએ બુદ્ધિ અને સાધનો આપ્યાં છતાં તેનો ઉપયોગ ન કર્યો. જે પ્રમાણે જે કાળે કરવું

ઘટતું હતું તે તેનો ઉપયોગ ન કર્યો. જે પ્રમાણે જે કાળે કરવું ઘટતું હતું તે તો મેં અગાઉથી કર્યું હતું, પરંતુ પ્રભુ ઈચ્છા પ્રમાણે જ ફળ આવ્યું એમ જાણી હર્ષ કે શોકરૂપ ચિંતાદી ક્લેશ પરિતાપ ન થાય. માટે વિવેક રાખી શ્રીહરિની ઈચ્છા પ્રમાણે થયું છે અને થશે, એમ નિશ્ચય રાખી ચિંતા ક્લેશથી નિવૃત્ત થવું.

૧૧ = સર્વ શ્રીકૃષ્ણ ભગવાનનું જ કર્યું થાય છે એમ જાણીને પરિતાપ દૂર કરવો જો પોતાના બળથી થતું હોય તો પોતાનું બુરુ કોઈ કેમ કરે ?

હરિ કૃતિમે હૂપદ દીખે, એહુ હરિકૃતિ માનિ,
સૂધિ સમઝ જાકો મિલી, તાહિ દઈ કો આન. ૧૨
જીયકી ચિતવનિ ઓર, અરુ પ્રભુકી ચિતવનિ ઓર,
કાકતાલીય ન્યાય કછુ, કબુ આવે ઈક ઠોર. ૧૩

૧૨ = શ્રીહરિની કૃતિ છતાં તે કૃતિમાં હું કર્તા છું એમ લાગે તે પણ શ્રીહરિની પ્રેરીત કૃતિ જાણવી. એવી જેને સીધી સમજણ મળેલી છે તેને બીજો શું કરી શકશે ? અથવા તો તેને તે કોણ આપનાર છે ?

૧૩ = જીવનું ચિતવેલું બીજું હોય ને પ્રભુએ બીજું નિર્ધાર કરેલ હોય છે. પરંતુ કોઈ સમયે જે જીવે ધાર્યું છે તે પ્રભુની ઈચ્છા અનુકુલ હોય તે કારણથી તે કાર્ય સિદ્ધ થાય તો કાકતાલીય ન્યાય જેવું ગણાય છે કહેવત છે કે "કાગડાનું બેસવું ને સાલીયાનું ભાંગવું" સાલીયો જીર્ણ થવાથી કે વાવાઝોડા આદિ કારણથી પડવા જેવો થઈ રહ્યો હોય ને એટલામાં તેની ઉપર કાગડા જેવું હલકું પક્ષી બેસતા પડી ગયો, એમાં કાગડાને કારણ ન ગણાય.

દારુ પુતરી યંત્ર શુક, મરકટ પરબસ બાલ,
ત્યોં હરિકે બસ જકત, સબ કરે કરાયે ખ્યાલ. ૧૪
સુખ દુઃખ નહીં જીય જતનતેં, મિથ્યા રહી મન ભ્રાંત,
કનક કશિયપુ પ્રહલાદકો, દેખિ લેહુ દ્દષ્ટાંત. ૧૫

૧૪ = જે પ્રમાણે કાષ્ટની પૂતળીવાળું યંત્ર, યંત્રીને આધીન છે. અને માંકડાં મદારીને આધિન છે અને મુગ્ધ બાલક માતા ઈત્યાદિ પાલકને આધીન છે, તે જ પ્રમાણે સમગ્ર જગત શ્રીહરિને વશ વર્તી રહેલું છે. તે બ્રહ્મની જે પ્રમાણે ઈચ્છા હોય તે પ્રમાણે જીવ કરી શકે છે. બધા ખ્યાલો કરી ચૂકેલા હોય છે.

૧૫ = સુખ તથા દુઃખ એ કાંઈ જીવના પ્રયાસથી પ્રાપ્ત થતાં નથી. છતાં જે સ્વતંત્ર રીતે પુરુષ પ્રયત્નને જ મુખ્ય માને છે તેમની બુદ્ધિ ભ્રાંતિવાળી છે. દ્દષ્ટાંતરૂપ જેમ કે હિરણ્યકશિપુએ પોતે બચવાના તેમજ ભક્ત પ્રહલાદજીનું અહિત થવાના અનેક પ્રયત્ન કર્યા છતાં તે હિરણ્યકશિપુ બચ્યો નહીં અને પ્રહલાદજીનું લેશ માત્ર પણ ન બગડ્યું.



સબ હિ હોત હરિકો કીયો, કછુ મિસ પેદા હોય,
જ્ઞાની તાકું ના ગિને, સુમરિ સુમરિ જડ રોય. ૧૬
દુઃખ મૃત્યુ કાહુ ન રુચિ, સહજ સમય પર આય,
સુખહુ ત્યો બિરલા સમઝ કહવે માત્ર ઉપાય. ૧૭

૧૬ = સર્વ કાંઈ જે થાય છે તે શ્રીહરિનું કરેલું જ થાય છે. માત્ર તેમાં મિષ એટલે બહાનું નિમિત્ત કારણ પ્રભુ પેદા કરે છે. પરંતુ જ્ઞાની જન તે બહાનાંને કથન માત્ર જાણી તે વચલા પદાર્થોનો કંઈપણ હિસાબ લેખતા નથી. પરંતુ જડ બુદ્ધિના જન તે નિમિત્ત કારણને સંભારી સંભારી રડે છે.

૧૭ = જૂઓને દુઃખની કે મૃત્યુની કોઈપણ ઈચ્છા રાખતું નથી, છતાં તે જેમ અનાયસે જે તે સમયે આવીને પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે વગર માગે સુખ પણ અનાયસે પ્રાપ્ત થાય છે, પરંતુ આ મર્મને કોઈક વિરલ જન જ જાણે છે, તેમાં ફેરફાર કરવાના પ્રયત્ન તો કહેવા પુરતા જ છે.

સર્વેશ્વર સર્વાત્મ બિભુ, નાગર કૃષ્ણ કૃપાલ,
નિજ ઈચ્છાસુહી કરેં, તું ક્યો સોચત બાલ ? ૧૮
ઈશ કૃતિમેં અહંપદ, શકટ નિચે જ્યોં શ્વાન,
સકલ સૃષ્ટિ મંડાન યો, બિરલ જુગત યહ જાન. ૧૯

૧૮ = જે સર્વેશ્વર સર્વના આત્મા, અત્યંત ચતુર અને ધર્મી કૃપાળુ શ્રીકૃષ્ણ છે તે સ્વેચ્છાથી જેમ ગમતું હશે તેમ કરશે, માટે હે બાલક સરખી બુદ્ધિવાળા અજ્ઞાની તું શા માટે ચિંતા કરે છે ?

૧૯ = ઈશ્વરની સર્વકૃતિ છતાં જે મિથ્યાભિમાનથી હું કર્તાપણું માને છે તે તો જે પ્રમાણે ગાડાનો ભાર ખેંચવાને કુતરુ લેશમાત્ર પણ સમર્થ નહીં છતાં ગાડાની પાછળ અમળાતું અમળાતું ચાલી મિથ્યા ભાર ખેંચવાપણાનું અભિમાન તેવું છે, કેમ કે સર્વ જગતનું મંડાન એજ પ્રમાણે ઈશ્વરની સત્તાથી થાય છે, આ સિદ્ધાંતને કોઈક વિરલા પુરુષ જેવી રીતે છે તે પ્રમાણે યથાર્થ યુક્તિએ કરીને જાણે છે.

સુધો કરત ઉલટો પરત, ઉલટો સુધોહુ હોત,
ભરત વ્યાધ દૃષ્ટાંત લખિ, મુરખ કાહે રોત ? ૨૦
ઈહતો બિગર્યો ચુકતે, અબ ચલિ ચેત ચતુર,
ફિર કબુ રોયો તવ ભવિશ, કે તું ફિરકે મુહુર. ૨૧

૨૦ = ઈશ્વરની ગતિ અકળિત છે એ સમજવાને સારુ કહે છે કે જૂઓ સીધે માર્ગે ચાલતા ઉલટું પરિણામ આવ્યું. જેમ કે ભરતજીએ કેવળ દયાની ખાતર હરણીના ગર્ભથી શ્રવી ગયેલા બાળકનું પાલન પોષણ કર્યું તેમાં તેને ત્રણ જન્મ

લેવા પડ્યા. અને ઉલટ કૃતિ કરવા છતાં સુલટ ફળ પ્રાપ્ત થયું જેમ કે બ્યાધે (પારધીએ) શ્રીકૃષ્ણ પરમાત્માને બાણ માર્યું છતાં તે પારધીને સદેહે સ્વર્ગ મોકલી સ્વર્ગપદ આપ્યું એ દૃષ્ટાંતો જોઈને હે મુર્ખ તું શા માટે રડે છે ?

૨૧ = કોઈ કહે કે, એ તો ચૂક ભૂલથી કાર્ય બગડ્યું, પરંતુ હવે તો ચતુરાઈથી ચેતીને ચાલજે કે જેથી કરીને પછીથી પશ્ચાતાપ કરવો ન પડે. છતાં બનવાનું તે તો બનશે જ, ત્યારે તું પણ આવી અજ્ઞાનીપણાની સમજ રાખીશ તો પાછું ફરીથી તને રડવારૂપ પશ્ચાતાપ કરવાનો પ્રસંગ આવશે જ.

ન કર તહુ હોનિ ન મિટે, કરિ અનહોનિ ન હોય,
પરીક્ષિત સુત પ્રહ્‌લાદ પિતુ, દેખિ બિચારી દોય. ૨૨
જો ચાતુર સુખિ હોય સબ, તબ મુરખકો દોષ,
ચાતુર દુઃખાતુર અતિ, કા મુરખ અફસોસ. ૨૩

૨૨ = યત્ન ન કરે તો પણ થનાર નહીં મટે અને પ્રયત્ન કરે તો પણ જે નહીં થવાનું તે તો નહીં જ થાય. જેવી રીતે પરીક્ષિતના પુત્ર જનમેજયને ભગવત્ જ્ઞાનાવતાર વેદ વ્યાસજીએ અગાઉથી ભવિષ્યવાણીરૂપે થવાના પદાર્થ વિષે કહ્યું હતું તે પ્રમાણે ન થાવાને સારું તેણે ઘણાં પ્રકારની યુક્તિઓ કરી છતાં પણ થવાનું હતું તે થયું જ, વળી અગણિત પ્રયત્ન પ્રહલાદજીને મારી નાખવાને પિતા હિરણ્યકશિપુએ કર્યા હતાં. છતાં પ્રહલાદજીનું લેશ માત્ર અહિત ન જ થયું. આ બન્ને દાખલા જોઈને તું વિચાર કર.

૨૩ = જો ચતુરાઈપણાના કારણથી સદા ચતુરજનને સુખનો નિશ્ચય હોય તો મુર્ખને અજ્ઞાનના કારણરૂપ દોષ દઈ શકાય પણ તેમ તો છે જ નહીં. ચતુર નરો પણ અતિશય દુઃખાતુર હોય છે, એમ જાણીને મુર્ખે પણ તેનો અફસોસ કરવાનું કારણ રહેતું નથી.

બુધ જાનત દુઃખ યહ કીયે, તહુ કિયબિન ન રહાય,
ઈચ્છા બલ પસ્તાય પુનિ, તાકો કોન ઉપાય ? ૨૪
રામ બ્રહ્મ શિવ મુખ સુને, સયાની ન સંશય ભાગ,
બુદ્ધિ પ્રેરક કૃષ્ણ સબ, સ્યાનપન કામ ન લાગ. ૨૫

૨૪ = ડાહ્યા પુરુષો જાણે છે કે, આવુ અસત્ કર્મ કર્યાથી દુઃખ પ્રાપ્ત થાય છે. છતાં તે નહીં કરવા યોગ્ય કર્મ કર્યા સિવાય રહેતા નથી, તે પરથી તેમને અસત્ કર્મનાં પરિણામ રૂપ દુઃખ ફળ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે તેના પશ્ચાતાપ કરીને, પછી તે પ્રભુની ઈચ્છાને મુખ્ય બલિષ્ટ ગણે છે. ભવિષ્ય પદાર્થને મટાડવાને કોઈપણ ઉપાય છે ખરો ? જવાબ એ કે પ્રભુ ઈચ્છા એજ મુખ્ય છે.



૨૫ = શ્રીરામચંદ્રજી બ્રહ્મસ્વરૂપ છે એમ સાક્ષાત્ શંકરે પાર્વતીજીને ઉપદેશ કર્યો છતાં, સયાની (શાણા) શ્રી પાર્વતીજીનો સંશય નિવૃત્ત ન થયો ને શ્રીરામચંદ્રજીની પરીક્ષા કરવાને દોડ્યાં સર્વની બુદ્ધિના પ્રેરક શ્રીભગવાન છે એમાં શાણા જનનું પણ ડહાપણ ચાલતું નથી. શ્રીપાર્વતીજીનું ભાવી શ્રીમહાદેવજીથી છુટાં થવાનું હતું તે ફળ આવ્યું, આ કથા શ્રીરામાયણમાં પ્રસિદ્ધ છે.

જનમેજય મુનિ મુખ સુન્યો, ભવિશ કહ્યો કર યોં ન,
તો હુ વહકો વહ ભયો, બહ્યો ગયો અભિમાન. ૨૬
સકલ સુરાસુર મહામુનિ, શિવ બ્રહ્માદિ સયાન,
ત્રિકાલજ્ઞ ભૂલે ભવિષ, હરિ ઈચ્છા બલવાન. ૨૭

૨૬ = જન્મેજયે શ્રીમદ્ વેદ વ્યાસજીના મુખ થકી શ્રવણ કર્યું હતું કે તારા પ્રારબ્ધમાં ૧૮ અઢાર બ્રહ્મહત્યાઓ છે, માટે તું કહે છે કે હું ડાહ્યો છું, વળી આપના મુખ થકી ભવિષ્ય વાર્તા મેં જાણી છે તેથી હું તે ન કરવા માટે જરૂર અગમચેતીથી સાવધ રહીશ. છતાં ભાવી પ્રમાણે થનાર હતું તે થયું જ ને કરેલું વ્યર્થ અભિમાન મિથ્યા ગયું.

૨૭ = સર્વે સુર અને અસુરો તથા મ્હોટા મુનિઓ છતાં તે પણ ભાવી પદાર્થને આધિન થઈ પોતાનું ભાન ભૂલ્યાના દાખલાઓ છે. (૧) જેમ કે ઈન્દ્ર અને ચંદ્ર જેવા દેવોએ ગુરુ પત્નિ સાથે ગમન કર્યું. (૨) મુનિ પરાશરે ગંગાની મધ્યમાં ઢીમરને ત્યાં ઉછરેલી કુમારી કન્યા પ્રત્યે બલાત્કારે ગમન કર્યું. (૩) શિવજી જેમણે આધિભૌતિક કામને પ્રજાળ્યો તે મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા. (૪) બ્રહ્માજી પિતામહ પુત્રી સરસ્વતીજીની પછવાડે કામવિકારથી દોડ્યા હતાં. (૫) વશિષ્ઠજી કે જે ત્રિકાળના જ્ઞાની તેમણે દશરથ રાજાને શુભ મુહુર્ત રાજ્યાભિષેકનું કાઢી આપ્યું હતું છતાં જે સમયે રાજ્યારોહણ થવાનું હતું તે સમયે વનવાસ પ્રયાણાદિએ દુઃખ કલેશ પેદા થયું વગેરે દાખલા અનેક છે. સૌનો સિદ્ધાંત એ સમજવાનો છે કે શ્રીહરિની ઈચ્છા બળવાન છે. તે પ્રભુની ઈચ્છા શી છે તે જાણવી અશક્ય છે.

બોલે બિહંસિ મહેશ તબ, જ્ઞાની મુઢ ન કોઈ,
જીહિં જશ રઘુપતિ કરહી જબ, સો તસ તિહિ છન હોઈ. ૨૮

ચોપાઈ

ઉમા દારુ જોષિતકી નાંઈ, સબહી નચાવત રામ ગુસાંઈ,
નટ મરકટ ઈવ સબહિ નચાવત, રામ ખગેશ બેદ અસગાવત. ૨૯



દોહા

ફિર ફિર મનમેં વહિ બસે, હોનહાર જો હોય,
અનહોની ભાવે ન જો લાખ સિખાવે કોય. ૩૦

૨૮ = આ કડીઓ ગ્રંથકાર કવિની નથી પણ ભક્ત કવિવર્યે સ્વોક્તિમાં પ્રમાણ તરીકે મહાત્મા શ્રીરામભક્ત તુલસીદાસજીના રામાયણનો અંગીકાર કરેલો છે. જેનો ભાવાર્થ સાર અનુક્રમે દરેક કડીનો એ છે કે, શ્રીમહાદેવજી હસીને કહે છે કે કોઈ જ્ઞાની નથી તેમ કોઈ મૂઢ નથી. જે સમયે શ્રીરામચંદ્રજી ભગવાનને જેવું કરવાની ઈચ્છા હોય છે તે વખતે તેવું થાય છે. હે પાર્વતીજી જે પ્રમાણે કાષ્ટપૂતળિને સુત્રધાર નચાવવા ઈચ્છે છે તેમ તે નાચે છે. તેમ શ્રીહરિ યંત્રી છે અને યંત્રરૂપ સમગ્ર જગત્ છે.

૨૯ = જે પ્રમાણે મદારી માંકડાને નચાવે છે તેમ તે નાચે છે, તેવી જ રીતે પ્રભુ પોતાની માયાથી સમગ્ર જગતને નચાવે છે, તેમ શ્રીરામચંદ્રજી છે, શ્રીરામચંદ્રજી અને ખગ (પક્ષી) તેના ઈશ (રાજા) ગરુડજીના સંવાદનું વેદમાં કહ્યાના ઈસારાવાળું આ વચન છે.

૩૦ = ફરી ફરીને મનમાં એ જ આવીને વસે છે કે, જે થવાનું છે તે થશે જ અને જે નથી થવાનું નિર્માણ કર્યું ને તે લાખો ઉપાયે પણ નથી જ થનારું.

સબ સંજોગ તેસો જૂરે, જેસો હોનો હોય,
નહિ હો તબ કરિ ના સકે, કોટિ જતન તેં કોય. ૩૧
કરે કામ સબ સમજકે, લગે ભવિશ બલ ઠીક,
સો મત ભલ ફિર સોચ કર્યોં, અભલ લગ્યો કર્યોં નીક ? ૩૨

૩૧ = જે કાળે જેવું થવાનું હોય તે કાળે તેવો સંયોગ આવી મળે છે. અને જે નહીં થવાનું પ્રભુએ નિર્માણ કરેલું હોય તે કોટિ ઉપાયે નહીં જ થાય.

૩૨ = દરેક મનુષ્ય પોતાને મળેલી બુદ્ધિ અનુસાર વિચારીને કરે છે અને તે ભાવિ બળના યોગે ઠીક લાગે છે, તે જો ભલુ ન થાય તો તેનો સોચ ફરી કેમ થાય છે ? તે પણ જો તે વખતે ન થયું હોત તો બહુ સારું એમ શા માટે પાછળથી કહે છે ?

ક્યોં હૂ ચૂક પરે નહીં, જો સુખ હોનો હોઈ,
જો કબુ હોનો દુઃખ તબ, સૂધો બને નહિ કોઈ. ૩૩
અકર કરે અઘટિત ઘટે, અતર્ક અમિલ મિલાપ,
બને મિટે નહિ ભવિશ કબુ, ક્યોં હુ તબ કહા તાપ ? ૩૪

૩૩ = જેને જે રીતે સુખ પ્રાપ્ત થવાનું છે, તેમાં કાંઈપણ ચૂક કદિ પણ થનાર નથી, અને તે સુખને પ્રાપ્ત થનારો હંમેશા સત્ધર્મ જ ચાલતો રહેશે, અને એ જ પ્રમાણે (એથી વિરુદ્ધ)નો દાખલો જેને જે કારણથી જે રીતે દુઃખ પ્રાપ્ત થવાનું છે તેને તે કષ્ટ પ્રાપ્ત થવામાં પણ કાંઈ ફેરફાર થનારો નથી જ કારણકે જેને દુઃખ પ્રાપ્ત થવાનું છે તેને હાથે કદિ પણ સીધી કૃતિ (સત્કૃતિ) થવાની નથી.

૩૪ = પ્રભુ કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સર્વ કરવાને સંપૂર્ણ સામર્થ્યવાન છે એટલે નહીં થવા યોગ્ય હોય તો પણ તે કરી શકે, અને જે ઘટિત નથી તેને ઘટિત કરે જેનો તર્ક પણ થઈ ન શકે, ને જે મળી શકવું દુર્લભ છે, તો પણ તે મેળવી શકે છે તથાપિ પ્રભુએ જે બનવાનું નિર્ધાર કરેલું છે તે તો નહિ જ મટે, ત્યારે તાપ શા માટે કરવો ?

ભવિશ્ય ભૂત જા હિય ધર્‌યો, સો કરિ વહ જુ કરાય,
રુચિ સમ રચન રચાયકે, નિકસે નિજ મતિ પાય. ૩૫
બુઝિ બિગાર કી બાત તહુ, મિલ્યો ન સુધરન જોગ,
દેખત દિખત દુઃખ વ્હે ગયો, હોનહાર યહ રોગ. ૩૬

૩૫ = જેના હૃદયમાં એવો નિશ્ચય થયો છે કે - જે પ્રમાણે ભાવી પ્રભુએ નિર્મ્યુ છે તે જ પ્રમાણે થયું, થાય છે અને થશે જ. અને તે જેવું કરાવે છે તેવું જ થાય છે. તેમણે સમગ્ર જગતની રચના નિજ રુચિ પ્રમાણે રચિ રાખી છે અને બુદ્ધિ પણ તેમણે આપેલી છે. જે કાળે જે થવાનું હોય તેવી બુદ્ધિના પ્રેરક પણ તે જ છે. જેના કલેવરમાં ભૂતપ્રેતાદિએ પ્રવેશ કર્યો હોય તો તે ક્લેવરે કરીને તે ભૂત જેવું કરાવે તેવું થાય છે તે ભૂત પોતાની રુચિ પ્રમાણે કૃતિ કરાવીને જ્યારે નિકળી જાય ત્યારે પેલા ક્લેવરવાળાને પછીથી ભાન આવે છે.

૩૬ = કેટલાક ત્રિકાલદર્શી પુરુષો જાણે છે કે આ અસત્ કૃતિ કરવાથી બિગાડ થાય છે છતાં તેને સુધારવાનો તેને યોગ મળતો નથી, જેથી જોતા જોતામાં દુઃખ રૂપ અસત્ જે થાનારુ હોય છે તે થઈ જાય છે તેમ રોગ જોત જોતામાં વૃદ્ધિ પામી મહાન દુઃખ થાય છે તેમ અગાઉથી વિચાર કર્યા છતાં પણ બુરુ થાય છે.

સુધિ બાત સમઝિતહુ બની ન લગી કછુ ખાંચ,
બિચાર કરત બિગાર જ્યોં, હોનહાર કી આંચ. ૩૭
સુલટિ બાત ઉલટિ લગે, ટેડી સુધિ લાગ,
હોનહાર હિય દઢ બસે, અનહોની મતિ ભાગ. ૩૮

૩૭ = સુધી (સીધી) વાત સમજ્યા હોવા છતાં પણ તે પ્રમાણે ન બને. એટલે સીધે માર્ગે પ્રવર્તવા ઈચ્છે તથાપિ તેમાં પ્રતિબંધ આવે, તે કાર્ય થવા ન દે અને વિચાર કર્યા છતાં પણ બિગાડ થાય છે તે ઉપરથી પણ સમજી શકાય છે કે, જે થવાનું છે તે થશે જ તે નિશ્ચય સત્ય છે.

૩૮ = સ્પષ્ટ છે, ટેડી=વાંકી, હોનહાર=થનાર

હોની પ્રથમ હિય બસિ રહેં, પ્રકટ ઉરોજ ન કોય,
ફિર ફિર ઓઢનિ ઉર ઢપેં, કન્યા તહુ નર જોય. ૩૯
હોનહાર હિય બસી રહેં, ચિતઉ બર્હિ કે બચ્છ,
ચલત અંબુ પ્રતિ પલ લખેં, પૃષ્ઠ જદપિ નહિ પચ્છ. ૪૦

૩૯ = જેવું પરિણામ થવાનું છે તેવું જ અગાઉથી ચિન્હ (હૃદયમાં સ્ફૂરે છે તે સમજવાનું દૃષ્ટાંત) જેમ કે કુમારિકા કન્યાના ઉરોજ (સ્તન) ખીલેલા નથી હોતાં તેવી વચે પણ તે કન્યા ફરી ફરી પોતે ઓઢેલી ઓઢણીને ખેંચીને પોતાના ઉરસ્થળને આચ્છાદન કરે છે.

૪૦ = આ કડીમાં બીજું દૃષ્ટાંત આપે છે કે - જે પરિણામે થનાર છે તેવું જ તેના અંતરમાં ઠસી રહે છે ને તેમ થવાને તે ચિતવે છે. જેમ કે મોરની જાતિમાં માદા (સ્ત્રી)ને ઢેલ કહે છે તેને ન્હાનપણમાં પીછાં આવેલા હોતા નથી. છતાં તે સમયથી તે એવી ઈચ્છા રાખે છે કે મને પીછાં આવશે, હા પરિણામે તે આવશે તે વાત તો સત્ય જ છે પરંતુ પીછાં આવ્યા પહેલાં જ, તે જ્યારે જલમાં ચાલે છે ત્યારે તે વખતે જાણે પોતાને પીછાં આવ્યા હોય તેમ માનીને તે પીછાં આવવાની જગ્યાએ પીછાં ફૂટેલા જ છે એમ માની પોતાના પીઠનો ભાગ પીછાંવાળા માની સંભાળ રાખી ચાલે છે.

અનહોની હોવે ન કબુ, હોની મિટે ન કોઈ,
વહા મરો પચ લાખસુઘર, આખર હોની સુહોઈ. ૪૧
સફર સૌભરી મૃગ ભરત, કલિનલ અમલ મિલાપ,
ભાવી જોગ મિલાય દે, ભજ હરિ તજ સંતાપ. ૪૨

૪૧ = જે થવાનું નથી તે કોઈ કાળે કોઈપણ ઉપાયથી નહીં જ થાય, અને જે થવા કાળ છે, તે કોઈનાથી કદિ પણ મટી શકનાર નથી. કદાચ લાખો ચતુરાઈના પ્રયોગો અનેક યત્નથી, ચતુર પુરુષો કરશે, તો પણ આખરે જેવું થવાનું પ્રભુએ નિર્માણ કરેલું છે તેવું જ થશે.

૪૨ = કડી ૪૧નું રૂપક સમજાવવાને શ્રીમદ્ ભાગવત પુરાણના બે દાખલા આપે છે. (૧) સૌભરી ઋષિ પૃથ્વી ઉપર માયાની વિશેષ ઉપાધી માની અસંગ બ્રહ્મચર્યમાં રહેવાને દુઃસંગથી ડરીને શ્રીયમુના જલમાં પેઠા ને તે જળમાં (૬૦૦૦૦) સાઠ હજાર વર્ષ પર્યંત સમાધિ કરી, તથાપિ પછીથી ભાવિ રૂપ જે ગૃહસ્થાશ્રમ તેના યોગે, જળમાં માછલું અને માછલીનો સમાગમ જોઈ વિહ્વળ કામાતુર થયાં. સ્ત્રીસંગ પ્રાપ્ત થવા માટે માંધાતા રાજાને ત્યાં ગયા, વયોવૃદ્ધતા

જાણી એ રાજાને ત્યાં પચાસ કન્યાઓ હતી, તે પોતાને સુરૂપ નહીં હોવાથી વરશે નહીં, એમ જાણી પેલી હજારો વર્ષની તપશ્ચર્યા રૂપ પૂણ્ય ફળ વટાવી નાખી સ્ત્રીસંગ માટે સુંદર રૂપ વાન બન્યાં, અને એક કન્યા તો શું પણ એ માંધાતારાજાની પચાસે કન્યાઓનું પાણી ગ્રહણ કરી ગૃહસ્થાશ્રમમાં પડ્યાં, ભાવી પદાર્થ થનાર હતો તે આખરે થયો જ. (૨) ભરતજી ઉપાધિ જાણીને અરણ્યમાં સરિતા કંઠિ પર્ણકુટી આશ્રમ બાંધી રહ્યાં હતાં. છતાં ત્યાં એવું પરિણામ આવ્યું કે એક હરણી જે ગર્ભવતી હતી, એ હરણીએ સિંહનો નાદ સાંભળ્યો તથા તેને પોતાની તરફ દોડતો આવતો જોયો, તે હરણી અત્યંત ભયાતુર થઈ જે નદીની તેડની ભેખડ હતી, તે ઉપરથી છલાંગ સામી તેડની ભેખડ ઉપર જવાને તેણે મારી. પરંતુ તે ગર્ભવતી હોવાથી ધાર્યા પ્રમાણે છલાંગ ન લાગી, ને જ્યાં ભરતજી નદીમાં સ્નાન સંધ્યાદી કર્મ કરતાં હતાં તે સરિતામાં તેનો ગર્ભશ્રવતાં જ હરણી પણ મરણ પામી. આ પ્રમાણેની ગર્ભની અનાથ સ્થિતી જાણી ભરતજીએ તેને કેવલ દયા દષ્ટિથી નદીમાં ખેંચાતી બહાર કાઢી તેને ઉછેરી લાલન પાલન કર્યું. આખરે પોતાનો અંત સમય આવ્યો ત્યારે તેના મનમાં વાસના રહી ગઈ કે હવે મારી પાછળ આ મૃગના બચ્ચાનું રક્ષણ કોણ કરશે ? એવી દઢમતિ તેમાં રહી ગઈ. તે વાસનામૂળથી ભરતજી સરખાં મુનિને ત્રણ જન્મ ધારણ કરવાનો પ્રસંગ આવ્યો. (૩) ત્રીજો દાખલો પૂણ્ય શ્લોકી નલ રાજાનો છે જે સત્યવાદી પૂણ્ય પવિત્ર હતાં તેમાં કલિયુગનો પ્રવેશ થયો, જે મળરહિત નલ રાજા તેને મળરૂપ (દોષના ભંડારરૂપ) કલિયુગનો પ્રસંગ (સંયોગ) નડ્યો આ ત્રણે દષ્ટાંતો આપી છેવટે એનો સારરૂપી સિદ્ધાંત લખે છે કે ભાવી સંયોગ અવશ્ય આવી બને છે, તેટલા માટે સર્વ સંતાપને છોડીને તું શ્રીહરિને ભજ.

કબિત – ૧

પૂણ્ય શ્લોકી નલ કેસે સંભવે કલિ પ્રવેશ ?
ધર્મરૂપ ધર્મ કેસે ખેલે દ્યૂત દાવ રે ?
બિધના બિબેકી કેસી, દુહિતા પે દુષ્ટ મતિ ?
ચંદ્રમાકે ચિત્ત કેસો, ગુરુ પત્ની ચહાવરે ?
બૈષ્ણવ બિષ્ણુરાત કબુ, બિપ્ર કંઠ સાપ ધરે ?
ભરત ભક્ત મૃગ મોહે, ભૂલી કૃષ્ણ પાવરે ?
દયા એ બિચારોં બાત, પાછે પરિતાપ કરો,
ભૂલાયો ભવિષ નાતો કહા સભી ભયે બ્હાવરે ?

''રસિકરંજન'' નામનો આ ગ્રંથ આ ભક્ત કવિવર્યનો છે, તેમાંના ૩ કવિત આ ક્લેશ કુઠાર ગ્રંથમાં દાખલા સમજાવવા સારુ મૂકેલાં છે.

(૧) પૂણ્યશ્લોક પવિત્ર નળરાજા ધર્મમાર્ગે ચાલનારા તેનામાં કલિયુગરૂપ અધર્મ દોષે પ્રવેશ કર્યો, એ કેમ બને ?

(૨) ધર્મરાજ યુધિષ્ઠર સદા ધર્મ માર્ગે જ ચાલનારા હતાં તેઓ જુગાર રમ્યાં. તેમાં રાજ્ય હાર્યા અને સ્ત્રી દ્રોપદી હાર્યા.

(૩) વિવેક જ્ઞાની બ્રહ્મા તે પોતાની કન્યા સરસ્વતીના રૂપ ઉપર મોહિત થયા, દુર્બુદ્ધિ કરી.

(૪) ચંદ્ર દેવકોટિમાં સૌમ્ય છતાં, તેણે ગુરુ પત્ની સાથે ગમન કરવાની ઇચ્છા કરી.

(૫) વૈષ્ણવ વિષ્ણુરાત (પરીક્ષિત રાજા) સર્વ રીતે ધર્મપરાયણ રહેતા હતાં, છતાં તેમણે શમિક ઋષિ ધ્યાનસ્થ સ્થિતીમાં બિરાજેલા હતા તે સમયે તેમની પરિક્ષા જોવાને સારુ તે ઋષિના કંઠમાં મરેલા સર્પને નાખ્યો.

(૬) ભક્તિ કરનારા રાજર્ષિ ભરતજીને મૃગના બાળક ઉપર અતિ સ્નેહ થવાથી મોહને પામ્યા, આ છ દૃષ્ટાંતોથી દયારામભાઇ કહે છે કે, એ વાતોનો વિચાર પ્રથમ કરો, તો સમજાશે કે ભાવી જ્યારે ભૂલાવે છે ત્યારે કોઇનું ડહાપણ ચાલતું નથી. શું ઉપર જણાવેલ બધા બહાવરા (ગાંડા) હતાં ?

કબિત - ૨

મત્તિ કે પતિ ગનેશ કોટિ બ્રહ્મહત્યા કરી,
ભાવજસો ભ્રષ્ટ ભયે ગુરુ દક્ષ સચે હે.
નારદસે ભક્તરાજ શ્રીહરિકો શાપ દીને,
બર દે દુઃખ પાયે કા શિવ યોગી કચે હે ?
નિમિ ઓર બસિષ્ઠ દોહુ પરસ્પર શાપિ મરે,
એસે જ્ઞાની મુનિ સોહુ ભાવી બસ નચે હે.
દયારામ સોચે ક્યો સાવધ એક નાથ તેરો,
તાકે બીન ચૂક સોંતો કોહૂ નહી બચે હે. ૨

૨ = સ્કંદ પુરાણમાં કથા છે કે

(૧) બુદ્ધિના પતિ ગણપતિ, તેમણે કરોડો બ્રહ્મહત્યાઓ કરી. ગણપતિનું મૂળ મસ્તક હતું તે શ્રીમહાદેવજીએ છેદી નાખેલું હતું તેને બદલે એ જ શ્રીમહાદેવજીએ તે ઠેકાણે (ગળાની ઉપર) એક હાથીનું મસ્તક ચોંટાડેલું,

તે હાથીના ગુણોનો, પ્રરાક્રમાદિનો ગણપતિમાં અવિર્ભાવ થયાથી તેમણે અસંખ્ય ઝાડોને સૂંઢથી પાડી નાખ્યાં, જેણે કરીને તે વૃક્ષની નીચે બેઠેલા અનેક મુનિઓ ચગદાઇ મરણ પામ્યા. તેની અનેક બ્રહ્મહત્યાઓ ગણપતિને લાગી હતી.

(૨) ગુરુ (બૃહસ્પતિ) અતિશય ડાહ્યા ચતુર હતાં છતાં તે ભોજાઇ સાથે સંગ કરી ભ્રષ્ટ થયા.

(૩) નૈષ્ઠિક બ્રહ્મચારી દેવર્ષિ નારદજી હતાં તેમણે કન્યા વરવાની બ્રહ્મચારીના ધર્મ વિરુદ્ધ ઇચ્છા કરી, પ્રભુએ તેનું બ્રહ્મચર્ય પણું નષ્ટ ન થાય તે સારુ (કન્યા તેને ન વરે તે માટે) મરકટનું મુખ નારદજીનું કરેલાની ખબર નારદજીને થઇ ત્યારે નારદજીએ શ્રીવિષ્ણુ ભગવાનને શાપ દીધો.

(૪) શ્રીમહાદેવજી અસુરને વરદાન આપી દુઃખી થયા. તે શું કાચા યોગી હતા કે વૃકાસુરથી નાસવું પડ્યું ?

(૫) જ્ઞાનમાં શિરોમણિ એવા નિમિરાજા (જનકવિદેહી) અને વશિષ્ઠ ઋષિ મહાત્મા સહજ યજ્ઞ કરવા કરાવવાની બાબતમાં ગોર યજમાનપણાંના હક્કનો ભંગ થતાં પરસ્પર એકમેકને શાપ દઇ શરીર છોડ્યા. આ પાંચ દ્દષ્ટાંતો આપી સાર વચન કહે છે કે એવા જ્ઞાનમાં મણિ જેવા જ્ઞાનીજનો પણ ભાવી બળને વશ થઇને ભગવાનની માયામાં ફસાઇ ગયા છે, નાચ્યાં છે તેટલા માટે દયારામભાઇ કહે છે કે તું સોચ શા માટે કરે છે ? તું અસાવધ છે, તારો સ્વામી પ્રભુ તે તો સદા સાવધ છે. તે ન ભૂલાવે તો જ બચી શકાય બાકી સર્વ કોઇ તેની માયામાં ભૂલ્યા છે. પ્રભુ સિવાય સર્વ કોઇ ભૂલ ખાય છે.

કબિત – ૩

પુત્ર પરીક્ષિત કે કહી બ્યાસસો મૂઢ હમાર વડીલ અબીચારી,
નાતર ધૂત રમે કસ સજ્જન ભાવી મુની કહી ના ટરીટારી,
વે તો નહીં ભલ તું બડ દક્ષ બિચારી ચલી કહું હોનિ પુકારી,
બ્હૌત પચો ન ભવિષ્ય મિટ્યો ભઇ અંત દયાગતિ હૂઇ હોનહારી. ૩

૩ = એક સમયે પરીક્ષિત રાજાના પુત્ર જનમેજયે ભગવદ્ જ્ઞાનાવતાર શ્રી વેદ વ્યાસને કહ્યું કે અમારા વડીલો પાંડવો મૂઢ અને અવિચારી હતાં. કેમ કે તેઓ જો જ્ઞાની અને ડાહ્યા હોત તો કદી પણ જુગારની રમત ન રમત. આવું સાંભળીને શ્રી વ્યાસ ભગવાને જનમેજયને કહ્યું કે ભાઇ તેઓ ભક્ત હતાં, ડાહ્યા હતાં, પરંતુ ભાવિ જે કાલે થવાનું નિર્મ્યુ હોય છે તે થયા કરે છે તે તેમાં શાણા પુરુષોનું પણ શાણપણ રહેતું નથી. પરંતુ એ નિર્ણય સિદ્ધાંત જનમેજયના

મનમાં ન ઠસ્યો અને કહેવા લાગ્યો કે જો ડહાપણથી બુદ્ધિનો વિવેક રાખી વર્તીએ તો એવું કદી પણ અનિષ્ટ પરિણામ ન આવે. ત્યારે વ્યાસજીએ પ્રત્યુત્તર દીધો કે ભલે કદાચ ડાહ્યા નહીં હોય. પરંતુ હવે હું તને તારા ભવિષ્યની અગાઉથી ચેતવણી આપીને કહું છું, તમે તો ડાહ્યાપણાનો ખોપ રાખો છો ત્યારે તમે પોતે ચેતીને (વિચારીને) ચાલજો. તમારા પ્રારબ્ધમાં અઢાર બ્રહ્મહત્યાઓ છે. એવી અનેક બ્રહ્મહત્યાની વાત સાંભળીને જનમેજય દિગ્મૂઢ થઇ ગયો, ને વિનંતી કરીને પુછવા લાગ્યો કે મહારાજ શી રીતે મારાથી બ્રહ્મહત્યાઓ થશે? અને હું ન થવા માટે કેવી રીતે વર્તુ? ત્યારે વ્યાસજી મહારાજે કરુણાવંત થઇને તેને ભાવિ દુઃખ આવશે તેની વાર્તા કહી બતાવી તથા જે જે પદાર્થો નહીં કરવાની કાળજી રાખવાનું કહ્યું તે તે સર્વ તેણે બરોબર દઢ ચિત્ત રાખીને શ્રવણ કર્યું ને તેમ વર્તવા માટે એ સદા પ્રયત્નપૂર્વક અત્યંત કાળજી રાખતો હતો. છતાં જે જે થવા કાળ હતું તે તેતે સમયે સર્વ થયું ને અઢાર બ્રહ્મહત્યાઓ થઇ. (૧) યજ્ઞારંભ કદીપણ તું ન કરીશ એમ વ્યાસજીએ કહ્યા છતાં યજ્ઞ કરવા પ્રવર્ત્યો. વૃદ્ધકાલ થયો પણ જનમેજયને ત્યાં કાંઇપણ પ્રજા ન થઇ. છેવટે નગરવાસીજનોના અને રાજ્ય હિત ચિંતક વૃદ્ધ ગુરુજનોના અતિ આગ્રહથી પુત્રેષ્ટિ યજ્ઞ કરવો પડ્યો. યજ્ઞારંભ ન કરવાની પુષ્કળ હઠ કર્યા છતાં આખરે થવા કાળ મિથ્યા ન થવા રૂપ યજ્ઞારંભ કરવા પ્રવૃત્ત થયા. વળી વ્યાસ નારાયણના કહેવા પ્રમાણે તે યજ્ઞ કરાવવા માટે વૃદ્ધ બ્રાહ્મણોને આમંત્રણ કરી યજ્ઞ કરાવવાના કાર્યમાં વરણમાં નોતર્યા. તેમણે વેદમંત્રોથી યજ્ઞ ચાલુ કર્યો પરંતુ તેઓના દાંત પડી ગયેલા હોવાથી મંત્રોચ્ચાર સ્પષ્ટ ન થવા લાગ્યા. ત્યારે યજ્ઞ કરાવવામાં નિપુણ જ્ઞાનીજનોએ જનમેજય રાજાને કહ્યું કે, જો મંત્રોચ્ચાર શુદ્ધ ને સ્પષ્ટ સ્વરથી ન થાય તો એ મંત્રો યજમાનને વિપરીત ફળ આપશે. માટે યુવાન બ્રાહ્મણોને વરણમાં યોજો. તે પ્રમાણે ન બદલવાના એ રાજાએ પુષ્કળ આગ્રહરૂપ પ્રયત્ન કર્યો, ત્યારે જ્ઞાતા પુરુષોએ સમજાવીને યુવક બ્રાહ્મણોને પણ યજ્ઞના વરણમાં જોડ્યા. આ પણ નહીં બનવાની સાવચેતી રાખ્યા છતાં બન્યું.

(૩) ત્રીજી પ્રતિજ્ઞા રાજાની એ હતી કે એ યુવાન બ્રાહ્મણો ઉપર ગમે તેમ થાય તો પણ ક્રોધ ન કરવો - છતાં તેથી વિરુદ્ધ વર્તવાનો બનાવ આવ્યો. જ્યારે યજ્ઞની પૂર્ણાહૂતિ થઇ તે વખતે અશ્વના લીંગની પૂજા જનમેજયે પોતાની પત્ની સહીત કરવા માંડી ત્યારે વરુણીમાં પધારેલા યુવક બ્રાહ્મણો પૈકી કોઇ એકાદે સહજ હાંસીરૂપ વાણી કરી જે ઉપરથી જનમેજયને હું સાર્વભૌમ ચક્રવર્તી રાજા

છતાં મ્હારી મર્યાદા પણ ન રાખતા મશ્કરી કરી જેથી અત્યંત ક્રોધી થઇ ગયો. પણ શ્રી વ્યાસ ભગવાનની ભવિષ્ય ચેતીની અગમવાણી સંભારી ક્ષમા રાખવા ક્રોધને શાંત કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો છતાં પણ સહનશીલતા ગુણ ન રહ્યો.

(૪) વ્યાસ નારાયણે અગાઉથી કહ્યું હતું કે કદીય તને, ક્રોધ ઉપજે તો તે બ્રાહ્મણને પૂજ્ય જાણીને સહન કરજે તેમને તું કંઈપણ શિક્ષારૂપ માર મારવા તૈયાર ન થઇશ. છતાં ક્રોધ સ્વાધીનમાં ન રહેવાથી ૮ અષ્ટ દિગ્પાલના સ્થાપનના ૮ કોડીયા હતા તે પૈકી એક કોડીયું લઇ તે મશ્કરી કરનારા બ્રાહ્મણ તરફ ફેંકયું (માર્યું) તે મંત્ર સ્થાપિત દેવ હોવાથી તે અસ્ત્રશસ્ત્ર રૂપ થઇ ફર્યું ને અઢારે બ્રાહ્મણોનો શિરચ્છેદ કર્યો. એ પ્રમાણે અઢાર બ્રાહ્મણોની હત્યારૂપ દોષ જનમેજયને બનવાકાળ આવી લાગ્યો. અનેક પ્રયત્નો રોકવા માટે કર્યા છતાં ભવિષ્ય તો થવાનું હતું તે થયું જ. હવે એ અઢાર બ્રહ્મહત્યાઓને લીધે એ જનમેજય રાજા બહુ જ ક્લેશાતુર થયો ને બહુ જ પશ્ચાતાપ કરવા લાગ્યો કે અહો ! મને શ્રી વ્યાસ નારાયણે પ્રથમથી આવી ભવિષ્યરૂપની સર્વ કથા કહી હતી, ને મેં તે પ્રમાણે કદી પણ ન થાય તે સારુ અનેક પ્રકારના પ્રયત્નપૂર્વક કાળજી પણ રાખી હતી. છતાં ભવિષ્ય પદાર્થ મિથ્યા નથી જ થતો એવી મહાત્મા પુરુષની વાણીને મેં તે જ વખતે ન સ્વીકારીએ મેં બહુ જ ખોટુ કર્યું, એમ વારંવાર વિચારીને પુષ્કળ પશ્ચાતાપ કરવા લાગ્યો ત્યારે પછી કોઇ સમયને વિષે ફરતા ફરતા શ્રી વ્યાસ નારાયણનો મિલાપ દૈવેચ્છાથી એજ જનમેજય રાજાને ફરી થયો. ત્યારે શ્રીમદ્ વેદવ્યાસજીએ જનમેજયને કહ્યું કે તમે તમારા વડીલોની નિંદા કરી, તેથી આવું અનિષ્ટ પરિણામ આવ્યું. હવે જો તમને ખરેખર દૃઢ વિશ્વાસ મ્હારા વચન ઉપર હોય તો હું તમને કહું તે પ્રમાણે તમે કરો. તમારા પૂર્વજોની તમે નિંદા કર્યાથી આટલું વિપરીત ફળ ભોગવવાનો સમય આવ્યો, તે જ તમારા વડીલોની સત્કીર્તિરૂપ ચરિત્રોને તમે સાંભળો જેથી એક એક પર્વે તારી એક-એક હત્યા નિવૃત્ત થશે, ને જો તને કાંઈ પણ સંદેહ રહેશે તો ત્યાંથી તારી બાકી રહેલી હત્યા તને લાગુ રહેશે. પછી વ્યાસજી મહારાજે તે કથા તેને કહેવા માંડી ને સત્તર પર્વ જનમેજય રાજાએ શ્રી વ્યાસ નારાયણના મુખારવિંદથી શ્રવણ કરી દરેક પર્વે પર્વે એક એક હત્યા પ્રમાણે સત્તર હત્યાઓથી નિવૃત્ત થયા. હવે છેવટે એક બ્રહ્મહત્યા મટવાને માટે છેલ્લું અઢારમું પર્વ ચાલતું હતું. તે સ્વર્ગારોહણવાળા અઢારમાં પર્વમાં ભીમસેનનું નવતેરું યુદ્ધ થયેલાનો કથા પ્રસંગ શરૂ થયો, તેમાં અત્યંત સામર્થ્યવાળા ભીમસેને એક હાથમાં નવ અને એક

હાથમાં તેર એમ હાથી રાખીને ગદા યુદ્ધ કર્યું. તે હાથીઓના ખોખા આકાશમાં અદ્યાપિપર્યંત ભ્રમણ કર્યા કરે છે. એટલો બધો ભીમસેનની ભૂજાનો પરાક્રમ છે. એ વાત રાજા જનમેજયને અતિશયોક્તિપૂર્ણ અસંભવિત લાગી, ને મનમાં સંશય આવ્યો, તે સંશય ન રાખવો જોઇએ એમ પણ જનમેજય રાજાએ મનમાં સંકલ્પ કરવા માંડ્યો, પરંતુ બનવાકાળ સંચોગને લીધે જનમેજયે વ્યાસજીને શંકા નિવેદન કરી કે મહારાજ એ વાત મ્હારા માન્યામાં કેમ આવે ? કારણકે મ્હારા તે વડીલોને બહુ કાળ વિત્યો ત્રણ પેઢી થઇ ત્યાં સુધી શું યુદ્ધવાળા હાથીના ખોખા નભમાં આજ સુધી ભ્રમણ કર્યા કરે ? એ પ્રમાણે સત્પુરુષના સત્યવચનમાં સંદેહ રહ્યાથી જનમેજયે શ્રી વ્યાસજીને તેવું કહ્યું એટલે શ્રી વેદ વ્યાસજીએ તેનું ભાવી ધારીને કહ્યું કે તને સંશય રહ્યો તેથી તારી હવે એક બ્રહ્મ હત્યા બાકી રહેશે. એમ કહ્યા છતાં પણ જનમેજયે તે ભાવી પદાર્થે પ્રમાણે જે થવાનું તે થશે, પણ આપની વાત અસંભવિત લાગે છે એમ કહ્યું જેથી તાત્કાલીક શ્રી વ્યાસ ભગવાને મંત્રાંજલી ભરી આકાશ માર્ગે ફેંકી એટલે તે મૃત હાથીઓના શરીર ખોખા (ક્લેવર) તરત નીચે પૃથ્વી પર આવીને પડ્યાં. આવું જનમેજયે પ્રત્યક્ષ જોઇને મહર્ષિ વ્યાસજી પાસે દીન વચને પ્રાર્થનાથી બહુ જ કરગરીને કહેવા માંડ્યું કે મહારાજ મેં આપ મહાત્મા પુરુષના વચનમાં ફરીથી પણ શંકાથી અશ્રદ્ધા આણી, હું આપનો અપરાધી છું, આ ઉપરથી પણ નિશ્ચય થાય છે કે જે પ્રમાણે બનવાનું હોય છે તે જ પ્રમાણે બુદ્ધિ થાય છે.

હરિ ભૂલવેં તબ કો બચે, હરિ રાખે છલિ કોન ?
બુઝિ બુરો નીજ કો કરે, અશક્ય પાવે હોન. ૪૩
ચિતયોં કછું બન્યોં કછુ, ઈશ્વર સત્તા યેહી,
ભવિશજ્ઞાન જો હોય તો, ભલો ન કરી સબ દેહી,
દુઃખ ભવમેં સુખ ભજનમેં, સબકો હે યહ જ્ઞાન,
સોહુ ન બનત દેખો સબી, બિન ઈચ્છા ભગવાન. ૪૪

૪૩ = શ્રીહરિ પોતાની અવિદ્યાશક્તિથી ભૂલાવામાં પાડે ત્યારે તેમાં કોણ ન ભૂલે ? કોઇપણ તેથી ન બચે અને જેને શ્રીહરિ તેથી બચાવે (રક્ષણ કરે) ત્યારે તેને કોણ છળી શકે ? કોઇપણ નહીં. કોઇપણ જાણી બુઝીને પોતાના હાથે જ પોતાનું બુરું ન કરે. એ તો જ્યારે પોતાની મેળે જે બાબતમાં અશક્ય હોય તે જ વખતે પોતાનું બુરુ થવા દે. અથવા પોતાનું બુરુ (ખોટું) થશે એવું કોઇને પણ ભવિષ્યજ્ઞાન હોતું નથી. જ્યારે તે બાબતમાં જે અશક્ય થાય ત્યારે તે બાબતમાં તે પોતાનું અશક્ય થવા દે છે.

૪૪ = કારણકે જીવ કાંઇ ઈચ્છે છે તેથી વિપરીત પરિણામ આવે છે એમાં મુખ્ય સત્તા શ્રીહરિની જ રહેલી છે. જો પોતાને પોતાના ભવિષ્યનું જ્ઞાન હોય તો તેજ પ્રમાણે કૃતિ કરીને પોતાનું ભલું પોતાની મેળે સર્વ કોઇ કરી લે. પરંતુ જીવને તેવી સત્તા કે ભવિષ્યનું જ્ઞાન હોતું નથી.

સર્વ કોઇમાં પ્રભુએ જ્ઞાન મુકેલું છે કે સંસારમાં (અહંતા મમતા માનવામાં) દુઃખ છે અને પ્રભુને ભજવામાં જ સુખ રહેલું છે તથાપિ તે ભજન સર્વ કોઇ કરતું નથી. માટે શ્રીહરિની ઇચ્છા વગર કોઇથી તે સર્વ સુખદાયક શ્રીભગવાનનું સેવન બની શકતું નથી.

સુખદુઃખ લાભ અલાભ સબ, સહજ હોય મત રોય,
લિખિ રાખ્યો નંદલાલ સો મેટી શકે ન કોય. ૪૫
સમઝ કિયો તબ દુઃખ કહા ? ભાવી બન્યો ન ઉપાય,
શરન જાય હરિનામ ગા નમિટયો રુચિ બ્રજરાય,
હરિ ઈચ્છા તે હોત સબ, એસો દઢ વિશ્વાસ,
સો તો હરિ દે જબ મિલે, નહીં કાહુકે પાસ. ૪૬

૪૫ = સુખદુઃખ લાભ હાનિ (ખોટ) એ સર્વસહજ પ્રાપ્ત થાય છે માટે તે સારું ચિંતા કે આક્રંદ કરવું નહીં. કારણકે જન્મ થતાં અગાઉથી પ્રભુએ દરેકના પૂર્વ જન્મના સંચિત ક્રિયમાણને અનુસારે તેનું ભાવિરૂપ પ્રારબ્ધ રચિ રાખેલું જ છે, માટે તેમાં કોઇથી કંઇપણ ફેરફાર થઇ શકતો નથી.

૪૬ = સમજી વિચારીને જ કરેલું છે. એ કારણથી દુઃખ માનવાનું કારણ નથી. વળી પ્રભુએ ભાવી નિર્માણ કર્યું છે, તેમાં ફેરફાર કરવાનો કોઇનો ઉપાય ચાલી શકતો નથી. ત્યારે શ્રીહરિને શરણે જઇને તેમનું નામ સંકીર્તન ગાવું, એ જ એક ઉપાય સર્વ દુઃખ જવાનો છે. એ ઉપાય કર્યા છતાં પણ જ્યારે પ્રભુ તેમાં કાંઇ ફેરફાર ન કરે, એટલે ભાવિને ભોગવાવે ત્યારે એમ જ માનવું કે પ્રજરાય (શ્રીકૃષ્ણ)ની ઇચ્છા દુઃખ ભોગવવામાં જ મ્હારા હિતકારી પણાની છે. એમ નિશ્ચય મનથી કરવો.

સર્વ જે કાંઇ થાય છે તે સદા શ્રીહરિની ઇચ્છા પ્રમાણે જ થાય છે. એવો દઢ વિશ્વાસ રાખવો પણ દઢ નિશ્ચય તે પણ શ્રીહરિ કૃપાવંત થઇને જેને આપે છે, તેને જ તે આવે છે કારણકે તે નિશ્ચય - વિશ્વાસ આપવાનું સામર્થ્ય બીજા કોઇમાં નથી.

દુઃખ હે સંત અસંત કો, સુખ હે સંત અસંત,
કહત બને ન કહે કહા, હરિ ઈચ્છા બલવંત. ૪૭
કર્મ કાલ ગ્રહ પ્રકૃતિ મન, જિય હુ ન સુખ દાઈ,
એકહિ હરિ જિમિ રહમિ ગિરિ, કહું બસિ મહીં કહં જાઈ. ૪૮

૪૭ = એવું પણ કાંઇ નિશ્ચય ધોરણ જણાતું નથી કે સંત માત્રને સુખ હોય અને અસંત (અસત્ પુરુષ)ને જ દુઃખ હોય. દુઃખ પણ સંત અસંત ઉભયને હોય છે અને તે જ રીતે સુખ પણ સાધુ અને અસાધુ બન્નેને હોય છે તેથી નિશ્ચયપણે કાંઈ કહી શકાતું નથી. તેથી એવા નિર્ધાર ઉપર આવવું પડે છે કે સુખ દુઃખાદિ પ્રાપ્ત થવામાં એક શ્રીહરિની ઈચ્છા એજ બળવાન (મુખ્ય) હોય છે.

૪૮ = કર્મ, કાળ, ગ્રહ, સ્વભાવ અને જીવ, એ સર્વ શ્રીહરિને આધીન રહેલાં હોય છે, તે માટે જેને માટે જેમ કરવાનું પ્રભુ ઈચ્છે છે તેમજ થાય છે. સર્વે થવામાં મુખ્ય કારણરૂપ તો એક શ્રીહરિને જ જાણવાં તેમને જેમ સારું લાગશે (ગમશે) તેમ કરશે. પ્રભુ કોઈને ગિરિ (પહાડ) રૂપ અરણ્ય જંગલની ગુફામાં રાખે છે ને તે ત્યાં સુખ માને છે. તો કોઈને તેથી ઉલ્ટું ગૃહસ્થાશ્રમમાં પોતાને ઘેર રાખે છે તેમાં તે સુખ માને છે.

સબ સંયોગ તાકે જુરે હોનહાર જો હોય,
ઈશ્વર ઈચ્છા સમજિકે, સોચ કરો મત કોય. ૪૯

૪૯ = જે કાળે જે થવાનું હોય તે કાળે તેવા સંજોગો તેને પ્રાપ્ત થાય છે વળી તે સંયોગો પણ ઈશ્વરની ઈચ્છાનુકુળ આવીને મળે છે. પ્રભુ ઈચ્છાને મુખ્ય માનીને કોઈને ચિંતા કરવાનું કારણ નથી. ઉધમરૂપ પ્રયત્ન તો નિમિત્તમાત્ર કથન માત્ર છે.

કબિત – ૪/૫

(છંદ : મત્તગયંદ)

કાહુ સમે નૃપ પાઉં પરે, કબુનીચ કરે પદ પ્રહાર સુસિચ્છા,
કાહુસમે લછમી દસહુબિધિ, કાહુ સમે અનઆદર ભિચ્છા,
કાહુ સમે ચિત્ત ચાહિસુ હાજર મિત્ર કરે કબુ તાડિ પરિચ્છા,
તું જિન હર્ષ અરુ શોક દયા ધરિ, જાનિ સબે ગિરિધારી કી ઈચ્છા. ૪
જો નલદેવ પ્રસંસ કરિ કબુ, સો કરિ કાહુકી ટહલ જિયો હે,
જો અરજુન જિત્યો હરકોં, ઈકદા સહુ કાબન લૂંટ લિયો હે,
જો હર અંતક અંતકકે, તિનકોહુ કબુ બ્રકત્રાસ દિયો હે,
જો મરજી જગનાથ દયા, સુખરી ઉબર્યો ઉદબેગ કિયો હે. ૫

૪ = એક જ પુરુષને કોઈ સમયે મોટા રાજાઓ પણ પગે પડે છે. વળી તે જ પુરુષને કોઈ વખતે કોઈ નીચ લાત મારે છે, એટલે શિક્ષા (દંડ) કરે છે. દૃષ્ટાંત તરીકે જુઓ મહાત્મા જડભરતજીને રાજાના અનુચરોએ બાંધીને પાલખી ઉચકવાને માટે આણ્યાં ને પાલખી વાહનમાં જોડ્યા હતાં વળી ક્ષુદ્ર ભિલ્લો (ક્ષુદ્ર) જાતિના રાજાએ શક્તિ આગળ વધ કરવાને ખડા કર્યા હતાં. વળી રહુગણ રાજાએ પાલખી બરોબર ન ચાલવાથી હલકા વચન કહ્યાં હતાં. વળી છેવટે જ્યારે જડભરતજીના ધર્મજ્ઞાન રહસ્યના વચનો રહુગણ રાજાએ સાંભળ્યા ત્યારે ભરતજીએ પાલખી ઉંચકવામાં રોક્યાનો પશ્ચાતાપ કરી એ રાજા જડભરતજીને પગે લાગ્યો હતો અહંતા મમતાની આસક્તિ છોડી પ્રીતિપૂર્વક શ્રીહરિનું ગુણગાન કરવું એમ ''વસ્તુ વૃંદ દીપીકા'' ગ્રંથે ભક્ત કવિ વર્યે જ લખેલું છે. કોઈ સમયે તેને ભિક્ષાવૃત્તિ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે ભિક્ષા માગવા જાય છે, તે વખતે કોઈ વખત તેનો અનાદર પણ થાય છે કોઈ સમયે જે ચિંતવે તે તેને હાજર હોય છે. કોઈ સમયે એનો મિત્ર તે પણ તેને તાડન (મારકુટ કરી) તેની પરીક્ષા લે છે. એટલા માટે હે દયારામ, તું હર્ષ અને શોક રખે કરતો. જે કાળે જે કાંઈ થાય તે સર્વમાં શ્રીહરિની ઇચ્છાને જ મુખ્ય કારણરૂપ જાણ.

૫ = એક સમયને વિષે જે પૂણ્યશ્લોકી નળરાજા તેની પ્રશંસા (કીર્તિ) જગતમાં થઇ હતી. તે જ નળરાજાને એટલે સુધી સમય આવ્યો કે બીજાની ચાકરી કરીને તે વડે ભરણપોષણ કરી જીવતર પુરું કરવું પડ્યું. જે અર્જુને મ્હોટા મ્હોટા સમર્થ બાણાવળીઓને જીત્યાં હતા તે અર્જુનને એવો સમય આવ્યો કે કાબા લૂંટારુએ લૂંટી લીધો. જે હર (શ્રીરૂદ્ર) જેને સંહાર કરવાની પ્રબળ સત્તા છે, નેત્રમાંથી અગ્નિ પ્રગટ થતાં જ સમગ્ર વિશ્વને લય કરવાને સમર્થ એવા મહાદેવજીને કોઇ સમયને વિષે વૃકાસુરે છળ કરી ત્રાસ આપ્યો હતો. આ ઉપરથી ભક્ત કવિ સારરૂપ વચન કહે છે કે શ્રીનાથજીની જેવી મરજી હોય તે ખરી. અર્થાત્ પ્રભુની ઇચ્છા જે સમયે જેવું કરવાની હોય છે તે કાળે તેવું થાય છે તે એમ નિશ્ચલ મતિ રાખવી. છતાં જો એમ નહીં સમજે તો પણ થશે તો તે જ પ્રમાણે (શ્રીહરિની ઇચ્છા પ્રમાણે), ત્યારે ઉદ્વેગ (ચિંતા = પરિતાપ = કલેશ) કરી તું રડીશ તો પણ તેથી કરીને શું કાંઈ પ્રભુ ઇચ્છામાં ફેરફાર થશે ? ફેરફાર તો નહીં જ થાય અને વગર કારણે ત્હારે ઉદ્વેગ કરવો પડશે.

કબિત – ૬

જો જાને યુધિષ્ઠિર તો, દ્યૂત ખેલ હી ક્યો ?
જાને કબુ ઈન્દ્ર તો, રૂઠાવ હિ ક્યો જીવકો ?
જાને દુરવાસા તો, અંબરિષ પેં કોપ હી ક્યો ?
જાને રાવન તો ક્યો, સીતાકો હરન કરે ?
જાને બાલી તબ કીત, ત્યાગહિ સુગ્રીવકો ?
કોહુ જિન સોચ કરો, ભવિશ ભાત ભૂલેના,
દયો કહે કરતા કહો, પદ્માકે પીવકો. ૬

૬ = જો પોતાના અનિષ્ટ ભવિષ્યરૂપ ભાવી (પ્રારબ્ધ) પદાર્થને જાણતો હોત તો અથવા તેને ટાળવાને સમર્થ હોત તો (૧) ધર્મમૂર્તિ યુધિષ્ઠિર રાજા જુગાર રમવારૂપ કર્મ કદી પણ કરત જ નહીં. (૨) ઈન્દ્ર કોપ કરીને ગિરિરાજ ઉપર છ દિવસ પર્યંત મુશલધારા વૃષ્ટિ વ્રજભક્ત જનોને અને શ્રીકૃષ્ણ ભગવાનને હાનિ થવા રૂપની કૃતિ કદી પણ કરત નહીં. (૩) ભગવદ્ભક્ત અંબરિષ રાજા ઉપર શંકરના અંશાવતાર દુર્વાષા ઋષિ કદી પણ કોપ કરીને કૃત્યાનળ પ્રકટ કરત જ નહીં. (૪) મકરદ્વજ (કામદેવ) પોતાના પાંચ બાણ (અશોક, અરવિંદ મલ્લિકા, આમ્ર, નીલ કમલ એ પ્રમાણેના શોષણ, મોહન, તાપન, ઉન્માદન અને સંદીપનરૂપ) પાંચ બાણોથી થતી પાંચ પ્રકારની અસર કરનારા, શ્રીમહાદેવજીને પીડા આપવારૂપ, તે શ્રીમહાદેવજી ઉપર ચલાવત નહીં. વળી બીજો દાખલો રામાયણમાં અહી રાવણ મહી રાવણના સ્થાનમાં જેના વચ્ચે માર્ગમાં મકરદ્વજની ચોકી હતી ને તે ચોકી ઉલ્લંઘી હનુમાનજીને જવું હતું પુત્ર પિતાને કે પિતા પુત્રને ઓળખતાં ન હતા તેથી પરસ્પર યુદ્ધ થયું. આખર પિતા પુત્ર સંબંધ જાણ્યો. જો પ્રથમથી જ બંને જાણતા હોત તો પિતાપુત્ર અરસપરસ ઘોર યુદ્ધ કરત જ નહીં. (૫) જો રાવણ જાણતો હોત તો જગત્ માતા રૂપ શ્રીજાનકીજીનું કદી પણ હરણ ન કરત. (૬) વાલી જો જાણતો હોત તો પોતાના નાનાભાઇ સુગ્રીવનો ત્યાગ કરીને તેની સ્ત્રીને રાખત નહીં. માટે કોઈએ પણ ચિંતા કરવાનું કારણ નથી. ભવિષ્ય પદાર્થ કોઇથી ટળી શકતો નથી તેથી કવિ કહે છે કે કર્તા અને કારણરૂપ શ્રી પદ્માજીના નાથ શ્રી નારાયણ ભગવાનને કહો. છટ્ઠી કડીમાં "જીવકો" એવો શબ્દ છે. "જીવ" એવું ગુરુ બૃહસ્પતિનું નામ છે. જાને કબુ ઈન્દ્ર તો રૂઠાવહી ક્યો જીવકો ? એ મૂળ કડીનો ભાવાર્થ જે દેવોના રાજા (ઇંદ્રરાજા) ઇશ્વર ઇચ્છારૂપ ભવિષ્ય પદાર્થને જાણતા હોત તો પોતાના ગુરુ બૃહસ્પતિનું અપમાન કરી તેમને રૂઠાવવાનું કદિપણ કરત જ નહીં.

કબિત – ૭

દ્રૌપદી નિમિત્ત યુદ્ધ, મહાભારત સબી કહે,
ત્યોં માગધ કાલયવન, બ્રહ્મશાપ હેતુ હે,
ત્યોં રાવન રેનુકા, નિમિત્ત માત્ર પેદા કીયે,
પરાધીન સબ જ્યોં, જા હિય પેઠો પ્રેતુ હે,
ત્યોંહી ભગીરથ પારથ, બિષ્ણુરાતાદિ સબ,
ગંગા ગીતા ભાગવત, કિય નલ નીલ સેતુ હે,
યાહી લાગી યહ યાને કીયો, ક્યા કહિવેકો,
પ્રેરી સબ કરાવે કૃષ્ણ, પેન સીસ લેતુ હે. ૭

૭ = (૧) દ્રૌપદીજીના વસ્ત્ર દુઃશાશને દુર્યોધનના કહેવાથી ખેંચ્યા અને તેણે કરીને કૌરવ પાંડવની વચ્ચે મહાભારત યુદ્ધ થયું એમ નિમિત્ત કારણ કહેવાય છે. (૨) માગધરાજા (જરાસંધ રાજા) અને (૩) કાલયવન આ બંનેને બ્રાહ્મણોનો શાપ હતો, એમાં બંને નિમિત્ત કારણ કહેવાય છે, (૪) તે જ પ્રમાણે રેણુકાને પેદા કર્યાનું નિમિત્ત કહેવાય છે, પરંતુ વાસ્તવિક રીતે વિચાર કરતાં શ્રીહરિની આગળ યાવત્જીવ માત્ર પરાધીન છે. જેવી રીતે કોઇ મનુષ્યના કલેવરમાં બીજા ભૂતપ્રેત પિચાશાદિકે પ્રવેશ કર્યો હોય અને તેના યોગે કરીને તે જેમ પરવશ પણે કૃતિઓ કરે છે તે જ પ્રમાણે સર્વ પ્રાણિમાત્રના હૃદય ગુહા પ્રદેશમાં સર્વાન્તર્યામી ઇશ્વરનો ગુપ્ત રીતે પ્રવેશરૂપ નિવાસ છે એ પ્રભુની ચૈતન્યસત્તાને પ્રેરણાથી સર્વ કોઇ તેને વશ વર્તી (આધીનપણે) રહે છે. (૧) એ જ પ્રમાણે ભગીરથ રાજા શ્રીગંગાજીને ભૂતળમાં પધરાવી લાવવાના નિમિત્ત કારણરૂપ છે. (૨) પારથ (અર્જુન)ના મિષે કરીને શ્રીગીતાજીનું જ્ઞાન પ્રગટ થયું. (૩) વિષ્ણુરાત (પરીક્ષિત રાજા)ના નિમિત્તે કરીને શ્રીમદ્ ભાગવત શુકદેવજી દ્વારા પ્રસિદ્ધ થયું. (૪) નલ અને નીલ નામના શ્રીરામભક્તને હાથે સમુદ્રમાં સેતુ (પાળ) બંધાઇ એમ એઓ નિમિત્તરૂપ કારણ કહેવાય છે. આ કારણોને લઇને આવા પ્રકારે અને આ કામ અમુકે કર્યું એમ કહેવા માત્રે કરીને નિમિત્તરૂપ કારણ કથન માત્ર છે. બાકી ખરી રીતે તો એ સર્વને શ્રીકૃષ્ણ પરમાત્મા જ પ્રેરણા કરાવે છે.

કબિત – ૮

કંચનકૂં જરિવો કહા ? પાહનકૂં તરિવો કહા ?
હરિ પદતેં પરિવો કહા? કથા ન હે દંતકી,
બ્રહ્મશાપ નાશ કહા ? શિવજીકો ત્રાસ કહા ?
આપે અહિપાસ કહા ભ્રમી ધી અનંતકી,
સનકાદિક ક્રોધ કહા ? બ્રહ્મા અવબોધ કહા ?
સોસન અ ભોથ કહા ? મતિ ચલે ચંતકી,
અગ્નિ કું અજીર્ણ રહ્યો, અનહોનો સબે ભયો,
તબ જાનો કહે દયો, ઈચ્છા ભગબંત કી. ૮

૮ = (૧) કંચન (સુવર્ણ) તેને બળવાપણું શું ? સુવર્ણમય લંકા હતી તેને મારૂતિએ (હનુમાનજીએ) પ્રજાળી (બાળી) (૨) પાષાણ (પત્થર) કદી પણ તરે નહીં, છતાં નલ નીલ ભક્ત દ્વારા સેતુબંધ રામેશ્વરથી લંકા જવાને સમુદ્રમાં પત્થરની પાળ બાંધી. વિષ્ણુ ધામ વૈકુંઠથી પડવાપણું નહીં છતાં જયવિજય પાર્ષદો ત્યાંથી પૃથ્વી ઉપર પડ્યા. (૩) આ ત્રણે વાતો કંઇ દંતકથા રૂપ (જોડી કાઢેલી વાત) નથી, પરંતુ રામાયણમાંની કથા છે. (૪) આખા યાદવકુળને, બ્રાહ્મણનો શાપ થયેલો હતો, ને શ્રીકૃષ્ણ ભગવાને સ્વતઃ તેને માન આપ્યું, છતાં એ યાદવો પૈકી ઉદ્ધવ વજ્રનાભ, અક્રૂરજી વગેરેને બ્રહ્મશાપ ન લાગવા દેતાં બચાવ્યા (૫) ત્રિગુણ બ્રહ્મરૂપ સદાશિવ, જે કાળ (સંહાર)ના નિયામક છે છતાં તેને વૃકાસુરનો ભય થયો. (૬) શ્રીરામચંદ્રજી પૂર્ણ મર્યાદા બ્રહ્મ છતાં તે મંત્રરૂપ નાગાસ્ત્ર બાણથી બંધાયા હતાં. આવી આવી વાતો સાંભળી શેષજી સરખાની બુદ્ધિમાં ભ્રમણાં થાય છે. શેષજી સરખા પણ પ્રભુના અટપટા અકલિત ચરિત્ર જોઇને વિમોહિત બુદ્ધિ થાય છે. (૭) નૈષ્ટિક બ્રહ્મચારી અને બ્રહ્માના માનસ પુત્ર સનકાદિક ઋષિ અત્યંત શાંત છતાં તેમને વૈકુંઠ ભુવનમાં જ્યાં રાગ માયા ક્રોધાદિનો સંભવ પણ નથી એવા સ્થાનમાં ક્રોધ થયો, ને તે ક્રોધાવેશથી જયવિજય નિકટવર્તી પાર્ષદોને શાપ દીધો. (૮) મહાબુદ્ધિવંત કે જે બ્રહ્મા રજો ગુણ બ્રહ્મસ્વરૂપ જેમને શ્રીનારાયણે પ્રથમ વેદ આપી જ્ઞાનદાન દીધું છે, તે અજ્ઞાનીની પેઠે મોહિત આસકત થઇ પોતાની કન્યા સરસ્વતીજી ઉપર ગયા. (૯) સમુદ્ર જલનું શોષણ થઇ શકે નહીં છતાં અગત્સ્ય ઋષિએ સમગ્ર જલનું એક અંજલી (ખોબા)માં પાન કર્યું આવા વૃતાંતો સાંભળીને બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિ પણ ભ્રમિત થઇ ચલાયમાન થાય તેમ છે. (૧૦) સર્વ ભક્ષણો હુતાશન અગ્નિ સર્વ ભક્ષણ કરે છે, અગ્નિમાં ગમે તેટલું હોમીએ તો પણ તે સર્વ ભસ્મ કરી નાખે છે, અગ્નિને કદિ પણ અજીર્ણ ન થાય છતાં અગ્નિને અજીર્ણ થયું અને

તેની ઔષધિરૂપ અર્જુને ઇન્દ્રનું ખાંડવ વન તેની વનસ્પતિ (ઔષધિ) બાળી તેનું અજીર્ણાંશ વિકારનું દુઃખ ટાળ્યાની કથા મહાભારતમાં પ્રસિદ્ધ છે. ઉપર લખી સર્વ વાતો નહીં થવા સરખી છે. છતાં પણ તે સર્વ થઇ એમ ગ્રંથકાર કહે છે. આ ઉપરથી એમ જાણી શકાય છે કે, નહીં થવા યોગ્ય પણ કરી શકવાને શ્રીભગવાનની સ્વતંત્ર પ્રબળ સત્તા રૂપ ઇચ્છા મુખ્ય છે.

કબિત – ૯

સાધન ભરત કિયો પરિપૂરન, સૌભરિ સંગસું દૂર રહ્યો હે,
સંગ સૂચિ પ્રિયવત કિયો, ગોદાન દિયો નૃગ બ્હૌત હે,
યજ્ઞ યજ્ઞક્ષતિ પ્રાચીન બર્હિશ, કૌશિક બહુ કષ્ટ સહ્યો હૈ,
તાસું ભયો વિપરીત સબેં ફલ, નાથ દયા તુમ હાથ લહ્યો હે. ૯

૯ = (૧) ભરતજી રાજઋષિએ વિવિધ સાધન પરિપૂર્ણ કર્યા હતાં (૨) સૌભરિઋષિ દુઃસંગ ન લાગવા માટે શ્રીયમુનાજીના જલમાં રહેતાં હતાં. (૩) પ્રિયવ્રત રાજા પવિત્ર અને સુસંગ કરવા લાયક હતાં છતાં તે દુઃસંગે કરીને માયાની બલામાં પડ્યા હતા (૪) નૃગરાજાએ અગણિત ગાયોનું દાન કરવારૂપ મહત્પૂણ્ય કર્યું હતું છતાં અજાણે તે પૈકીની એક ગાય ગૌશાળામાં આવેલી તેનું દાન એ રાજાએ ભૂલથી વગર જાણે બીજા બ્રાહ્મણને કર્યું તેથી દાન લેનાર બંન્ને બ્રાહ્મણોની વચમાં અત્યંત કલહ ઉપજ્યો જેથી ગોદાન પૂણ્યના બદલામાં બ્રાહ્મણની આંતરડી કોચવાયાથી કાંચીડાનો અવતાર લેવો પડ્યો હતો. (૫) પ્રાચિન બર્હિષ રાજાએ અતિશય યજ્ઞો કર્યા હતાં, કે મખાંકિત યજ્ઞે કરીને સમગ્ર પૃથ્વી ચીતરી વળ્યા હતાં. (૬) કૌશિક (વિશ્વામિત્ર) ઋષિએ અનેક પ્રકારના વિવિધ તપ આરાધી કષ્ટ વેઠીને કર્યા હતાં છતાં તે પૂણ્યકૃતિના બદલામાં તેણે વગર અપરાધે અનેક જનોને દુઃખ (હરિશ્ચંદ્ર રાજા ઇત્યાદિને) આપ્યાથી તપશ્ચર્યાનું ફળ પ્રાપ્ત ન થયું. ઉપરના તમામ દાખલાઓ ઉપરથી જણાશે કે દરેક પ્રકારના સાધન કર્યાનુ ફળ તે સુલટું ન આવતાં ઉલટું (વિપરીત) આવ્યું છે. માટે સર્વ સાધન માત્રનું ફળ હે નાથ (શ્રીનાથજી) તમારા હાથમાં છે.

દોહા

સુલટી સો ઉલટી કરે, ઉલટી સુલટી બનાય,
જો ચાહે સોઈ કરે સમર્થ શ્રીવ્રજરાય. ૫૦
અનહોની હોવે ન કબુ, હોની મિટે ન કોય,
જૂઠ જતન જીયકો પરે, હરિ કરે તબ હોય. ૫૧

૫૦ = પ્રભુ સુલટાનું ઉલટું કરવાને, અને ઉલટાને સુલટું કરવાને સ્વતંત્ર સત્તાધીશ છે ચાહે તે કરી શકવાને એ શ્રીવ્રજરાય (શ્રીકૃષ્ણ) સદા સમર્થ છે.

૫૧ = જે થવાનું પ્રભુએ નિધરિલું છે તે ભાવિ પદાર્થમાં પણ કોઇથી કદી ફેરફાર કરી મટાડી શકાતું નથી. માટે પ્રભુએ નિર્મિત કરેલું ફેરવવાને માટે જો જીવ પ્રયત્ન કરશે તો પણ તે મિથ્યા પરિશ્રમ માથે પડશે. શ્રીહરિ જો કરશે તો જ થશે.

કનક જર્યો પાહન તરે, અપતપાત અધિમોખ,
કૃષ્ણ કરેં તબ સબ બને, નહિ બલ ગુન અરુ દોખ. ૫૨

૫૨ = જૂઓ કનક કદી પણ ન બળે છતાં તે સોનું બળી ગયું. (લંકામાં) અપતિતને પતિત અને પતિતને તે પાતકથી અથવા દુઃખથી મુક્ત કરીને તેમને મોક્ષ આપ્યો. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન કરે ત્યારે જે નહીં થવા યોગ્ય હોય તે પણ થઇ શકે (બની શકે) છે, પરંતુ કાંઇપણ બળ કે ગુણ દોષનું ચાલતું નથી.

કબિત – ૧૦

ઇશ્વરકી ઇચ્છા હી તેં, હોતવ્યતા જેસી,
તો સોહી સંયોગ સબ, મિલે આપ આપતેં,
જાકો જબ જેસો જેસેં, હોનહાર સોહી હોવે,
સુખ દુઃખ લાભ હાનિ, જહાં જો મિલાપ તેં,
પાર્થ કપિ ભરત મૃગકી, સેં ગીધ નલ કલિ,
અમિલ્યો મિલાપ દેખો, કહાં પુન્ય પાપ તેં ?
સબી વિશ્વ ભાવી બસ, સો ન કાહુ કર્યો હુ ટરે,
દયા મિથ્યા સોચે કિત, છૂટી કૃષ્ણ જાપતેં ? ૧૦

૧૦ = હોતવ્યતા થવાનું છે તે પ્રભુ ઇચ્છાથી થશે જ. જેમ કે (૧) પાર્થ (અર્જુન) મહાપરાક્રમી બાણાવળી યોદ્ધો છતાં તેને પ્રસંગે શંઢ (નપુંસક) થવું પડ્યું, તથા કાબા લૂંટારાએ લૂંટ કરી લૂંટી લીધો. (૨) કપિ હનુમાનજી સમર્થ છતાં અર્જુનથી હાર્યા માટે અર્જુનના રથ ઉપર રહેવું પડ્યું. (૩) ભરતજી મૃગલીના બચ્ચાની દયા પાળતાં મોહથી સપડાયાં. (૪) ગીધ પક્ષી જટાયુ (૫) પૂણ્ય શ્લોકી આ નળરાજાને કલિયુગે પ્રવેશ કરી ઘણું દુઃખ દીધું હતું. આ ઉપરથી પૂણ્ય પાપ એ તો કહેવા પૂરતું નિમિત્ત માત્ર છે. ખરેખર તો આખું જગત ભાવિ પદાર્થને વશ છે. તે કોઇનાથી ફેરવ્યું ફેરવી શકાતું નથી. માટે મિથ્યા શોચ (ચિંતા) કરવાની જરૂર નથી. શા માટે તું શ્રીકૃષ્ણ મંત્રના જપને છોડીને વ્યર્થ સંતાપ કરે છે ?

કબિત – ૧૧

જો કછુ બન્યો બને બનેગો, સબ હરિ ઈચ્છા તામેં,
હર બ્રહ્મા હૂ તેં ઘટે બઢે નાહિ હે,
કર્મ કાલ ગ્રહ સુભાવ, મન જીવ કરતા ના,
એ સબકી દોરી, કેસોકે કર માંહિ હે,
તેરો કીયો હોય તો તું, અપનો કયોં બુરો કરે ?
બૂરો હોય બિના ચલે, ચિત્ત તો નચાહિ હે,
એ તેં પે ચિંતા હોત સોહુ, માન માધો મરજી,
મેં કરતાં મિટે દયા, પ્રભુ ગહે બાહિ હે. ૧૧

૧૧ = જે કાંઈ બનેલું છે, અને બનશે. એ સર્વેમાં એક શ્રીહરિની ઈચ્છા જ મુખ્ય છે. અને તેમાં હર (મહાદેવજી)થી કે બ્રહ્માદિકથી પણ વધઘટ રૂપનો કાંઈપણ ફેરફાર થઈ શકતો નથી. (૧) કર્મ, (૨) કાળ, (૩) ગ્રહ, (૪) સ્વભાવ, (૫) મન, (૬) જીવ એમાંનું કોઈપણ કરતાં નથી. કારણકે એ સર્વેની દોરી કેશવ (ભગવાન)ના હાથમાં રહેલી છે. જો ત્હારું કર્યું થતું હોય તો તું પોતાની મેળે બુરું (ભુંડુ) કેમ થવા દે છે ? દરેક મનુષ્ય પ્રભુથી મળેલી સત્તા પ્રમાણે વિચાર કરી પોતાનું સુખ થવા, અને કોઈપણ વાતે દુઃખ ન થવા દેવાનું ચ્હાય છે, છતાં પ્રભુ ઈચ્છા પ્રમાણે જ પરિણામ થતું હોવાથી બુરું (ખોટું) પણ પ્રભુની મરજીથી જ થાય છે. એ નિશ્ચય છે. આ પ્રમાણે છતાં જો ચિંતા થાય તો તું માધવ એટલે કે શ્રીલક્ષ્મીપતિની ઈચ્છા તે જ મુખ્ય માનજે. કેમ કે તે ખોટું (ભુંડુ) મટાડવાને સમર્થ તે શ્રીહરિ છે. અને તે પ્રભુએ હે દયા (દયારામ) ત્હારો હાથ ઝાલ્યો છે માટે સર્વ ચિંતાને તું છોડી દે.

કબિત – ૧૨

મત્તગયંદ

જો નિરમાન કિયો નંદનંદન, સો હર બ્રહ્મ હુ તેં ન ટરેગો,
દુઃખ કિંધો સુખ હાનિ હિ લાભ, સમેપર આપુન આય અરેગો,
યત્ન અનેક વૃથા જિય કે, હિરણ્યકશ્યપ જ્યો શ્રમ સીસ પરેગો,
નાથ દયા કરડોરિ સબેં જગ, જ્યો રુચિ ત્યોં સબ નૃત્ય કરેગો. ૧૨

૧૨ = જે નંદનંદને (શ્રીકૃષ્ણ પરમાત્માએ) નિર્માણ કરેલું હોય છે તેમાં હર (મહાદેવજી) કે બ્રહ્માજીથી ફેરફાર થઈ શકતો નથી. દુઃખ કે સુખ હાનિ કે લાભ જે સમયે જે પ્રભુ ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત થનાર છે તે આપોઆપ તે સમયે પોતાની

મેળે આવીને પ્રાપ્ત થશે. માટે જીવના વિવિધ પ્રકારના અનેક પ્રયત્ન તે વૃથા (મિથ્યા) જેવા. દ્દષ્ટાંતમાં જેમ કે જુઓ તો હિરણ્યકશ્યપુએ પોતે બચવા તથા પોતાના ધાર્યા પ્રમાણે પ્રહલાદજી પુત્ર (ભક્તરાજ)નું અહિત થવાને ઘણાં પ્રકારના પ્રયત્ન બહુ કર્યા. તથાપિ ઈશ્વર ઈચ્છા પ્રમાણે જ થયું. તેના ધારવા પ્રમાણે ન જ થયું. હિરણ્યકશ્યપુનું જ મરણ થયું અને પ્રહલાદ ભક્તરાજનો વાળ સરખો પણ વાંકો ન થયો. હિરણ્યકશ્યપુએ કરેલા સર્વ પ્રયત્નનો શ્રમ મિથ્યા થઈ ગયો માટે હે દયારામજી ! તું નિશ્ચે કરીને જાણજે કે સર્વની દોરી પ્રભુના હાથમાં છે, તે સુત્રધાર પ્રભુના હાથમાં દોરી હોવાથી તે પુતલારૂપ સમગ્ર જગત્‌ના જીવોને જેમ નચાવે છે તેમ તે નાચે છે પ્રભુ ઈચ્છા પ્રમાણે જ સર્વ જગત્ નૃત્ય કરી રહ્યું છે.

દોહા

અનહોની હોની કરે, હોનહાર મિટિ જાય,
તુલસી એસેં રામસોં, કહિયે કહા બસાય ? ૧
સુનિ હુ ભરત ભાવી પ્રબલ, બિલખિં કહ્યો મુનિનાથ,
લાભ હાન જીવન મરન. જશ અપજશ બિધિ હાથ. ૨
ત્રિબેર પલટે પુરુષ તિય, સુદ્યુમન અંત મિથુન,
ધારી ગિરધારી બને, કયો હૂ અધિક ન્યુન. ૩
શિક્ષા બચ સુનિવો કરો, અંતર ધરો ન એક,
હરિ કરાવનો જબ જ સો, તસ તિહિ ઉપજિ બિબેક. ૪
તુલસી સંત સમાગમ, તા બિનુ મોહ ન ભાગ,
મોહ ગયે બિનુ રામપથ, હોહિ ન દ્દઢ અનુરાગ. ૫

૧ = જે થવાનું પ્રભુએ નિર્માણ કરેલું નથી છતાં તે કરવાને, અને તે જ પ્રમાણે જે કરવાનું પ્રભુએ ભાવીરૂપ પ્રારબ્ધ નિર્મ્યુ છે તો પણ તે મટાડવાને સમર્થ એક શ્રીભગવાન છે. મહાત્મા તુલસીદાસજી કહે છે કે એવા જે શ્રીરામચંદ્રજી ભગવાન તેને કોઈ કહેશે કે તે મ્હારા હાથમાં છે તો તે કબુલ કરાય ? કારણકે પ્રભુ તો સ્વતંત્ર છે. તે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી જે ચ્હાય તે કરવાને સદા સમર્થ છે.

૨ = રામાયણમાં મહાત્મા તુલસીદાસજી શ્રીરામચંદ્રજીના ભાઈ ભરતજીને કહેલું વચન લખી ગયા છે કે, હે ભરતજી ભાવીરૂપ પ્રારબ્ધ પ્રબલ છે એમ જોઈ મુનિનાથ (શ્રેષ્ઠ મુનિ) કહે છે કે લાભ, હાનિ (ખોટ), જીવવું, મરવું, યશ, અપયશ એ સર્વવિધિ (ઈશ્વર ઈચ્છાથી નિર્મિત થયેલું ભવિષ્ય) શ્રીહરિને સ્વાધીન છે.

૩ = શ્રીમદ્ ભાગવતમાં સુધ્યુમનની કથા પ્રસિદ્ધ છે. તેનો ઇતિહાસ એવો છે કે, તે પુરુષાકૃતિ (મરદ) છતાં ત્રણવાર તેને પુરુષ મટી સ્ત્રી અને સ્ત્રી મટીને પાછો પુરુષ, અને વળી પુરુષ મટી સ્ત્રીપણાના રૂપને પ્રાપ્ત થયો, એક જ દેહમાં ત્રણવાર પલટો (બદલો) થઇ પુરુષ અને સ્ત્રી એમ ઉભય પ્રકારના સુખ દુઃખની સ્થિતિ ભોગવી. આ બનાવનું દષ્ટાંત પ્રભુનું કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સર્વ કરવાને સ્વતંત્ર સામર્થ્ય સૂચક ભગવદ્ ઇચ્છાનું છે. માટે ગિરિરાજ પર્વતને ટચલી આંગળી ઉપર ધારણ કરી રાખનાર અદ્‌ભૂત સામર્થ્યવંત શ્રીકૃષ્ણનું જ ધાર્યું (ઇચ્છ્યું) થાય છે. તેમાં ન્યુનાધિક કરવાને કોઇનું પણ કંઇ બળ ચાલતું નથી.

૪ = આ પ્રમાણે પ્રભુનું સ્વતંત્ર સત્તારૂપ પ્રબળ સામર્થ્યરૂપ માહાત્મ્ય, જ્ઞાનાદિ સમજવા માટે ગ્રંથકાર કવિવર્ય ઉપાય બતાવે છે કે શ્રીમદ્ ગોસ્વામી શ્રીહરિરાયજી મહાપ્રભુ વિરચિત શિક્ષાપત્ર ગ્રંથના વચનામૃત સાંભળવાં, અથવા એવા શિક્ષા રૂપ વચનો સાંભળતાં છતાં પોતાના હૃદયમાં દઢ નિશ્ચયપણે ઠસાવી રાખતાં નથી જેથી શિક્ષારૂપ વચનો શ્રવણ કર્યા છતાં તેનું મનન અને નિદિધ્યાસન ન કરવાથી તે વચનો સદા સ્મરણમાં રહેતાં નથી. અને તેણે કરીને શ્રી પુરુષોત્તમનાં અદ્‌ભૂત દિવ્ય નિર્દોષ ચરિત્રોના અર્થ સમજી શકતા નથી જે વખતે જેમ કરાવવાનું શ્રીહરિને હોય છે તે જ પ્રમાણે તેને વિવેકરૂપ બુદ્ધિ ઉપજે છે.

૫ = શ્રીરામભક્ત મહાત્મા તુલસીદાસજીની સાખી છે કે જ્યાં સુધી સત્પુરુષોનો સમાગમ ન રાખે, એટલે તેમના સદુપદેશરૂપનાં સાર અમૃતરૂપ વચનોના શ્રવણાદિ ન કરે ત્યાં સુધિ અજ્ઞાને કરીને અનિત્ય પદાર્થોમાં થયેલી મોહાસક્તિ ભાગે નહીં. અને જ્યાં સુધી તે મોહ ન ટળે ત્યાં સુધી ભગવત્ માર્ગ ઉપર તેની દઢ રુચિ પ્રીતિ પણ ઉદય ન થાય.

એકેં દુઃખ સુખ એક કો, સો સુમરી મત રોય,
બિચિત્ર લીલા કૃષ્ણકી, ધની કો ધની ન કોય. ૫૩
કરતુમકર્તું અન્યથા કર્તું, સંમ્રથ ઇશ,
અજામિલ દુર્વાસા ભરત, ઉદાહરન ત્રિદીશ. ૫૪

૫૩ = એકને સુખ હોય છે તો બીજાને દુઃખ પણ હોય છે. એવું સુખ દુઃખનું જોડું અનાદિ કાળથી ચાલ્યું આવેલું છે માટે સુખે કરીને હર્ષાળુ થવું કે દુઃખે કરીને આક્રંદાશ્રુ પડવારૂપ રડવાનું કે ગભરાઇ હર્ષ મટી જવાનું કારણ નથી. દરેક બાબતમાં શ્રીકૃષ્ણ પરમાત્માની અકલિત અદ્‌ભૂત ગૂઢ લીલા જાણવી.

તથા તે પરબ્રહ્મ જ સર્વના સ્વામી સ્વતંત્ર હોવાથી ગમે તે કરી શકવાને સમર્થ છે તે સર્વેશ્વર પુરુષોત્તમથી પર કોઇ પણ નથી.

૫૪ = (૧) કર્તુમ્‌લક્ષણ અજામિલની કથા શ્રીમદ્ ભાગવતના ષષ્ઠ સ્કંધમાં છે કે, તે બ્રાહ્મણ પુત્ર હતો, છતાં દુઃસંગને લીધે તે દુરાચરણી થયો હતો. તો પણ પ્રભુએ તેનું કલ્યાણ કરવાનું ધારેલું હતું તેથી તેને ઉત્તરાવસ્થામાં પ્રભુએ સુસંગ મેળવી તેમણે કરેલા ઉત્તમોત્તમ સદુપદેશથી પુત્રનું નામ નારાયણ પાડી તેમાં અત્યંત આસક્તિ રાખી. અંતે તેનું સ્મરણ કરવા છતાં પણ પ્રભુએ પોતાનું નામ સ્મરણ કર્યાનું માની યમદૂતથી મુકાવી શુદ્ધિ લીધી (૨) અકર્તુમ્ લક્ષણ દુર્વાસાઋષિ શંકરનો અંશાવતાર હોવાથી મહાત્મા પુરુષ હતાં છતાં પણ તેમાં અસહ્ય (તીવ્ર) ક્રોધ હતો અને અનેક જનોને ક્રોધ કરીને શાપાદિ દઇને દુઃખી કરતા હતા છતાં તે ક્રોધરૂપ દુર્ગુણને પ્રભુએ ન ફેડ્યો. (૩) અન્યથાર્ક્તુમ્ લક્ષણ - ભરતજી રાજઋષિને હરણના બચ્ચામાં રહ્યાનું નિમિત્ત માની તે વાસનાથી તેને ૩ જન્મ લેવડાવ્યાં.

હરિ સત્તાતે ભલ અભલ, કૃતિ સબહીતેં હોંઇ,
પે જિમિ દિનમનિ દીપ ત્યોં, અલગ ઉભય ફલ સોઇ. ૫૫
બહુ બિગર્યો અતિ સુધરે, જો ધારે હરિ મક્ષ,
અતિ સુધર્યો સો અતિબિગરિ, શ્રીહરિ જો અપ્રસક્ષ. ૫૬

૫૫ = શ્રીહરિની સત્તાથી સારી અથવા નઠારી કૃતિ સર્વ કોઇ કરી શકે છે. પરંતુ તેથી કરીને પ્રભુમાં કોઇ રીતે વિષમતા કે ક્રૂરતા રૂપ કોઇપણ દોષ નથી. (૧) દષ્ટાંતમાં જેમકે દિનમણિ સૂર્યના અજવાળા રૂપ પ્રકાશથી સર્વ કોઇ નેત્રો દ્વારા એ જોઇ શકે છે ને તેના અજવાળાના બળે કરીને સ્ત્રીનું સુંદર સુરૂપ જોઇ તેમાં કેટલાક મોહિત થઇ જાય છે. અને કેટલાક તે નેત્રોનો ઉપયોગ શ્રીહરિના, શ્રી સદ્‌ગુરુ ના, કે સત્પુરુષોનાં કે સદ્‌ગ્રંથોના દર્શનાદિક કે સત્કૃતિમાં કરે છે. પરંતુ તેથી કરીને સૂર્યનારાયણને કોઇ દોષ લાગી શકતો નથી, કે તમારી હાજરીમાં અથવા તમારા પ્રકાશરૂપ અંજવાળાના સંયોગથી સ્ત્રીમાં આસક્ત થયો માટે હું દોષવંત નથી એમ ન સમજવું. (૨) તેજ પ્રમાણે દીપકના અજવાળાના પ્રકાશ યોગે કરીને પણ સમજવું. (૩) વળી એજ પ્રમાણે ચંદ્રમાના પ્રકાશરૂપ અજવાળાનું પણ સમજી લેવું જેવી રીતે સૂર્ય, ચંદ્રને દીપક એ ત્રણેએ ફળ ભોગવવાથી સદા અલગ (અલિપ્ત) રહે છે તેમ સુકૃતિ દુષ્કૃતિનું ફળ ઇશ્વરને ભોગવવું પડતું નથી. તેમ તેમના ઉપર વિષમતાનો કે ક્રૂરતાનો દોષ લાગી શકતો નથી.

૫૬ = ગમે તેટલું બગડી ગયું હોય જે કોઈથી કદિપણ ન સુધરી શકે તેવું હોય છતાં તે અતિશય સારી રીતે સુધરી શકે છે, પરંતુ તે ક્યારે, કે જ્યારે શ્રીહરિ તેમ કરવા મનથી ઈચ્છે ત્યારે જ. વળી કોઈ કામ અતિશય સુધરેલું હોય કે સુધરવા યોગ્ય થયેલું હોય તથાપિ જો શ્રીહરિને અપ્રસન્ન કરે તો સર્વ સુધરેલું પણ બગડી જાય છે. માટે સુધારવા બગાડવાને સ્વતંત્ર સામર્થ્યવંત તો શ્રીહરિ જ સ્વતંત્ર સત્તાધીશ છે.

હરિ રક્ષક કબુ કહું ન ડર, જાય જંગલમેં બેઠ,
સો કોપત નહિ બચેગો, સત પાતાલ તર પેઠ. ૫૭

૫૭ = શ્રીહરિ જેના રક્ષક હોય તેને કોઈપણ સ્થળે કોઈનો ડર ભય કદાપિ પણ થાય નહીં. કદાચ તે જંગલમાં (અરણ્યમાં) હોય તો ત્યાં પણ તેનું રક્ષણ થાય જ. અને જો શ્રીહરિ રૂઠ્યા (કોપ્યા) હોય (અપ્રસન્ન થયા હોય) તો તેથી બચવાને માટે કદિ ૭ સાતમાં પાતાળમાં પેઠા હોય તો પણ તે નહીં જ બચે.

કબિત – ૧૩

છપ્પય

પાવન પતિત હુ પતિત પાવન, કરિ નભ ધરની,
ધર્મ અધર્મ અધર્મ ધર્મ, કરિ અકરનિ કરની,
બિંદુ સિંધુ કરી સિંધુ બિંદુ, રતિ શૂન્ય સફલ કરી,
અઘટિત ઘટિત હુ ઘટિત અઘટિત, કરે મનધરિ હરિ,
પ્રભુ ચાહે સોહી ઈશ્વર કરે, અચિંત્ય અતકર્ય અકલગતિ,
મત સોચિ ફૂલિ મત તૂં દયા અચલ સરન શ્રીકૃષ્ણ પતિ. ૧૩

૧૩ = પવિત્રને પતિત અને પતિતને પાવન કરે છે. નભ = આકાશ, ધરની = પૃથ્વી. ધર્મને અધર્મ કરે છે અને અધર્મને ધર્મ એમ ન થઈ શકે એવું પણ કરવા સમર્થ છે. એક બિંદુને સમુદ્ર કરે છે અને સમુદ્રને બિંદુ સમાન બનાવે છે. ભાગ્યશૂન્યને ભાગ્યશાળી બનાવે છે કે જેની અકળ ગતિ તર્ક ન થઈ શકે તેવી છે માટે દયા તું વિચાર કરી ફુલા નહીં અને એક જ અચલ શ્રીકૃષ્ણ પતિનું શરણ ગ્રહણ કર.

કબિત – ૧૪

(છંદ : મત્તગયંદ)

કોઉ ન જ્ઞાની અજ્ઞાની ન કો જગ, ઈશ્વર આધીન સજ્જન જોવે,
જાકો જબે કરી કૃષ્ણ જસો સો તાછનુ તે બિધિકો બસ હોવે,
સ્યાંનપન કાહુકી કામ લગેન સુહી, બુધ ચિત્ત હરિપ્રદ પ્રોવે,
નાથ દયા સબકી મતિ પ્રેરક, જો સમુઝે સુ હંસે નહિ રોવે. ૧૪

૧૪ = કદીપણ કોઈએ જ્ઞાનીપણાનો ફાંકો અભિમાન ન રાખવો. તેમજ કોઈને પણ તું અજ્ઞાની જાણીને તેની અવજ્ઞા ન કરીશ, કારણકે પ્રભુના જેવું કોઈપણ જ્ઞાની નથી એમ જાણી જ્ઞાનીપણાંનો દાવો રાખી ગર્વિષ્ઠ ન થઈશ. કારણકે આખું જગત ઈશ્વરને આધીન છે. એમ સજ્જન પુરુષો સર્વત્ર બ્રહ્માત્મદષ્ટિથી ભગવદ્રુપપણાથી જુએ છે. જ્ઞાન અને અજ્ઞાનમાં પણ કારણરૂપે એક બ્રહ્મજ હોય છે. જેને જે વખતે શ્રીકૃષ્ણ ભગવાન જેવો કરવા ઈચ્છે છે તે પ્રમાણે તે ક્ષણે તે તેવો થાય અને નિશ્ચે કરીને તેવી વિધિ (રીત) તે વખતે થાય છે. એમાં ડહાપણ કોઈનું કામ લાગતું નથી એમ માની બુદ્ધિમાન જનો શ્રીહરિના ચરણકમલમાં પોતાની બુદ્ધિને પ્રોવે છે (પરોવે છે) ગ્રંથકાર કહે છે કે મારા નાથ શ્રીકૃષ્ણચંદ્ર ભગવાન તેજ સર્વની બુદ્ધિના પ્રેરક છે. આ પ્રમાણે જે સમજે છે તેઓ પ્રભુની જુદી જુદી અનેક રચનાઓ જોઈને હર્ષ કે શોકને પામતાં નથી. અર્થાત્ સુખ જોઈને હર્ષિત થતાં નથી, અને દુઃખ જોઈને રુદન કરતાં નથી. એમાં પ્રભુની અદ્દ્ભૂત કૌતુક = અતિ આશ્ચર્યકારક રચનાનું વર્ણન છે.

કબિત – ૧૫

સાંપ સુને દ્દગતેં ઉરતેં ગતિ ઘ્રાન ગ્રહે, કરિ ઓર ન કોઈ,
પુચ્છ પિયે જલ પાઉં ભખે, ગુલમ્હેરિ અજબ અલીકન સોઈ,
અશ્રુહિંતે ઉત્પતિ મયુરકી, બીછુ ડસે પુછસો જગ જોઈ,
નાથ દયા સઘરી બિધિ સમ્રથ, કૃષ્ણ કરે તબ કા નહિ હોય ? ૧૫

૧૫ = જુઓ સાપ ને શ્રવણ કરવાને પ્રભુએ (કાન) ન રચતાં તેની દ્દગમાં (નેત્રમાં) શ્રવણ કરવાની સત્તા ધરી છે. વળી સર્પને ચાલવા સારું પ્રભુએ તેને ચરણ (પગ) કર્યા નથી. ત્યારે તેના ઉરમાં (પેટમાં) ચાલવાની પ્રબળ શક્તિ મૂકી છે કે જેણે કરીને (પેટ વડે) તે ચાલે છે. વળી સાપને ઘ્રાણેન્દ્રિય (નાસિકા) કરેલી નથી. તથાપિ તે નાસિકા દ્વારાએ જે સુંઘવાનું કામ થાય તેવું તેને ઉરમાં એટલે અંતરમાં પ્રભુએ સુગંધ દુર્ગંધ સમજવારૂપ ગતિનું જ્ઞાન દાન કરેલું છે. આ ઉપર લખ્યા સર્વ પ્રસંગો સામાન્ય કામના બંધારણથી ઉલટા પ્રભુએ રચ્યા છે, એવું અન્ય કોઈપણ પ્રાણીમાં નથી, અજબ ગુલ મહેરી નામનું પક્ષી થાય છે, તે પૂંછડેથી પાણી પીએ છે. અને તેને તેના ચરણમાં એવા મુખ કર્યા છે કે, જેથી એ પગે કરીને તેનાથી ચલાય ખરું. અને ચાલતા ચાલતા ચરાય પણ ખરું. આ વાત મિથ્યા નથી, પણ સત્ય છે. વળી નવાઈની વાત એ છે કે સામાન્ય

ક્રમ એવો છે કે (૧) અંડજ (ઇંડામાંથી) (૨) ઉદ્‌ભિજ (પૃથ્વીમાંથી) (૩) જરાયુ (ઓર)માંથી શુક્ર (વીર્ય)માંથી (૪) સ્વેદજ (પરસેવામાંથી) માંકણ એમ ચાર પ્રકારની મનુષ્ય અને પશુ પક્ષી વગેરે જંતુમાત્રની ઉત્પતિ થાય છે. છતાં પ્રભુએ અજબ પ્રકારની નવીન રીત પણ કરેલી જણાય છે. જેમકે (૧) અશ્રુના બિંદુમાંથી મોરની ઉત્પતિ થાય છે. જ્યારે મોર કળા કરી નૃત્ય કરે છે ત્યાર પછી તેની આંખમાંથી અશ્રુજળનાં બુંદ પડે છે તે પૃથ્વી પર પડે છે તેને તેની સ્ત્રી ઢેલ પૃથ્વી ઉપર પડતાં જ ચાટી જાય છે તેથી મોર અવતરે છે. (૨) જળમાંથી મચ્છરાદિની ઉત્પત્તિ થાય છે. (૩) દરેકને પોત પોતાનો બચાવ (સંરક્ષણ) કરવાને તથા કોઈ સામો ઉપદ્રવ કરે તો તેને શાશન (શિક્ષા) કરવા રૂપ જુદી જુદી રીતે સાહિત્ય (ઉપસ્કર) પ્રભુએ આપેલ છે. જેમ કે હાથ પગ વડે મારે છે. મોઢેથી દાંત વડે બચકું ભરે છે, શીંગડા મારે છે. (ઘોચે છે), ચાંચ ભોંકે છે (મારે છે), જનાવરો કરડે છે પરંતુ નવાઇની રીત પ્રભુએ પુંછડાથી મારવારૂપની પણ મૂકેલી છે. જેમ કે વીંછીને પુછડે અણિદાર કાંટો (ડંખ) રહે છે. તે પુંછડા વડે બીજાને કરડે છે. વળી તે જ પ્રમાણે વધારે પાણીમાં પડી રહેનાર મગરોના પુછડામાં પણ તિક્ષ્ણ તલવારની ધાર કરતાં પણ અતિશય તીખીધાર પ્રભુએ રચેલી છે. આ દાખલાઓ જગતમાં જોઇ શકાય તેવા છે. હવે એ દષ્ટાંત માત્રનો સિદ્ધાંત કહે છે કે, દયારામના નાથ શ્રીકૃષ્ણચંદ્ર તે સર્વ રીતે સદા સમર્થ છે. તેથી તે સર્વ કરવાને સંપૂર્ણ સ્વતંત્ર સત્તાધીશ છે. તે કરે ત્યારે શું ન થાય ? અર્થાત્ સર્વ થાય જ.

કબિત – ૧૬

અહો હેમકશ્યપ પ્રહ્‌લાદ પુત્ર ઉગ્ર કંસ,
કાજલકો હેતુ દીપ મનિ ફની જાત હે,
અજામેલ પુત્ર ભાવ નામ લેત ધામ પાયો,
પ્રેમ રામ કહત મરે પિતાદિ વિખ્યાત હે,
દયાધરમ પાલ્યો દોષરૂપ ભયો ભરત ભૂપ,
વિષ દીનો બકી કૃષ્ણ દીની ગતિ માત હે,
નિજ પાંડવ દુઃખી સુખી કૌરો સો જગ જાને,
દયાનાથ તિહારી ગતિ લખી નાહિ જાત હે. ૧૬

૧૬ = એનો સાર પ્રભુની ગતિને કોઇ જાણી શકવાને સમર્થ નથી એ પરત્વે છે. જુઓ (૧) હેમકશ્યપ (હિરણ્યકશ્યપુ) આસુર છતાં તેને ત્યાં શુદ્ધ દૈવી સંપત્તિરૂપ પ્રહલાદજી ભગવદ્ ભક્ત રાજનું પ્રાગટ્ય થયું. (૨) ઉગ્રસેન રાજા ભગવદ્ ભક્ત શુદ્ધ દૈવી સંપત્તિવાળા હતાં છતાં તેમને ત્યાં પુત્ર આસુરી બુદ્ધિવાળો કંસ ઉત્પન્ન થયો. (૩) દીપક (દીવો) તે ઉજ્જ્વળ પ્રકાશવંત છતાં તે દીવામાંથી ઉત્પન્ન થવાથી પુત્રરૂપ કાજળમાં પિતારૂપ દીપકના ગુણ, પ્રકાશવાળો મણિ માથે પણ નીચ કૃતિ જંતુ મારવાની નાગ કરે છે, નાગને માથે ફણા ઉપર મણિ હોય છે એવો ઉત્તમ નાગ છતાં તે પેલા મણિરૂપ ગુણનો દુરૂપયોગ કરે છે. અથવા વિષ ધર (નાગ) તેને માથે પ્રભુએ મણિ ઉત્પન્ન કર્યો છે એ કૌતુક પણ સુચવે છે. (૧) વળી અજામેલે પુત્ર (નારાયણ)નું નામ દીધું છતાં નારાયણ ભગવાને પોતાનું નામ સ્મરણ કર્યાનું માની તેને ભગવત્ ધામની પ્રાપ્તિ કરાવી. (૨) અને શ્રીરામચંદ્રજી ઉપર ગાઢ સ્નેહે વાત્સલ્ય કરનાર પિતા દશરથ રાજાને અંતે શ્રીરામ રામ કહેતાં શ્રીરામના વિયોગે પ્રાણત્યાગ કરી દીધા છતાં તેને સ્વધામ ન આપ્યું. (૩) દયારૂપી ધર્મ ભરતજીએ પાળ્યાં છતાં તે દોષ રૂપ ગણાઇ ત્રણ જન્મ થયાં. (૪) બકી (પુતના)એ શ્રીકૃષ્ણ ભગવાનનું અહિત (પ્રાણાપહાર) ઇચ્છીને પોતાના સ્તનને વિષે (ઝેર) ચોપડેલું, તેનું પાન શ્રીકૃષ્ણને કરાવ્યું છતાં તેને જનનીની પદવી ગણી પોતાની માતાને જે પદ તે પદવી પ્રાપ્તિનું કામ પ્રભુએ કર્યું. (૫) શ્રીકૃષ્ણે નિજ ભક્ત પાંડવોને અનેક વખત દુઃખ ભોગવાવ્યું હતું. (૬) અભક્ત કૌરવોને સુખ આપ્યું હતું. હે દયાનાથ ! દયારામના ઇષ્ટદેવ સ્વામિન્ શ્રીકૃષ્ણચંદ્ર ઉપર લખ્યા પ્રકારોવાળી આપની વિવિધ ગતિ તે જગતમાં પ્રસિદ્ધ છે. તે ઉપરથી તમારી ગતિ જાણી શકાતી નથી.

કબિત – ૧૭

પ્રશ્ની સુતપા ચોયુગ તપે ધ્રુવ આધોં વર્ષ,
મ્હુરત ખટવાંગ પાયે દેખો કે તો અંત્ર હે,
એક નામ અજામેલ ગુનિકા ત્યો આધો નામ,
પારધિ સ્વદેહ સ્વર્ગ સમરે બિના મંત્ર હે,
બુદ્ધિમે કસર કબૂ કહે હરિ મહામુર્ખ,
સહજ ચાલ્યો જાય જાકો કીનો ભવ યંત્ર હે,
દયાનાથ કૃષ્ણ ગતિ અતિ ગૂઢ કોન લહે,
અથવા ચાહે સોઈ કરે ઈશ્વર સ્વતંત્ર હે. ૧૭

૧૭ = પ્રશ્રી સુતપાનો અગાધ પરિશ્રમ કે જે ૪ ચાર યુગ પર્યંત તપે કરીને તપ્યાં હતાં. ત્યારે દર્શન આપીને વરદાન પ્રભુએ આપ્યું કે હું તમારે ત્યાં પુત્રરૂપે અવતરીશ (પ્રકટ થઇશ) ધ્રુવજીએ માત્ર ૬ મહિના તપ કર્યું તેટલામાં તેને પ્રભુએ દર્શન આપ્યાં. જૂઓ કેટલું બધું અંતર (ભેદ = તારતમ્ય) એક જ નામ અજામેલે લીધું હતું, ગુણિકાએ માત્ર અર્ઘું નામ લીધું હતું પારધિએ શ્રીકૃષ્ણને બાણ માર્યું જે ઉપરથી પ્રભુને (શ્રીકૃષ્ણે) કલેવર છોડવું પડ્યું. છતાં તેવા અપરાધીને સ્વદેહે કાંઇપણ સ્મરણ કે મંત્ર જપ કર્યા વગર સ્વર્ગે મોકલ્યો. આવા દાખલા જોઇને કોઇ મુર્ખ મનુષ્ય એમ કહેવા તૈયાર થશે કે પ્રભુની બુદ્ધિમાં કાંઇ કસર ખામી હશે. તો તે મહાન મુર્ખ છે.

કારણકે અજ્ઞાની (મૂઢ) જન પણ શ્રીહરિનું આવું કર્મ પ્રાકૃત નથી પણ દિવ્ય છે એમ જાણે છે. તેને સ્મરે તો તે પણ સહજ રીતે ધર્મ પદને પહોંચે છે, કેમ કે સંસારની અનેક પ્રકારની રચના શ્રીહરિએ કરેલી છે તે રચના જોતાં પણ કલ્પના કરી શકાય છે કે પ્રભુમાં અપાર બુદ્ધિ દયાનાથ, દયારામના ઈષ્ટદેવ સ્વામી શ્રીકૃષ્ણચંદ્રની ગતિ અતિશય ગૂઢ છે માટે તેમની ગતિને કોઇપણ જાણી શકવાને સમર્થ નથી, કારણકે ઇશ્વર ગમે તે કરવાને સંપૂર્ણ રીતે સદા સામર્થ્યવંત અને સ્વતંત્ર છે.

દોહા

કિયો કરેંગે કરત સબ, ભલોહી શ્રીવ્રજરાય,
હરિ હારદ અતિગૂઢ હે, તુરત ન સમજ્યો જાય. ૫૮

૫૮ = શ્રીહરિનું હારદ (અંતરનો અભિપ્રાય) કોઇથી કળી શકાય તેમ નથી માટે તે અમુક રીતે જ છે એમ નિશ્ચય કરી કાંઇ કહી શકાય તેમ નથી. શ્રીવ્રજરાયે સર્વ ભલું જ કરેલું છે, અને કરશે.

દોહા

તન તપાય કહું મનહૂ ભજન માનિ ભગવંત,
ગુન એકેક વર દુહુનમેં રુચિ પ્રમાન બનિ સંત. ૧
જાકે હિય હરિ બસિ બહે સો હરિ સમ નિર્લેપ,
કદા મનસ્વી કૃતિ બને તહુન ચોટે ચેપ. ૨

૧ = કોઇ તન તપાવે છે ને કોઇ મન તપાવે છે, અથવા તન અને મન એ ઉભયને પોતાના વિરહે કરીને તપાવે છે આ તાપ ક્લેશને પણ પ્રભુ પોતાનું ભજન માની લે છે. એક એક ગુણ બંન્નેમાં શ્રેષ્ઠ છે એવી વિરહાત્મક સ્થિતિ સંતની ભગવાનની રુચિ (ઇચ્છા) પ્રમાણે થાય છે.

૨ = જેના હૃદયમાં શ્રીહરિ બિરાજી રહે તે શ્રીહરિની સમાન નિર્લેપ હોય છે. એમ છતાં એવા સંત જેનાથી કોઇ વખતે મનસ્વી કૃતિ થઇ જાય તો પણ તે સંતને શુભાશુભ કર્મનો ચેપ અડકતો નથી. કેમ કે તે અહંકૃતિથી રહિત હોય છે અને તેની બુદ્ધિના પ્રેરક પણ કારણ રૂપે શ્રીહરિ જ રહેલા હોય છે.

કેવલ કૃષ્ણ પ્રમેય બલ આત્મસાત્ કિય જાહિ,
તાકી કૃતિ સબ કૃષ્ણકી નૃપ કુમાર સો આહિ. ૩
નાહિ હોય હેતુ કછુહુ કૃપા સહજ વ્રજરાય,
જો કબુ હેતુ હોય તો કેસે કૃપા કહાય ? ૪

૩ = શ્રીકૃષ્ણ પરમાત્માએ કેવળ પોતાના પ્રમેય બળ વડે કરીને જે જનને પોતાના આત્મસાત્ (પ્રાણ સમર્પિત) કરેલા હોય તેવા સત્પુરુષોની સર્વકૃતિ શ્રીકૃષ્ણના સરખી જાણવી. જેમ કાંઇ રાજાના કુમારની કૃતિ હોય તો પણ રાજાના જેવી જ ગણાય છે, તેમ પુત્રમાં અવગુણ હોય છતાં સ્નેહ વાત્સલ્યના કારણથી પિતારૂપ રાજામાં તે પુત્રના અવગુણ નથી તેમ સમજવું. એમ થવામાં પણ શ્રીભગવાનનો કાંઇ હેતુ (હાર્દ) હોય છે, કારણકે બાળકથી અણસમજે પણ કાંઇ થઇ ગયું હોય તો પણ તે બાળકનું વચન પિતા પાળે છે તેમ ભક્તરૂપ પુત્રનું વચન પણ શ્રીહરિ પાળે છે.

૪ = વળી આમ કરવામાં કંઇ હેતુ નથી. પરંતુ વ્રજરાય (શ્રીકૃષ્ણ)ની સહજ કૃપા માત્ર છે. જો ક્યારેય કંઈપણ હેતુ (કારણ) હોય તો પછી એ કૃપા કેમ કહેવાય ?

દોષ પરે તહુ બસિ ન ઉર, નિજ જનકે નંદલાલ,
જ્યો જનની પ્રિય સુચિ લગે અતિ અપરાધિ હુ બાલ. ૫
અજામેલ ગનિકા લહે ડેઢ નામ અપ વર્ગ,
સરતિ રામ રટિ તનુ તજ્યો દશરથ અજહૂ સ્વર્ગ. ૬

૫ = યદ્યપિ અજ્ઞાન સ્થિતિ વયના બાળકરૂપ ભક્તજનની કાંઇ કૃતિ દોષરૂપની હોય તથાપિ પરમસ્નેહી પરમ દયાળુ પિતાવત્ પરમ હિતકારી નંદલાલ (શ્રીકૃષ્ણ ભગવાન) પોતાના નિજજનને પોતાને પુત્ર સમ પ્રાણ પ્રિય વહાલા હોવાથી તે વ્હાલપણાના કારણથી પિતારૂપ પ્રભુ તે પુત્રરૂપ ભક્તના કંઈપણ દોષ મનમાં આણતા જ નથી. જેવી રીતે જનનીને પોતાના પુત્ર ઉપર સંપૂર્ણ વ્હાલ હોવાથી તે ગંદો ગોબરો છતાં પણ પ્રિય અને શુચિ (ચોખ્ખો = પવિત્ર = શુદ્ધ) જ ભાસે છે. વળી એજ પ્રમાણે તેના અગણિત અપરાધ હોય

તો પણ જેવી રીતે માને સંપૂર્ણ વ્હાલ હોવાથી તે બાળક પુત્રના દોષ ભાસતા જ નથી. તે પ્રમાણે પુત્ર સ્થાને ભક્ત અને પિતા સ્થાને પુરુષોત્તમ પણ તે નિજભક્તના અપવિત્રપણાના કે એના અપરાધરૂપ દોષોને ગણતાં નથી.

૬ = એના દાખલા આપે છે જૂઓ (૧) અજામિલ અતિશય દુરાચારી અને પરસ્ત્રી લંપટ અનેક પ્રકારના અપરાધવાળો હતો છતાં તેના કોઈપણ દોષ ન ગણ્યાં. ને તેને નિજપદની પ્રાપ્તિ કરાવી. (૧) નામ ચાર અક્ષરનું (નારાયણ) કહેવા માત્રથી પ્રભુએ તેની શુદ્ધિ લીધી. (૨) ગણિકા (બાળકી વેશ્યા) અત્યંત દુરાચાર અને અઘ (પાપ)નું ધામ છતાં તેને પણ પરમ પદ આપ્યું. પોપટને ભણાવવા વિષે અર્ધું નામ (રા) કહેવા માત્રથી શ્રીરામે પોતાનું નામ કહેવાનો આરંભ કર્યો તે પૂર્ણવત્ નામ ગણ્યું (માની લીધું) આ બન્ને મળી અડધું નામ લેતાં માત્રથી અપવર્ગ (મોક્ષને) બન્ને પામ્યા છે. જુઓને શ્રીરામચંદ્રજીના પિતા દશરથ રાજાએ સરતિ (એટલે સ્નેહ સહિત) શ્રીરામ વિયોગે હે રામ હે રામ, એમ કહેતાં કહેતાં પ્રભુના વિરહે તપીને શરીર છોડી દીધું, તેવા સ્નેહી પિતા ભક્તને પણ પ્રભુએ સ્વર્ગ આપ્યું અને સમગ્ર પ્રજાને અને કુતરો અનેક જંતુ (કીડા) પડેલાં હતાં તે સહિતને પરમ પદ સ્થાન આપ્યું.

કોન ભાંતિ પ્રભુ તુમ પ્રસન્ન, સો ન કાહુ કે જ્ઞાન,
કાહુ નીતિમેં દુઃખ દીએ કહુ અનીતિ સુખ દાન. ૭
પૂરવ કરનિ સ્થલ, દેખી અસંભવ બાત,
ઈશ્વર સ્વતંત્ર કૃપાનિધિ, નામ અલીક વ્હેં જાત. ૮

૭ = હે પ્રભુ આપ કઇ રીતે પ્રસન્ન થાઓ છો. તેનું કોઈને યથાર્થ જ્ઞાન થઇ શકતું નથી.

૮ = જો સર્વ સ્થળે (એટલે સર્વ જગ્યાએ સર્વની બાબતમાં) કેવળ પૂર્વ જન્મના સંચિત ક્રિયમાણરૂપ પૂર્વની કરણી કહીએ તો તે પણ સંભવી શકતું નથી. કારણકે વેદાદિક સત્ શાસ્ત્રોમાં ઈશ્વરને સ્વતંત્ર (કર્તુમ્ અકર્તુમ્, અન્યથાકર્તુમ્) સર્વ કરવાને સદા સંપૂર્ણ સામર્થ્યવંત કહેલા છે તથા કૃપાસાગર કહેલા છે. તે પ્રભુના નામ ગુણમાં મિથ્યારૂપ દોષ લાગે. પ્રભુ તો સદા નિર્દોષ જ છે.

કોટિ યત્નતેં હોય નહિ, ચાંડાલી નૃપનારી,
કબુ ભઈ સાધન સંભવિતતેં, બલ કૃપા બિચ્ચારી. ૯
જબ ગોવિંદ કૃપા કરે, તબ તો સબ બનિ આવે,
સુખ સંપતિ આનંદ ઘનો, ઘર બેઠે વે પાવે. ૧૦

૯ = કોટાનકોટિ (કરોડો) પ્રયત્ન કરે તો પણ કાંઇ ચાંડાલણી તે રાજાની રાણી થવાને કદિ પણ યોગ્ય થઇ શકે જ નહીં છતાં કદાચ કોઇ કારણ નિમિત્તથી રાજા જે પોતાના આપથી જો તેનો સ્વીકાર કરે તો તેમાં તે ચાંડાલણીનું કાંઇપણ સાધન ન કહેવાય. એ તો રાજાની કેવળ કૃપાદષ્ટિરૂપ અનુગ્રહનું જ કારણ કહેવું પડે. આ દષ્ટાંત સ્વસાંપ્રદાયિક અંતઃકરણ પ્રબોધગ્રંથે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્લોક બીજામાં આપેલું છે તે આશયથી ભક્ત કવિ વર્યે લખેલું છે.

૧૦ = જ્યારે ગોવિંદ કૃપા કરે છે ત્યારે સર્વ અશક્ય વાતો પણ સારી રીતે શક્ય થઇ જાય છે. ત્યારે સર્વપ્રકારની સુખ સંપત્તિ અને અતિશય આનંદ તેને ઘેર બેઠા પ્રાપ્ત થાય છે.

પૂરવકી જાને પ્રભુ, કછુ હુ કહી ન જાત,
સ્વપચ રાની અતિ અસંભવ, કો લહિ નૃપહિય બાત. ૧૧
સબ સુત સમ પ્રિય સ્વકીયહુ, નગુન છબન બિચાર,
સમઝ પરે નહિ હેતુ કહા, અધિક એક કછુ પ્યાર. ૧૨

૧૧ = પૂર્વજન્મમાં કોણે કેવી કૃતિ કરેલી છે તે જાણવાને પણ પ્રભુ જ સમર્થ છે, પરંતુ ભૂતકાળનું (ગયા જન્મનું વૃતાંત) જાણવાને અન્ય સમર્થ હોતા નથી, તેમ તે કૃતિ કરનારને પણ પોતાની પૂર્વજન્મની કરણીની ખબર હોતી નથી. કડિ ૯માં કહ્યાં પ્રમાણે જેમ ચાંડાલણી (અંત્યજ જાતીની) છતાં તે રાજાની રાણી થઇ શકે એ કેટલું બધું અસંભવિત છે. છતાં જ્યારે રાજા તેને પોતાની ઇચ્છાથી તેનું પાણિ ગ્રહણ કરી પટરાણી તરીકે સ્વીકારે ત્યારે તે રાજાએ કિયા કારણથી એવી અપાત્ર સ્ત્રીને રાણી તરીકે સ-પાત્રરૂપ ગણીને સ્વીકારી છે તે રાજાના અંતરાશય (મનના હેતુ)ને જાણવાને અન્ય સમર્થ નથી એમ પ્રભુ રાજા રૂપ અને ચાંડાલણી છતાં રાણી રૂપ બન્ને અપાત્ર જીવને મુક્તરૂપ સત્પાત્ર ગણી અંગીકાર કરે છે. એમાં કિયા કારણથી પ્રભુએ સ્વીકાર કર્યો તે પ્રભુની હૈયાની વાત અન્ય શું કલ્પી શકે ?

૧૨ = સમગ્ર વિશ્વની પ્રજા પ્રભુને પુત્રની માફક વ્હાલી છે. તેમાં પણ વિશેષ પ્રિય (પ્રાણાધિક પ્રિય) પોતાના સ્વકીય ભક્ત જન વ્હાલા છે. એ પરથી કોઇએ એમ ન સમજવું કે પ્રભુ તેના કોઇ ગુણ કે રૂપને લીધે તેના ઉપર વ્હાલ રાખે છે. રૂપ કે ગુણનો વિચાર કરવાનો નથી એ તો નિમિત્તરૂપ કહેવા માત્ર છે કારણકે અનંત કોટિ બ્રહ્માંડોના નાયક પ્રભુ તે તુચ્છ જીવ ઉપર આટલી બધી કૃપા અત્યંત પ્યારપણાની શા હેતુથી કરે છે તે સમજી શકાતું નથી.

અપનો કિયો તજે ન બડ બનિ કબુ દોષ અનેક,
હરિ સહિષ્ણુ અતિ કૃપાનિધિ, સો કયોં છાંડે ટેક. ૧૩
કૃપા પાત્ર મહા પતિતકો, કરિ પ્રભુતા અધિકાઇ,
તરન યોગ્ય તારે પ્રભુ, તામે કોન બડાઇ ? ૧૪

૧૩ = મ્હોટા પુરુષોમાં સ્વાભાવિક ગુણ એવો હોય છે કે જે જીવને તે પોતાનો સ્વીકૃત (અંગીકૃત) કરી લે છે તેવા જીવથી પછીથી ગમે એટલા દોષ થાય તો પણ એકવાર પોતાનો કર્યાના કારણથી છોડી (મૂકી) દેતાં નથી. ત્યારે મ્હોટા જે શ્રીહરિ જેનું નામ સહિષ્ણુ છે તથા અતિશય કૃપાની ખાણરૂપ છે તે પોતાનો દાસના દોષને સહન કરે છે અથવા દોષો માફ કરે છે, કે દોષરૂપ કલ્પતા જ નથી સામાન્ય મોટા પુરુષોની ટેક પ્રતિજ્ઞા હોય છે કે એકવાર જેને પોતાનો કર્યો (માન્યો) તેને તે કદી પણ તરછોડી મુકતા નથી. ત્યારે પ્રભુ જે સર્વ મોટાના પણ મ્હોટા છે તે તો પોતાના જનોને કેમ જ છોડી દેશે ? અર્થાત્ નહીં જ છોડે.

૧૪ = પૂર્વે મહા પતિત જનો હતાં તેવા જીવોને પણ પ્રભુએ અત્યંત અનુગ્રહ કરીને કૃપાપાત્ર કર્યા છે એમાં જ પ્રભુની વિશેષ મ્હોટાઇ છે કારણકે જે તરવા યોગ્ય કૃતિવાળા જનો છે. તેને પ્રભુ તારે એમાં કાંઇ પ્રભુની બડાઇ ન કહેવાય, પણ અધમ જીવોને તારવાથી જ પ્રભુનો યશ અધિકાધિક પ્રકટ થાય છે. બીજો અર્થ એવો પણ થાય છે કે પ્રભુના કૃપાપાત્ર જનોને પ્રભુના અપાર યશ ગુણની પ્રતીતિ હોય છે કે અધમ જીવોને કૃતાર્થ કરી પ્રભુ પોતાની પ્રતીતિ વિશ્વમાં જણાવે છે. કારણકે સુકૃતિવંત જનો કે જે તરવા યોગ્ય હોય તેને તારે એમાં કાંઇ વિશેષ બડાઇ ન કહેવાય. પતિત પાવન, અધમોદ્ધારણ, ઇત્યાદિ અનેક બિરદવાળા નામો શ્રીભગવાનના પ્રસિદ્ધ છે.

નટ નાચત નારી બની, સબ સમુઝત હિય પુરૂખ,
તહુ ધન દે મન વિકલ હુઇ, જાન અજાબલ મુર્ખ. ૫૯
માયા રચના મોહન હિતહુ, તો હુ મન ન હાથ,
સો બલ તાકો જિન લહો બલ દીનો વ્રજનાથ. ૬૦

૫૯ = નટવો પુરુષાકૃતિ છતાં તે જ્યારે સ્ત્રીનો ભેખ ધારણ કરી નૃત્ય (નાચ) કરી, તેમાં હાવભાવ કરે છે, ત્યારે પ્રેક્ષક મંડળી સર્વને તે નટવો આ સ્ત્રીવેશ ધારણ કર્યાથી કાંઇ વાસ્તવિક રીતે તે સ્ત્રી નથી એમ સર્વના હૃદયમાં નિશ્ચયાત્મક જ્ઞાન હોય છે, તો પણ તેને તેની સ્ત્રીના ભાવવાળી ચેષ્ટા જોઇને દ્રવ્યાદિક આપે છે અને તેનું મોહિત સ્ત્રીરૂપ અને હાવભાવ કટાક્ષાદિ જોનાર પુરુષના મન પણ વિકળ થઇ જાય છે. જાણતા છતાં પણ મુર્ખ માણસ તે અજા (માયા)રૂપી વેશમાં આસક્ત થઇ જાય છે.

૬૦ = મોહનની માયારૂપ રચનાએ કરીને જેની મોહિની લાગે છે. એ માયાની રચના ઇશ્વરે જગતના હિતાર્થે કરેલી છે તો પણ જે તે માયાના સુત્રધાર બ્રહ્મ તેનું સ્વરૂપ જ આ માયા છે એમ જાણે છે, સમગ્ર વિશ્વ રચના ભગવદ્ રૂપ છે એમ જાણે છે. તેને તેનું મન હાથમાં રહે છે પરંતુ એમ ન સમજવું કે તે તે જીવનું બલ (સામર્થ્ય) છે. એ મનને સ્વાધીન કરવા રૂપ જે બળ તે પણ પ્રભુનું છે, એમ જાણવું કે મન ઇત્યાદિ સર્વ બળ શ્રીવ્રજનાથે જ આપેલું છે. મનના અધિષ્ઠાતા પણ તે પ્રભુ જ છે.

શત્રુમિત્ર બિષ પથ્થસબ, અધરમ સુધરમ હોય,
ઉલટો હુ સુલટો બને, કૃષ્ણ કૃપા દગ જોય. ૬૧
બિબેક સાધત દુઃખ લહે, સો પુનિ ના પછતાય,
પે બિબેક સુઝે પ્રથમ, જો હરિ હોય સહાય. ૬૨

૬૧ = શ્રીકૃષ્ણ પરમાત્મા જેના ઉપર અનુગ્રહ કરીને કૃપાદષ્ટિથી અવલોકન કરે છે તો તેને શત્રુ પણ મિત્ર થાય વિષ (ઝેર) પણ વિકાર ન થતાં પથ્યરૂપ (અનુકુળ ગુણ) દાખવે છે અને અધર્મ હોય તે પણ ધર્મરૂપ થાય અને ઉલટું (વિપરીત) હોય તે પણ સુલટું થઇ જાય છે.

૬૨ = નિત્યાનિત્ય પદાર્થોનો તથા સાર અસારનો વિવેકરૂપ મર્મ જાણે અને પુરુષ પ્રયત્ન નિમિત્ત માત્ર પુરુષ પ્રયત્ન રૂપ જાણી કર્તવ્ય કર્મ કરે, દુઃખ વગેરેનો વિવેક સમજી તેમ વર્તે યથાસંપત્ શક્તિ અનુસાર વિહિત કર્મ કરી અવિહિતનો ત્યાગ કરી વિવેક પુરઃસર વર્તાય તેવા સાધનો રૂપ ઉપાય કર્યા છતાં પણ જો કદી તેમાં પરિણામે દુઃખ રૂપ વિપરીત ફલ આવે તો વિવેકી જનને પાછળથી પશ્ચાતાપ કરવો પડે પરંતુ એવો વિવેક પ્રથમથી તો ક્યારે સુઝે કે જ્યારે તેને પહેલેથી શ્રીહરિ સહાય હોય તો જ.

સૂલીકો કંટક કરે, હોય જુ દઢ નિજ ભક્ત,
કે હરિ સમૂલ મિટાયદે, ન્યાય ન યહ સબ જક્ત. ૬૩
હરિ જિનકો અપનો કીયો, સો ફિર કેસો હુ હોય,
નિજ બલ તાકો સબ ભલો, કરે દોષ નહિ જોય. ૬૪

૬૩ = સુળી (ફાંસી) જેવું મહાસંકટ પ્રાપ્ત થવાનું હોય તેના બદલામાં જુજ કાંટો વાગવા જેટલું ક્ષુદ્ર દુઃખ પ્રભુ પોતાના નિજના દઢ અંતરંગ ભગવદીયને ભોગવાવે અગર શ્રીહરિ તે સમુળગું (મૂળ સહિત) વગર ભોગવે પણ મટાડી દે આવો ન્યાય કાંઇ આખા જગતને માટે પ્રભુ કરતાં નથી એવું તો કોઇ વિરલા સ્વકીય નિજ ભક્ત જે દઢાશ્રયી હોય તેને જ માટે કરે છે.

૬૪ = જેને શ્રીહરિએ પોતાનો દઢ નિજનો ભક્ત કર્યો હોય, ને તે જો કદિ પાછળથી ગમે તેવો થાય તો પણ પ્રભુ પોતાના બિરૂદરૂપ અનુગ્રહથી તેનું સર્વ રીતે ભલું જ કરે છે અને તેના કોઈપણ દોષ હોય તો તે તરફ પ્રભુ જોતાં નથી, અર્થાત્ ચષ્મ પોશી (આંખ આડા કાન દોષ છે એમ જાણતા છતાં જતાં) કરે છે.

સુકંઠ બિભીષન કુંતિ સુત, ધ્રુવાદિ કીતિ અનિત ,
સો સુપનેહુ સર્વજ્ઞ હરિ, હિય તે હઠ્યો ન હિત. ૬૫
ખલ મલ કો સર્વજ્ઞ હરિ, અવિજ્ઞાત નિજ દોષ,
નામ જનાર્દન દુષ્ટ લખિ, નિજજન દાયક મોક્ષ. ૬૬

૬૫ = સુકંઠ સારી રીતે ગળે વળગે એવા, જેના ગળામાં પ્રભુ હાથ નાખીને બીરાજેલા એવા, કંઠમાં ધારણ કરી રાખવાના હારરૂપ પ્રિય એવા ભક્તો વિભીષણ કુંતાજીના પુત્ર (પાંડવો) અને ધ્રુવ પરાશર બ્રહ્મા, શ્રીમહાદેવજી અને એકલ શૃંગાદી તેમણે અનીતિ કર્યા છતાં તેમને પ્રભુએ સ્વપ્ને પણ અળગા નથી કર્યા અને તેમના વિષે શ્રીહરિનું અંતરથી જે વ્હાલ અને હિતકારી પણું હતું તેમાં લેશમાત્ર પણ પ્રભુએ ફેરફાર કરેલો નથી.

૬૬ = જુઓ સર્વ માસ માત્રના મળરૂપ (ક્ષય - વૃદ્ધિ તિથીઓના સમુદાયવાળો મળ માસ) હતો, ખળરૂપ (દોષના ભંડારરૂપ) તેને સર્વજ્ઞ શ્રીહરિ (પુરુષોત્તમ) જાણતાં હતાં, પ્રભુ કાંઇ તેના દોષથી અવિજ્ઞાત (અજાણ) ન હતાં. મળ માસને પોતાની સર્વ રીતે અધમતા (અપાત્રતા) જણાઇ અને સર્વ ઠેકાણે તિરસ્કાર પણાને પામ્યાથી ગ્લાની પણ આવી, ત્યારે આર્તનાદપૂર્વક પુરુષોત્તમને તે અનન્ય ભાવે શરણે ગયો ત્યારે જનાર્દન શ્રી પુરુષોત્તમ ભગવાને તેની સર્વ અયોગ્યતારૂપની અધમતા મટાડી સર્વમાસમાં (પુરુષોત્તમ માસ) એવા નામની ઉચ્ચ પદવી આપી છતાં દુષ્ટજનો તે જનાર્દન ભગવાનને શરણે થતાં નથી તે તો નિજજનને મોક્ષ આપવાવાળા છે.

હર બિધિતેં હુ ના સુધરિ અસ બિગર્યો જો કામ,
દયાસુ સુધરે સહજ સદ્ય, જો બેલી ઘનશ્યામ. ૬૭
દહન દુઃખ દુસ્તર હુ સહ્ જો કરતબ હરિ આપ,
બજનાભ ઉદ્ધવાદિકન, કયોં ન લગ્યો દ્વિજ શાપ ? ૬૮

૬૭ = હર અને બિધિ (શ્રીબ્રહ્માજી)થી પણ જે કામ બગડી ગયેલું હોય તે સુધારી શકાતું નથી. બગડેલું સુધારવાને તો હે દયારામ ! એક જ માર્ગ છે તે એ કે બગડેલું કામ સહેજમાં સદ્ય (શીઘ્ર)પણે શ્રીઘનશ્યામ સ્વરૂપ (મેઘશ્યામ રૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ) જો દયાદૃષ્ટિ કરીને સહાયભૂત થાય તો તે જલ્દી સુધરી શકે.

૬૮ = જે દુસ્તર અગાધ દુઃખ હોય તેને તાત્કાલિક દહન કરનાર બાળી નાખનાર શ્રીહરિ છે માટે તે અસહ્ય દુઃખ મટાડવાની જો શ્રીહરિ ઈચ્છા કરે તો તે તરત મટી શકે છે. દષ્ટાંતરૂપ શ્રીકૃષ્ણ ભગવાને આખા યાદવ કુળને દ્વિજ (બ્રાહ્મણ)નો શાપ થયો હોય તેમ છતાં તેમાંથી ઉદ્ધવજી, વજ્રનાભ અને અક્રૂરને તે ન લાગવા દીધો.

અક્રુર અર્જુન ચતુર સનક, કિયે ભક્ત અપરાધ,
કૃપાસિંધુ હરિ નિજ લહી, લગન ન દીને બાધ. ૬૯
નિજજન રક્ષક બિનતિ બિન, બનિહિ રહે વ્રજરાય,
જદપિ નેંન ગાફેલ સદા, પલ જિમિ લેત બચાય. ૭૦

૬૯ = અક્રૂર, અર્જુન, સનકાદિક ૪ ભાઈ, એ સર્વેએ શ્રીભગવાનના ભક્તનો અપરાધ કર્યો હતો છતાં કૃપા સાગર શ્રીહરિએ એ સર્વેને પોતાના ભક્ત જાણીને તે ભક્તોને અપરાધરૂપ દોષ (બાધક) ન થવા દીધો.

૭૦ = વ્રજરાય (વ્રજના રાજા = શ્રીકૃષ્ણ) સદા સર્વ સ્વકીય ભક્ત જનની વગર વિનંતી એ રક્ષા કર્યા જ કરે છે. કારણકે ભક્તજનતો કોઈ વખતે ગાફેલ પણ હોય છે. પરંતુ પ્રભુ તેની રક્ષા કરવાને માટે અખંડ સાવધ રહે છે. તે કોની પેઠે તેનું દષ્ટાંત આપે છે કે જેવી રીતે નેત્ર (ચક્ષુ = આંખ) ગાફેલ હોય છે પણ પલક સદા સાવધ રહે છે તે સદા નેત્રનું રક્ષણ કર્યા જ કરે છે.

દુર્વાસા ક્રોધી અતિ, સજ્જન કે દુઃખ દાય,
બચે જ્ઞાન તેં કયોં ન બચિ ? કરુના શ્રીવ્રજરાય. ૭૧

૭૧ = દુર્વાસા મુનિ (શંકરનો અંશાવતાર) અતિશય ક્રોધી અને સત્પુરુષોને દુઃખ દેનારાં હતાં. જો ખરેખર જ્ઞાની હોત તો તે પોતે ક્રોધને રોકત. માટે ક્રોધાદિ દુર્ગુણોથી કોણ બચી શકે છે કે, જેને વ્રજરાય (શ્રીકૃષ્ણ ભગવાન) કરુણા (દયા) કરીને બચાવે છે ત્યારે જ તે બચી શકે છે.

કબિત – ૧૮

બેરી સોહુ મિત હોત, માહુર અમ્રીત હોત,
અનીતિ સો નીત હોત, સુલટી બિગારેકી,
કાયરકી જીત હોત, બિપ્રત સુપ્રત હોત,
દાહક સો સીત હોત, સેત કૃતિ કારેકી,
કિંકર સો ભૂપ હોત, મુગ્ધ બુદ્ધરૂપ હોત,
તુચ્છ સો અનુપ હોત, બડી ગતી બારેકી,
પાહનસો બને પોત ફૂટ દગ હોત જોત,
દયારામ જબે હોત, કૃપા કૃષ્ણા પ્યારે કી. ૧૮

૧૮ = (૧) કોઈ સમયે વૈરી (દુશ્મન) હોય તે પણ મિત્ર થાય છે. (૨) માહૂર (વિષ - ઝેર) હોય છતાં તે અમૃતવત્ થઇ જાય છે. (૩) કાયર (બાયલા - નપુંસક)ની જીત થાય છે. (૪) વિપરીત તે સુપરીત (અનુકુળ) થાય છે. (૫) દાહક (દહન કરવાના સ્વભાવવાળો અગ્નિ) તે પણ શાંત શીતળ = ઠંડો થાય છે આ સર્વકૃતિ કાળાની (મેઘશ્યામ = ઘનશ્યામ શ્રીકૃષ્ણની) છે. અથવા કાળા રંગની કૃતિ પણ શ્રીહરિની ઇચ્છાથી સેત = શ્વેત = ધોળી થાય છે. (૬) કિંકર (ચાકર = દાસ = નોકર) હોય તે રાજા થાય છે. (૭) મુગ્ધ (અજ્ઞાની) હોય તે બુદ્ધિમાન (પંડિત) થાય છે. (૮) તુચ્છ (હલકા - ક્ષુદ્ર) જન હોય તે અનૂપ (અનૂપમ જેને બીજાની ઉપમા ન આપી શકાય) તેવા થાય છે. એવી બહુ મ્હોટી ગતિ બાલ (બાલકૃષ્ણ)ની છે. (૯) પાહન (પત્થર) જેવા ભારવાળા તે પાંદડા જેવા હલકા થાય છે. (૧૦) ફૂટી ગયેલા નેત્રવાળા (આંધળા) કે જે બંને નેત્રે અંધ છતાં ધૃતરાષ્ટ્ર જેવા છતાં તેને સૂર્ય જેવું જ્ઞાન ચક્ષુની જ્યોતિરૂપ દિવ્ય પ્રકાશરૂપ જ્ઞાન થાય છે. ઉપર લખ્યું ઉલટું તે સર્વે સુલટું થવામાં દયારામભાઇ એ કારણ કહે છે કે જેના ઉપર શ્રીકૃષ્ણની કૃપા થાય ત્યારે ઉલટું હોય તે પણ સર્વ સુલટું થઇ જાય છે.

દોહા

બિગર્યો હુ સુધરે સહજ, સુમરત શ્રીવ્રજરાય,
ન સુધરે તો ઈચ્છા હરિ, મિથ્યા ઔર ઉપાય. ૭૨
સુધરેગી કબુ ન સોચતેં, બિગર ગઈ જો બાત,
જાકો કાછુ હુ ઉપાય નહિ, સો સુધરે હરિ ગાત. ૭૩

૭૨ = ગમે તેવું બગડી ગયેલું કારજ હોય તો પણ વ્રજરાયનું સ્મરણ કરવાથી સ્હેજમાં સુધરી જાય છે. સ્મરણ ચિંતવન કર્યા છતાં ન સુધરે તો તેમાં શ્રીહરિની ઈચ્છા માનવી. તે બગડેલું સુધારવા માટે બીજા ઉપાય તો કહેવા પૂરતા છે. શ્રીહરિ સિવાયનો બીજો કોઈપણ ઉપાય રામબાણરૂપ સત્ય નથી.

૭૩ = જે વસ્તુ બગડી ગઇ હોય તે ન સુધર્યાથી શોચ (ચિંતા) કરવામાં આવે તો પણ સુધરશે નહીં. જે-જે બાબતમાં બીજો ઉપાય ન હોય તેવી તેવી સર્વ બગડેલી વસ્તુઓ સુધરાવા માટે શ્રીહરિના ગુણાનુવાદ ગાવા એજ મુખ્ય શ્રેષ્ઠ ઉપાય છે. હિમ્મત રાખીને આ સર્વોપરિ ઇલાજ કરવો.

જાન્યો જો દુઃખરૂપ યહ, ચલિ ન જતનકો જોર,

તબ સાહસ તજી લીજીએ, સરનો નંદકિશોર. ૭૪

સબ બલ તજિ હરિનામ રટિ, દઢ ભરોસ દિન રેંન,

સત્ય સરન બિન કાહુકો, અપનો કૃષ્ણ કરેન. ૭૫

૭૪ = એમ જાણ્યું કે, આ સઘળું દુઃખ રૂપ છે અને તેને માટે બીજા સર્વ પ્રયત્ન રૂપ ઉપાયોનું કાંઇપણ જોર ચાલી શકે તેમ નથી. ત્યારે સાહસ કર્મ (પરિણામે પાછળથી પસ્તાવું પડે એવું) કદિ પણ ન કરવું કેટલાક લોકો ગભરાઇ જઇ આત્મઘાત (પ્રાણ મુક્તિ) ઇત્યાદિ કરે છે તેવું સાહસ કામ કદિ પણ ન કરવું. પરંતુ તેવી વિપત્તિ સમયે નંદકિશોર (શ્રીકૃષ્ણ ભગવાન)નું જ અનન્ય શરણાગતિ પણું લેવું.

૭૫ = બીજા કોઇપણ બળ ઉપર આધાર ન રાખતાં શ્રીહરિનો અહો રાત્ર દઢ ભરોસો ધારણ કરી અખંડ શ્રીહરિનામ સ્મરણનું રટણ કરવું. જ્યાં સુધી મન કર્મ વચને સત્ય સંકલ્પે શ્રીકૃષ્ણનું સાચું શરણ ન સ્વીકારે ત્યાં સુધી પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પોતાનો સ્વકીય (અંગીકૃત) ભક્ત જન ન ગણે.

અકથ કષ્ટ આયો કબુ, ચલ્યો પ્રયત્ન ન કોય,

તબ સબ તજિ હરિ રટત, સુખ હોય હોય ફિર હોય. ૭૬

બિગરી જાન અજાન વા, તહુ સુધારિ હરિનામ,

સરનાગતકો અહિત કબુ, ક્યોં હુ કરે ન શ્યામ. ૭૭

૭૬ = જો કદિ બહુ જ ભારે સંકટનું અગાધ દુઃખ (જે સર્વકષ્ટોનું વર્ણન પણ ન થઇ શકે તેવું પુષ્કળ અપરંપાર) આવી પડતું હોય ને તે મટાડવા માટે કોઇપણ પ્રયત્નનું બળ (જોર) ચાલી શકે તેમ ન હોય ત્યારે તે સર્વ અગણિત અસહ્ય દુઃખોમાંથી મુક્ત થવાને સારું બીજા સર્વ ઉપાયો છોડી દઇને શ્રીહરિનું રટણ કર્યા કરવું. તો એણે કરીને સર્વ દુઃખોથી મુક્ત થઇ સર્વ પ્રકારનું સુખ થશે, થશે ને થશે જ એમ ૩ વારનું વચન સંપૂર્ણ નિશ્ચયાત્મકપણાથી કહે છે.

૭૭ = જાણે અજાણે કોઇ વસ્તુ બગડી હોય તો પણ તે સર્વને સુધરવાને માટે એક શ્રીહરિનું નામ સ્મરણ જ મુખ્ય છે. શ્રીહરિ પોતાના શરણાગતનું કદિપણ લેશ માત્ર અહિત નહીં જ થવા દે કારણકે શ્રીમદ્ ગોસ્વામી શ્રીહરિરાયજી મહાપ્રભુજીનું વચન છે કે કદાપિ પણ પ્રભુથી પોતાના ભક્તજનનું અહિત થઇ શકતું જ નથી, કારણકે તે સર્વેશ્વર પ્રભુ પોતાના ભક્તજનના સખા (મિત્ર) છે.

કબિત – ૧૯

કબુ મહાદુઃખ કોશ હાનિ મહાપાપ તાપ,
ભય આફત ઘોર હોત, દોરા ભયો કામકો,
ભક્તાદિક દ્રોહ કોપ, શેષ શંકરાદિ જક્ત,
સક્ય વા અસક્ય, ઓર આસરો ન કામકો,
ઉભય લોક કામના, અપૂરન ઉખ્વેદ ચૂક,
અતિ અનુચિત કૃતિ, અરુ સોસ દામ વામકો,
તો હુ દયારામ ઓર ત્યાગી કે ઉપાય સબી,
સરનો ગહે એક હરિ હરિ નામકો. ૧૯

૧૯ = કદિ અત્યંત દુઃખના ભંડારરૂપ અસહ્ય કષ્ટ કે હાનિ, કે મહાપાપ, કે ત્રિવિધ પ્રકારના તાપ, કે ભય, યા આફત (આપત્તિ - સંકટ)નું દાવાદળ દુઃખ હોય કે કામાદિક શત્રુઓનું જોર વધી પડ્યું હોય, ભક્ત ઈત્યાદિનો દ્રોહ થયો હોય, કે કોઈ સમર્થનો કોપ થયો હોય, એટલે શેષજી કે શંકર જેવા રૂષ્ટ થયા હોય ને તેમાંથી બચવાને માટે શક્યવંત (બળ) હોય કે અશક્ય હોય. તો તે સમયે પ્રભુ સિવાય બીજા કોઈનો આશ્રય (અન્યાશ્રય) ન કરવો. અતિશય અનુચિત (કરવા યોગ્ય નહીં એવી) કૃતિ પશ્ચાતાપ કરી દેહનું શોષણ કરે તેવી કે ત્રિયાદીને વિષે કામાદિ શત્રુ પરાભવ કરતાં હોય તેવી સ્થિતિમાં સદાકાળને માટે પરવશ પડ્યો હોય તો પણ હે દયારામ (દયારામભાઈ કહે છે કે) તું બીજા સર્વ ઉપાયોને છોડી દઈને તું એક શ્રીહરિનું શરણાગતપણું ગ્રહણ કરીને શ્રીહરિના નામનો જપ ચિંતન કર.

કબિત – ૨૦

ગઈ સુ ગઈ રહી લે રહી, હરિ ગુન મન મનિ પોય,
મુહુર્તમે ખટ્વાંગ જ્યો, બહી સહીસી હોય. ૨૦

૨૦ = શ્રીહરિના ગુણોરૂપ મણિને તારા મનરૂપી દોરમાં પરોવતો રહે અને જે વાત વીતી ગઈ (અથવા બની ગઈ) તેની પણ ચિંતા તું ન કરીશ ને હવે જે કાંઈ શેષ બાકી રહ્યું હોય તેટલાને સંભાળી રાખ. જુઓને ભાગવતમાં કથા છે કે, એક મુહુર્તમાં (બે ઘડીમાં) ખટ્વાંગ રાજાનું મૃત્યુ થવાનું બાકી રહ્યું હતું તેટલામાં આ પ્રમાણે જો ચેતીને ચાલ્યો તો આખો જન્મ, કે જે વ્યર્થ વ્યતીત થઈ ગયો તો તે પણ સુધારી લીધો.

દુહા

હરિ ત્રાતક ઘાતક ન કો, ઘાતક ત્રાતક નાહિ,
બલ ન ચલે વહાં કાહુકો, સાંચિ સમુઝ મન માહિ. ૭૮
સહ બિબેક સનમુખ હરિ, સુમરિ કરો સબ કામ,
તહુ ફિર દુઃખ તામેં ભયો, જાનિ રુચિ ઘનશ્યામ. ૭૯

૭૮ = જેના ત્રાતક (સહાય = બેલી) શ્રીહરિ થાય તેનો ઘાત કરવાને કોઈપણ સમર્થ ન થાય તેમજ શ્રીહરિએ જેનો ઘાત થવાનું નિર્માણ કરેલું હોય તેને ઉગારવાને પણ કોઈની સહાયતા ચાલી શકતી નથી. પ્રભુએ જેને માટે જેમ ધાર્યું હોય તે પ્રમાણે થવામાં અટકાવવારૂપી કોઈનું કાંઈપણ બળ ચાલી શકતું નથી. આ પ્રમાણે તું ત્હારા મનમાં સત્યપણે સમજી રાખજે.

૭૯ = માટે શ્રીહરિની સનમુખ રહી વિવેક રાખીને સર્વ કામ કરજે. જો એ પ્રમાણે વિવેક પુરઃસર વર્તતા છતાં પણ જો કદિ કષ્ટ આવી પડે તો તેમ કરવાની શ્રીહરિની ઇચ્છા માનજે. પણ તેને માટે તું સોચ ન કરીશ.

સોચે તેં સુખ હોત નહિ, સોચે દુઃખ નહિ જાત,
પે જડ જિયકી પ્રકરતી, સોચે બિના ન રહાત. ૮૦
નહીં કરબેકી ભઈ કબુ, સો હુ હુત બતા જાનિ,
બ્હોર ન બલ કલ કહાઢિયે, જિમિ પાહન તરપાનિ. ૮૧

૮૦ = સોચ કરવાથી કાંઇ સુખ થતું નથી. તેમજ દુઃખ પણ જતું નથી પરંતુ જડબુદ્ધિવંત જીવની પ્રકૃતિ (સ્વભાવ)ને લીધે તે અજ્ઞાની જન સોચ કર્યા વગર રહેતો નથી.

૮૧ = જ્યારે કોઈપણ કામ નહીં કરવાનો દૃઢ નિશ્ચયવાળો ઈરાદો હતો છતાં તે કામ થાય, ત્યારે સમજવું કે એ પ્રમાણે થવાનું ભાવિ હતું માટે તેમ થયું. હવે એ પ્રમાણે નહિ કરવા યોગ્ય છતાં પ્રારબ્ધવશાત્ બની જાય ત્યારે ત્યાં બહુ બળ ન કરતાં કળે કળે (યુક્તિએ) તે કામમાંથી બચવું.

જેમ કે ભારે પત્થર નીચે હાથ આવ્યો હોયને તે ઠેકાણેથી જો બહુ જોર કરી બળાત્કારે કાઢવા જઇએ તો હાથને નુકસાન પહોંચે માટે પત્થર નીચે હાથ આવેલો હોય ત્યારે તેમાંથી નીકળવા ધીમે ધીમે (હળવે-હળવે) યુક્તિથી કાઢી લેવું.

કરનો હે જો કૃષ્ણ સો, મેટિ શકે નહીં કોય,
નહિ કરનો સો કર્યોં હુ, કબુ કાહુસો નહિ હોય. ૮૨
કો જાને સુખ ધૈર્યમેં, કિધોં ભયે તે બેગ,
ભવિશ ભયે પાછે દિખે, હરિ ભજ તજ ઉદ્વેગ. ૮૩

૮૨ = જે શ્રીકૃષ્ણ પરમાત્માએ કરવું નિરધાર્યું છે તે કોઇથી મટાડી શકાય તેમ નથી. તેમજ તે પ્રભુએ જે કરવાનું નિર્માણ કરેલું નથી તે કદીએ કોઇપણ ઉપાય થકી પણ થઇ શકનાર નથી.

૮૩ = કોઇને પણ પરિણામક ફળ (ભાવિ)ની ખબર નથી કે સુખ શામાં છે ? ધીરજ રાખવામાં કે ઉતાવળ કરવામાં તેની ભવિષ્યની ખબર કોઇને પણ હોતી નથી, પરંતુ તેનું છેવટે ભવિષ્યરૂપ પરિણામિક ફળ આંવે ત્યારે જ એટલે તે દેખાય ત્યારે જ સમજી શકાય, તેટલા માટે ઉદ્વેગ (ચિંતારૂપી તાપ ક્લેશ) તેને છોડીને તું શ્રીહરિને ભજ.

દેનો લેનો પૂર્વકો, જાતેં જિતનો હોય,
સો લે દે કાહુ તરહ, મિલે જોગ સબ સોય. ૮૪
ભસ્માંગદ ભય ભવ ડરે, અર્જુન લૂંટે ગવાર,
તાકો દુઃખ ધરિયે નહીં, હરિ કૃતિ સમય બિચાર. ૮૫

૮૪ = પૂર્વ જન્મકર્મના સંચિત પ્રમાણે જેનું જેટલું જે પ્રમાણે લહેણું કે દેવું હોય તે પ્રમાણે તે તેની પાસેથી કોઇપણ રીતે (પ્રકારથી) લેવા આપવાનો પૂર્વ યોગ (પ્રસંગ) આવી મળશે.

૮૫ = જુઓ ભસ્માંગદના ભયથી સમર્થ ભવ (શંકર) ડર્યા હતાં, અથવા અર્થ એવો પણ નિકળી શકે કે ભસ્માંગદ અસુરના ભયથી ભવ (સંસાર) અથવા જગતને થરથરાટરૂપનો ત્રાસ ઉપજ્યો હતો. વળી અર્જુન સરખો મહાવીર બાણાવળી તેને ગમાર જાતિવાળાએ (લૂંટારા કાબાએ) લૂંટી લીધો હતો આવી વાતો સાંભળીને તેનું દુઃખ ધારણ ન કરીએ. એવા પ્રસંગે (સમયે) શ્રીહરિની ઈચ્છારૂપ કૃતિ જાણવી.

હરિશ્ચંદ્ર નલ યુધિષ્ઠિર, અતિ દુઃખ સત્ય નિધાન,
તો કોં કષ્ટ કુકરમતેં, તેરી ગીનતી કોન ? ૮૬
શ્રીરઘુપતિ નર તનુ કીયો, અતિ દુઃખ અંગીકાર,
તું પામરકી કા ચલી ? વે ઈશ્વર કિરતાર. ૮૭

૮૬ = સત્યવાદી હરિશ્ચંદ્રરાજા તથા પૂણ્યલોકી નળરાજા તથા ધર્મના અંશાવતાર યુધિષ્ઠિર રાજા કે જેઓ સત્યમાર્ગે ચાલવાને સત્યધર્મરૂપ હતા છતાં તેમને પણ અતિશય દુઃખ પ્રાપ્ત થયું છે, ત્યારે તું તો કુકર્મને લીધે જ કષ્ટ ભોગવે છે માટે ત્હારીતો તેની આગળ ગણતરી જ શું?

૮૭ = વળી ચોથો દાખલો એવો છે કે પૂર્ણ મર્યાદાબ્રહ્મ શ્રીરામચંદ્રજી ભગવદાવતાર તેમણે પણ મનુષ્ય દેહ ધારણ કરીને અતિશય દુઃખને અંગીકાર કરેલું છે, કે જે ઇશ્વર હોવાથી તે દુઃખને ફેડવાને માટે સત્તાધીશ હતા છતાં પણ તેમણે પણ તે ભુકતમાન કર્યું છે ત્યારે તું તો પામર છે તેથી ત્હારુ જોર તો તે ફેરવવાને ક્યાંથી જ ચાલી શકે ? કારણકે તે જગત રચના કરનાર ઇશ્વર રૂપ હતાં.

સુખ દુઃખ પચવનકો કહું, સહજ હિ એક ઉપાય,
અધિકોં લખિયે અપૂર્નતે, હરષ શોક મિટિ જાય. ૮૮
યહ દિન સદા ન રહેંગે, એહિ બિચારો નિત્ત,
હરષ શોક બ્યાપે નહિ, કબહુ અપને ચિત્ત. ૮૯

૮૮ = સુખ અને દુઃખ જે પચવાને પચવારૂપ કરવાનો સહેજ એક ઉપાય કહું છું કે - એ બન્ને પ્રસંગે (સુખ અને દુઃખના પ્રસંગે) આપણાથી વધારે જે સુખી કે દુઃખી હોય તેના દાખલા જોવા આપણા કરતાં પણ અધિક સુખ કે દુઃખ અમુકને હતું અથવા હાલ છે. સુખ આવે ત્યારે છકી ન જવું અને દુઃખ આવે ત્યારે ડરવું નહીં. આપણાથી જે અધિક સુખીયા દુઃખીયા હોય તેના દાખલા જોઇને ગર્વ તથા ક્લેશ ન કરતાં તેને સહીને સમાવવા, તે અધિક સુખીયા દુઃખવાળા હોય તેની આગળ મારા તો કાંઇ સુખ કે દુઃખના હિસાબ જ નથી એમ વિચારે તો હર્ષ કે શોક બેમાંથી કાંઇપણ ન થાય.

૮૯ = વળી એમ પણ વિચારવું કે હાલ મને જે કાંઇ સુખ કે દુઃખ પ્રાપ્ત થયું છે તેવું સુખ કે દુઃખ મને પ્રથમ ન હતું. તે હાલમાં જેમ કાળે કરીને નવીન આવ્યું તે જ પ્રમાણે આ સુખ કે દુઃખ પણ કાળે કરીને બદલાઇ જશે. આવોને આવો યોગ કાંઇ સદાકાળ રહેનાર નથી. એવું નિત્ય વિચારે તો હર્ષ કે શોક કાંઇપણ ચિત્તમાં ન વ્યાપે.

હરિ બિસારી મનિમાન તજિ, જિન કો કરુ મતિ નીચ,
મિલિ હે ત્યાં સંપદા જ્યોં, અયાચ દુઃખ મીચ. ૯૦
તે તું નિવેદ્યો સબ હરિ, તોહિ રહી કહાં આંચ ?
તો કું રહિ જો આંચ તો, ભો ન નિવેદન સાંચ. ૯૧

૯૦ = મહામણિસમ પ્રકાશવંત શ્રીહરિને વિસરીશ નહીં, અને તું માનાદિ લોક લોજનો ત્યાગ કરી દે અને કોઈપણ કાળે રખે તું અસતકૃતિ કરતો ! કોઈપણ કાળે તું દુષ્ટકૃતિ કરી નીચે પડાય તેવી હલકી તુચ્છ બુદ્ધિ ન રાખ અને એવા વિચાર દૃઢ કરી રાખ કે જે પ્રમાણે પૂર્વ જન્મની સત્કૃતિ અનુસારે હાલ વગર માગે તને સુખ સંપત્તિ લાભાદિ પ્રાપ્ત થયું છે તે જ પ્રમાણે આ અવસર (સમય)નો રંગ પણ કાળે કરીને બદલાઈ જશે ને અસતકૃતિના પરિણામરૂપ દુઃખ હાનિ કે મૃત્યુ જરૂર આવશે જ. જેવી રીતે વગર ઈચ્છે કે વગર માગે દુઃખ અને મૃત્યુ ને ખોટરૂપી હાનિ વગેરે આવે છે તે જ પ્રમાણે આ પ્રાપ્ત થયેલું સુખ સંપત્તિ લાભાદિ પણ તેવું તું જાણી લેજે.

૯૧ = તેં તો શ્રીહરિનો સંબંધ (બ્રહ્મસંબંધ દ્વારા) મેળવ્યો છે અને દેહ પ્રાણ, ઈન્દ્રિય, અંતઃકરણ, સ્ત્રી, પુત્ર, આપ્ત, વિત્ત, આલોક અને પરલોક એમ બધું જ નિવેદન શ્રીહરિને કરેલું છે. હવે ગમે તે થાય એમાં તને શું આંચ આવે ? અને કદાચ જો મનમાં આંચ રહે તો ખરેખર તારું નિવેદન સાચું નથી. કારણકે જ્યારે તે બધું જ હરિને નિવેદન કર્યું છે તો કોઈપણ વસ્તુ ઉપર તારું સ્વામિત્વ કે હક્ક રહેલો જ નથી, જ્યારે તે સર્વના માલિક તે પરબ્રહ્મને કર્યા છે તેમ છતાં તને શા માટે આંચ (પરિતાપ = ચિંતાગ્નિ) થાય છે ? અને જ્યારે તને તેવી ચિંતા રહે છે ત્યારે તેં મન કર્મ વચને સત્ય સંકલ્પે સર્વ બ્રહ્માર્પણ નિવેદન કરેલું જ નથી અર્થાત્ પ્રભુને છેતરવારૂપ તે કૃતિમાત્ર (ક્રિયારૂપનું ફક્ત) નિવેદન કરેલું હશે.

સર્વ ઈંદ્રિય સ્વતઃ સિદ્ધ, જ્યોં બિના પ્રાણ જડરૂપ,
તેસે સબ સાધન ખલુ, બિના કૃપા વ્રજ ભૂપ. ૯૨
હરિ દિયો સુખ યોં મિલે, જ્યોં શ્રીફલ મેં તોય,
ગજ કપિત્થકી નાંય ત્યો, સમુઝ હાનિહૂ હોય. ૯૩

૯૨ = જેવી રીતે ઈંદ્રિયો માત્ર તેમાં પ્રાણ હોવા વગર કાંઈપણ કાર્ય કરવાને તે જડ હોવાથી સ્વતઃ સિદ્ધ શક્તિમાન ન થાય, તેવી જ રીતે સર્વે સાધનો પણ શ્રીકૃષ્ણની કૃપા વગરનાં પોતાની મેળે કાંઈપણ ફળ આપવાને શક્તિમાન ન થાય એ નિશ્ચય છે. અર્થાત્ પ્રાણ રહિતની ઈંદ્રિયો જેમ જડ છે તેમ પ્રભુ કૃપા વગરના સાધનો કૃતિ માત્રવાળા તે પણ જડ છે.

૯૩ = શ્રીહરિએ કૃપા કરીને આપેલા સુખના દાનના ફળ વિષે દૃષ્ટાંત જુઓ શ્રીફળ નાળીયેરના ગર્ભમાં પાણી શી રીતે ભરાઈ રહે છે ? પાણી તો જડમુળ બીજમાં પડી સીંચાય છે, તે બીજની અંકુરીઓમાં કે તે વૃક્ષમાં કે તેના પાંદડા

ડાળા ડાળીમાં કાંઈ પણ જળ હોતું નથી છતાં એ દ્રુમના શિખરે (ઉંચી ટોચે) લાગેલા ફળ (નાળીચેર)માં તે પણ કેવું મીઠુ મધુર હોય છે. પ્રભુ કૃપા કરી એવું સુખ ભક્તોને આપે છે છતાં તેની સર્વ જનોને સુક્ષ્મ સમજણ ન હોવાથી ખબર પડતી નથી. હવે તેથી વિરુદ્ધનું દુઃખરૂપ જવા કાળનું દૃષ્ટાંત આપે છે કે જુઓ. ગજ (હાથી) આખુ કોઠુ ગળી જાય છે અને તે ગુદા દ્વારા લાદમાં પાછુ બહાર મળ શ્રવે છે ત્યારે નીકળે છે એમાં પણ પ્રભુની એક અજબ તરેહની યુક્તિ ભાસે છે કે એ આખું કોઠુ જેવીને તેવી સ્થિતિમાં છોડા સહિત બહાર નીકળે છે. તેના છોડારૂપ કાચલાને જઠરાગ્નિની આંચ ન લાગતાં તે કાચલાની અંદરનો ગર્ભ તેને જ માત્ર જઠારાગ્નિ બાળી નાખે છે. એમાં વિચાર કરશો કે એ કોઠામાં અગ્નિએ શી રીતે પ્રવેશ કર્યો કે તેમાં ગર્ભ જ માત્ર કેમ દહન થયો ? અને તેની ઉપરના પડરૂપનું મજબુત છોડારૂપ કાચલું પ્રથમ કેમ ન બળ્યું ? સાર એ ગ્રહણ કરવાનો છે કે સુખ શ્રીહરિનું આપ્યું આવે છે અને દુઃખરૂપ જવાકાળ પદાર્થ તે પ્રભુ ઈચ્છા પ્રમાણે જાય છે. અને તે જ પ્રમાણે સુખરૂપ લાભ કે દુઃખરૂપ હાનિ પ્રાપ્ત થવામાં પણ ઈશ્વર ઈચ્છારૂપ પ્રબળ સત્તાનું કારણ સમજવાનું છે.

જો તેરી સો ઓરકી બસ્તુ કિહૂં નહિ હોહિ,
દુઃખ પ્રયત્ન તજિ ઓર કિન ત્યો પ્રાપત કબુ તોહિ. ૯૪
છલબલ કરિ કયોં હૂ લઈ, અઘટિત કાહુકી બસ્ત,
કયોં વાહિપેં જાયવે, કપટી ધર્મ ધન અસ્ત. ૯૫

૯૪ = પ્રભુ તો સમગ્ર જગતના અનંત પ્રાણીઓનું એ પ્રમાણે કરે છે. અને તારાથી (જીવથી) તો બીજા કોઈની વસ્તુ કદી પણ થઈ શકતી નથી. માટે તથા ઈશ્વર ઈચ્છાએ પ્રાપ્ત થતાં દુઃખને ટાળવામાં કેવળ પુરુષ પ્રયત્નરૂપ શ્રમ ઉપર આધાર રાખતો હોય તો તે છોડી દે. તું જે પ્રમાણે બીજાનું દુઃખ ટાળવાને અશક્ત છે તે જ પ્રમાણેનું ત્હારું દુઃખ પણ ત્હારી મેળે મટાડવાને કદિ પણ સશક્ત ન માનીશ.

૯૫ = છળ (કપટથી) અથવા બળ વાપરીને (ઝુંટી લઈને) કેમ બીજાની વસ્તુ લેવાની અઘટિત ઈચ્છા કરે છે ? કેમ કે તું કુમતિથી તેની પાસે જઈશ તો તને કપટી કહેશે વળી તારી ધર્મરૂપી દોલત તેનો પણ કુકર્મથી અસ્ત થઈ જશે.

ખલ હથગત તહુ મિલેગી, બસ્તુ જુ તેરી આહિ,
સાત સંદૂક નિશંક ધરિ જાય જુ તેરી નાહિ. ૯૬
ક્ષમા રાખી અતિ બોલિમતિ, હરિ સુમરન જિન ભૂલ,
બને સુ હરિ ઈચ્છા સબહુ, સમુઝિ હિયે મતિ ડૂલિ. ૯૭

૯૬ = નિશ્ચે કરીને કહું છું અથવા હે પુરુષ, તને કહું છું કે જે ત્હારી વસ્તુ ખળના હાથમાં ગયેલી હશે તો પણ તે તને પુનઃ પ્રાપ્ત થશે. (આવી મળશે) વળી એમ છતાં પણ જે જવા કાળ વસ્તુ છે તે કદાપિ સાત તાળા મારીને તે ભરી હશે. સાત પેટીમાં રાખી હશે, તો પણ તારી નહીં હોય તો જશે જ.

૯૭ = માટે તું ક્ષમારૂપી સદ્‌ગુણી ધર્મને ધારણ કરજે, અતિશય બોલીશ નહીં (એટલે અવશ્ય જરૂર પુરતું બોલજે) અને કદિ પણ શ્રીહરિનું સ્મરણ ન ભૂલીશ. અને જે કાળે કાંઇ થાય તે સર્વમાં શ્રીહરિની ઇચ્છા માનજે. એવું તું ત્હારા મનને કદિ પણ ડોલાવીશ નહીં.

ભલો અરિહૂકો ભલકર, દુષ્ટ મિત હુ હતિ જાય,
કૃષ્ણાસુત રિપુ છુડાયો, અહિ પોષકકો ખાય. ૯૮
બુરો બને નહિ સજ્જનતેં ખલ ભલ કિયો ન જાય,
દેખિ સુધા કાહુ ન દુઃખદ્ બિખ કાહુ ન સુખદાય. ૯૯

૯૮ = ભલા મનુષ્યો હોય છે તે પોતાના વૈરીનું પણ સારું કરે છે અને નાદાન (નઠારા) માણસની મિત્રતામાં જીવની ખુવારી થાય છે જુઓને કૃષ્ણા (દ્રોપદીજી)એ પોતાના પુત્ર અભિમન્યુનો વૈરી (દ્રોણાચાર્ય)નો પુત્ર અશ્વત્થામા તેનો નાશ થતાં (પ્રાણ લેતાં) અટકાવી તેને મરણના ભયથી છોડાવ્યો. જુઓને નાગની ભક્તિ કરનારા તે નાગને દરરોજ દૂધનું પાન કરાવી તે નાગને ફૂલની શય્યા કરીને તેને સુવાડે છે છતાં તે વિષરૂપ જનાવરમાં તે અમૃતરૂપ દૂધ તે વિષ (ઝેર) વૃદ્ધિ કારક થઇ અજાણ્યે જો તે પાલન પોષણ કરનારાથી તેના ઉપર પગ પડ્યો હોય તો તે પ્રસંગે પૂર્વના પેલા પોષકના અપાર ગુણ ઉપકારને ભૂલી જઇ તેને કરડી તે પોષણ કરનારના પ્રાણ લેવા પર્યંતનું અસહ્ય દુઃખ આપે છે. આ પ્રમાણે સજ્જન અને દુર્જનના સ્વભાવો છે.

૯૯ = સજ્જન પુરુષોથી કદિ પણ અસતરૂપ નઠારી કૃતિ થઇ શકતી જ નથી અને ખળ (દુષ્ટ) માણસોથી કોઇનું પણ ભલું (સારું) થઇ શકતું નથી. સજ્જન પુરુષનો સ્વભાવ એવો હોય છે કે જેવી રીતે અમૃત કોઇને પણ દુઃખરૂપ ન જ થાય. સમગ્ર વિશ્વને તે સુખદાયી જ હોય છે. (થાય છે.)

જીય કૃતિ કરિ ફલ હાથ હરિ, ભલ અભલ ન કુઇજ્ઞાન,
નાતર કો અપનો બુરો કરે કરો અનુમાન. ૧૦૦

૧૦૦ = વળી કેવી કૃતિ કરવાથી શું ફળ (કેવું ફળ) પરિણામે આવશે તેની સારા માઠા પરિણામિક ફળની અગાઉથી કોઇને માહિતી હોતી નથી કેમ કે દરેક માણસ દરેક કૃતિ તેનું સારું ફળ આવવાનું ધારીને જ કરે છે પરંતુ તે કૃતિનું કોને

શું ફળ આપવું ક્યારે, કેવું, કેટલું, કેવી રીતે ! એ સર્વ કર્મ ફલ પ્રદાતા ઈશ્વરના હાથમાં હોય છે જો કર્મ કરતી વખતે જ તેનું પરિણામિક ફળ ખોટું આવશે એમ ખબર હોય તો કોઈપણ પોતાની મેળે પોતાનું બુરું થાય તેવું કેમ જ કરે ? એમ સહેજ અનુમાન કરવાથી સમજી શકાય તેવું છે.

કબિત – ૨૧

સદાકાલ એક સી ના નિભે રીત કાહુ કી,
જો ભોગી કિધોં યોગી કિધોં રંક ભૂપ કહિયે,
નલ બૈભવ હતો ગયો, સુગ્રીવ કો ગયો આયો,
યાકો કહા હોય જાય, નહીં હોય પૈએ,
હર્ષ શોષ યત્ન કીયે, આવે નહીં જાય કબુ,
બિન માગ્યો દુઃખ મૃત્યુ, સુખ હૂ ત્યોં લહીયે,
ધીરજ ના તજિયે દયા રાધાવર ભજીયે મુખ,
કૃષ્ણ કૃષ્ણ કહિયે પ્રભુ રાખે ત્યોં રહિયે. ૨૧

૨૧ = સદા સર્વદા એક સરખી રીત નભી શકતી નથી (અર્થાત્ કાળે કરીને બદલાયા જ કરે છે.) ભોગી હોય કે યોગી હોય, રાજા હોય કે રંક હોય તો પણ સર્વને આ નિયમ સામાન્ય રીતે લાગુ પડે છે, જૂઓ પૂણ્યશ્લોકી નળ રાજાને ત્યાં કેટલો બધો વૈભવ હતો ? છતાં તે કાળે કરીને જતો રહ્યો. સુગ્રીવ (વાલીનો ભાઇ) રામભક્ત થતાં પહેલાં સ્ત્રી સહિત રાજ્ય વૈભવી હતો, બળવાન મોટા ભાઇએ તેને મારીને કાઢી મૂક્યો એટલું જ નહીં તે સુગ્રીવની સ્ત્રીને પણ તે મોટા ભાઇ વાલીએ ભોગવવા માંડી જેથી તેને પહાડમાં વસવું પડ્યું હતું. આ પ્રમાણે અસહ્ય દુઃખથી તે પીડિત હતો છતાં તે શ્રીરામચંદ્ર ભગવાનને શરણે ગયો તો શ્રીભગવાનના સમર્થ બળ પ્રભાવવાળા આશ્રયથી ગયેલી સર્વ વસ્તુઓ પુનઃ પ્રાપ્ત થઇ. વળી વધારામાં મ્હોટાભાઇ વાલીના રાજ્ય ગાદીના માલીકરૂપ પણ થયો. માટે ચલાયમાન એવા ક્ષુદ્ર વૈભવો જાણીને એ આવ્યાથી હર્ષ ન કરવો, તેમ ગયાથી શોક પણ ન કરવો. કારણકે ગયેલું પણ મળી શકે છે અને હોય છે તે પણ જાય છે, કાં તો એ વૈભવાદિકને છોડીને આપણે જવું પડે છે, કાં તો વૈભવો આપણને છોડીને પણ જાય છે, વળી પ્રયત્નરૂપ શ્રમ કર્યાથી કાંઇ આવે નહીં અને માગ્યાં છતાં પણ મળે નહીં એમ નિર્ધાર કરીને પ્રભુની ઇચ્છા પ્રમાણે જેવી રીતે વગર માગે પણ દુઃખ અને મૃત્યુ આવે છે તે જ પ્રમાણે સુખ પણ પ્રભુની ઇચ્છા હશે ત્યારે વગર માગે આવીને પ્રાપ્ત થનાર હશે તે પ્રાપ્ત થશે

જ માટે દુઃખરૂપ આપત્તિ કે હાણ મૃત્યુને પ્રસંગે ગભરાઈ ન જતાં ધીરજ રાખવી. કદીપણ ધીરજને છોડવી નહીં અને શ્રીરાધાવરને ભજી અને મોઢેથી સદા શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ એમ ભગવદ્ નામનો જપ કરીએ જે કાળે જેવી સ્થિતિમાં પ્રભુ રાખે તે કાળે તેમાં સંતોષ માનીએ.

કબિત - ૨૨

દ્રોપદીજુ પાયે દુઃખ, સહિ હે પ્રહ્‌લાદ પીડા,
અંબરીષ રૂકમાંગદ, દુઃખતેં અઘાયે હેં,
ભીષ્મ જુ બિભિષન જુ, પાંડો નલ હરિશ્ચંદ્ર,
ધ્રુવ કુંતા ચંદ્રહાસ, દુઃખી ભયે ગાયે હે,
મહેતાજી મીરા જયદેવ, જની તુકારામ,
માધોદાસ તુલસી, પીપાદિક પીરાયે હે,
હરિભક્ત દુઃખતો અવશ્ય, દયા ડરો મતિ,
બિના કષ્ટ પાયે કહો ! કોન કૃષ્ણ પાયે હે ? ૨૨

૨૨ = મ્હોટા મ્હોટા (સમર્થ) હરિના ભક્તોએ પણ એ જ પ્રમાણે ઈચ્છારૂપ માનીને અપાર કષ્ટો વિવિધ પ્રકારના સહન કર્યા છે. જૂઓ (૧) સતીમાં શિરોમણિ દ્રોપદીજી (કૃષ્ણા)એ દુઃખ સહ્યું છે. (૨) પ્રહ્‌લાદજી ભક્તરાજે પણ પીડા સહન કરી છે. (૩) અંબરીષ રાજા અને (૪) રૂકમાંગદ રાજાએ પણ બહુ કષ્ટ ભોગવ્યું છે. (૫) વળી ભિષ્મ પિતામહ (૬) વિભીષણ (૭) પાંડવો (૮) પૂણ્યશ્લોકી નળ રાજા (૯) સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા (૧૦) ધ્રુવજી (૧૧) કુંતાજી અને (૧૨) ચંદ્રહાસ એ સર્વે દુઃખી થયેલાનું અનેક સ્થળે વર્ણન છે વળી (૧૩) નરસિંહ મહેતા (૧૪) મીરાંબાઇ (૧૫) જયદેવજી (૧૬) જનાબાઇ (૧૭) તુકારામબુવા (૧૮) શ્રી જગન્નાથરાય ઉપાસક માધવદાસજી (૧૯) શ્રીરામ ભક્ત તુલસીદાસજી અને (૨૦) દ્વારકામાં શ્રીદ્વારકાધીશે જેને સમુદ્રમાં દર્શન આપી સાત સુવર્ણની સ્થિતિની દ્વારિકા લીલાનો વૈભવ દેખાડી ભુજા ઉપર શંખ ચક્રની અંકન (ચિન્હ) મુદ્રા આપી તેવા પીપાજીભક્ત ઈત્યાદિ અનેક સંત પુરુષોએ પણ પીડા ભોગવી છે, માટે શ્રીહરિના ભક્તને દુઃખ તો અવશ્ય હોય છે જ. એવું જાણીને દયારામભાઇ કહે છે કે દુઃખ આવે તેથી ડરવું નહીં. એટલો જ વિચાર કરવો કે, પૂર્વે મોટા સમર્થ ભગવદ્ ભક્તોને પણ દુઃખ આવી પડેલા છે અને કહો કે કિયો ભક્ત કષ્ટ પામ્યા વગર શ્રીકૃષ્ણ ભગવાનને પામ્યો છે ? કોઈપણ કષ્ટ ભોગવ્યા વગર એ પરબ્રહ્મના પદને પામેલો નથી.

કબિત - ૨૩

માતૃ શ્વસા સુતાદિ ગમન, હત્યા પિતા ગુરુ,
ગો નૃપ સ્ત્રી બ્રહ્મ ભ્રૂણ, સિસુ સંત ડરનો હે,
(અનૃત) વિશ્વાસઘાત, મિત્રદ્રોહ આતતાઈ,
પંચમહાપાપસોં ઉચિત નાં ઉચરનો હે,
સક્ય વા અસક્ય કર્મ ઈત્યાદિક ભયે કબુ,
તો હૂં બેદબાની કહૂં સાહસ ના મરનોં હે,
સબી પાપ તાપ દયા મિટવેકો યહ ઉપાય,
નામ હરિ પાદોદક લેનો હરિ શરનો હે. ૨૩

૨૩ = માતૃગમન કરનાર, સ્વસા (સાસુ) ગમન કરનાર, દીકરી કે બહેન ભાણેજ કે ગોત્રાદિ ગમન કરનાર અથવા પિતા, ગુરુ, ગાય, કે નૃપ (રાજા) યા સ્ત્રી કે બ્રહ્મહત્યા કરનાર અથવા ગર્ભ હત્યા કરનાર (બાળ હત્યા કરનાર) એ દુષ્ટજનોથી સત્પુરુષે ડરીને તેઓનાથી દૂર રહેવું વળી એજ પ્રમાણે અનૃત (અસત્યવદનાર = મિથ્યા ભાષણ કરનાર) તથા વિશ્વાસઘાત કરનાર કે મિત્રનો દ્રોહ કરનાર, એવા પાંચ મહાપાપ કર્મ કરનારા આતતાયિ જનો સાથે ભાષણ પણ કરવું યોગ્ય નથી. આ પ્રમાણે કાળજીપૂર્વક સંભાળ રાખીને સાવધગીરીથી વર્તતા છતાં પણ જો કદાચ પ્રભુની ઈચ્છારૂપ અદષ્ટરૂપ ભાવિ પદાર્થની પ્રબળ સત્તાએ કરીને તેમ કરવામાં અશક્ય વા સુશક્ય છતાં કોઈના બલાત્કાર રૂપના ઈલાજથી એ નહીં કરવાની કૃતિ છતાં કદાચ એમાંની કોઈ વાત બની જાય તો પણ તેથી ગભરાઈને સાહસ કર્મરૂપ પ્રાણઘાત = આત્મહત્યા કદિ પણ ન કરવી. કારણકે ઉપર લખ્યા મહાપાપો આદ્ય લઈને બીજા પણ ગમે એટલા પાપો થયા હોય તો પણ તે પાપરૂપ તાપનો ક્લેશ ન કરતાં એમ થવામાં ઈશ્વર ઈચ્છારૂપ ભાવિ પદાર્થ માની એ સર્વ તાપ સહિત સંતાપનો નાશ કરવા માટે શ્રીહરિનું નામ સંકીર્તન કરવું તથા શ્રીહરિનું પાદોદક (શ્રી પાદતીર્થ = ચરણામૃત)નું પાન કરવું અને શ્રીહરિના દઢ આશ્રયપૂર્વકની શ્રીહરિની અનન્ય શરણાગતિ ગ્રહણ કરવી.

કબિત – ૨૪

(કુંડલીયા)

કોઈ બસ્તું અપની ન હે, સબકે ધની વ્રજરાય,
જબ લગ જ્યોં રાખે રહે, ફિર પઠવે વહાં જાય,
ફિર પઠવે વહાં જાય, કછુ ન અપની લહિયે,
મમતા દુઃખકો મૂલ સુ, બિછરત મહા દુઃખ પૈયે,
કહે દયો હરિદાસ રહો, સાખીવત હોઈ,
આયે હર્ષ ન લહો, ગયે તબ સોસ ન કોઈ. ૨૪

૨૪ = કોઈપણ વસ્તુ વાસ્તવિક રીતે આપણી છે જ નહીં, કારણકે સર્વના ધણી તે શ્રીકૃષ્ણ જ છે. માટે તે પ્રભુ જ્યાં લગી જે સ્થાને રાખે ત્યાં લગી જ તે ત્યાં રહી શકે છે. તેને જ્યારે (જે સમયે) જ્યાં મોકલે ત્યાં જાય છે એમ જાણી કોઈપણ પદાર્થને વિષે આપણી (પોતાની) માલીકી કે સત્તા કે સ્વત્વ માનવું એ બરોબર નથી. કારણકે પરાયી વસ્તુ ઉપર આપણે મમતા મ્હારી છે એવું માનવું એ જ દુઃખના મુળરૂપ છે અને પોતાની માન્યતાને લીધે જ તેનો વિયોગ થતાં અત્યંત દુઃખી થાય છે માટે શ્રીહરિના દાસ દયારામ કહે છે કે જગતમાં સાક્ષીવત્ રહેવું. જેમ કોઈ સાક્ષીદાર હાજર હોય તેટલા કારણથી કાંઈ તે પક્ષકારના કાર્યના સારા માઠા પરિણામના જવાબદાર થઈ શકતા નથી એટલે પક્ષકાર લાભરૂપ ફળ આપવાથી કોઈ સાક્ષીને હર્ષ પણ ન થાય તેમ તે પક્ષકારોને નુકસાનરૂપ થઈ કાંઈ ખોટ જાય તો તે ખોટરૂપીનો શોક પણ કાંઈ સાક્ષીને ન થાય તેમ વર્તવું એટલે પ્રાપ્ત થવાથી હર્ષ ન કરવો, અને ગયાથી શોક ન કરવો.

કબિત – ૨૫

છપ્પય

તિથિ વાર નક્ષત્ર યોગ, કરનાદિ અનિષ્ટ હુઈ,
બામ પૃષ્ટ સસી કાલવાર, સૂલ દોષ નહીં કુઈ,
બ્યતિપાત બૈધત બિષ્ટિ, મૃત્યુયોગ સબ ટરી,
કાલપાસ યમઘંટ અપશુકન, અમંગલ હુ ડરિ,
ભય સંકટ ચિંતા ચૌર રિપુ, તાપ સબ થર હરત,
સબ અશુભ સુસુભ બનિ દયા પ્રભુ, કૃષ્ણનામ સુમરન કરત. ૨૫

૨૫ = સર્વ અશુભને મટાડી સર્વ પ્રકારનું સુખ થવા માટે ઉપાયરૂપનો આ છપ્પો છે. (૧) તિથિ (૨) વાર (૩) નક્ષત્ર (૪) યોગ (૫) કરણ ઇત્યાદિ અનિષ્ટરૂપ કુયોગ હોય અથવા ડાબા પાસા તરફ કે પાછલા પીઠ ભાગ તરફ ચંદ્રમાનું ઘર હોય અથવા સૂલ દોષ હોય કે વ્યતિપાત યા વૈધૃત કે વિષ્ટિયોગ હોય કે મૃત્યુયોગ હોય એવા કુયોગો સર્વજોતિષ શાસ્ત્રાદિકમાં શુભાશુભ શુકન અપશુકન વર્ણવેલા છે, વળી મૃત્યુ (કાળ) કે યમદૂતના પાશમાં સપડાવા જેવું હોય કે યમઘંટ કે અપશુકન અમંગલ ચિહ્નસુચક હોય વળી ભય કે સંકટ યા ચિંતા, ચોર, વૈરી, અગ્નિ ઇત્યાદિક રૂપથી હોય, કે પાપે કરીને સંતપ્ત રહેતાં હોય તો એ સર્વે અશુભ યોગ માત્રથી ન ડરતાં, એ સર્વ ઉલટ રૂપના ટાળવા, તથા સર્વ વાતે શુભરૂપ સુખકારી શ્રેયસ્કર થવા ઇચ્છનારે સદા સર્વદા (અખંડ) શ્રીકૃષ્ણ પરમાત્માનું સ્મરણ ચિંતન કરવું કે જેણે કરીને તે ભય રૂપ પદાર્થ માત્રને થરથરાટ ઉપજી તે સર્વ અશુભ અમંગળ ટળી જાય છે અને તેના બદલામાં સારી રીતે શુભ રૂપ યોગ થાય છે.

દોહા

અકથ કષ્ટ આયો કબુ, ચલ્યો પ્રયત્ન ન કોય,
તબ સબ તજિ હરિ રટત, સુખ હોય હોય ફિર હોય. ૧૦૧
જાહિ જિતો જબ જ્યોં લિખ્યો, તાહિ તિતો તબ ત્યોંહિ,
દેખિ મિલત ફલ ફુલ જ્યોં, ઋતુ દ્રુમ લત બિન યોંહિ. ૧૦૨
રે જન જન જિન ત્રષ્ણ ધરિ, ઘર ઘર ઘર ધરિ આસ,
શ્રૃંગિ શ્રૃંગ સાખી હરે ઉપબન પત્રિ ઉદાસ. ૧૦૩

૧૦૧ = જ્યારે કથન પણ ન કરી શકાય (એટલે ઘણાં અગણિત હોવાથી તે સર્વનું વર્ણન પણ ન થઇ શકે તેવું અપરંપાર) કષ્ટ આવી પડ્યું હોય અને તે મટાડવામાં બીજો કોઇપણ ઉપાય રૂપ શ્રમવાળો પ્રયત્ન પણ ચાલી શકતો ન હોય એવી નિરૂપાય સ્થિતિમાં આવી પડ્યા હોય તેને તે સર્વથી મુક્ત થવાને સારુ બીજા આળપંપાળ રૂપના ક્ષુદ્ર ઇલાજોને છોડીને શ્રીહરિનું રટણ કરવું. શ્રીહરિના નામ ચિંતને કરીને જરૂર સુખ થાય, થાય અને થાય જ એમ ત્રણ વાર દૃઢ નિશ્ચયપણે કહે છે.

૧૦૨ = જેને, જેટલું, જ્યારે, જેવી રીતે, ભાવિરૂપ પ્રાપ્ત થવાનું પ્રભુએ નિર્માણ કરેલું હોય તેને, તેટલું, ત્યારે, તે પ્રકારે થઇ આવી મલે છે એવું જોઇ લે. જેમ કે ફલ - ફૂલ જુદી જુદી ઋતુમાંને જુદા જુદા વૃક્ષોમાં વિવિધ અનંત લત્તાઓમાં વગર માગે થાય છે.

૧૦૩ = હે મનુષ્યો હે કૃષ્ણ ભક્તજનો, તમે રખે અન્ય કોઈપણ તૃષ્ણા રાખતા પણ તમે સર્વ પૃથ્વીને ધારણ કરનાર શેષજી, તે શેષજી સહિત ધારણ કરનાર શ્રીકુર્માવતાર કે જે અંશાવતાર છે તે અંશાવતારના પણ અવતારી શ્રીગિરિરાજધરણ શ્રીકૃષ્ણ પરમાત્મા છે. તેની જ એક આશા રાખો, કારણકે વસ્તીમાં તો કોઈપણ વૃક્ષાદિકને જળ રેડનારા મનુષ્યાદિકની સહાયતા હોય છે. પણ જ્યાં વસ્તી હોતી નથી એવા અરણ્યમાં તથા પ્રત્યેક પર્વતો સુદ્ધામાં અને ગિરિની ગુફાઓ સહિતમાં પ્રત્યેક વૃક્ષો બારેમાસ લીલા ને લીલા રહે છે. કારણકે તેને પ્રભુ સિવાય અન્ય કોઈપણ જળ સિંચવા જતું નથી અને ઉપવન (વાડીઓ) તે મનુષ્યનો આશ્રય કરીને રહેલાં છે ત્યારે તેને મનુષ્યો તરફથી જળ સિંચાતા છતાં પણ તેના પાંદડા સુદ્ધાંત પણ ઉદાસ (નિરાશ) થઇને સુકાઈ જાય છે.

નામ બિસંભર કૃષ્ણકો, જિન મન સોચે રંચ,
ચિંતા ધરિ દઢ કરિ હરિ, ચુગનિ રચિ કે ચંચ. ૧૦૪
જીવત લગ ભચ્છન બસન, ઓર મરન તજિતાપ ,
આહાર યોગ રચ્છન મરમ, કરિ હે આપુર આપ. ૧૦૫

૧૦૪ = જે શ્રીકૃષ્ણનું નામ વિશ્વંભર છે તે વિશ્વ માત્રનું પોષણ કરે છે માટે તે વિશ્વંભર કહેવાય છે. એવું શ્રીભગવાનના નામનું બલ છે માટે તું રખે ખાનપાનાદિકનો શોક કરતો. જો ને તું માતુશ્રીના ગર્ભમાં હતો ને ત્હારો જન્મ પણ થયો ન હતો તે વખતે એ વિશ્વંભરે તારી અગાઉથી ચિંતા ધારણ કરી ત્હારે માટે ત્હને ચંચુ (દાંત) આવતા પહેલાંથી જ પ્રભુએ અજબ યુક્તિથી તારી માતાના સ્તનને વિષે, માદક, પાચક ને સ્વાદિષ્ટ દૂધ ત્હારે ધાવવાને સારું પ્રભુએ મુક્યું છે, કોઇ કહેશે કે એમાં તે વળી અજબ યુક્તિ શી છે ? પણ લગાર ઝીણી બુદ્ધિથી વિચાર કરી જોશો તો જણાશે કે આખા અંગમાં કેવા કેવા પ્રકારના ગંદા અપવિત્ર પદાર્થોનું સાહિત્ય ભરેલું છે. મળ, મુત્રસ્થાન, કફ, વીર્ય, પરુ, લોહી રુધીર, મેદમજ્જા, માંસ, વિષ્ટા, લાળ, ચામડી, હાડકાં, કૃમિ ઇત્યાદિ દુર્ગંધમય પદાર્થોથી ભરપુર ઉદર ભરેલું છે તેમાં આવું અમૃતરૂપ દૂધ આવે એવી તે શી યુક્તિ તે વખતે રચી હતી ? કાંઇ જ નહીં. તેવા સ્થાનમાં તે પ્રભુએ તને સ્તનપાન કરવાની બુદ્ધિ આપી માતાના ઉરોજમાં તે પ્રભુએ પયામૃત ભરી મુક્યું. વળી તે દરરોજ તાજું અને ત્હારુ પેટ સારી રીતે ભરાઈ શકે

તેટલું અને તને પથ્ય રૂપ પચી શકે એવું હલકું અને સ્વાદિષ્ટ એવું તું ઇચ્છે તે વખતે આઠ પ્રહર તાત્કાલીક હાજર રહે એવી ગોઠવણ તે પ્રભુએ કરી મુકી હતી ત્હારે માટે એ ચુગણી તને દાંત પણ આવ્યા (ઉગ્યા) ન હતા એવા સમયથી ભરી રાખી હતી તેનો તું બીજા બાળકનો દાખલો જોઇને વિચાર કરજે.

૧૦૫ = જીવતાં સુધી ભોજન અને વસ્ત્ર તથા મરણ એનો તાપ (ક્લેશ) રહે છે. તેનો ત્યાગ કરવો કારણકે ખાનપાન માટે યોગાયોગ સંબંધ તથા રક્ષણ એ સર્વ ભાવી પદાર્થ (ઇશ્વર ઇચ્છારૂપ પ્રબળ સત્તાથી) પ્રાપ્ત થાય છે એવો મર્મ સમજ અને ત્હારા જીવન પર્યંત તને પ્રભુએ નિર્મેલા પ્રારબ્ધ પ્રમાણે સર્વ પ્રાપ્ત થશે જ.

હોત હિ હરિ પય પાન દિય, જબ મતિ ગતિ બંચનાંહિ,
સો અબ તોકો ભૂલિ હે, જો સોચત મન માંહિ. ૧૦૬
તું ચિત ચિંતા ક્યોં કરે, બિશ્વંભર વ્રજપાલ,
સક્કર સક્કર ખોર કો, દે દધિ મધ્ય દયાળ. ૧૦૭

૧૦૬ = જન્મ થતાં જ શ્રીહરિએ માતાના સ્તનમાં અમૃતરૂપ દૂધ મૂક્લેું હતું, તે વડે ત્હારું ખાનપાન શરૂ કરી આપેલું હતું જ, જે વખતે ત્હારામાં કોઇપણ બુદ્ધિ કે કાંઇપણ વિચાર કરવાની શક્તિ કે તને કાંઇપણ ગતિ (ખબર) ન હતી, તેમ તને વાચા બોલવા રૂપ વાણી સરખી પણ ન હતી. તે વખતથી જે વિશ્વંભરે વગર માગે અને વગર પ્રયાસે ત્હારે માટે આહારની અગાઉથી કાળજી રાખી તને મેળવી આપ્યું હતું તે પ્રભુ શું તને હવે ભૂલી જશે કે છોડી દેશે ? કદિપણ નહીં ભૂલે અને ત્યાગ પણ નહીં જ કરે. ત્યારે તું ભોજન વસ્ત્રાદીકની શા માટે ચિંતારૂપ સોચના કરે છે ?

૧૦૭ = તું મનમાં શા માટે ફીકર કરે છે ? આખા વિશ્વનું પાલન પોષણ કરનારા વિશ્વંભર (ભગવાન) શ્રીકૃષ્ણચંદ્ર કે જેને વ્રજપાલ કહે છે તે પ્રભુનો વિશ્વાસ દ્દઢ તું રાખ્ય, જુઓને ઉદધિ સમુદ્રમાં એ સાગરના દ્વીપ (બેટ)માં સક્કરખોર પક્ષી થાય છે તે અનન્ય ભાવે સદા શ્રીહરિનો આશ્રય દ્દઢ રાખીને શ્રીભગવાનનું સ્મરણ કર્યા કરે છે તો તેને પ્રભુ ત્યાં એટલે સમુદ્રના બેટમાં જ્યાં ચારે પાસ સમુદ્ર છે ત્યાં સમુદ્રના મધ્યમાં તેને ખાવાનો આહાર માત્ર સાકર હોવાથી સાકર મેળવી આપે છે. એવો વિશ્વાસ તું પણ રાખને ભોજન વસ્ત્રાદિકની ચિંતાનો પરિત્યાગ કર.

ચાલતા પ્રસંગને જરાક થોડીવાર મુલતવી રાખીને વચમાં શ્રીહરિમાં વિશ્વાસનું પ્રતિપાદન સારુ કહે છે કે જો એ પ્રભુનો દઢ વિશ્વાસ છોડીને પુરુષ પ્રયત્નરૂપ બળનો આધાર રાખીશ તો શું ફળ કેવું આવે છે તે સમજવાને સારુ બે દાખલા છે.

દુહા

પ્રાચિન બર્હિષ નૃગાદિક, તે સાધન ભય કષ્ટ
ગીધ ગનિકા વ્યાધાદિ, હરિસહજહિ સુનિ સ્પષ્ટ

(૧) જુઓ પ્રાચિન બર્હિષ રાજાએ અનંત યજ્ઞો કર્યા હતાં, કે જેણે યજ્ઞો કરીને સમગ્ર પૃથ્વી ચીતરી નાખી (છાખી) હતી, છતાં તેને તે સાધને કરીને ઉલટો ભય થયો હતો. નારદજીએ યજ્ઞમાં તે અનેક પશુઓની હિંસા કરેલી છે તે ત્હારા મરણની વાટ (રાહ) ને માર્ગમાં ત્હારુ વેર લેવાને હાથમાં અસ્ત્રાદિ ધારણ કરીને બેસી રહ્યા છે, કહી તે સર્વ પશુઓને બતાવ્યા, તે જોઈને પ્રાચિન બર્હિષ રાજાને યજ્ઞ કૃતિસંતોષ રૂપ સ્વર્ગાદિપદ મેળવવાની વાત તો બાજુ ઉપર રહી પણ ઉલટો ભય થયો હતો. (૨) વળી નૃગાદિકની પણ કથાઓ છે. નૃગરાજાએ અનેકનું દાન બ્રાહ્મણોને કર્યું હતું. પણ એક વખતે એ રાજાએ એક ગાય બ્રાહ્મણને દાનમાં આપેલી છતાં તે ગાય ભૂલથી તે બ્રાહ્મણને ઘેર ન જતાં એ ગૌશાળાની ખીરક હતી તે ગાયોની કોઢ્યમાં તે આવી ગયેલી હશે, તેની રાજાને ખબર ન હતી. જેથી ભૂલથી અજાણે તે દાન કરેલી ગાયનું દાન વસે બીજા બ્રાહ્મણને ભૂલથી અપાઈ ગયું, જેથી દાન લેનાર બંને બ્રાહ્મણમાં ભારે ક્લેશ પેદા થયો. જે ક્લેશના યોગે કરીને એ નૃગરાજાને અનેક દાનરૂપ પૂણ્યને બદલે આ સહજ પાપરૂપ કૃતિનું ફળ તેને પ્રથમ કાંચીડાનો દેહ પ્રાપ્ત થયો, અને તે યોનિમાં અનેક જીવોનું તેને ભક્ષ પડ્યું. તે કૃતિથી તે ભારે દુઃખ ને પામ્યો હતો. અને નિઃસાધન (સાધન જીવોએ પ્રભુ છે એવો દઢ વિશ્વાસ ધારણ કરેલો હતો. તેટલા કારણે પ્રભુના પદને પામ્યાં હતાં. એના દાખલા આપે છે. જેમ કે (૧) ગીધ પક્ષી કપટને ભણાવનારી ગણિકા (૩) વ્યાધ (પારધી) આ સર્વ શ્રીહરિના જમાં પ્રાપ્ત થયા છે. એવી કથાઓ છે તે તું સ્પષ્ટપણે સાંભળીને પ્રભુ વિશ્વાસ ધારણ કર. પ્રભુ સ્વકીય જનના સાધનની અપેક્ષા રાખતા નો પોતાની કૃપાદષ્ટિથી પ્રભુ અવલોકન કરે છે. કૃપાપાત્ર જનને માોષ કારણરૂપ પ્રભુ થાય છે.



કબિત – ૨૬

મત્તગયંદ

શ્રીમદ્ બલ્લભકો દ્રઢ આશ્રય, શ્રમ બિનાહી સબે સુખ ખાનિ,
કૃષ્ણ કૃપા સો બલ સમ્રથહુ, અયોગ્ય કું યોગ્ય કરે અઘ હાનિ,
સાધન ઓર અપેક્ષ રખે નહિ, આપહિસો કરિ લે નિજમાની,
રાસલીલા કરી માન તજે ન કબુ, અપરાધિ દયા શ્રીગુરુ કહાની. ૨૬

૨૬ = શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો દ્રઢ આશ્રય રાખવાથી વગર શ્રમે સર્વ પ્રકારના સુખની ખાણ પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ પરમાત્માનું કૃપારૂપ સમ્રથ બળ હોવાથી અયોગ્ય જન પણ યોગ્ય થાય છે તથા સર્વ પ્રકારના અઘ (પાપ) અથવા દુઃખની હાની થાય છે એટલે પાપ તથા કષ્ટથી મુક્ત થાય છે. વળી અન્ય સાધનની પણ પ્રભુ અપેક્ષા રાખતા નથી. પોતાની મેળે કર્યા બરાબર માની લે છે. એ પ્રભુ કીયા તે વિષે કહે છે કે. જે પ્રભુએ શ્રુતિરૂપાને તથા દંડકારણ્યવાળા અગ્નિકુમાર ઋષિઓને (ઋષિ રૂપાને) તથા યજ્ઞ રૂપા ગોપકુમારીકાઓને રાસલીલામાં દાન આપવાનાં પ્રથમ વરદાનો આપેલા તે પ્રમાણે રાસવિહાર કરી અગણિત સુખનું દાન કર્યું તે શ્રીકૃષ્ણ પરમાત્મા કદિ અપરાધ ન જોતાં શ્રીગુરુદેવની કાની વિચારી દયા કર્યા જ કરે છે. અથવા એવો પણ અર્થ થઇ શકે છે કે એવા જે શ્રીગોપીજનો તેમણે એ રાસલીલાવાળું વરદાનનું સુખ પ્રાપ્ત થતી વખતે માન કરેલું હતું તો પણ તેમનો કાંઇપણ અપરાધ ન ગણતાં કેવળ શ્રીગુરુની કાની (સિફારસ)નું સમ્રથ બલ માનીને દયારામ ગ્રંથકાર કહે છે કે-મારા અપરાધો (દોષો)ને પ્રભુ ગણતા નથી.

અનાયાસ બિશ્વાસ બલ, અજગર પાવે આહાર,
ત્યો તોકો સબ મિલહિગો, ખુસિ ભજિ નંદકુમાર. ૧૦૮

૧૦૮ = અન+આયાશ (કાંઇપણ પ્રયાસ વગર) જુઓ અજગર કેવળ પ્રભુ ઉપર સુદઢ વિશ્વાસ (આધાર) રાખીને તે કાંઇપણ પ્રયત્નરૂપ ઉદ્યોગ નહીં કરતાં આળસુની પેઠે પડી રહે છે, તો પણ તેને પ્રભુ ત્યાં આહાર મેળવે છે. તે જ પ્રમાણે તને પણ સર્વ મળશે જ. માટે તું પ્રસન્નતાપૂર્વક એ શ્રીનંદકુમાર શ્રીકૃષ્ણ ભગવાનને ભજ.

કબિત – ૨૭

અજગરકો અનાયસ આહાર દેત હેં દયાલ,
શ્રૃંગી શ્રૃંગ દ્રુમ જ પોખેં, એસી જાકી મહેર હે,
ઉદ્યમ તેં આજ લીયો, હોત હિ પયપાન દીયો,
બિન માગે જાને દોષ દેખે નહિ જહર હે,
વ્યાધ કો સ્વદેહે સ્વર્ગ, પુતના હો અંબ ગતિ,
તિન હૂપેં દયા દેખો કિયો જાને કહેર હે,
વિશ્વકું ભરત દયાનાથ નામ વિશ્વંભર,
બિસરેંગે તો કુ એક તોપે કા બેર હેં ? ૨૭

૨૭ = જુઓને અજગરને વગર ઉદ્યમે દયાળુ પ્રભુ તેને આહાર મેળવી આપે છે અને શૃંગી પર્વતના શૃંગ (શિખર) ઉપર ઉગેલા દ્રુમ (વૃક્ષ)નું પોષણ પ્રભુ તેના ઉપર મહેર (દયા) કરીને તે ઝાડોને બારે માસ લીલાં રાખે છે, પૃથ્વી ઉપર પગ મુકવાની પણ ત્હારામાં સત્તા ન હતી આંખો પણ ત્હારી ઉઘડેલી ન હતી, દાંત પણ ઉગ્યા ન હતાં, ત્હારી મેળે પણ તું ઉઠી શકવાને અશક્ત હતો. એવી વ્યવસ્થામાં એટલે તું માના ગર્ભથી પૃથ્વી ઉપર બહાર પ્રસવ્યો તેવી છેક અશક્ય સ્થિતિ વખતે તારો જન્મ થતાં અગાઉથી પ્રભુએ તારા આહાર માટે ત્હારી માતુશ્રીનાં સ્તનમાં અમૃત જેવો આહાર પયામૃત ભરી મુક્યું હતું તું વિચાર કરી જો કે તે વખતે તેં શો ઉદ્યોગ (પુરુષ પ્રયત્ન) કર્યો હતો ? કાંઇ જ નહીં છતાં તે વખતે પણ પ્રભુએ તને રુચે પચે તેવો સ્વાદિષ્ટ પાચક એવો ખોરાક - તને પયપાન આપ્યું. તેં તે વખતે સ્તુતિ પ્રાર્થના કે માગણી પયપાન કરવાને માટે કાંઇ કરી હતી કે ? કંઇપણ કરેલી ન હતી. છતાં પણ પ્રભુએ પોતાને આશ્રયે તું રહેલો છું એમ માનીને ત્હારા ખોરાકની કાળજી રાખી હતી. વળી પ્રભુની અગણિત દયાળુતાનો વિચાર કરે કે કેવળ મહાપાપ કર્મ કરવાને પ્રવૃત્ત થયેલી બકી (પુતના) તેણે શ્રીકૃષ્ણ ભગવાનને પ્રાણાંત કષ્ટ દેવાની દુર્બુદ્ધિ મનમાં ધારણ કરી પોતાના કુચ ઉપર વિષ (ઝેર)નું લેપન કરી તે વિષપાન કરાવવાને શ્રીગોકુલમાં પ્રભુને ત્યાં આવી પ્રભુને પયપાન કરવાની ક્ષુધા ન હતી છતાં બળાત્કારે શ્રીકૃષ્ણને પોતાના ખોળામાં લઇને તે વિષ (ઝેર)વાળું પયપાન કરાવવા લાગી, ને પ્રભુને તે પાયું છતાં પણ પ્રભુએ તેનું કાંઇપણ મનમાં ન આણતાં તેના કુભાવને સદ્ભાવરૂપ ગણ્યો કે જે પ્રમાણે મને મ્હારી માતા શ્રીયશોદાજી ખોળામાં લઇને પ્રીતિપૂર્વક સ્તન્યામૃત પાન કરાવે છે તે પ્રમાણે એણે મને કરાવ્યું એમ જાણી જે શ્રેષ્ઠ ગતિ માતાને આપેલી તેવી ગતિ આ દુષ્ટ કર્માચરણી પુતનાને પણ શ્રીકૃષ્ણે આપી. શ્રીકૃષ્ણ ભગવાનમાં અપાર

ક્ષમા અને અપાર દયાલુતા જણાય છે. શ્રીકૃષ્ણ ભગવાને સ્વધામમાં પધારવાની ઈચ્છા કરી હતી તે વખતે પ્રભુના વામ (ડાબા) ચરણાર્વિંદ ઉપર એક વ્યાધે બાણ તાકીને મૂક્યું જે ચરણકમળના તળીયામાં વાગ્યું અને પ્રભુએ નિમિત્ત ધારણ કરી નિજધામમાં પધાર્યા, છતાં એ પારધિને પણ કૃપા કરી તેને દેહ સહિત સ્વર્ગે મોકલ્યો. તું તો તે શ્રીકૃષ્ણનો દાસ છે. માટે ત્હારી સંભાળ તો પ્રભુ અવશ્ય લેશે જ. કેમ કે જેમનું વિશ્વંભર એવું બિરદનું નામ છે તે આખા જગતનું ભરણ પોષણ કરે છે ત્યારે શું પોતાના દાસને જ વિસરી જશે ? ત્હારા ઉપર કૃપા કરે એમાં કાંઈવાર લાગે તેવું નથી એમ નિશ્ચયતા સૂચવે છે.

કબિત – ૨૮

(છંદ : મત્તગયંદ)

જો યુગની હરિ દેનિ ન હોય તુ ચાતુર કાહિકુ ચંચુ બનાવે ?
પોષન બિશ્વ પ્રભુ બલના તબ નામ બિસંભર કાહિ ધરાવે ?
જીવન જ્યોં દઈ દીન અમંત્રન બેઠકિ દોરિ તહુ વહિ પાવે,
રે જડ રાખિ પ્રતિત દયા તજિ તાપ, હરિગુન ક્યો નહિ ગાવે ? ૨૮

૨૮ = જો યુગણી (ખાનપાન આહાર) શ્રીહરિને આપવો ન હોત તો તે ચતુર શિરોમણિ પ્રભુ ચંચુ જ મુળમાં શા માટે કરત ? સમગ્ર જગતનું પોષણ તે વિશ્વંભર પ્રભુના બળથી જ થાય છે. જો પ્રભુના બળથી પોષણ થતું ન હોય તો તે પ્રભુનું નામ વિશ્વંભર છે. એવું નામ પ્રભુએ શા માટે ધરાવ્યું છે ? દૃષ્ટાંત આપે છે કે જેવી રીતે કનકવા અથવા પતંગ કે તુક્કલને કોઈ મનુષ્ય આકાશ તરફ ચઢાવે છે તથાપિ તેની દોરી ચઢાવનારાના હાથમાં જ ધારણ કરી રાખેલી હોય છે. યદ્યપિ તે કનકવા કે પતંગ કે તુક્કલ તે ધારણ કરનારના હાથથી દૂર ગયેલા છે તથાપિ તેની દોરી ચઢાવનારના હાથમાં જ રહેલી હોવાથી તે આકાશ માર્ગે પતંગાદિ ઉડતા છતાં પણ તે ધારણ કરનારના સ્વાધીન (વશ) જ રહેલ હોય છે અને જ્યારે તે ઉડાવનારની ઈચ્છામાં આવશે ત્યારે તેના ચરણ કમલમાં જ આવશે. તેમજ સર્વ જીવ માત્ર પ્રભુમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી તે તમામ જીવોની જ્યાં સુધી તે પ્રભુ હયાતી રાખશે ત્યાં સુધી રહી આખરે તે પ્રભુને જ પામશે અને જે પ્રમાણે પતંગાદિ તે ઉડાવનાર એ પ્રમાણે પ્રભુ સાથે દૈન્ય ભાવ રાખી તેમના આધીન થઈને પ્રભુને પરાયણ રહેલા છે, તે જીવોને પણ જરૂર પ્રભુ આમંત્રણરૂપે પોતાની પાસે બોલાવી પોતાની નિકટ રાખશે. એ પ્રમાણે હે જડ સ્વભાવવાળા, તું પ્રભુની પ્રતીતિ રાખ, અને હે દયારામ, તું સર્વતાપ છોડી દઈને તે શ્રીહરિનું ગુણગાન કેમ કરતો નથી ? અર્થાત્ તે પ્રભુના ગુણાનુવાદનું ગાયન કર.

દોહા

પ્રારબ્ધ ન્યોત દિયો, જબ લગ રહે સરીર,
તેસે તો કું પોચહી, નિચિંત ભજિ બલવીર. ૧૦૯
હરિ સુમરન અતિ દુઃખમેં, સુખ મન ભવ જંજાલ,
કુંતા યાચ્યો કૃષ્ણપેં, દીજે દુઃખ દયાલ. ૧૧૦

૧૦૯ = જ્યાં લગી શરીર વિદ્યમાન રહેવાનું પ્રભુએ ભાવી મુકરર કરેલું છે (દૃષ્ટાંતરૂપ) પ્રારબ્ધે નોતરૂં (આમંત્રણ) દીધેલું છે, તે પ્રમાણે તને પહોંચશે. માટે તું નિશ્ચિંત થઈને બલવીર એટલે બળરામજીના વીર ભાઈ શ્રીકૃષ્ણ અથવા અગાધ બળવાનને વીર = સમ્રથ કહે છે તે પ્રમાણે અત્યંત પરાક્રમી શ્રીકૃષ્ણને ભજ.

૧૧૦ = જ્યારે અતિશય કષ્ટ આવી પડે છે ત્યારે અન્ય સર્વના આધાર છૂટી જઈ અનન્ય ભાવે શ્રીહરિનું સ્મરણ થાય છે. કહેલું ભજન સુખ સંપત્તિરૂપ સંસારની જંજાળમાં થઈ શકતું નથી. આવું મર્મ જાણીને શ્રીકૃષ્ણ ભક્ત કુંતાજીએ શ્રીકૃષ્ણ ભગવાન પાસે માગણી કરેલી છે કે હે દયાનિધિ, મારા ઉપર આપનો અનુગ્રહ છે, માટે આપના વિષે મ્હારી સદોદિત વૃત્તિ (લાગણી) કાયમ રહે તે સારુ મને કષ્ટ (વિપત્તિ) જ આપજો કે જેણે કરીને મ્હારું મન અખંડ આપનું જ સ્મરણ ચિંતન કર્યા કરે.

તબ મન છુટિ સંસારતેં, દુઃખ પાવે સબ ઠોર,
નાતર લગિ રહી લાલસા, જન્મ બહુર ફિર બહુર. ૧૧૧
કનક મુક્ત ચંદનાદિક, ધનીકો વૈ ઘરમાંહિ,
તસ છેદ ઘરસ બિના, અંગ સંગ તો નાહિ. ૧૧૨

૧૧૧ = કેમ કે દુઃખ પ્રાપ્ત થયેલું હોવાથી સંસાર ઉપરથી મોહાસક્તિ છુટી જાય છે સંસારમાં (અજ્ઞાને કરીને - મોહે કરેલી અહંતા મમતા) ક્યારે છુટે છે કે, જ્યારે તે સર્વ ઠેકાણે દુઃખ દુઃખ ને દુઃખરૂપ વિપત્તિઓ જ પામે છે, ભોગવે છે, ત્યારે તેને એ સંસાર ઉપર આપોઆપ અરુચિ ઉપજે છે તીવ્રતર વૈરાગ્ય ઉદય થઈ, તેનો ત્યાગ કરી દે છે.

૧૧૨ = (૧) કનક (સોનુ) (૨) મુક્તા (મોતી) (૩) કાષ્ટ સુખડ કેસર ચંદન આદિ પદાર્થને તેના ધણીના અંગનો સંગ થઈ શકતો નથી, એટલા પદાર્થો કોઈ માલીકના ઘરમાં હોય પણ તેને છેદ (છિદ્ર) પાડ્યા વગર કે ઘર્ષણ (ઘસ્યા) વિના, સુવર્ણ તાપે તપાય, એરણ ઉપર હથોડાના અનેક ઘા સહન કરે, જતેડામાં ઘાલે, તેણે કરીને ખેંચાય, સોનુ છેક નરમ કરી તેના અંગ વાંકા ચુંકા મરડીને

ચીમટામાં ઘાલી ચુટીઓ ખણવા જેવું કષ્ટ સહન કરે ત્યારે તે ભૂષણરૂપ આભૂષણ થયેથી તેને તેનો ધણી પોતાના અંગ ઉપર ધારણ કરે છે. (૨) મોતી થતાં પહેલાં સ્વાતિ નક્ષત્રનું બુંદ છીપાણો જીલી તે છીપાણમાં રહેનારો જીવડો તેને પોતાના ઉદરમાં ધારણ કરી રાખી મોંઢુ બંધ કરી સમુદ્રના અપારજળમાં ભોંયતળિયે બેસી રહે ને તે પરિપકવ પુરેપુરું મોતી પાકીને સિદ્ધ થાય, તેને સમુદ્રમાંથી બહાર કાઢીને પછી તે સાચું હોવાની ખાત્રી કરી. પછી તેનું અંગ બહાર પાડીને છેદે ત્યારે તે પણ સહન કરે ત્યારે તે મુક્ત (મુક્તા = મોતી) થઇ આભુષણરૂપ થાય છે જો એટલા કષ્ટો સહન ન કરે તો તે આભરણરૂપ ન થાય, ને ધણીના અંગનો સંગ કરવાને લાયક (પાત્ર) ન થાય.

જાતેં અઘ દુઃખ જ્ઞાન તહૂ, ફિર ફિર ક્યોં કૃતિ વેહિ,
અસક્ય બની કરતા ન તૂં, હરિ ઇચ્છા હે એહિ. ૧૧૩
અભલ કાહુકો હરિ ન કરિ, તું તો ઘરકો દાસ,
દીખત અભલ હિતુ ગુઢ પ્રભુ, તુ ધરિ દઢ વિશ્વાસ. ૧૧૪

૧૧૩ = જે અઘ (પાપરૂપ) કર્મ કરવાથી દુઃખ પ્રાપ્ત થાય છે એવું જ્ઞાને કરીને (જાણતાં) છતાં પણ અને કેટલીકવાર તે અસત્ કર્મના આચરણનું દુઃખરૂપ અનિષ્ટ ફળ ભોગવતાં છતાં પણ પાછી ફરી ફરીને તેવા પ્રકારની કૃતિ થાય છે. વળી પોતાનું તેવું કર્મ કરવાની ઇચ્છા નહીં હોવાથી તે અસત્ કર્મ ન થવાને બનતાં ઉપાયરૂપ પ્રયત્ન કરવા છતાં પણ બલાત્કારે અથવા બુદ્ધિ ભ્રમિષ્ઠ થઇને પણ એવું કાર્ય થઇ જાય છે એવા પ્રસંગે ભવિષ્યરૂપ પ્રભુની ઇચ્છા માનવી. કેમ કે પરાણે બળજોરીથી = વગર ઇચ્છાએ તે ટાળવાને અશક્ય બની જાય છે માટે તેવા પ્રસંગે તું કર્તાપણાનું અભિમાન ન રાખતાં ઇશ્વર ઇચ્છા એમ જ હતી એમ માન. જે કુકૃતિ પોતાને અણગમતિ છે અને તેનો ત્યાગ કરવાને પુષ્કળ પ્રયત્ન યાને ખંત રાખ્યા છતાં પણ ભાવિ પદાર્થ યોગે બને ત્યારે તેમાં ત્હારી કૃતિ માનવાની નથી પણ ઇશ્વર ઇચ્છા રૂપ જાણવી.

૧૧૪ = પ્રભુ સમગ્ર વિશ્વમાત્રના હિતકારી છે તે કોઇનું પણ કદીએ (અહિત) સર્વથા કરતાં જ નથી. ત્યારે તું તો તે શ્રીહરિનો દાસ થયો છે માટે ત્હારું તો અહિત પ્રભુ નહીં જ કરે. જેમાં આપણી ઓછી બુદ્ધિને લીધે ઉપર ઉપરના વિચારે કરીને એવું લાગે કે, આ થાય છે તેમાં અહિત દેખાય છે કે અહિત થશે એવું ભાસે છે. પરંતુ તે અહિત રૂપ દેખાતા પદાર્થમાં પણ પ્રભુએ પરમ હિતકારીપણું ધારેલું હોય છે. પરંતુ તે ગુઢ હોય છે. એમ તું દઢ વિશ્વાસે કરીને મનથી માનજે, ને પ્રભુનો નિશ્ચય વિશ્વાસ ધારણ કરજે.

ઈક દુ બેર કબુ ડરિ બચ્યો, પેં કિત સદા બચાવ ?
પક્રૃતિ પલટની હાથ હરિ, તેરો કછુ હુ ન દાવ. ૧૧૫
જિય સંભારી ચલી જોર કહા, સુભાવ તુરી મુખ જોર,
સોહિ બચે ઈક કર ગ્રહી, રાખે નંદ કિશોર. ૧૧૬

૧૧૫ = તે પ્રમાણે એકાદ બે વાર કદિ તું તેથી ડરીને બચાવવાનો પ્રયત્ન કર્યાથી બચ્યો હોઈશ. પરંતુ તેવું સદાકાળ તારાથી કેમ બચાવી શકાતું નથી ? ઘણી વખતે ઉપાય કર્યા છતાં પણ ભાવિ પદાર્થ નિકળ્યાના પ્રસંગો પણ ચાલે છે. માટે એ ઠેકાણે પ્રભુનું કર્યું જ થાય છે એમ નિશ્ચય કરી પ્રભુનો દઢ વિશ્વાસ રાખવો. જેની જે પ્રકૃતિ (સ્વભાવ) પડેલી હોય તે કદી બદલાતી નથી. પ્રકૃતિ પલટવી એ તો શ્રીહરિના હાથમાં છે એમાં ત્હારો કંઈપણ દાવ ન ચાલે.

૧૧૬ = યદ્યપિ દરેક જીવ પોતાને મળેલી બુદ્ધિ અનુસાર વિચાર કરીને સંભાળીને ચાલે છે તથાપિ તેમાં જીવનું કાંઇ જોર કે ડહાપણ ચાલતું નથી. એ પ્રકૃતિ (સ્વભાવ)નો વેગ તુરી (અશ્વ = ઘોડા) જેવો પ્રબળ હોય છે, જેવી રીતે ઘોડાને તેના મોઢામાં લગામ ઘાલી તે લગામની રસી (દોરી) તે ઘોડા ઉપર સવારી કરનાર પોતાના હાથમાં રાખે છે તે સ્વાર જે પ્રમાણે જે તરફ ગતિ કરવાનું ધારે છે તે તરફ લગામની દોરી રાખી તે ઘોડાને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવે છે, તેમ સર્વ જીવ માત્રની દોરી સર્વેશ્વર પ્રભુના હાથમાં (કાબુમાં) રહે છે તે જે પ્રમાણે ચલાવે છે તેમ ચાલે છે માટે જો તે ઘોડો આડે માર્ગે કોતર (ખાઇ)માં કે પાણીમાં કે આડે માર્ગે જતો હોય તો તેને સ્વારી કરનારો લગામની દોરીથી અટકાવી રાખે છે. તેમ જેને તે નંદકુમાર શ્રીકૃષ્ણ પોતાની પ્રકૃતિથી બચાવવા ધારે છે તેજ એ પોતાની જાતની પ્રકૃતિ (સ્વભાવ)થી બદલાઇ બચી શકે છે.

દુસ્તર દુઃખ જાતે ભુગો, ફિર ન કરે વહ કામ,
હેં ર્યોં તહુ બનિ પરાધીન, તબ ઈચ્છા ઘનશ્યામ. ૧૧૭

૧૧૭ = દુસ્તર (સહન ન થઈ શકે એવું અપાર) દુઃખ જે કારણથી જેણે ભોગવ્યું છે તેવું કાર્ય (કૃતિ) તે ફરી ન કરે એમ જાણે છે છતાં પણ તે તેવું કામ ફરીથી કરે છે. એ પ્રમાણે છે તો પણ જ્યારે પરવશ થાય ત્યારે તે જાણતા છતાં પણ પરાધીન થઈને કરવા પ્રવર્તે છે, ત્યારે જાણવું કે એ પ્રમાણે શ્રીભગવાનની ઈચ્છારૂપી ભાવી (પ્રારબ્ધ) છે, માટે તેમ બને છે.

કબિત - ૨૯

સત્રાજીત દુર્યોધન ચૈદ્ય કે કુબેન સહે,
સમય જાની કૃષ્ણ બિભુ સદા સુચિ ગાત્ર હે,
શ્રીરઘુપતિ કો કહી સહી, ધોબી દુષ્ટ બાની,
રાવન સીતાકૂ કહિ જગતકી જો માત્ર હે,
શંભૂકૂ કટુ વચન દક્ષ પ્રજાપતિ કહે,
નરસિંહકો મંડલીક નમન કે જો પાત્ર હે,
પંચાલી ધ્રુવ પ્રહ્લાદાદિક બડ ભક્તરાજ,
કુબચ સહે દયા તું તો કોન માત્ર હૈ ? ૨૯

૨૯ = જૂઓ શ્રીકૃષ્ણ ભગવાનને કુવેણ (અસભ્ય શબ્દોના કટુ વચન) (૧) સત્રાજીત યાદવે (૨) દુર્યોધને (૩) ચૈદ્યે (શીશુપાળે) કહ્યાં હતાં પ્રભુ તેને શિક્ષા કરવાને સંપૂર્ણ સ્વતંત્ર છતાં તે સહન કરી રહ્યાં હતાં. પ્રભુ નિર્દોષ હતાં છતાં તેણે કહેલાં અસહ્ય વચનોને પણ તેમનું અનિષ્ટ કરવાનો સમય તે વખતે આવેલો ન હોવાથી તે વખતે સહન કરી રહ્યા હતાં. વળી ભગવદ અવતાર શ્રીરામચંદ્રજીને કટુ વચન ધોબીએ પોતાની સ્ત્રી ઉપર ક્રોધના પ્રસંગે દષ્ટાંતરૂપે શ્રીસીતા મહારાણી (કે જે જગત્‌જનની) તે રાવણને ત્યાં રહ્યાં હતાં છતાં શ્રીરામચંદ્રજીએ પોતે તેમને ઘરમાં રાખ્યાનો દોષ કથન કર્યો. આ દોષ ખોટો કલ્પ્યો હતો. છતાં તે વચનને શ્રીરામચંદ્રજીએ સહન કર્યા હતાં. વળી શંભુને (શ્રીમહાદેવજીને) એજ પ્રમાણે કડવાં વેણ તેમના સસરા દક્ષ પ્રજાપતિએ કહ્યાં હતાં વળી ભગવદ્ ભક્ત કાઠીયાવાડ પ્રાંતના જૂનાગઢ ગામના રહીશ નરસિંહ મહેતા બ્રાહ્મણ વૈષ્ણવને કે જે ક્ષત્રિયાદિ સર્વ વર્ણને નમન કરવા યોગ્ય છતાં તે ગામના મંડલીક રાજાએ કેટલાક દુર્વચનો કહ્યાં હતાં. પાંચાલી (દ્રોપદીજી મહાન સતીઓમાં શિરોમણિ ભૂષણરૂપનાં) તેમને ભરસભામાં અનેક દુર્વચન દુઃશાશનાદિ કૌરવોએ કહ્યાં હતાં. એજ પ્રમાણે ધ્રુવજીને પણ કડવાં અસહ્ય વેણ મેણું મારવારૂપ તેમની ઓરમાન (સાવકી) માતુશ્રીએ કહ્યાં હતાં.

વળી પ્રહ્લાદજીને તેમના પિતા હિરણ્યકશ્યપુએ તથા વિદ્યાગુરુ પુરોહિત ચંડામર્કે પણ કહ્યાં હતાં. તેમને પણ અસત્ પુરુષોએ અસહ્ય કટુ વેણ કહ્યાં હતાં. તો પણ તેમણે સહન કર્યા હતાં, ત્યારે તેમની આગળ તું દયારામ ! જીવ તો ત્યાં કોણ માત્ર છે ?

કબિત – ૩૦

અવાતેં ઉબારે માંજાર બાલ સુમરનતેં,
ભારત ખગ છોંના રાખે, ઢાંપિ ઘંટ કરીકો,
જાલ જ્વાલા શ્વાન વ્યાધ ઘેરી, માધો મૃગી રાખી,
શિશુ સહ કપોત રાખે, નાસ તિન અરિકો,
પાંડવ સુધન્વા ગુજ રાજાદિક કષ્ટ કાટ્યો,
સ્મૃતિ માત્ર હોરે નહિ વિલંબ પાવ ધરીકો,
આપત્તિ અતિ કબુ ડરપે મત દયારામ,
સબ સંકટ ભય હારિ સુમન શ્રીહરિકો. ૩૦

૩૦ = અવાતેં એટલે મૃતિકાના વાસણ પકવવા સળગાવેલી ભઠ્ઠીથી, (કુંભાર લોકો મૃતિકાના વાસણ પકવવાને સારું નીંભાડો સળગાવે છે તેથી) ઉબારે (ઉગારે) માંજાર (બિલાડી) તેના બાળ (બચ્ચા) શા માટે ઉગાર્યા કે તે બિલાડીએ ભગવાનનું આર્તનાદે પોકારથી પ્રભુનું સ્મરણ કર્યુ હતું તેથી. કથા ભાગ એવો છે કે, એક બિલાડી કુંભારના ઘરમાં રહેતી હતી તેણે પોતાના તરત પ્રસવેલા બચ્ચાંને, કુંભારે માટીથી તૈયાર કરવા માંડેલા કાચાં પાત્રો ખાલી (ઠાલાં) હતાં તેમાં મુકેલાં હતાં. તેની ખબર તે કુંભારને ન હતી. તેથી તે કુંભારે અણજાણે પેલા માટીના પાત્ર નીંભાડા (ભઠ્ઠી)માં તે પાત્રો પાકે તે સારું મુક્યાં અને ભઠ્ઠીને ચારે બાજુએ અગ્નિ સળગાવ્યો તે અગ્નિવાળી ભઠ્ઠીમાં પેલા તુરતના પ્રસવેલા બાળકો પણ પેલા પાત્રના સંગે કરીને ભઠ્ઠીમાં મૂકાયાં છે ત્યાર પછી પેલા બચ્ચાની માતા આવીને પોતાના બચ્ચાં જે પાત્રમાં જે સ્થળે મુક્યાં હતાં ત્યાં તેને ખોળવા લાગી. પણ તે પાત્ર કે પોતાનાં બચ્ચાં કોઈપણ ન જડ્યાં જે પછી તેણે મનથી જાણ્યું કે આ માટીના પાત્રો, કુંભારે આ ભઠ્ઠીમાં મુક્યાં છે તેમાં તે પોતાના બચ્ચાવાળું પાત્ર પણ એ નીંભાડામાં મુકાયું છે તેથી હવે એ બાળકોને ઉગારવાને હું શો ઉપાય કરું ? પછી તેણે પોતાની વાણીથી પુષ્કળ શોર બકોર કરવા માંડ્યો, ને આંખમાંથી અશ્રુ પાડી રડવા લાગી. વિચારવા લાગી કે હે પ્રભુ જો આ ભઠ્ઠી સળગી ઉઠશે તો મ્હારા બચ્ચાં પણ બળી જશે માટે હે પ્રભુ તમે હવે એ બચ્ચાંનું રક્ષણ કરજો. ઈશ્વર ઈચ્છાએ તે કુંભારે પેલી ભઠ્ઠી (નીંભાડા) સળગાવવાને આઠે દિશા તરફ અગ્નિ મુકીને તે સળગાવવાનો ઉપાય પુષ્કળ સાહિત્ય અગ્નિ સંદીપન થવાને કર્યો. પણ પ્રભુ ઈચ્છા એ જે તરફ પેલાં બચ્ચાંવાળું પાત્ર હતું તે તરફ લેશ માત્ર પણ ઉની આંચ સરખી ન લાગી ને અગ્નિ થવામાં સહાયક જે પવન એ દિશા તરફ તદ્દન બંધ થઈ ગયો. બાકીની સર્વ દિશા તરફ પુષ્કળ અગ્નિથી તે ભાંડ (પાત્ર) પાકચાં પણ

બિલાડીના બચ્ચાં હતા તે તરફ જૂએ તો તે નીંભાડો કાચો રહ્યો પછી તે કુંભારને જ્ઞાન આવ્યું કે એક કાચા માટલામાં બિલાડીના બચ્ચાં નાના વીયાચેલા હતાં તેને માટે આ બીલાડી, નીંભાડા આજુબાજુ શોધ કરી પોતાના ન્હોર (નખ) મારીને ખોળે છે એમ જાણી સર્વપાત્રોને બહાર કાઢ્યાં તો તેમાં પેલા બચ્ચાં જેવાને તેવાં પ્રભુએ જીવતા રાખી ઉગારેલાં જણાયાં હતાં. બચ્ચાને તેની મા સાથે મિલાપ પ્રભુએ કરાવી તેને બચાવ્યા હતાં. કુરૂક્ષેત્ર સ્થાનમાં જવાના માર્ગમાં એક ખગે (પક્ષીએ) પોતાના ઇંડા મુકયાં હતાં, તે માર્ગે અગણિત સૈન્ય સમીપ આવેલું જોઇને તે પક્ષીએ વિચાર કર્યો કે મહાભારત યુદ્ધ સારું આટલું બધું સૈન્ય એ મૂકેલાં ઇંડા તરફ જાય છે. જેથી તે ઇંડાવાળા બચ્ચાં ચગદાઇને મરી જશે તેથી તે ખગે તેનું રક્ષણ કરવાને માટે શ્રીભગવાનનું આર્તનાદથી સ્મરણ કર્યું જેથી તે સૈન્યમાં એક હસ્તીને બાંધેલો ઘંટ ચાલતાં ચાલતાં તે ખગના ઇંડા તરફ આવ્યો ત્યાં તે ઘંટ નીચે તૂટી પડ્યો ને તેમાં પેલા ઇંડાને પ્રભુએ બચાવ્યા. વળી એક હરણી હતી તેની પાસે જ ચાર પ્રકારના શત્રુ ઉભા હતાં. (૧) એક દિશા તરફ શિકારી કુતરાને મૂકેલો તે તેને મારવા તાકી રહ્યો હતો, (૨) બીજી દિશા તરફ પારધિ જાતે બાણ તાકીને મારવા ઉભો રહ્યો હતો, (૩) ત્રીજી તરફ તે પારધીએ દવ બાળવા સારુ સળગાવીને લગાડ્યો હતો (૪) ચોથી તરફ જાળ પાથરીને તેમાં ફાંદો તેને ઘેરવા કર્યો હતો. આવી રીતે હરણીનો શિકાર કરવા માટે પારધિએ યુક્તિ કરી હતી. આવી રીતે ચારે પાસે તે હરણીને નાશવાનો એકે ઉપાય (માર્ગ) રહ્યો ન હતો. જેથી તે હરણીએ ગભરાઇ નિરાશ થઇને પ્રભુનું સ્મરણ આવો વિપત્તિકાળ જાણીને પોતાનું રક્ષણ કરવા પ્રભુ સહાય થાય એવી લાગણીથી કર્યું ત્યારે પ્રભુએ તેને બચાવવા માટે એક અદ્‌ભૂત પ્રકારની યોજના કરી તે નીચે પ્રમાણે (૧) ઇશ્વર ઇચ્છાથી વર્ષાઋતુ નહીં છતાં અકાળે વરસાદ આવવા સારુ પુષ્કળ વાયુ (પવન) સૂસવાટા કરતો છૂટ્યો, તેણે કરીને પારધિએ ધારણ કરેલી પ્રત્યંચા (ધનુષ્યની દોરી) તે કામઠી સહ હાથમાં સ્વાધીન ન રહ્યાથી તૂટી ગઇ પેલુ બાણ ચઢાવેલું તે તેના હાથમાંથી છૂટી ગયું અને તે બાણ પેલા શિકારી કુતરાને લાગ્યું, તેણે પ્રાણાંત દુઃખ તે પારધિએ આપ્યાનું જાણી તે કુતરાએ તેને કરડી ફાડી ખાધો. વરસાદ પુષ્કળ થવાથી પેલો અગ્નિ પણ ઓલવાઇ ગયો. આ પ્રમાણે શ્રીમાધવ ભગવાને હરણીને સર્વ દિશા તરફ માર્ગ ખુલ્લા કર્યા અને તે નાસી ગઇ. અને અહિત કરવા ઇચ્છતાં હતાં તે જ મરણ પામ્યાં. પોતાના માળામાં પોતાના બચ્ચાં સહિત બેઠાં હતાં તે કપોત પક્ષીને મારવાને માટે તેની પાછળ ત્રણ દુશ્મનો હતાં. તેથી તે કપોત પક્ષીએ ભયમાંથી મુકત થવાને પ્રભુનું સ્મરણ કર્યું હતું.

(૧) તે કપોત પક્ષીનો શિકાર કરવા માટે ઉપર બાજપક્ષી ભ્રમતો હતો, (આકાશમાંથી બાજપક્ષી ઉડતો તાકતો હતો) (૨) અને નીચેથી પારધિ બાણ મારવાને તાકી રહ્યો હતો. તે બાણની પ્રત્યંચા ચઢાવીને તૈયાર થઇ ઉભો હતો. (૩) અને વચમાં (મધ્ય ભાગે વૃક્ષના પોલાણમાં) અજગર જેવો મ્હોટો સાપ હતો તે તેનું ભક્ષણ કરવાને તલપી (તાકી) રહ્યો હતો. પારધિએ તેને મારવાને બાણ મુકવા જતાં ઈશ્વર ઇચ્છાએ પુષ્કળ પવનને લીધે તથા ઉંદરે પ્રત્યંચાની દોરી કરડેલી હોવાથી ધારેલા નિશાન તરફ તે ન જતાં પેલાં ઉંચે ઉડતા બાજ પક્ષીને તે તીર જઈને વાગવાથી તે મરણ પામી નીચે પડ્યો. કપોત પક્ષી પણ ગભરાટ સ્થિતિથી નીચે વેગળુ પડ્યું તેને તલપ મારીને પકડવા સારુ નાગ પણ નીચે પડ્યો, પેલું બાણ નીચે ભોંય પર પડતાં નાગના મર્મ સ્થાન તરફ ભોંકાવાથી તે નાગે પેલા પારધિને દંશ કર્યો તેથી તેના પ્રાણ નીકળી ગયા, અને એ પ્રમાણે ત્રણે મારવાને તત્પર રહેલાનો નાશ થયો અને કપોત પક્ષીને તેના બચ્ચા સહિત પ્રભુએ ઉગારી લીધો. વળી ભગવદ્ ભક્તો, પાંડવો અને સુધન્વા, તથા હાથીના રાજારૂપ ગજેન્દ્ર (હસ્તી) ઈત્યાદીનું પણ પ્રભુએ સંકટ કાપ્યું છે, વળી તે કષ્ટ તેમણે પ્રભુને સંભારતા માત્રમાં જ અતિશય ઉતાવળથી પ્રભુએ દોડીને તાત્કાલીક દૂર કર્યું છે ને તેમાં પા ઘડી જેટલો પણ વિલંબ ક્રેલ નથી માટે અતિશય આપત્તિરૂપ સંકટ પ્રાપ્ત થાય તો પણ તેથી ન ડરતાં હે દયારામ ! તું તે સર્વ પ્રકારના કષ્ટો અને ભય માત્રને દૂર કરનારા શ્રીહરિનું સ્મરણ કર.

દુહા

પુત્ર શોક દુઃખ ટરે, સુનિ ચિત્રકેતુ ઈતિહાસ,
મુનુ સુત મૃતક બુલાયકે, હર્યો મોહ ભવ ત્રાસ. ૧૧૮
પરતિય મોહ મિટે, સુનત પુરૂરવા બૃત્તાંત,
માનિ જાય દુઃખ દોષ નિધિ, પરકિય હુઈ મન શાંત. ૧૧૯

૧૧૮ = શ્રીમદ્ ભાગવતમાં ચિત્રકેતુ રાજાના પ્રસંગમાં કહ્યું છે કે, પુત્ર ઉપર અજ્ઞાન રૂપ ગાઢ મોહે કરીને મિથ્યા ધારણ કરેલી અહંતા મમતા રૂપ આસક્તિ ટળવાના દષ્ટાંતરૂપની કથા ચિત્રકેતુ ને દેવર્ષિ નારદના સંવાદની પ્રસિદ્ધ છે, કે એ મુનિએ ચિત્રકેતુ રાજાના પુત્રના મૃત કલેવરમાં ચૈતન્ય પ્રકટ કરી તે મૃતક પુત્રને બોલાવી તે વૈરાગ્યનો તત્ત્વોપદેશ કરાવી ચિત્રકેતુ રાજાનો પુત્ર પરત્વે થયેલો મોહ અને ભવ (સંસાર)ના અહંતા મમતાપણાના ત્રિવિધ તાપરૂપ દુઃખ ક્લેશનો ત્રાસ નિવૃત્ત કરાવ્યો. આ દષ્ટાંત પુત્ર ઉપર મોહ ધારણ કરનારનો મોહ ટાળવા માટે શ્રીમદ્ ભાગવતમાં આપેલું છે.

૧૧૯ = વળી જેને પરસ્ત્રીમાં મોહાસક્તિ થઇ હોય તેને તેથી રહિત કરવા રૂપનું બીજું દ્દષ્ટાંત ઐલ (પુરૂરવા) રાજાનું એજ શ્રીમદ્ ભાગવતમાં આપેલું છે કે એ રાજાને ઉર્વશી નામની સ્વર્ગમાંની દેવાંગના (અપ્સરા) ઉપર અતિશય કામાસક્તિ હતી. એ રાજાએ ભોગ ભોગવ્યા છતાં કામાસક્તિ મંદ ન પડી તેથી ભિક્ષુગીત આદિમાં અનેક ઠેકાણે સ્ત્રીસંગથી વિવિધ પ્રકારની અનેક અસહ્ય વિડંબણા (દુઃખ) ભોગવવી પડે છે અને તેમાં દુઃખ અને દોષના ભંડાર છે એવું આ કથાથી સ્પષ્ટ સમજાય છે. તથા મોહાસક્તિ ટળી તીવ્ર વૈરાગ્ય ઉદય થાય અને પરસ્ત્રીમાં કદિ પણ લંપટ ન થતાં મનની શાંતિ થાય એ ચરિત્ર છે.

પતિ બિયોગ દમયંતિ સહિ, નલ દુઃખ પત્નિ વિયોગ,
લેલા મઝનુ આદિ, બિન સ્વારથ ભુગયે ભોગ. ૧૨૦
ધન હાનિ દુઃખ તબ ટરેં, સુનિયે કથા કદર્ય,
જામે અનરથ પંચદશ, સમુઝિ ત્રાસ સુખ વર્ય. ૧૨૧

૧૨૦ = શાસ્ત્રવિહિત પતિ પત્નિનો નિયોગ (દેહસંબંધ) તે પણ જો અતિશય મોહાંધપણાથી હોય તો પણ દુઃખદાયી છે જુઓ ધર્મ પરાયણ દંપતિ (નળરાજા, અને દમયંતી ઉભયનું જોડું) તેમને પણ પરસ્પર એકમેકને વિયોગ થવાથી અસહ્ય કષ્ટ ભોગવવું પડ્યું હતું. દમયંતિને પતી નળ રાજાના વિયોગનું અને નળરાજા (પતિ)ને પોંતાની સ્ત્રી દમયંતીના વિયોગનું દુઃખ ભોગવવું પડ્યું હતું. વળી લૈલા-મઝનુની વાર્તા જગતમાં પાક મહોબ્બત હતી તો પણ પરકીય ભાવરૂપની મોહાસક્તિ હોવાથી ઉભયને અતિ દુઃખદાયક થઇ એ બંનેના નિર્દોષ સ્નેહમાં પણ મરણ થયાં હતાં. આ વાત લૈલા-મઝનુની વાર્તા ફારસી (ઉર્દુ) કીસ્સાઓમાં જગત પ્રસિદ્ધ છે વગેરે આવા પ્રકારના દાખલા પુષ્કળ છે જેમાં કાંઇપણ હેતુ (સ્વાર્થ) વગર પણ દુઃખ ભોગવ્યું છે.

૧૨૧ = જેને દ્રવ્યનું સંકટ હોય, દ્રવ્ય ગયું હોય, કિંવા મૂળમાં હોય જ નહીં એટલે દરિદ્રપણાંની સ્થિતિ ભોગવતો હોય ને તેથી કરીને તે દુઃખ માનતો હોય તેણે શ્રીમદ્ભાગવતમાં કદર્યજીની કથા છે તે સાંભળવી ને દ્રવ્યની અભિલાષા ન રાખવી. કારણકે શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ કહ્યું છે કે ધનમાં ૧૫ (પંદર) પ્રકારના અનર્થરૂપ દોષ રહેલા છે, એમ સમજવું. જે દ્રવ્યની લાલસાનો ત્યાગ કરે તો તેહના સર્વત્રાસ (દુઃખ) નિવૃત્ત થાય, અને સર્વ પ્રકારનું શ્રેષ્ઠ સુખ મળે.

શ્રીસંકરસન શિવ સતી, બિધિ ગનપતિ સુરરાય,
નારદ સુપર્નાદિક મતિ, ભમિકા ઈતર કથાય. ૧૨૨
સબ શુભ ગુનનિધિ શુક મુનિ, અબલોં છિતિ ન સ્વધામ,
ત્યોં ભૃગુપતિ હનૂમાન હુ ભક્તિ જ્ઞાનકે ગ્રામ. ૧૨૩

૧૨૨ = જુઓ મ્હોટા મ્હોટા (સમર્થ પુરુષો)ની મતિ પણ મોહે કરીને ભ્રમિત થઇ ગઇ છે ત્યારે તે આગળ ક્ષુદ્ર જનોની તો વાત જ શી કહેવી ? એટલે તે તો મોહવાય જ એમાં કાંઇપણ શંકા જ નથી. (૧) શ્રી સંકરસન એટલે શેષજી અથવા બળરામજી કે લક્ષ્મણજી પણ ભગવાનની માયામાં મોહિત થઇ ભૂલાવામાં પડ્યાં છે. (૨) અને શિવજી (મહાદેવજી) ભીલડીમાં ને શ્રીમોહીની સ્વરૂપમાં ભાન ભૂલ્યાં હતાં. (૩) સતી (શ્રીપાર્વતીજી) શ્રીરામચંદ્રજી તે બ્રહ્મ સ્વરૂપ છે એમ શ્રીમહાદેવજીએ કહ્યાં છતાં ન માનતાં પરીક્ષા લીધી અને મોહ પામ્યાં. (૪) વિધિ (શ્રીબ્રહ્માજી) શ્રીકૃષ્ણાવતાર થવામાં અગાઉથી પ્રાર્થના કરવા ગયા હતાં, છતાં તેમણે શ્રીકૃષ્ણની ગ્વાલ, ગાય મંડલીની લીલા જોઇ ભ્રમિત થયા હતાં. (૫) ગણપતિ દેવ અને દાનવોએ મળી સમુદ્ર મંથન કર્યું તેમાં મંદરાચળને બોળી નાંખવા તૈયાર થયા. (૬) સૂરરાય (દિવતાઓના રાજા ઇન્દ્ર)ને પોતાનું પુજન ન થવાથી ખોટું લાગ્યું હતું તેણે વ્રજમાં પોતાનો પ્રતિવર્ષ થતો બલિયજ્ઞ શ્રીકૃષ્ણે બંધ કરાવ્યાથી ગુસ્સે થઇને કોપ કરી અપાર જળની વૃષ્ટિ કરી હતી. (૭) નૈષ્ઠિક બ્રહ્મચારી દેવર્ષિ નારદજી છતાં તેણે સ્ત્રી પરણવાની બ્રહ્મચર્ય ભંગ થવારૂપ કૃતિ કરવાને તૈયાર થઇ વલખાં માર્યા હતાં. (૮) સુપર્નાદિ (ગરુડજી) વગેરે શ્રીરામાવતારમાં શ્રીરામચંદ્રજીએ વેદ મંત્રોની મર્યાદા રાખવા સારુ સર્પાસ્ત્ર મંત્રથી પોતે સર્પના પાશથી બંધાયારૂપ લીલા કરીને સર્પાસ્ત્ર મંત્ર ઉપર ગરુડાસ્ત્ર મંત્રનું બળ ચાલતું હોવાથી પોતાના વાહનરૂપ ગરુડજીને સંભાર્યા (બોલાવ્યાં) તેથી ગરુડજીને એમ ભાસ્યું કે, શ્રીરામચંદ્રજી જો ભગવાન હોત તો પોતાની મેળે સર્પાસ્ત્રથી મુકત થાત. પણ પોતાની મેળે બંધન ન છુટ્યું હું આવ્યો ત્યારે જ સર્પ નિવૃત્ત થયા એમ પોતાની ગુણાભિમાન પણાની અહંકૃતિ કરી ભૂલાવામાં પડ્યાં હતાં.

૧૨૩ = સર્વ સદગુણના ભંડારરૂપ શ્રીશુકદેવજી મુનિ છતાં તે હજુ સુધિ પૃથ્વીમાં સ્વધામને પ્રાપ્ત થયાં નથી. વળી એ જ પ્રમાણે ભૃગુપતિ એટલે ભગવદ્‌‌ાવતાર પરશુરામજી અને હનુમાનજી કે જે ભક્તિ અને જ્ઞાનના ધામરૂપ હતાં છતાં તે પણ પરબ્રહ્મને પ્રાપ્ત ન થતાં ચિરંજીવરૂપ થઇ ભૂતળમાં જ રહ્યાં છે.

સાધન બલ નહિ પરમપદ, હરિ ઇચ્છા તેં હોય,
ગીધ ગનિકા અમૃત સહજ, ધનિકો ધની ન હોય. ૧૨૪
અંગદ અતિ ટટર્યો તહુ, નિકટ ન રાખ્યો રામ,
હઠિ કલ્પે મત કામના, સરન ગહે ઘનશ્યામ. ૧૨૫

૧૨૪ ='સર્વ દષ્ટાંતોના સારરૂપ સિદ્ધાંત વચન એ છે કે, કોઈપણ સ્વતંત્ર સાધન રૂપના બળે કરીને પરમ પદને પ્રાપ્ત થયું નથી. અર્થાત્ જે કોઈ પામ્યા છે તે સર્વને શ્રીહરિની ઈચ્છા એજ મુખ્ય કારણ (પ્રભુના અનુગ્રહરૂપ) કૃપા રૂપ જ કારણ છે. એ પ્રભુ ઈચ્છા રૂપ અનુગ્રહ કૃપા બળે કરીને જુઓ ગીધ પક્ષી અને ગણિકા અપાત્ર દોષ નિધાન છતાં પરમપદને પામ્યાં છે. સત્યામૃત રૂપ બ્રહ્મપદને પ્રાપ્ત થયા છે. આ ઉપરથી અનુમાન કરીને વિચાર કરશો તો સહેજે જણાઈ શકે તેવું છે કે પ્રભુ સર્વના સ્વામિ સ્વતંત્ર કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સર્વ કરવાને સદા સંપૂર્ણ સ્વતંત્ર સામર્થ્યવંત છે, એ પરાત્પર પર બ્રહ્મ તેજ સર્વના ધણી (સ્વામી) છે અને તેમને માથે અન્ય કોઈપણ પ્રભુ નથી.

૧૨૫ = કોઈ કહેશે કે પ્રભુની સ્તુતિ પ્રાર્થના કરીએ તો તેણે કરીને તે પોતાનું પરમપદ સ્થાન આપશે જ. પરંતુ રામાયણમાં કથા છે કે, વાલીના પુત્ર અંગદે શ્રીરામચંદ્રજી આગળ સદા પ્રભુના ચરણકમળમાં રાખવાને ઘણાં કાલાવાલા કર્યા હતાં, છતાં શ્રીરામચંદ્રજીએ તેની ઈચ્છા પ્રમાણે પોતાની નિકટમાં ન રાખ્યો માટે તું હઠાગ્રહ ન કરીને કાંઈપણ કામના ન કર ત્હારી ઈચ્છા પૂર્ણ કરવી કે કેમ ? એ કેવળ શ્રીહરિની ઈચ્છા ઉપર છે. માટે તે શ્રીહરિનું તું શરણ ધારણ કરજે.

ઉદ્ધવ અતિ પ્રિય કૃષ્ણમન, તહુ ન લે ગયે સાથ,
પ્રભુ ઈચ્છા જો સોઈ ભલ, દોષ રોષ નહિ નાથ. ૧૨૬
અહંકાર અન્યાશ્રય અરુ, હરિ ગુરુજન અપરાધ,
અકથ દોષ હું હરે, શરન પ્રભાવ અગાધ. ૧૨૭

૧૨૬ = વળી શ્રીકૃષ્ણાવતારમાં ઉદ્ધવજી જ્ઞાની ભક્તરાજ શ્રીભગવાનના અંતરંગ સખા હતાં. શ્રીકૃષ્ણને અતિશય વ્હાલા હતાં. તથાપિ પ્રભુએ તે પોતાના ભક્તને પોતાની સાથે જ પરમપદને પ્રાપ્ત ન કરાવ્યું. તેમને પોતાની જોડે જ ન લઈ જતાં કાંઈક વખત સુધી ભૂતળમાં રાખી તેમને પણ પોતાના અંશાવતારરૂપ બદ્રિકાશ્રમ ધામવાસી શ્રીનરનારાયણ ઋષિનો સમાગમ કરવાની આજ્ઞા કરી પધાર્યા માટે જે કાળે પ્રભુની જેમ ઈચ્છા હોય તેમાં જ ભલું માનવું, પરંતુ તેમાં કદી પણ પ્રભુનો દોષ આણી પ્રભુ ઉપર રોષ ન કરવો.

૧૨૭ = કદાચ કોઈ જીવ અહંકારી, કે અન્યાશ્રયી હોય અથવા શ્રીહરિ, શ્રીસદ્ગુરુ, કે શ્રીહરિજનનો અપરાધી હોય, કે તે કથન પણ ન થઈ શકે (કહી કે ગણી શકાય પણ નહીં એવા) દોષવાળો હોયને તેણે કરીને તે દુઃખી હોય તો તે સર્વ દુઃખમાંથી મુકત થવાને સારુ શ્રીહરિને શરણે જવું. શ્રીહરિની દૃઢ અનન્ય શરણાગતિ રાખવાનું કારણ એ છે કે એ ભગવદાશ્રય રૂપ શરણાગતિનાં બળનો અપાર પ્રભાવ છે.

બની અવજ્ઞા સિવ સિવા, ચિત્રકેતુ બડ સંત,
તનક હું સોચ ન મન ધર્યો, મનિ ઈચ્છા ભગવંત. ૧૨૮
પૂછ્યોં શ્રી ગોસ્વામિસોં પ્રથિપત જોરી હાથ,
કહુ સાહિબ કેસે મિલે ? બોલે બિઠલનાથ. ૧૨૯
પ્રભુ કો મિલવો હોય તો, મિલે સહજ મેં આય,
જિય પ્રભુ મિલબો અતિ કઠિન, જદપિ અનેક ઉપાય. ૧૩૦

૧૨૮ = શ્રીભગવાનના મ્હોટા ભક્તરાજ ચિત્રકેતુ રાજા હતા કે જેમને કૈલાસ સ્થાન પર્યંત જવા આવવાની ગતિ હતી, એવા મહાનુભાવી ભક્તરાજે પોતાના અલ્પ જ્ઞાનને લીધે શ્રીમહાદેવજી અને શ્રીપાર્વતીજીની અવજ્ઞા કરી હતી. બ્રહ્મકોટીના શ્રીમહાદેવજી કૈલાસમાં શ્રીપાર્વતીજીને ઉત્સંગમાં લેઈ દિગંબર સ્વરૂપે બિરાજેલા જોઇ સદાશીવ સ્વરૂપને વિષે દોષ માની શિખામણ દેવા લાગ્યા જે ઉપરથી તે ચિત્રકેતુ રાજાને શ્રીપાર્વતીજીએ શાપ દીધા છતાં પણ ચિત્રકેતુ રાજાએ તેથી લગાર પણ ગભરાવા રૂપ શોચ ન કર્યો, ને એ પ્રમાણે થવાનું શ્રીહરિએ ધારેલું હશે એમ મનમાં માન્યું હતું. આ કથા શ્રીમદ્ ભાગવતમાં પ્રસિદ્ધ છે.

૧૨૯-૧૩૦ = એક સમયે પૃથ્વીપતિ (સર્વભૌમ ચક્રવર્તી) બાદશાહે શ્રીમદ્ ગોસ્વામિ શ્રીવિઠ્ઠલેશાચાર્યજીને હાથ જોડી પૂછ્યું કે, હે મહારાજ ! સાહેબ (ખુદા) શી રીતે મળે ? ત્યારે પૃથ્વીપતિને શ્રીવિઠ્ઠલનાથજી (ગોસ્વામીજી)એ આજ્ઞા કરી કે - જો એ ખુદા (પ્રભુ) જ આપ પોતાનું બિરદ વિચારી કેવળ અનુગ્રહ રૂપ કૃપા કરીને જેને દર્શન આપવાની ઇચ્છા કરે તેને જ તે પ્રભુનો મિલાપ દર્શનાદિ થાય. પરંતુ જો જીવ પોતાની મેળે અનેક પ્રકારના ઉપાયરૂપ અગણિત સાધન કરે તો પણ તે મળવા (પ્રાપ્ત થવા) બહુ જ કઠણ (દુર્લભ) છે.

કબિત - ૩૧

મત્તગયંદ

હારકું ઢીલ લગી મહેતા તબ, પુત્રિ ઉઠાઈ કદા બિપરીતી,
ઠાકુર અચાસ ગંગ પાઈ તહુ, રાખિ છુરિ કદિ જો નહિ જીતી,
ચો દિનમેં મરિ ગાય જીયેગી ન સધ કહી સુરનામ સુભીતિ,
કહત દયો હરિ ન બસ કાહુ લહી, બડ ભક્ત હિ ખંડ પ્રતીતિ. ૩૧

૩૧ = શ્રીભગવાન કોઈને વશ નથી. (કારણકે તે સદા સ્વતંત્ર છે) તથાપિ તે ભગવાન ભક્તોને વિશ્વાસ આપે છે, અને ભક્તને જાણે આધીન હોય તેમ વર્તે છે. તેના દાખલા (૧) જૂનાગઢના ભક્તરાજ કવિ શ્રી નરસિંહ મહેતાને

પ્રભુએ ઘણીવાર પોતાની પ્રતીતિ આપી હતી. (૧) શ્રીમહાદેવજી દ્વારા શ્રીવૃંદાવનમાં શ્રીકૃષ્ણ પરમાત્માના રાસ વિલાસના તેમને દર્શન કરાવ્યાં હતાં, અને પ્રેમ લક્ષણા ભક્તિના પ્રભાવે તેમનાં અનેકાનેક કાર્ય પ્રભુએ કર્યા હતાં. જેમ કે (૧) તીર્થ કરનારા યાત્રાળુઓને લખી આપેલી હુંડી શ્રીદ્વારકાધીશ પ્રભુએ સ્વીકારી તે હુંડીનાં નાણાં આપ્યા હતાં. અને પ્રભુ શામળ શાહ નામ ધરાવી, એ નરસિંહ મહેતા શેઠ, અને પોતે તો તેના ગુમાસ્તા છે એમ તીર્થવાસી જનો પ્રત્યે કહ્યું હતું. એટલે પ્રભુએ ભક્તના ભક્તપણાનું બિરદ (બદ) ધારણ કર્યું હતું. (૨) નરસિંહ મહેતાના પુત્ર શામળના વિવાહ અને લગ્ન કરવામાં સહાયભૂત થયાં હતાં. (૩) નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇના સીમંત પ્રસંગમાં મોસાળું કર્યું હતું. (૪) નરસિંહ મહેતાને તેમની વેવાણે મ્હેણું માર્યું હતું ત્યારે પ્રભુએ મહેતાને સ્નાન કરવા મૂકેલું ઉનું પાણી ઠંડુ શીતળ (સમોવડ) કરવાને માટે વરસાદથી જળની વૃષ્ટિ કરી હતી. (૫) નરસિંહ મહેતાના પિતાનું પ્રભુએ સ્વહસ્તે શ્રાદ્ધ કર્યું હતું. અને બ્રાહ્મણોને જમાડી દરેકને સોનાની મ્હોરની દક્ષિણા આપી હતી. ઇત્યાદિ અનેક પ્રસંગે પ્રભુએ પ્રતીતિ ઘણીવાર આપેલી હતી, છતાં જ્યારે અનેક કર્મઠ અને સન્યાસી ઇત્યાદિકે માંડલિક રાજાને એ મહેતાજીની વિરુદ્ધ તે અસત્ય અને પાખંડી વ્યભિચારી છે ઇત્યાદી મિથ્યા દોષરૂપ અપવાદો કહી, જો તે સાચો હોય તો શ્રીદામોદર ભગવાનને મહેતાની પુષ્પની માળા કંઠે ધરાવે અને ભરસભામાં તે માળા મહેતાજીને પ્રભુ પ્રત્યક્ષ આપે તો તેને સાચા ગણવા અને તેમ ન બને તો મહેતાજીને ધુર્ત પાખંડી જાણી સવારે શિરચ્છેદ કરવો એવી હઠાગ્રહપણાની આડચ વચમાં રાખી નરસિંહ મહેતાને ચારે બાજુ તરફ ઘેરો ઘાલી વચમાં રાખ્યા હતાં. મહેતાજીએ પોતે સાચા હોવાથી તેમ કરવા હિંમત ભીડીને કહ્યું કે પ્રભાતમાં (વ્હાણું વાતાં) મ્હારા પ્રભુ મને પોતાની માળા (પ્રસાદી હાર) જરૂર આપશે જ, એવી ભરસભામાં પ્રતિજ્ઞા કરી. પાછલી રાત વ્યતિત થવા આવી તો પણ પેલી પુષ્પના હારની માળા પ્રભુએ ન આપતાં ભક્તનું વચન સંપૂર્ણ સત્ય કરવાને સારુ વ્હાણું વાય ત્યાં સુધીની ઢીલ (વિલંબ) કરવા માંડી, જેથી તે દઢ પ્રતીતિમાં લગાર ખંડીતપણાં રૂપ પ્રતીતિ રાખી પોતાની પુત્રી કુંવરબાઇને કહેવા લાગ્યા કે આપણી સહાય ઘણી વાર પ્રભુએ કરી ખરી, પણ આ હાર આપવામાં ઢીલ (વાર) લગાડે છે. તેથી માંડલીક રાજા આ સર્વસભાની વચમાં મને મારશે માટે હે બેટા, હવે હું તને આ આપત્તિના સમયે પણ શિખામણ દઉં છું કે કદાચ, મ્હારુ મૃત્યુ થાય તો પણ તું એ શ્રીકૃષ્ણ પરમાત્માને જ માતા, પિતા, દાદા, મામા, પિયર, મોસાળ આદિ

સર્વમાં ગણીને તેમનો જ આધાર દઢ રાખજે. એ પ્રમાણે સંપૂર્ણ દઢ પ્રતીતિમાં જરાક વિશ્વાસ ખંડીત થયો હતો - જો કે પ્રભુએ તો મહેતાજીના કહેવા પ્રમાણે હાર ભક્તરાજને ભક્તના કહેવા પ્રમાણે જ વ્હાણું વાતાં જ આપ્યો હતો. પરંતુ મહેતા સરખાની દઢ વિશ્વાસની પ્રતીતિમાં રંચક ખામી રૂપ જણાયું એ આવા શ્રેષ્ઠ ભક્તના સંપૂર્ણ લક્ષણમાં વિપરીતતા દેખાડે છે.

(૨) દાખલો - સપ્તપુરી જેવું મહાધામ શ્રીદ્વારીકાપુરી ત્યાં ઘણાં કાળથી શ્રીદ્વારકાધીશ હતાં ત્યાંથી એ પ્રભુ ભક્તરાજ વિજયસિંહ બોડાણાજીને માટે ભક્તની વયોવૃદ્ધતાને કારણે થયેલી અશક્તિરૂપ તેના શ્રમને જાણીને પ્રભુએ પોતે પરિશ્રમ લઈને એ પુરી છોડી બોડાણાજીને ગામે ડાકોરજીમાં પધાર્યાની વાત જગ પ્રસિદ્ધ છે. પ્રભુ ભક્તને ત્યાં જ બિરાજે છે એ પ્રતીતિ જગતને થવાની સારુ બોડાણા ભક્તના ધર્મ પત્નિ ગંગાબાઈને કહ્યું કે ત્હારી સવાવાલપુર સોનાની વાળી (કાંટો નથની) છે તેટલા વજનપૂર હું થઈશ ને તું ગુગળીઓ આગળ ચોખ્ખું સ્પષ્ટ કહેજે કે, તમને શ્રીદ્વારકાધીશ પ્રભુની મૂર્તિના તોલ બરોબર સોનું તોળીને આપીશ એ પ્રમાણે કહ્યાં છતાં એ ગંગાબાઈએ સંપૂર્ણ દઢ ભરોસો શ્રીરણછોડરાયજી ભગવાનનો ન રહેવાથી કદાચ પ્રભુના સ્વરૂપનું વજન વધી પડશે તો હું વધારે સોનું ક્યાંથી લાવી આપીશ ? એવી શંકા રહીને પ્રભુને વિષે દઢ સંપૂર્ણ પ્રતીતિ (વિશ્વાસ)માં લગારેક (જરા) અણપ્રતીતિ આવી, ને તે કારણે જો ઉલટું પરિણામ કદી આવશે તો હું તરત પેટમાં છરી મારીને આત્મઘાત (પ્રાણ હત્યા) કરીશ. એટલાં માટે ગંગાબાઈએ ડાકોરમાં શ્રીઠાકોરજીને તોલતી વખતે પોતાના પેટ ઉપર નાભી નીચે નાની તેજદાર અને અણી પાણીદાર, છરી એવી પોતાની જોડે રાખી પહેરેલાં લુગડાં નીચે ખોસી રાખી હતી. જો કે પ્રભુએ તો પોતાનું વચન સંપૂર્ણપણે પાળી ભરસભામાં યશ આપવાને ભક્તરાજ ગંગાબાઈની લાજ રાખી હતી. પરંતુ જીવ સ્વભાવને લીધે હું કદાચ નહીં જીતું તો આ છરી વડે મારા પ્રાણ હું મ્હારી મેળે કાઢી નાખીશ એવો અવિશ્વાસ પ્રભુ વચન છતાં પ્રભુ ઉપર આણ્યો હતો.

(૩) નામદેવજી ભક્તરાજનો દાખલો ભક્તમાળને ભક્તિ વિજ્યાદિક ભક્ત ચરિત્રોમાં પ્રસિદ્ધ છે. કથા ભાગ એવો છે કે, નામદેવજી શ્રીવિઠ્ઠલનાથજીના ભક્તરાજ હતાં, તે દરજીના દીકરા છતાં ભગવદ્ ભક્તિમાં અગ્રણી જેવા હતાં. તેથી તે ભગવદ્ ભજન નિષ્કામ ભાવે કરતાં અને પ્રભુએ તેમને પ્રત્યક્ષ (સાક્ષાત્કાર) દર્શન અને સાક્ષાત્ અનુભવના પરચા ઘણીવાર આપેલ હતાં. તેમની ભજન સ્મરણ કીર્તનની ભક્તિનો યશ પુષ્કળ ફેલાયાથી તેમના ઉપર

ઈર્ષા રાખનાર ભગવદ્ ભક્તિ રહિત જડ કર્મવાદી ઘણાં હતાં, તેમણે ભક્તરાજનો અતુલીત યશ પ્રભાવ સહન ન થઇ શકવાથી એ ભક્તના ઉપર ગો હત્યાનો ખોટો દોષારોપ કરવાને માટે નામદેવજી ભક્તના ખેતરમાં મૃત ગાય મૂકી અને એ ગાયની હત્યા નામદેવજીએ કરી છે એવી ખોટી અફવા (વાત) ચલાવી, નામદેવનું માન ખંડન થાય તે માટે ઘણાં લોકોને ભેગા કર્યા, ભક્તરાજ નામદેવજી શુદ્ધ નિર્દોષ હતાં તો પણ જગતમાં પ્રસિદ્ધિ સત્યની કરાવવા સારુ નામદેવજીને મુખે એમ કહેવડાવ્યું કે ગાયનો વધ મેં કર્યો નથી. એ વાત જો ખરી હોય તો ચાર દિવસમાં આ મૃતક ગાય સજીવન થજો એમ કહી પ્રભુના નામ સ્મરણ કરતાં હતાં. ભક્ત દ્વારા બોલાવનાર પ્રભુના વચન ચાર દિવસની અંદર એ ભક્તના ખ્યાલમાં (ધ્યાનમાં) ન રહ્યાથી મૃતક ગાય કેમ ઉઠતી નથી ? એમ સંદેહ કરી પ્રતીતિમાં જરાક ખાંપણ પણ લાગે તેવી અશ્રદ્ધા રાખી હતી. ભગવદ્ નામ સજીવન કરવાને સમર્થ છતાં સદ્ય થવા ન કહ્યું. જો કે પ્રભુએ તો ભક્તનું વચન પુરેપુરું સત્ય કર્યું પરંતુ વચમાં જે અવિશ્વાસ લગાર ઉપજ્યો એટલું સંપૂર્ણ ભક્તના લક્ષણમાં ખામી જેવું ગણાયું. આ સર્વ દાખલાઓ આપીને દયારામભાઇ કહે છે કે સર્વેશ્વર પ્રભુ સ્વતંત્ર છે તે કોઇને વશ (આધીન) નથી. મ્હોટા મ્હોટા ભક્તોને પણ કવચિત્ કવચિત્ પ્રભુને વિષે પણ અવિશ્વાસ આવ્યો હતો.

૧૩૧-૧૩૨ = આ બે દુહાઓ હસ્તાક્ષરની લિખિત પ્રતમાં ફાટી ગયેલાં છે.

સતી આદર દક્ષ ન કીયો, ગુરુકો કીયો ન શક્ર,
ભગવત ઈચ્છા માનિયે, વાકે દિન અતિ વક્ર. ૧૩૩
પંખીરાજ શ્રી ગરુડજી, લહ્યો કાગતેં જ્ઞાન,
સાધેંસુ બઢે ચહુ ખરી, ગર્વ ભંગ ભગવાન. ૧૩૪

૧૩૩ = (૧) સતી (શ્રીપાર્વતીજી)નો આદર તેમના પિતા દક્ષ પ્રજાપતિએ ન કર્યો. (૨) શક્રે (ઇન્દ્રે) પોતાના ગુરુનું આદર સન્માન ન કર્યું. આ પ્રમાણે વિપરીત મતિ થવામાં ભગવદ્ ઇચ્છા માનવી. જ્યારે દિવસ વાંકા (નબળા) આવ્યા હતા ત્યારે ઉલટ કૃતિ કરવાની મતિ થાય છે. અથવા બીજો અર્થ એવો પણ થઇ શકે છે કે તે પૂર્વ જન્મના અનુસાર ઇશ્વરે પોતાની ઇચ્છારૂપ અનિષ્ટ ફળ આપવા ધાર્યું હોય તેની મતિ ઉલટી થાય છે.

૧૩૪ = પંખી (બે પગવાળા જનાવર પક્ષીઓ) માત્રના રાજા ગરુડજી શ્રીભગવાનનું વહન તેને ગર્વ થયો કે અનંત કોટિ બ્રહ્માંડના નાયક શ્રીભગવાનનો ભાર હું જ વહન કરવાને સમર્થ છું એવો ગર્વ (અભિમાન) થવાથી તથા શ્રીરામાવતારમાં શ્રીરામચંદ્રજી જ્યારે નાગાસ્ત્ર મંત્રનું માન રાખવાને સારુ

નાગપાશથી બંધાયા હતા ત્યારે નાગાસ્ત્રના પાશથી મુક્ત થવા ગરુડાસ્ત્ર મંત્ર શ્રીરામચંદ્રજીએ ભણી ગરુડજીને બોલાવ્યા ગરુડજી આવતાં જ નાગો (સર્પો) તરત જ જતાં રહ્યાં એ લીલા જોઇને પણ શ્રીગરુડજીને અભિમાન આવ્યું કે હું આવ્યો તો નાગાસ્ત્રના પાશથી શ્રીરામચંદ્રજીને મેં છોડાવ્યા ત્યારે છુટ્યા. માટે હું રામચંદ્રજી કરતાં પણ શ્રેષ્ઠ છું. આવી વિપરીત બુદ્ધિ થઇ અર્થાત્ મોહે કરીને અજ્ઞાન ભાસ્યું હતું. એવા પક્ષી માત્રના રાજા ગરુડજીને થયેલું અભિમાન રૂપ અજ્ઞાન નિવૃત્ત થવા માટે ને બ્રહ્મનું શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે પોતાની રૈયત (પ્રજા) તુલ્ય કાગાકૃતિવાળા કાક ભુંશુંડીજી પાસે તે પ્રાપ્ત કરવા સારુ જવું પડ્યું હતું. ને તેમના જ્ઞાનોપદેશે કરીને પછી પ્રભુનું તેને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું હતું ને તેમના ગર્વનો ભંગ કરાવવાને સારુ શ્રીભગવાને આ પ્રમાણે કર્યું હતું. આવા સાધુ ભગવદ્ ભક્ત સદા શ્રીભગવાનની પાસે રહેવાવાળાને પણ અજ્ઞાને કરીને મોહવર્ગ વધી જાય છે. ત્યારે અન્ય સામાન્ય વૈષ્ણવોને થાય એમાં કાંઇ નવાઇ જેવું ન ગણાય પ્રભુ સંબંધી સાધન સાધવાથી ઉચ્ચ પદની પ્રાપ્તિ થાય છે એ વાત ખરી, પણ મ્હોટા થાય છે ત્યારે અભિમાન વધે છે તે કારણે તેવાને ગર્વ હોવો એ ઉચિત નહિ એમ જાણી ભગવાન તે ગર્વ ભંગ કરવા માટે તે જનો ઉપર અનુગ્રહ કરે છે.

કુમૃત્યુ સ્વજન બિયોગ દુઃખ, કૃષ્ણ કથા તેં જાય,
ઉગ્ર ધર્મ ઈતિહાસ સુનિ, સુસંગ કરિ હરિ ગાય. ૧૩૫
સુનિ ભુશંડિ મુખ શિવકથા, મૂલ દાસકો દાસ,
મોપુર એ વક્તાસુ કા નહિ માત્સર્યા ભાસ. ૧૩૬

૧૩૫ = મૃત્યુ (અકાળ મૃત્યુ) દુઃખરૂપી થયું હોય, તો તે ટળવાને માટે તથા સ્વજન સગા કુલ કુટુંબીવાળાં પોતાના સહોદર સંબંધીનો વિયોગ થયો હોય તો તે દુઃખ દૂર થઇ તેનો પુનઃ (ફરી) મિલાપ થવાને સારુ ઉપાય એ છે કે શ્રીકૃષ્ણ ભગવાનની કથા વાર્તા સાંભળવી. જૂઓ ગુરુ પત્નીના પુત્રો દરીયામાં ડુબી ગયેલાં હતાં તે મૃતક પુત્રને શ્રીકૃષ્ણે આણી આપ્યાં હતાં. વળી (૨) શ્રીદેવકીજીના મરણ પામેલા પુત્રોને પણ શ્રીકૃષ્ણે આણી આપ્યાં હતાં અને (૩) દ્વારીકાલીલામાં બ્રાહ્મણના મરણ પામેલાં પુત્રને લોકાલોક પર્વત ઓળંગીને ભુમા નારાયણના ધામમાં તે પુત્ર હતો ત્યાં શ્રીકૃષ્ણ આઠે આવરણ ભેદીને ગયાને ત્યાં જઇને ત્યાંથી શ્રીકૃષ્ણે તે પુત્રને આણીને તે બ્રાહ્મણને આપ્યો હતો. (૧) ઉગ્ર (ઉગ્રસેન રાજા)ને ત્યાં આસુરી બુદ્ધિવાળો કંસ પુત્ર પ્રકટ થયો હતો (૨) ધર્મ પ્રકટ થયા હતા એ ઉભયના ઇતિહાસની કથા



સાંભળવી અને સત્ પુરુષોનો સંગ (સુસંગ) કરી શ્રીહરિને ગાવા પ્રભુનું નામ સંકીર્તન ગુણ ગાન કરવું અથવા આ બન્ને કડીનો ભેગો અર્થ એવો પણ નીકળે છે કે, ઉગ્ર ધર્મ એટલે સાધારણ દૈહિક આ (વર્ણ અને આશ્રમના) ધર્મ વર્ણનની કથા કરતાં પણ અતિશય શ્રેષ્ઠ ધર્મ (આત્મધર્મ અથવા ભાગવત્ ધર્મ) પરત્વેની કથા, જેમાં હોય તેવા ઈતિહાસ સાંભળી (સત્પુરુષ દ્વારા એ શ્રવણ કરી) તે શ્રીભગવાનના ગુણાનુવાદ ગાવા એવો પણ અર્થ થઈ શકે છે.

૧૩૬ = ગરુડજી ભગવદ્ ભક્ત, વાહનને (પાર્ષદરૂપ હતાં તેમણે) કાગ ભુશંડીજીના મુખ થકી કલ્યાણકારી કથા સાંભળીને નિર્ણય કર્યો કે, હું તે પરાત્પર શ્રીપુરુષોત્તમનો દાસાનુદાસ છું, મ્હારા પૂરમાં આવી શ્રેષ્ઠ ભગવદ્ કથા કહેનારા વક્તા મારા પ્રારબ્ધ યોગે મળેલા નહિ હોવાથી મ્હારામાં અજ્ઞાને કરીને મિથ્યા માત્સર્યરૂપી દોષ આવેલો હતો અથવા મેં આવા સત્પુરુષોનો સમાગમ પ્રથમથી જ જો કર્યો હોત તો મને કદિ પણ આવું અભિમાન (ગર્વ) આવત જ નહિ અને હું સદા એમ જ માનત કે હું તો શ્રીરામચંદ્રજીનો દાસાનુદાસ છું તે ભગવાન ક્યાં ? અને તેની સમતાના લેખામાં હું ક્યાં ?

હરિશ્ચંદ્ર નલ પાર્થ સહ, પત્ની ભયે પરાધીન,
પુન્યશ્લોકી ભક્ત હરિ, તું વહાં કો રતિ હીન ? ૧૩૭
સુથરા દિલ વેસાહિ રખી, જેસા આગે થા,
માનું ધાગા મૂંજકા, પાચા હી ન થા. ૧૩૮

૧૩૭ = સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા, અને પૂણ્ય શ્લોકી નળરાજા સરખાને તથા અર્જુન એ ત્રણેય જણને પોતાની પત્નિ (સ્ત્રી) સહિત પરાધીન પણે રહેવાનો પ્રસંગ ભાવિ યોગે આવી પડેલ હતો તેઓ અન્ય સાધન માર્ગે તે સાધન ઉપર બળ રાખવાવાળા હતાં. પરંતુ તું તો શ્રીહરિનો ભક્તિવાળો ભક્ત છે ત્યારે તારું રતિ (એટલે પ્રારબ્ધ) શું તેમના કરતાં હિણુ (ઓછું મંદભાગ્ય) છે ? ના નથી જ કેમ કે તારામાં એક વિશેષ રીતે પ્રભુનો અનુગ્રહ થવાનું મુખ્ય કારણ એ રહ્યું છે કે તારી રતિ (પ્રીતિ) તો તે પ્રભુ ઉપર જ છે અને પ્રભુ પણ ત્હારા ઉપર રતિ (સ્નેહ) રાખે છે. એ પ્રેમલક્ષણાં ભક્તિ પ્રભુ પરત્વે રતિ (ચણોઠી) પૂર જેટલી પણ કાંઇ ઓછી નથી. બીજો સરળ અર્થ એવો થાય છે કે મ્હોટા મ્હોટા સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા, પૂણ્ય શ્લોકી નળ રાજા અને શ્રીકૃષ્ણ ભક્ત સખા અર્જુન આ ત્રણેને પત્ની સહિત પરાધીન દશા પ્રારબ્ધ યોગે ભોગવવી પડી છે. ત્યારે તેમની આગળ તું તો ભાગ્યહીન એવો તેની તો વાત જ શી કરવી ?



૧૩૮ = ઉક્ત (દૃષ્ટાંત) રૂપ એવી આખ્યાયિકા છે કે, એક સુથરા નામનો ભગવદ્ ભક્ત હતો તે હંમેશા તીર્થાટન કરતો હતો. તે હંમેશા અનેક તીર્થો, પુરીઓ, ધામો અને પૂણ્યક્ષેત્રોમાં જઇ ત્યાં દરેક ઠેકાણે ૩ ત્રણ રાત્રિ પર્યંત રહેતો, તે ભગવાનનું ત્યાં ધ્યાન, જપ, પાઠ, સ્તુતિ ઇત્યાદિ ભગવદ્ ધર્મરૂપ કર્મો કરતો હતો. વૈરાગ્યવંત પણ હતો. પોતાની પાસે કંઇપણ પદાર્થ માયિક પ્રપંચનો તે રાખતો નહિ. એક સમયે અરણ્યમાં જતા માર્ગમાં એક રસી (દોરડું) પડેલી તેણે જોઇ. ત્યાં કોઇપણ મનુષ્યની વસતિ ન હોવાથી ઘણીવાર સુધી કોઇ માલીક મળે તો તેને સોંપીને જવા સારું ત્યાં કેટલાક દિવસ પર્યંત રહ્યો. પણ કોઇ માલીક પેદા ન થયો ત્યારે તેણે તે દોરડું પોતાની પાસે રાખ્યું ને ચાલવા માંડ્યું. વરસાદ તે સાલ પડેલો નહીં ને ઉન્હાળાનો દિવસ હતો તેથી માર્ગમાં જળાશયો (તળાવો, સરોવરો, નદીઓ વગેરે)માં પણ પાણી સુકાઇ ગયેલું હતું જેથી બહુ દૂર છેટે ગયો ત્યાં એક કુવો ઉંડો જેમાં જળ હતું તે સુથરાની નજરે પડ્યો. ત્યાં પાણી કાઢવામાં પેલું દોરડું સહાયક ઉપયોગી કામમાં આવ્યાથી તેણે તે દોરડાનો આશ્રય ધારણ કર્યો. ને મનથી માન્યું કે જો આ દોરડું મને ન મળ્યું હોત તો તૃષાતુરના ભારે કષ્ટથી મ્હારુ મરણ થઇ જાત. એમ જાણી તે દોરડાની ઉપર તેણે આધાર રાખ્યો પણ દોરડાના સરજનહાર, અને દોરડું જે જે પદાર્થોથી બને છે તે વસ્તુ માત્રને ઉપજાવનાર, તથા દોરડું મેળવી આપનાર, એવા જે પ્રભુ તેની ઉપર આધાર ન રાખ્યો. તેથી ઇશ્વર ઇચ્છાએ એવો યોગ આવ્યો કે ખાંધે ભરાયેલું પેલું દોરડું રસ્તે જતાં અજાણે ભૂલથી કોઇ ઠેકાણે પડી ગયું કાં તો તે કુવા ઉપર જ તે ભૂલી ગયો, રોજનો મહાવરો દોરડાને સાથે રાખવાનો પ્રથમથી ન હતો જેથી તેને તે દોરડાનું ભાન ન રહ્યું. આ પ્રમાણેની સ્થિતિમાં તે દૂર ચાલ્યો ગયો. ગિરિ, પર્વત, ગુફા, નદી, ટેકરા વગેરે ઉતરીને તે બીજી મજલે જ્યારે પહોંચ્યો ત્યારે તૃષા પુષ્કળ લાગી પણ કુવો કે વાવ ઇત્યાદિ જળાશય દૃષ્ટિએ ન પડ્યું જેથી તે કુવો શોધતો હતો એટલામાં પ્રભુ ઇચ્છાએ એક કુવો નજરે પડ્યો. ત્યારે તેણે તેમાંથી જળ કાઢવાને માટે પેલું જડેલું દોરડું સંભાર્યું ત્યારે પોતાની પાસે દોરડું ખોળવા લાગ્યો તે દોરડું ન મળે. ત્યારે તે બહુ નિરાશ થઇ ગયો અને તે દોરડું ક્યાં પડી ગયું કે કાં તો કુવા ઉપર જ ભૂલથી રહી ગયું તેનો ઉંડો વિચાર કરવા લાગ્યો. છેવટે તેને સ્મૃતિ આવી કે, ખરેખર તે દોરડું પેલા અઘોર વનમાં જે કુવો હતો તેના પડથાર ઉપર જ હું ભૂલી ગયો. (વિસરી ગયો) હવે જે તે ઠેકાણે પાછો જાઉં તો તે અતિશય દૂર છે, વળી મને તૃષા પણ અતિશય લાગી છે, બહુ ચાલ્યાના પરિશ્રમને લીધે થાકી પણ ગયો છું, છતાં

કદાચ પાછો જવાની હિંમત રાખું તો પણ તે કુવો હવે જડશે નહિ ? એવા બહુ લાંબા વિચારમાં પડી ગયો. તૃષાતુરતાથી જીવ પણ ગભરાવા લાગ્યો. પછી વિચાર કર્યો કે પ્રભુએ જ મને તે દોરડું મેળવી આપ્યું હતું, ને તે મળતાં પહેલાં પણ મારો નિર્વાહ ચાલતો હતો પણ મેં તે પ્રભુનો આશ્રય છોડી તે દોરડાનો આધાર રાખ્યો તેથી આ વિપત્તિમાં હું આવી પડ્યો એમ નિશ્ચય કરી તે દોરડાની કાળજી (ચિંતા) છોડી દઇ તેણે પોતાના દિલને (મનને) બોધ કર્યો કે હે સુથરા તું પ્રથમ તો દોરડા રહિત જ હતો ત્યારે પણ તારો કાળક્ષેપ થતો હતો એમ જાણી તું તે સર્વેશ્વર પ્રભુનો દઢ આધાર રાખ. પ્રભુ તને સર્વ કાંઇ આપશે જ એમ નિશ્ચય કરી આગળ ચાલવા લાગ્યો. તો તે દેશ તરફ પ્રભુની ઇચ્છાથી પુષ્કળ વરસાદની હેલી થયેલી હોવાથી ત્યાં સર્વત્ર સ્થળે ખાડાઓ, તળાવો, કુવા, વાવો હોજ વગેરે પુષ્કળ પાણીથી ભરપુર હોવાનું નજરે પડ્યું, ત્યાં તે વનમાં વૃક્ષો, કંદમૂળ, ફળફૂલ, બાગ બગીચા પ્રફુલ્લિત જણાયા. અને અનેક પક્ષીઓનો કલરવ પણ શ્રવણે પડવા લાગ્યો. આવી એકદમ અણચિંતવી આનંદદાયક તે સ્થળની શોભા જોઇ તે બહુ વિસ્મિત થઇ ગયો. ત્યાં તાપ, શ્રમ અને ક્ષુધા તૃષા નિવૃત્ત થવાના સર્વ સાહિત્યો હાજર જાણી ત્યાં ખાનપાનાદિ કરી વિશ્રામ લીધો અને તે પછી પ્રભુનો દઢ આશ્રય રાખવા નિશ્ચય કર્યો ને પ્રથમથી થયેલી દોરડા રૂપી ચિંતાનો ત્યાગ કર્યો.

મન મરકટકે પગ ચુભ્યોં, જદપિ અનાદર ક્ષોભ,
તદપિ નચાવત શક હઠી, નિપટ કલંદર લોભ. ૧૩૯
જ્યાહાં બિશ્વાસ હરિ વહાં, જ્યાહાં લોભ વહાં પાપ,
જ્યાહાં સંતોષ વહાંહિ સુખ, જ્યાહાં તૃષ્ણા વહાં તાપ. ૧૪૦

૧૩૯ = મનરૂપી મરકટ માંકડાને મદિરા પાઇ મસ્ત કર્યો હતો વળી પગે વીંછી કરડ્યો તેની પીડા ચાલું છે તો પણ મદારીને તે વાતની વીંછીના દંશની બળતરાની કાંઇ ખબર નહીં હોવાથી તે તેને બરોબર નાચનો ખેલ કરાવવા તે હઠાગ્રહ કરે છે કેમ કે જો આ વાનર માંકડુ જો બરાબર રમત નહીં કરે તો મને આ તમાસો જોવા એકઠા થયેલા લોકો કાંઇ ધનાદિ આપશે નહિ તેથી તે મદારી પેલાં માંકડાને વારંવાર શિક્ષારૂપી દંડ દે છે. સિદ્ધાંત સમજાવવાને માટે ભક્ત કવિ વર્યે મનને માંકડા જેવું કલ્પ્યું છે. કારણકે મનનો વેગ વાયુ કરતાં પણ વધારે છે અને એક ક્ષણમાં અનેક મનોરથો કરવાવાળું છે તથા મોહમાયા અહંતા મમતા અજ્ઞાનાદિને વશ થાય એ રૂપી મદિરા પીધી છે. મનને આડે માર્ગે જતું રોકવાની સલાહ આપનાર મનની ઉપર સત્તા ભોગવનાર તથા સારા માઠાનો

નિશ્ચય કરનાર તેના ઉપર બુદ્ધિ છે તે બુદ્ધિરૂપી મદારી છે તથાપિ તે બુદ્ધિ પણ ઘણે ભાગે પોતાના મને નિશ્ચય કરેલા સ્વાર્થરૂપ લોભ લાલચમાં ફસાય છે. જેવી રીતે પેલા માંકડાને થતી વેદનાને કે તેની વિકલિત સ્થિતિને જાણવાને અંતર્યામી નથી તેમ આ બુદ્ધિ પણ મનમાં ઉઠેલી વિવિધ તૃષ્ણાઓ રૂપ ઉઠેલી ઉર્મિઓને કે તેણે મનમાં કરેલા તર્ક વિતર્કોને પણ બુદ્ધિ જાણવાને સર્વજ્ઞ નથી. સારા માઠા પરિણામિક બાધાફળ જાણવાની તે બુદ્ધિને પણ ખબર હોતી નથી. મને ધારેલી તૃષ્ણાઓમાં વીંછી જેવો દંશ કરી સાલનાર ચિંતારૂપી વીંછી કલ્પ્યો છે. મનના વિવિધ પ્રકારના તરંગોરૂપ તૃષ્ણા મનોરથો રૂપી ચિંતા તે પેરે પેરે નિરંતર સાલ્યા કરે છે. યદ્યપિ તેને મદારીરૂપી બુદ્ધિ તેવા અયોગ્ય મનોરથો ન કરવા માટે તેનો અનાદર કરે છે તથાપિ કોઇ કોઇ વખતે તો તે માંકડારૂપી મન અને મદારી રૂપી બુદ્ધિ એ બન્ને સ્વાર્થરૂપી લોભને આધીન થઇ એકમેકને મળી જઇને પણ વિપરીત ખેલ કરવાને કટિબદ્ધ (તૈયાર) થાય છે. અને તે બુદ્ધિ (મદારી) મન (માંકડા)ને નચાવે છે. આ સર્વમાં મુખ્ય દોષ રૂપ લોભને કલ્પ્યો છે, માટે સર્વ દોષમાં અર્થ કામનાવાલા લોભનો ત્યાગ કરવો એ ફલિત હાર્દ છે.

૧૪૦ = આ દુહો ૧૩૮ અને ૧૩૯ એમ બન્નેના સિદ્ધાંત તાત્પર્યરૂપને સમજાવનારો છે. જ્યાં પ્રભુના ઉપર દૃઢ યકીન વિશ્વાસ છે ત્યાં સદા પ્રભુ તેની નજીક છે જ. જ્યાં લોભ હોય ત્યાં સર્વ પ્રકારના દોષ અને અનર્થરૂપ પાપનો વાસ જાણવો એટલે લોભે કરીને પાપ કર્મ કરવાની મતિ પ્રવૃત્ત થાય. જેની સંતોષ વૃત્તિ છે તેને તેમાં સુખ માત્રનો ભંડાર રહેલો હોય છે અને જે તૃષ્ણાવંત છે તેને જરૂર તાપ (શોચ, પરિતાપ, ચિંતા) થાય જ.

ચિંતા કાહુ બાતકી, મહાપ્રભુ કહિ મત રાખ,
બ્રહ્મસંબંધ ચિંતામનિ તુવ હિય, દિન જિન ભાખિ. ૧૪૧
તૈં સબ અરપ્યોં કૃષ્ણકો, તોકું રહી કા આંચ,
તોહિ રહિ જો આંચ તોં, ભોંન સમર્પન સાંચ. ૧૪૨

૧૪૧ = શ્રીમદ્ વલ્લભાચાર્યજી (શ્રીઆચાર્યજી મહાપ્રભુજી)એ **'નવરત્ન ગ્રંથ'**માં પોતાના વૈષ્ણવોને આજ્ઞા કરી છે કે, કોઇપણ વાતની ચિંતા લૌકિકની, કે અલૌકિકની તું ન કરીશ. કારણકે બ્રહ્મનો સંબંધ તને કરાવ્યો છે. એ પરાત્પર પરબ્રહ્મનો સંબંધ ચિંતામણિ જેવો ઇચ્છિત સર્વ મનોરથોને પૂર્ણ કરી સર્વ અભીષ્ટ ફલનું દાન કરવાવાળો છે માટે તું ત્હારા હૈયામાં દીન થઇ પ્રાકૃત-જનને તું તે કહીશ નહીં. પ્રાકૃત ક્ષુદ્ર જનો આગળ તું ગરીબાઇ દેખાડીને તેમને પ્રાર્થીશ નહીં.

૧૪૨ = તે બ્રહ્મનો સંબંધ કરતી વખતે સર્વાત્મા નિવેદન કરી શ્રીકૃષ્ણ ભગવાનને તે સર્વસ્વ સમર્પણ કરેલું છે તેથી હવે કોઇપણ પદાર્થનો તું માલિક ન રહ્યો પણ સર્વેશ્વર પરબ્રહ્મ પરમાત્મા તેજ સર્વના સ્વામિ માલિક થયા. જ્યારે તું કોઈનો પણ માલિક ન રહ્યો ત્હારી સત્તા માત્ર છૂટિ ગઇ ત્યારે હવે તેવી પરાઇ સત્તાવાળા માલિકના પદાર્થોને વિષે ત્હારે ચિંતા કરવાનું શું પ્રયોજન છે ? ઉછીતી માગી આણેલી વસ્તુ તે માલિકને પાછી સોંપી આપી, ત્યારપછી તે વસ્તુનો માલિક તેને જેમ યોગ્ય લાગશે તેમ તેની તે વ્યવસ્થા કરશે. હવે તારે તેની ફીકર શા માટે કરવી પડે ? તારે કાંઇપણ પરિતાપ કરવાની જરૂર જ નથી. છતાં જ્યારે તને તેને અર્પણ કરેલા પદાર્થની ચિંતારૂપી અગ્નિનો તાપ રહ્યો ત્યારે તે વસ્તુનું મન કર્મ વચને સત્ય સંકલ્પ સર્વાત્મ નિવેદન (સમર્પણ) પ્રભુનું કર્યું જ નથી માટે તને ચિંતા રહે છે. સર્વ કોઇ શાહુકારના દિકરા છે અર્થાત્ પ્રભુના દિકરા છે કેમ કે પરમાત્મા તે સર્વના આત્મા છે. અને આત્મા માત્ર પરમાત્માના અંશભુત છે તે પરમાત્મા અંશી છે એ પરમાત્મા સ્વરૂપ આત્મા સર્વ દેહધારી માત્રમાં બિરાજે છે. માટે આત્મારૂપી ધન સર્વની હૃદયગુહા પ્રદેશમાં રહેલું હોય છે. પરંતુ જેણે પોતાનું હૃદય ખોલીને તપાસીને જોયું નથી તે એ તત્ત્વરૂપ ધનની જેણે ખોજ તપાસ કરી ન હોય તે કંગાલ દરિદ્રીની પેઠે ફરે છે.

બહુત યત્ન કરિ મિલાવેં, સહજહિ મે સો ખોય,
અટપટી લીલા વ્રજેશકી, સમુઝી પરે ન કોય. ૧૪૩
કોડીપેં ચિત્ત ના ધરે, સો કોરિ લગિ રોય,
ઉદાર કૃપન ન કોઇ જગ, હરિ પ્રેરી મતિ હોય. ૧૪૪

૧૪૩ = જે બહુ જ પ્રયત્ન મહેનતે કરીને જે મેળવે છે તે પુરુષ સહેજમાં તે ખોઇ પણ નાખે છે. તે શ્રી વ્રજના ઇશ શ્રીકૃષ્ણ પરમાત્મા છે તેની લીલા અટપટી છે અકલિત : ન જાણી શકાય કે ન સમજી શકાય તેવી છે.

૧૪૪ = જે ત્યાગી તિવ્ર વૈરાગ્યવંત હોય જેણે સર્વમાયિક પ્રપંચનો ત્યાગ કરેલો હોય એટલે કરોડો રૂપિયા જેવી મિલ્કતમાં પણ જેની લેશ માત્ર પણ તૃષ્ણા જેના ચિત્તમાં ન હોય તેવા પુરુષ પોતાની કરોડો રૂપીયાની મિલ્કતો પરમાર્થ રૂપમાં ખર્ચી નાંખી સંગ્રહ રહિત વર્તતા હોય છે તે પણ કોઇ સમયે નજીવી કિંમત કોડી રૂપ ક્ષુદ્ર પદાર્થને મેળવવાને માટે રુદન કરતાં હોય એવો પ્રસંગ પણ આવે છે. માટે વિશ્વમાં કોઇ ઉદાર કે કૃપણ પણ નથી એમ માનવું જે કાળે જેવી મતિ બુદ્ધિ પ્રભુ આપે છે, પ્રેરે છે, તે કાળે તેની તેવી વૃત્તિ થઇ તે પ્રમાણે તે કરે છે આ ઉપરથી એ સિદ્ધાંત સૂચવે છે કે, સર્વમાં થવામાં ને ન થવામાં ઉભયમાં પ્રભુ જ બુદ્ધિના પ્રેરક રહેલા છે.

હરિ રુચિ બિન કછુ હુ ન ભયો, રુચિ બિન કછુ હુ ન હોત,
રુચિ બિન કછુ ન હોયગો, મૂઢ કાહે કો રોત ? ૧૪૫
કીયો હોત સબ કૃષ્ણકો, કછુ કરિ શકે ન કોઈ,
તહુ અતિ સૂક્ષ્મ રૂપ જિય, તાસુ ભ્રમન તો હોઈ. ૧૪૬

૧૪૫ = શ્રીહરિની રુચિ ઈચ્છા = મરજી વિના કાંઈપણ થયું નથી અને તેમની ઈચ્છા વગર કાંઈપણ થતું નથી. તેમ તેમની મરજી વગર કાંઈપણ થઈ શકનાર નથી એ નિશ્ચય છે. માટે હે મૂઢ અજ્ઞાની = મૂર્ખ તું શા માટે રડે છે.

૧૪૬ = સર્વ ઠેકાણે શ્રીકૃષ્ણનું કર્યું તે જ થાય છે. કોઈપણ કાર્ય કાંઈપણ કરવાને અન્ય કોઈપણ સમર્થ થઈ શકતા નથી. તો પણ આ વાત બહુ સૂક્ષ્મ સમજણની હોવાથી તેના જોઈએ તેવા સ્પષ્ટ અને સંપૂર્ણ રૂપને જીવ જાણી શકતો નથી તેટલા માટે જીવની મતિ ભ્રમણ થાય છે.

ચૂક અરુ ચિંતા યહ દુહુ, જીયકો ધર્મ સુ હોઈ,
હરિ મિટાવે તો મિટે, જિયતેં મિટે ન કોઈ. ૧૪૭
હરિ બિન મોંસુ બનેં ન કછુ, સબકુ ન ઈહ દઢ હોઈ,
તાપ ટારનોં હોય હરિ, તબ કર્તાપન ખોઈ. ૧૪૮

૧૪૭ = ચૂક ભૂલ અને ચિંતા, એ બન્ને જીવના ધર્મ છે માટે જીવના સ્વાભાવિક ધર્મથી તે થાય છે. જ્યારે શ્રીહરિ મટાડે ત્યારે જ મટે છે. પણ જીવથી સ્વતંત્રપણે પોતાની મેળે એ મટી શકતા નથી.

૧૪૮ = શ્રીહરિની સત્તા ઈચ્છાને પ્રેરણા વગર મ્હારાથી કાંઈપણ બની શકતું નથી. એ વાત નિશ્ચય છે. તથાપિ સર્વનું તેવું સંપૂર્ણ દઢ જ્ઞાન હોતું નથી. અથવા તેવી દઢ મતિ સદા રહેતી નથી. જ્યારે શ્રીહરિને તાપ ચિંતા ટાળવી હોય ત્યારે જીવ પોતાનું કર્તાપણું ખુવે છે.

કલહ દુઃખ નારદ દુર્વાસા, ન અઘ તાપ,
હરિ આયશ કુલ ક્ષય તહુ, પાર્થ ક્લેશ રુચિ આપ. ૧૪૯
અચિંત્ય અતકર્ય અટપટી, અસંભવ અકલ અનૂપ,
કછુ હુ ન કહત બને સમુઝિ, હરિ ઈચ્છા ઈહ રૂપ. ૧૫૦

૧૪૯ = દેવમુનિ નારદજીનો સ્વભાવ બીજાને દુઃખ આપવા રૂપ કૌતુહલ કરી એકમેકની માંહે પરસ્પર ક્લેશ ક્લહ કંકાશ કરાવવાને તેમાં તેમનું પ્રિયપણું રાજીપણું હોય છે. દુર્વાસા મુનિનો સ્વભાવ સહજ અપરાધ ઉપર અતિશય ક્રોધ કરી શાપાદિક દઈને બીજાને દુઃખ દેઈ તાપ ક્લેશ કરાવવા રૂપ પડેલો છે. એમાં પણ શ્રીહરિની ઈચ્છા હોય છે. જૂઓ તો શ્રીકૃષ્ણ ભગવાને જ પોતાના યાદવ

કૂળનો સંહાર કરવાની ઈચ્છા કરી. પછી પરસ્પર યાદવ કૂળનું નિકંદન કર્યું. પાર્થ અર્જૂન સરખા પોતાના સખાને તેની ઈચ્છા વિરુદ્ધ મહાભારત જેવું યુદ્ધ કરાવવું તેમાં તેને ક્લેશરૂપ દુઃખ કરાવ્યું પણ તેમાં પરિણામિક હિતરૂપ ફલ આપવાની પ્રભુ શ્રીકૃષ્ણની ઈચ્છા હતી, તે પ્રમાણે જ બન્યું.

૧૫૦ = જે ચિંતનમાં પણ ન આવી શકે. ચિતવ્યામાં એટલે બુદ્ધિમાં પણ ન આવે તથા જે તર્કમાં પણ આવી ન શકે એવી અટપટી સમજણ ન પડે તેવી અને જે વાત સંભવી પણ ન શકે તેવી તથા બીજાને જે કળ્યામાં જાણ્યામાં પણ ન આવે તેવી ને જેની ઉપમા પણ બીજાને આપી ન શકાય તેવી કાંઈપણ કહી ન શકાય વર્ણી ન શકાય કે કાંઈપણ સમજણમાં ન ઉતરે કે પ્રભુની આવી ઈચ્છા છે કે તેનું આવું રૂપ લક્ષણ છે.

કબિત - ૩૨

ચાહે સોહિ કરે કૃષ્ણ હે બાત સાચી,
પેં સો સુનિ પુષ્ટિ દાસકો, ડરનો નાંહિ હે,
નિજ દ્વેષી વિમુખકો, ધર્મકો અધર્મ કરે,
અધર્મકો ધર્મ તાકુ પરે પાય છાંહિ હેં,
કરન ઓર પાંડવ, એ દોહુકો દૃષ્ટાંત દેખો,
ભક્તકો ન નાશ કૃષ્ણ કહ્યો ગીતા માંહિ હે,
અતિ બડો અપરાધી, તોહુ શ્રીજી છોંડે ના,
દયાપ્રભુ શ્રી બલ્લભ ગ્રહી જ્યાકી બાંહી હે. ૩૨

૩૨ = શ્રીકૃષ્ણ ચ્હાય તે જે ઇચ્છે તે કરવાને ઐશ્વર્ય વંત છે. કેમ કે કર્તુમ્. અકુર્તુમ્, અન્યથાકર્તુમ્ સર્વ કરવાને સદા સ્વતંત્ર સમર્થ છે, સર્વ પ્રકારની ઈશ્વરતા તેમાં હોવાથી તે સર્વેશ્વર કહેવાય છે એ ઈશ્વરના પણ ઈશ્વર પરમેશ્વર છે. આ વાત સાચી છે કે - એ ઈશ્વરની સહાયતા હોય તો જ સર્વ કોઈ કાર્ય કરવાને શક્તિવંત થાય પણ એવું સાંભળીને પુષ્ટિ અનુગ્રહી શ્રીકૃષ્ણદાસે કોઈનો ડર રાખવાનો નથી અર્થાત નિર્ભય રહેવાનું છે. શ્રીકૃષ્ણે પોતાના દ્વેષી જનોને તથા પોતાથી વિમુખ રહેલાં અધર્મીજનોને પણ ધર્મરૂપ માની તેની સુગતિ કરી છે. દ્વેષી જનો જેમ કે કંસ, શીશુપાલ, પુતનાબકી ઈત્યાદિ ભગવત્ વિમુખ પડેલા જનો વ્યાધ, પારધિ મામકી વેશ્યા ઈત્યાદિ ગણિકા, ભિષ્મપિતા અધર્મ કૃતિવાળા જનોને ધર્મરૂપ માની તેને પણ સદ્ગતિ આપી છે. વસુદેવજી પિતા તે શ્રીકૃષ્ણના હિતાર્થે અસત્ય બોલ્યા છતાં પરમ ધર્મરૂપ ગણ્યું. પાંડવો એ વેદ

વિરુદ્ધ કેટલીક કૃતિ કર્યા છતાં અધર્મ ન ગણી. અર્જુને પોતાના બહેન (સુભદ્રા) ઉપર વિષય વાસના વિકારવાળી બુદ્ધિ ધારણ કરી હતી. છતાં તે અધર્મ રૂપ ન ગણતાં તેને અનુકુળ થયાં હતાં. જેમને પગે પડવાથી નમન કરવાથી છત્રરૂપ છાયાની પેઠે સુખ મળે છે. કરણ રાજા દરરોજ સવામણ સુવર્ણનું બ્રાહ્મણોને દાન આપતાં હતાં. આવા ધર્મિષ્ઠ છતાં તેને પરમ પદની પ્રાપ્તિ ન આપી. એવા દાખલા અનેક છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુન પ્રત્યે સ્પષ્ટ કહ્યું છે કે તું ભરસભામાં બન્ને ભૂજા (હાથ) ઉંચા કરીને નિડરપણે કહેજે કે, શ્રીકૃષ્ણના ભક્તોનો કદિ પણ નાશ થતો નથી. એક વાર શ્રીકૃષ્ણે જેનો અંગીકાર કર્યો હોય તે શરણાગત જન કદિ પાછળથી અતિશય મ્હોટા અપરાધો કરે તો પણ તેને શ્રીજી કદી પણ છોડતા નથી જ દયારામભાઇ કહે છે કે જેની બાંહ્ય શ્રીકૃષ્ણ પરમાત્માના પરમપ્રિય શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ઝાલેલી છે તેનું કદીપણ અહિત કે અશુભ થનાર નથી જ.

દુહા

ભક્ત અહિત બિન ચાહિ સો કરિ ઈશ્વર સુસમર્થ,
યોં ન કહેં તો પ્રતીતિ ટરી તાબિન હુઈ સબ બ્યર્થ. ૧૫૧
નિજ જન અતિ અપરાધ કબુ દેખિ દેઈ કછુ દંડ,
પેં કરતેં છોડે ન હરિ છોડે વ્રત હુઈ ખંડ. ૧૫૨

૧૫૧ = ઈશ્વર ચ્હાય તે પોતાને જેમ ગમે તેમ, પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કરવાને સમર્થ છે, તથાપિ તેમનાથી કદિપણ ભક્તનું અહિત તો થઇ શકતું જ નથી. એટલે ભક્તનું અહિત થાય એવું તો કદિ પણ ચ્હાતા જ નથી. જો એ પ્રમાણે ન કહીએ તો ભક્તને પ્રભુની પ્રતિતી વિશ્વાસ ન રહે, અથવા એવો પણ અર્થ થાય છે કે જો એ પ્રમાણે પ્રભુ ન કરે તો પ્રભુની ઉપર ભક્ત જનનો વિશ્વાસ પ્રતીતિ ન રહે અને પ્રતીતિ ન હોવાથી અવિશ્વાસ આવ્યાથી ભક્તનું સર્વમિથ્યા થઇ જાય.

૧૫૨ = પ્રભુનું દઢપણ (વ્રત અથવા પ્રતિજ્ઞા) એવું છે કે એકવાર પ્રભુએ જેનો હાથ પકડ્યો સ્વીકાર્યો તેને પ્રભુ કદી પણ છોડતાં નથી. જો છોડે તો તે પ્રભુની ટેકમાં ખંડિત પણું થાય. પ્રભુ પોતાના જનના જો કદી બહુ અપરાધ દોષ હોય ત્યારે તે જોઇને તે ભક્ત ઉપર અનુગ્રહ કરવાને માટે પોતે તેને શિક્ષા દંડ દે છે.

અહં મમ અસહન જલ્પ અતિ, અનીતિ હરિ ન અનુકૂલ,
પ્રપંચ રતિ હરિભજનના દુઃસંગ નોં દુઃખ મુલ. ૧૫૩
જ્યોં જ્યોં કરે સુ કરન દે, સબ સમુઝત વ્રજનાથ,
ઈક કાંટા ઈક કતરની, દોહુ હરિ કે હાથ. ૧૫૪

૧૫૩ = અહંતા મમતા અને અસહનતા તથા જલ્પ વિતંડાવાદ કરનાર અથવા અસત્ય = મિથ્યા ભાષણ કરનાર તથા અતિ ભાષણ કરનારા અથવા અતિશય અનિતિ કરનાર એવા જનો શ્રીહરિને અનુકુળ પસંદ હોતા નથી. અથવા શ્રીહરિ સંબંધી ધર્મ ભગવત્ ધર્મ જેહને પ્રિય હોતો નથી અને પ્રપંચથી મુક્ત થઇને શ્રીહરિનું ભજન કરતાં નથી અને અસત્ પુરુષોનો સંગ કરે છે તે સર્વે દુઃસંગના મુળ છે અથવા એ નવ પ્રકારના દુઃસંગના મુળ કહેવાય છે. (૧) સર્વ પ્રકારના તાપ આધિ ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રણ પ્રકારના મુખ્ય તાપના પેટામાં સમાવેશ થઇ શકે એવા પેટા પ્રકારરૂપની શાખાના અનેક સંતાપના દુઃખ હોય છે તે તમામને ટાળવાનો શ્રેષ્ઠ ઉપાયરૂપ ઔષધ શ્રીકૃષ્ણ પરમાત્માનું નામ છે. જે એ ભગવાનનું સ્મરણ જપ કરે છે તે સર્વ ચિંતામાંથી મુક્ત થઇ નિર્ભય ભય રહિત થાય છે એમ પાંડવ ગીતામાં કહેલું છે. (૨) વળી શ્રીહરિને વિષે સ્મૃતિ રાખે પ્રભુને ન ભૂલે અથવા શ્રીહરિનું સ્મરણ ચિંતન કરે તો તેની સર્વે વિપત્તિઓ સારી રીતે મટી જાય છે. (૩) શ્રીકેશવ ભગવાન સર્વ પ્રકારના ક્લેશોનો નાશ કરનાર છે.

૧૫૪ = સર્વ દુઃખોનો નાશ કરનાર શ્રીમાધવ ભગવાન છે. ગ્રંથની સમાપ્તિ કરવા સારુ દુહા અને સોરઠો લખી આખા ગ્રંથના સારરૂપનું : નિરૂપણ કરે છે હે જીવ ! પ્રભુ જે કાળે જે જે કાંઇ કરે છે તે સર્વ કરવા દે શ્રીહરિ શું શું કરે છે તે તું જોયા કર, વ્રજનાથ શ્રીકૃષ્ણ સર્વ સમજે છે. તેમનો ન્યાય ઈન્સાફ અદલ છે. સર્વને જેના તેના કર્મ પ્રમાણે ફલ આપવા સારુ પ્રભુએ પોતાના હાથમાં ધર્મ ન્યાયનો કાંટો રાખેલો છે અને એક હાથમાં ઘટ વધ ન થાય તે સારુ કાતર પણ રાખેલી છે. અહંકાર ગર્વાદિ કરી કોઇ બાજુ પાસુ વધુ થઈ જતું હોય તો તે કાતર વડે તેને કાતરી નાખી બરોબર કરે છે. અથવા બીજો અર્થ એવો પણ થઈ શકે છે તે પ્રભુએ મુકેલી સત્તા ચૈતન્યથી જીવ જે જે કરે તે કરવા દે છે. પ્રભુને જીવના તનની મનની અને અંતરની અંદર કરેલા ગુપ્ત વિચાર સહિતની ખબર હોય છે. અને જેને તેને તેના કર્માનુસાર યોગ્ય સમયે બરોબર ફળનું દાન શુદ્ધ ન્યાયથી અદલ કાંટે તોળીને આપે છે. માપવા સારું કાંટો અથવા માપ ભરવા રૂપ ગજ

પોતાના હાથમાં રાખે છે અને બીજા હાથમાં માપ કરતાં વધી જાય તો તેને કાતરવા સારુ કતરની કાતર રાખેલી હોય છે તે વડે તેને માનવ ગર્વાદિક રૂપથી ફૂલીને વધી ગયો હોય તેટલું કાતરી નાખી તે ઓછું કરી બરોબર જેહને તેને પોતાના સમાન પાપ ફળને ભોગવાવે છે. એવો પણ અર્થ નીકળી શકે છે.

સબ કછુ કરતા શ્રીહરિ, કરે ચાહિસો કામ,
ભક્ત અહિત કબુ નહિ કરે, દઢ પ્રતીતિ નિજ નામ. ૧૫૫
ગ્રંથ ક્લેશ કુઠાર ઇહ, બાંચિજુ કરેં બિચાર,
તાહિ ક્લેશ બ્યાપે નહીં, હરિપદ ઉપજે પ્યાર. ૧૫૬

૧૫૫ = સર્વ કાંઇ કર્તા અને કરાવનાર કાર્ય અને કારણમાં શ્રીહરિ છે. તે ચ્હાય તે તેમને યોગ્ય લાગે તે અથવા તે જેમ ઇચ્છે તેમ કાર્ય કામ કરે છે પરંતુ પ્રભુથી ભક્તનું અહિત તો કદાપિ સર્વથા થઇ શકતું જ નથી. એવી પ્રભુની દઢ પ્રતીતિ વિશ્વાસ રાખીને તેમનું નામ સ્મરણ કરવું.

૧૫૬ = આ ગ્રંથનું નામ ક્લેશ કુઠાર છે. એ વાંચીને તેના વિચાર કરે તો તેના હ્રદયમાં કદિ ક્લેશ થાય નહીં. અને શ્રીહરિના પદમાં ભગવત્ ચરણ કમલમાં પ્રીતિ વ્હાલ ઉપજે.

સોરઠો

સકલ દોષકી માત, ચિંતા ચિત જહાં લગ બસેં,
વહાં લગ નહીં અવદાત, હરિ બસવ લાયક હિયો. ૧૫૭

દોહા

ચિંતા કાહુ બાતકી કરનિ ન કહી હરિ જન,
કરનિ ભજન ન હરિ મિલન કી જાતેં હરિ પરસન્ન. ૧૫૮

૧૫૭ = સર્વ દોષોની માતા જનની સ્થાન ચિંતા છે, એ ચિંતા ચિત્તમાં મનમાં જ્યાં વસી રહેલી હોય ત્યાં લગી તેનું હ્રદય શ્રીહરિને બિરાજવા લાયક શુદ્ધ નિર્મળ પ્રકાશિત થતું નથી. અર્થાત્ તેનું અંતઃકરણ મલિન રહેલું હોવાથી તે મલિન અપવિત્ર સ્થાનમાં પ્રભુનો સ્ફૂટ આવિર્ભાવ થતો નથી.

૧૫૮ = શ્રીમદ્ ગોસ્વામી શ્રીહરિરાય મહાપ્રભુએ શિક્ષાપત્ર ગ્રંથે સ્પષ્ટ આજ્ઞા કરેલી છે કે કોઇપણ વાતની ચિંતા ન કરવી. અથવા શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરેલી છે કે શ્રીહરિના જને શ્રીહરિને સમર્પણ થયેલા હરિ જનોએ લૌકિક અલૌકિક કોઇપણ પ્રકારની લગાર

પણ ચિંતા કદાપિ પણ કરવી નહીં. અલૌકિક મુક્તિ અથવા મોક્ષ થવા સુદ્ધાંતની પણ કાળજી ચિંતા કરવી નહીં. છતાં જો કદાચ અલૌકિક વાતની થાય તો તે શ્રીહરિના ભજનની શ્રીહરિની સેવાની અથવા શ્રીહરિના સ્મરણ કીર્તન કરવાની અને શ્રીહરિને સાક્ષાત્કાર પ્રત્યક્ષ મળવા પૂરતી કરવી. જેણે કરીને તે ભજન સેવન કરી પ્રભુ મિલાપની જ તીવ્ર આર્તિ લાગણી હોવાથી તે પ્રભુની પ્રસન્નતા મેળવવા રૂપ થાય છે. પાછલી કડીનો બીજો અર્થ એવો પણ થઇ શકે છે કે ભગવત્ પ્રીત્યર્થે ન થયાની ચિંતા કરણીકૃતિ અથવા કરવી તો તે શ્રીહરિનું ભજન સેવન સ્મરણ ન બન્યાની અથવા શ્રીહરિ મને મળ્યા નહીં તે મળવાની કરવી કે જેણે કરીને તેવા જન ઉપર શ્રીહરિની પ્રસન્નતા ઉપજે છે. (થાય છે.)

જ્ઞાતિ બિપ્ર સાઠોદરે, દયારામ હરિદાસ,
દીક્ષ બૈષ્ણો બલ્લભી, કીનો ગ્રંથ પ્રકાશ. ૧૫૯

સોરઠો

દુઃખ દુરિત સબ ક્લેશ હરે,
નામ શ્રીકૃષ્ણ ધ્રુવ,
મંગલ મોદ અશેષ, પુર્ન કામ માધો મિલે. ૧૬૦

૧૫૯ = ગ્રંથ કર્તાની જ્ઞાતિ સાઠોદરા બ્રાહ્મણ છે. વૈષ્ણવ સંપ્રદાયમાંના શ્રીવલ્લભી સંપ્રદાયની તેમણે દીક્ષા લીધી છે. અને તે જ સંપ્રદાયના સિદ્ધાંતોને અનુસરીને તેમણે આ ગ્રંથનો પ્રકાશ કર્યો છે.

૧૬૦ = ગ્રંથની સમાપ્તિએ ફલ દર્શન ફલ શ્રુતિ લખવી જોઇએ એવો શાસ્ત્રાધારયુક્ત શિષ્ટાચાર છે. તે પ્રમાણે ફલ શ્રુતિ લખે છે કે આ ગ્રંથનું પઠન પાઠન કે શ્રવણ મનનાદિ કરવાથી તે કરનારના સર્વ પ્રકારના દુઃખો દૂર થઇ જશે કેમ કે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ સર્વ તાપ ક્લેશ દુઃખોને ભાંગવાવાળું છે. મહામાંગલ્યરૂપ મંગલ પદાર્થ માત્રનું પણ માંગલ્ય કરનાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે તે શ્રીભગવાનના આ ગ્રંથમાં નામો છે. ભગવાનના નામનો અદ્‌ભૂત અપાર પ્રભાવ એવો છે કે, તે નિશ્ચે કરીને સદ્ય સર્વ દુઃખ અને ક્લેશ માત્રને હરીને આનંદ દાતા અને સર્વ પ્રકારની અભીષ્ટ ઇચ્છેલી કામના પૂર્ણ કરી તે પરમાનંદ પુરુષોત્તમને મેળવે છે, પ્રાપ્ત કરાવે છે.

શ્રીકૃષ્ણના ભક્ત દયારામભાઇએ રચેલો **“ક્લેશ કુઠાર”** ગ્રંથ સારી રીતે પૂર્ણ થયો.

॥ ઇતિ શ્રીકૃષ્ણભક્ત કવિ દયારામ વિરચિત ક્લેશ કુઠાર ગ્રંથ સંપૂર્ણ ॥



॥ શ્રીકૃષ્ણઃ ॥

શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી



પ્રસ્તાવના (આટલું જરૂરથી વાંચશો)

ઘરમાં ઘરડાં સાસુજી કચ કચ કરતાં હોય ત્યારે જુવાન વહુઆરુ કહે : 'બા તમે તમારે માળા લઇને બેસો. અમારી પંચાત તમે ન કરશો.' જાણે માળા ફેરવવી - ભગવન્નામ લેવું - એ નવરાં બેઠાં વૃદ્ધોને વખત ગાળવાનું સાધન જ હોય ! એમ લોકો માનતાં હશે.

પરંતુ ખરી વાત એ છે કે જીવનની સર્વ અવસ્થામાં, નાનાં મોટાં સૌને માટે, એ સરખું આવશ્યક છે. પ્રભુના નામનું સ્મરણ એ જીવનની સાચી સાર્થકતા સિદ્ધ કરી આપનાર એક મહત્વની પ્રવૃત્તિ છે.

મહાનુભાવ કવિનું આ કાવ્ય સમજ્યા પછી સૌ કોઇને આ વાત સમજાયા વિના રહેશે નહીં.

કવિશ્રી દયારામભાઇની અલૌકિક પ્રતિભાથી તો કોણ અજાણ હશે ! વિવિધ ગ્રંથોનું એમનું તલસ્પર્શી જ્ઞાન, સેવા સ્મરણમય જીવન, અનેક અલૌકિક અનુભવો અને પુષ્ટિમાર્ગીય પ્રેમભક્તિ વિષયક વિપુલ સાહિત્ય સર્જન - આ બધું વૈષ્ણવો જ જાણે છે એમ નહિ; સાહિત્યકારોથી પણ અજાણ્યું નથી. કવિ ન્હાનાલાલ જેવા અનેક એના પ્રશંસકો છે.

ભક્તિના વિવિધ અંગો છે. તેમાં નામ સ્મરણ એક મહત્વનું અંગ છે. ભગવન્નામનું માહાત્મ્ય અને માધુર્ય સાંગો-પાંગ વર્ણવવા માટે રચાયેલું આ સુંદર કાવ્ય છે. એમાં કવિની ઉત્કૃષ્ટ કાવ્યકળા ઊંડું પૌરાણિક જ્ઞાન અને વિષયને સતર્ક સમજાવવાની શક્તિનું પણ દર્શન થાય છે.

કાવ્યની કેટલીક કડીઓ જરા વધુ કઠિન છે. સળંગ કાવ્ય સ્પષ્ટ સમજાય તો વાંચકોને વિશેષ લાભ થાય. એ દૃષ્ટિએ ભાવનગરના પ. ભ. શ્રી પ્રાણજીવનભાઈ (લેખકઃ ઉપનામઃ શ્રીવલ્લભપાદ પદ્મ મિલિન્દ) એમને પ્રેરણા થઈ કે આ કાવ્ય શબ્દાર્થ ભાવાર્થ સહિત પ્રકાશિત કરાવવું, એટલે એ કાર્ય એમણે મને સોંપ્યું.

પ્રભુ કૃપાથી ઘણી કડીઓના અર્થ તો બેસી ગયા. લગભગ ૨૨ કડીઓમાં પૌરાણિક દૃષ્ટાંતો છે. એમાં મને મદદની જરૂર પડી. મોડાસાવાળા પ. ભ. વિદ્વજ્જન શ્રી નંદદાસભાઈ એમની સારી મદદ મળી; કેટલીક ઉપયોગી વિગતો પાટણના વિદ્વાન્ શ્રી નરહરિ શાસ્ત્રીજી પાસેથી મળી. એ બધું યોગ્ય સ્વરૂપમાં લાવીને એ કડીઓના અર્થ પણ સ્પષ્ટ કર્યા છે. આશા છે કે હવે આખું કાવ્ય સમજાઈ જશે.

વિશેષમાં કહું તો શ્રી દયારામભાઈએ આ વિષયનું આ એક જ નહિ; બીજા કાવ્યો પણ રચ્યાં છે. જીજ્ઞાસુ વાચકો નીચેના ગ્રંથોમાંથી એ પણ જરૂર વાંચે.

(અ) 'દયારામ કાવ્યસુધા' એ પુસ્તકમાં ''શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય મંજરી'' મળશે.

(બ) દયારામ કાવ્ય મણિમાળા ભાગ-પમાં 'નામ પ્રભાવ બત્રીસી' વ્રજભાષામાં મળશે.

(ક) દયારામ કાવ્ય મણિમાળા ભાગ-૩માંથી નીચેના કાવ્યો મળશે.

(૧) અષ્ટોત્તર શતનામ ચિંતામણિ (એકસો આઠ નામવાળાં પાંચ કાવ્યો) કોનાં કોના ? (૧) શ્રીવલ્લભ (૨) શ્રીવિઠ્ઠલેશ (૩) શ્રીરાધાજી (૪) શ્રી પુરુષોત્તમ અને (૫) શ્રી વ્રજ ભક્તોનાં. દરેકમાં વિવિધતા તો હોય જ ને ! હવે એ જોઈએ કે પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં ભગવન્નામ સ્મરણને કેટલું મહત્વ અપાયું છે !

(૧) એક પ્રસંગ : જગન્નાથપુરીના શાસ્ત્રાર્થ વખતે શ્રીજગદીશે જે નિર્ણય આપ્યો તે શ્લોકમાં **'મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ'** (ભગવાન શ્રીકૃષ્ણના નામ એ જ ઉત્તમ મંત્ર.)

(૨) બીજો જાણીતો પ્રસંગ : શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીચૈતન્ય મહાપ્રભુજીના વાર્તાલાપનો છે, શ્રીકૃષ્ણ ચૈતન્યે કહ્યું કે 'ભગવન્નામ એક વાર પણ લે તો કામ થઇ જાય.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ વચન ઉચ્ચાર્યું : ''ગાયના શિંગડા ઉપર રાઇનો દાણો ઠરે એટલી વાર પણ જો જીવ ભગવન્નામ લેવાનું ચૂકે તો આસુરાવેશ આવે.''

(૩) શ્રીગુસાંઇજી અષ્ટાક્ષર મંત્રાર્થ નિરૂપણ ગ્રંથમાં આજ્ઞા કરે છે,

શ્રીકૃષ્ણ કૃષ્ણ કૃષ્ણેતિ, કૃષ્ણનામ સદા જપેત્ ।

(૪) **ત્વન્નામોચ્ચારણે પ્યસ્તિ, ન જીવેષ્વધિકારિતા ।**
અલૌકિકત્વાત્ત્વન્નામ્નો, મદ્વાચોલૌકિકત્વતઃ ॥

શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ વિજ્ઞપ્તિમાં ભગવન્નામની કેવી અલૌકિકતા દર્શાવી છે !

(૫) શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે,

(અ) **અષ્ટાક્ષર મહામંત્રો, વક્તવ્ય ઈતિ નિશ્ચયઃ ।**
સર્વદા સર્વભાવેન, તેન સર્વં ભવિષ્યતિ ॥

હમેશાં સર્વ ભાવે કરીને અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કરતાં રહેવું એનાથી બધું જ સિદ્ધ થશે. (શિક્ષાપત્ર. ૫ શ્લોક ૭)

(બ) **યતો નામૈવ હિ હરેઃ, સર્વદોષ નિવર્તકમ્**
તદપિ શ્રીમદાચાર્ય-વદનાંબુજ નિઃસૃતમ્ ।
તત્પ્રકાશિત માર્ગસ્ય, સર્વ સંપાદ્ન ક્ષમમ્ ॥

શ્રીહરિનું નમ સર્વદોષનિવર્તક છે. તેમાંય અષ્ટાક્ષર મંત્ર તો સર્વસમર્થ છે. શિક્ષાપત્ર ૨૦ શ્લોક ૬-૭

(૬) અષ્ટ સખા પૈકીના શ્રીનંદદાસજીનું પદ :-

કૃષ્ણ નામ કૃષ્ણની લગની લગાડે છે

કૃષ્ણ નામ જબતેં શ્રવણ સુન્યોરી આલિ !
ભૂલી રી ભવન હોં તો બાવરી ભઈ રી.
ભર ભર આવે નૈન, ચિત્તહુ ન પરે ચૈન,
મુખહુ ન આવે બેન, તનકી દશા કછુ ઔર ભઈ રી.
જેતેક નેમ ધર્મ વ્રત કીને રી મેં બહુ વિધ,
અંગ અંગ ભઈ મેં તો શ્રવણ મઈ રી.
નંદદાસ જાકે શ્રવણ સુને યહ ગતિ,
માધુરી મૂરત કેંધો કેસી દઈ રી !

હે સખિ ! મેં જ્યારથી કૃષ્ણનામ કાને સાંભળ્યું છે ત્યારથી ગાંડી ઘેલી થઇ ગઇ છું. ઘરની સુધ પણ રહેતી નથી. એ નામ સાંભળીને કૃષ્ણને મળવાની એવી તાલાવેલી લાગી છે - વિરહ વ્યાપ્યો છે કે આંખો ભરાઇ આવે છે, ચિત્તમાં ચેન પડતું નથી, દેહ દશા જ બદલાઇ ગઇ છે. (૧) શ્રીકૃષ્ણને મળવા મેં અનેક વ્રતો-નિયમો લીધા છે. એ નામ મને સંભળાયા જ કરે છે. જાણે દરેક અંગોમાં કાન ન પ્રગટ્યા હોય ! જેનું નામ આવું છે તેનું મનોહર સ્વરૂપ કેવું મોહક હશે, સખિ ! એ ક્યારે મળશે ?

આવું છે ભગવન્નામ અને રૂપનું સ્વરૂપ !!

(૭) અષ્ટ સખા પૈકીના શ્રીકૃષ્ણદાસજીનું પદ :-

કૃષ્ણ શ્રીકૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે,
રૈન દિન નિત્યપ્રતિ સદા પલ છિન ઘરી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરહરે...૧
હોત હરિ રૂપ, વ્રજ ભૂપ ભાવે સદા,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે;
રહત નિશ દિવસ આનંદ ઉસ્મેં ભર્યો,
અગમ ભવસિંધુકોં વિના સાધન તરેં...૨
રમા શિવ શેષ સનકાદિ શુક શારદા,
વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરેં,
નામ ગિરિધરન મહિમા અતુલ જગમગે,
શરણ કૃષ્ણદાસ કીર્તન નિગમ નિત કરેં...૩

(શબ્દાર્થ ઉપરથી ભાવાર્થ સમજાશે.)

રૈન દિન = રાત્રિ દિવસ, ઘરી = ઘડી. વિધ્વંસ = નાશ.
અઘ = પાપનો. નિગમ = વેદ.

પ્રસ્તાવના

અત્યારે તો સ્થળે સ્થળે ભગવન્નામ - લેખનની પ્રવૃત્તિ ખૂબ પ્રેમથી ચાલે છે. પરંતુ તેનો હેતુ અને મહત્તા સારી રીતે સમજીને જો લખવામાં કે બોલવામાં આવે તો વધુ રસ પડે - વિશેષ લાભ થાય.

મહાનુભાવ કવિ દયારામભાઇને પોતાને આ બાબતમાં કેટલો પ્રબળ આગ્રહ હતો તે તેમના નીચેના સુંદર પદ ઉપરથી પ્રતીત થાય છે. એ પોતાની જીભને ઉદ્દેશીને કેવું ગાઇ રહ્યા છે ?

હરદમ કૃષ્ણ કહે, કૃષ્ણ કહે, તું જબાં મેરી,
યહીં મતલબકે ખાતર કરતા ખુશામત મેં તેરી.
દૂધ, દહીં, ઘી, સક્કર, દેતા હૂં હર વખત તુઝે,
તો ભી હરરોજ હરિ-નામ સુનાતી ન મુઝે.
કરે ગુન ગાન તો તું મુખ પડી ભલા,
નહિ તો મેં ખેંચ નિકાલૂંગા.
ક્યા મુખમેં ચામ-બલા !
ખોઈ જિંદગાની સારી, સોઈ ગુનાહ માફ તેરા
'દયા' પ્રીતમ નામ ન ભૂલે,
અબ તો આખર વખ્ત મેરા.

કવિ કહે છે કે "હે મારી જીભ ! તું જો મને ભગવન્નામ નહીં સંભળાવે તો તને ખેંચીને બહાર કાઢી દઇશ. મોઢામાં ચામડાની બલા શા માટે રાખું !

કેટલો પ્રબળ આગ્રહ હશે, કવિશ્રીને ભગવન્નામ માટે !

આવું છે ભગવન્નામ
અને ભગવદ્ રૂપનું સ્વરૂપ !

લિ. શ્રીવલ્લભ-ચરણ-રજો-ભિલાષી,
વ્રજરત્નદાસ ચ. પરીખ

નમ્ર નિવેદન

(લે. શ્રીવલ્લભ પાદ પદ્મ મિલિન્દ)

"કૃષ્ણનામ માહાત્મ્ય માધુરી" કાવ્યમાં દયારામભાઇએ અનેક પ્રમાણોથી નામના અદ્‌ભૂત માહાત્મ્યનો પ્રકાશ કર્યો છે. આધુનિક જીવો માટે આ કાવ્ય બહુ જ ઉપયોગી છે. તેનું કારણ "વિવેક ધૈર્યાશ્રય"માં શ્રીમદાચાર્ય ચરણોએ આજ્ઞા કરી છે કે આ કલિકાલમાં ભક્તિ માર્ગીય કોઇપણ સાધનો સિદ્ધ થતાં નથી, તેથી પ્રભુનું શરણ - આશ્રય સિદ્ધ કરવો. આ શરણ - આશ્રય માત્ર અષ્ટાક્ષરના સ્મરણથી જ સિદ્ધ થાય તે માટે 'નવરત્ન' ગ્રંથમાં આપશ્રીએ અષ્ટાક્ષર મહામંત્રનું સતત સ્મરણ કરતાં રહેવાની આજ્ઞા કરી છે. કલિકાલની ભીષણતાને લીધે દૈવી જીવ નિર્બળ બનતો જાય છે. માર્ગ - મર્યાદા પ્રમાણે સેવા સિદ્ધ થઇ શકતી નથી. રસાત્મક તાપાત્મક ગુણગાન થઇ શકતું નથી. જીવ સંસારના કાર્યોમાંથી નિવૃત્ત થઇ ગ્રંથાવલોકન આદિ સાધનો પણ યથાવત્ કરી શકતો નથી આવો નિઃસાધન જીવ પણ ભગવદ્ પ્રપત્તિથી વંચિત ન રહે અને માત્ર નામના સ્મરણથી જ ભગવદ્ પ્રાપ્તિ કરી શકે, તે માટે પરમ કારુણ્યથી

આપે અષ્ટાક્ષરના સતત સ્મરણની આજ્ઞા કરી છે. સેવા આદિ અન્ય સાધનો ન થઇ શકે તેવા જીવને પણ ભગવદ્ પ્રાપ્તિ થાય તે માટે આપે અષ્ટાક્ષરનું દાન કરી સતત આ નામ મંત્રના સ્મરણની આજ્ઞા કરી છે. આપનું ભૂતલ પર પ્રાગટ્ય દૈવી જીવોના ઉદ્ધાર માટે થયું છે. ઉત્તમ, મધ્યમ, હીન સર્વના ઉદ્ધાર માટે આપશ્રીનું પ્રાગટ્ય છે.

શાસ્ત્રાર્થ નિબંધ કારિકા ૧૫માં આપ આજ્ઞા કરે છે. **“કલિકાલ સ્વભાવતઃ સર્વ ઉત્કૃષ્ટઃ સ્વલ્પ સાધનેન અપિ મહાફલપ્રદઃ” “સ્વલ્પ સાધન”** એટલે માત્ર નામના સ્મરણથી જ “મહાફલ” નિરવધિ આનંદ સ્વરૂપ પ્રભુની પ્રાપ્તિ કરાવે છે. કલિકાલને સ્વભાવથી ઉત્કૃષ્ટ કહેવામાં રહસ્ય એ છે કે કલિકાલ જીવને નિઃસાધન બનાવે છે અને નિઃસાધનના ઉદ્ધાર માટે જ પુષ્ટિ પ્રભુનું પ્રાગટ્ય છે. નિઃસાધન જીવનો ઉદ્ધાર પ્રભુ પોતાના પ્રમેય બલથી કરે છે. પ્રમેય બલમાં કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ ઐશ્વર્ય રહેલું છે. સાધન હીન જીવનો ઉદ્ધાર અકર્તુમ્ - અન્યથાકર્તુમ્ સામર્થ્યથી કરે છે. ‘‘દૈવી જીવોના ઉદ્ધારમાં નામમાં જ પોતાના અકર્તુમ્ - અન્યથાકર્તુમ્ સામર્થ્યને ધરેલું હોવાથી નામના સ્મરણ માત્રથી જ “મહાફલ”ને પ્રાપ્ત કરી શકે છે. આ આપનો પુષ્ટિ દૈવી જીવો પ્રત્યેનો દેવ ગુહ્ય અનુગ્રહ અને પક્ષપાત પણ કહી શકાય છે. પોતાનું અચિન્ત્ય સામર્થ્ય દેવ ગુહ્ય અનુગ્રહથી અષ્ટાક્ષરમાં ધરેલું હોવાથી ભગવદ્ પ્રાપ્તિની ચિન્તાની નિવૃત્તિ માટે અષ્ટાક્ષરના સતત સ્મરણની આજ્ઞા કરી છે. જીવને જ્યાં સુધી અવિદ્યાએ આવરણ કરેલું છે ત્યાં સુધી પ્રભુના અચિન્ત્ય માહાત્મ્યનું જ્ઞાન થતું નથી અને તેથી નામમાં રહેલાં અચિન્ત્ય માહાત્મ્યને પણ જાણી શકતો નથી. આવો દૈવી જીવ નામના માહાત્મ્યને જાણી શકે તે માટે દયારામભાઇએ અનેક પ્રમાણોથી નામનું અદ્‌ભૂત માહાત્મ્ય કાવ્યમાં પ્રકટ કર્યું છે. આ કાવ્યને પ્રકટ કરીને નિઃસાધન દૈવી જીવોના ઉદ્ધાર માટેનું એક મહત્વનું કાર્ય કર્યું છે. અથવા શ્રીમહાપ્રભુજીનું દૈવી જીવોના ઉદ્ધારનું જે કાર્ય છે તે કાર્ય દયારામભાઇએ આ કાવ્યમાં સિદ્ધ કર્યું છે. આ કાવ્યનો સૃષ્ટિમાં વ્યાપક રીતે પ્રચાર થવો જોઇએ.

નામનું માહાત્મ્ય સમજાય ત્યારે જ નામ સ્મરણમાં શ્રદ્ધા, દઢ વિશ્વાસ અને ભાવની જાગૃતિ થાય છે, અવિદ્યારૂપી અંધકારને પણ નામ જ દૂર કરે છે ત્યારે નામમાં જ રહેલું નામ સ્વરૂપનું અચિન્ત્ય મહત્વ સમજાય છે. નામનું સ્વરૂપ ભાવાત્મક છે. ભાવાત્મક સ્વરૂપ વિપ્રયોગાત્મક છે. વિપ્રયોગાત્મક સ્વરૂપ અગણિતાનંદ રૂપ છે. નામ આ અગણિતાનંદ સ્વરૂપનો અનુભવ કરાવે છે. કારિકામાં એને ‘મહાફલપ્રદઃ’ કહ્યું છે. (શ્રીમહાપ્રભુજીની વધાઇ)

આજ વ્રજજન આનંદ ભરે,
અગ્નિરૂપ શ્રીવલ્લભ પ્રકટે માયિક તૂલ જરે.
પૂરણ પુરુષોત્તમ ગોકુલપતિ ચરણ કમલ અનુરાગ,
દૃઢ વિશ્વાસ દિયો ભક્તન કોં જાકે હેં બડભાગ.
જ્ઞાન કર્મ ઓર ભક્તિ ઉપાસન ભયો વિવેક વિચાર,
મિથ્યા જગત કહે તત્ત્વતેં સબ હોય ગયે નિરાધાર.
રૂપ નામ લીલા ગિરિધરકી ફિર કીની કલિ માંઝ,
નામ પ્રતાપ પ્રકાશ ભયે તે ગઈ મોહ કી સાંઝ.

"નામ પ્રતાપ પ્રકાશ ભયે તે ગઈ મોહ કી સાંઝ" આ પંક્તિના ભાવાર્થના વિષયમાં મારી અલ્પ મતિનું નિવેદન આ પ્રકારે છે કે નામ રૂપી ભાનુના અતુલિત પ્રભાવ-પ્રકાશથી મહા માયાએ કરેલા મોહથી દૈવી જીવને પોતાના આધિદૈવીક લીલા મધ્ય પાતિ સ્વરૂપનું અને નિત્યલીલાસ્થ પુષ્ટિ પ્રભુના સ્વરૂપનું અને નામના સ્વરૂપનું જે અજ્ઞાન, તે અજ્ઞાનરૂપી અંધકાર (સાંઝ)ને દૂર કરેલ છે.

એટલે આ અતિ ઉપયોગી કાવ્યનું સૌ કોઈ મનન ચિંતન કરે એવી અંતરની અભિલાષા સાથે વિરમું છું.

નામ મહિમા

(લેખક : શ્રીવલ્લભ પાદ પદ્મ મિલિન્દ)

શ્રીમદ્ ભાગવતનો છઠ્ઠો સ્કંધ પુષ્ટિ લીલા રૂપ છે. મર્યાદાથી ભિન્ન પુષ્ટિ લીલામાં પ્રભુનું પ્રમેય બળ જ મુખ્ય છે. પ્રમેય બળ સાધનની અપેક્ષા રાખતું નથી. પ્રભુએ પોતાના પ્રમેય બળથી નામના મિષથી મહાદુષ્ટ - મહાપાપી અજામિલનો ઉદ્ધાર કરી પુષ્ટિ લીલામાં નામના મહત્વને પ્રકટ કરેલ છે. શ્રી પુરુષોત્તમ સહસ્ર નામ ઉપર શ્રીરઘુનાથજીની 'નામ ચંદ્રિકા' ટીકા છે. મર્યાદા ભિન્ન શાસ્ત્રકૃત્ = મર્યાદાથી જુદાં શાસ્ત્રોનાં રચનાર. નામાદિ પ્રેરકોત્તમ: = સાધનોમાં શ્રેષ્ઠ નામ સ્મરણ સાધનોના ઉત્તમ પ્રેરક. અજામિલ - મહા દુષ્ટ મોચકઃ = મહાદુષ્ટ અજામિલને પાપોથી છોડાવનાર. અઘ વિમોચકઃ = અજામિલને સ્ત્રી સંગ રૂપ પાપમાંથી બચાવનાર. અક્લિષ્ટ વકતા = શાસ્ત્ર વિહિત સરળ ધર્મના વકતા. સન્માર્ગ પ્રેરકોત્તમઃ = નામ સ્મરણ રૂપ સન્માર્ગના પ્રેરક. આ નામોમાં નામનું મહત્વ સુંદર વર્ણવ્યું છે. નામ રત્નાખ્ય સ્તોત્રમાં શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુના નામને સૂર્યની ઉપમા આપેલ છે.

॥ શ્રીકૃષ્ણઃ ॥

શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી

છંદ : કડખા

(પ્રભાતિયાની જેમ ગવાય, સાતમા વલ્લભાખ્યાનની ઢબે પણ ગવાય)

પ્રથમ શ્રીમદ્ ગુરુ સહિત રાધારમણ,
યુગ્મ પદ પદ્મને કરી પ્રણામ;
નામ શ્રીકૃષ્ણ યશ કંઈક વર્ણન કરું,
પરમ કલ્યાણમય પૂર્ણકામ...૧

ભાવાર્થ : પ્રથમ મંગલાચરણ અને સંકલ્પ કરે છે. શ્રીગુરુદેવ અને શ્રીકૃષ્ણનાં ચરણકમલ - યુગલને નમન કરીને કવિશ્રી કાવ્યનો પ્રારંભ કરતાં કહે છે : શ્રીકૃષ્ણના નામનો યશ તો અનંત - અગાધ - અપાર છે. પણ એમાંથી યથામતિ કિંચિત્ હું આ કાવ્યમાં વર્ણવીશ. એ કૃષ્ણ નામ સર્વનું કલ્યાણ કરનારું છે. સૌની મનોકામનાઓને પૂરનારું છે.

શબ્દો : યુગ્મ = જોડકું, બે પદ = ચરણ. પદ્મ = કમળ. પૂર્ણકામ = કામનાઓ પૂર્ણ કરનાર.

નામ શ્રીકૃષ્ણનું શ્રુતિ શિખર સાર છે,
વ્યાસનંદન વિમલ વદન ભાખ્યું;
નામ શ્રીકૃષ્ણનું શેષ શંકર શિવા,
નારદ સનકાદિકે હૃદય રાખ્યું...૨

ભાવાર્થ : શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજીએ વર્ણવ્યું છે કે કૃષ્ણ નામ વેદની શ્રુતિઓના સાર - તત્ત્વોનું યે શિરોમણિ છે. વળી મોટા મોટાઓ, જેવા કે શેષ, શંકર, નારદ, સનકાદિકોએ એ કૃષ્ણ નામને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે.

નામ શ્રીકૃષ્ણનું સફળ સોહામણું,
અતુલ બલ અનુપમ અતિ રૂપાળું;
કામધેનુ કલ્પવૃક્ષ ચિંતામણિ,
નામ શ્રીકૃષ્ણ અંશે ઓવારું...૩

ભાવાર્થ : શ્રીકૃષ્ણ નામ ફળ આપનારું છે. મનને ગમે તેવું રૂપાળું અને અનુપમ શક્તિવાળું છે. ઈચ્છિત ફળ આપવામાં એ બધાં કરતાં ચઢી જાય તેવું છે. (હવે ઉપમા આપીને સમજાવે છે.) કામધેનુ આપણે જે કામના કરીએ તે આપનારી ગાય; કલ્પવૃક્ષ નીચે બેસીને જે કલ્પીએ તે સિદ્ધ કરે; ચિંતામણિ એવો કે જેનું ચિંતન કરીએ તે મેળવી આપે.

પણ શ્રીકૃષ્ણનું નામ તો એવું છે કે એની ઉપર (એના એકેક અંશ - અક્ષર ઉપર) તો આ ત્રણે ઓવારી નાખીએ. (કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ એ ત્રણને) એટલું બધું એ ફળદાયક છે.

નામ શ્રીકૃષ્ણનું શ્રીકૃષ્ણરૂપ છે,
કૃષ્ણથી અધિક પણ નામ કહિયે;
સહજ કહી કૃષ્ણ આશુ અજામિલ તર્યો,
મળ્યા મુચુકુન્દ પણ નામ લહિયે...૪

ભાવાર્થ : શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને નામમાં કંઈ અંતર નથી. સ્વરૂપ કરતાં યે નામને અધિક કહી શકાય. અજામિલનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે અને મુચુકુન્દને પણ નામને પ્રતાપે મળ્યા છે.

નામ શ્રીકૃષ્ણનું જનની છે જગતની,
જનક શું કૃષ્ણનું રૂપ કળવું;
પ્રક્ષાલી મળ સુતને અમળ અંબા કરે,
તે પછી કૃષ્ણ પિતુ થાય મળવું...૫

ભાવાર્થ : માતા બાળકને નવરાવી ધોવરાવીને શુદ્ધ કરે પછી પિતા એને ખોળામાં લે છે ને ! તેમ શ્રીકૃષ્ણ નામ જીવના દોષો - અપરાધો દૂર કરીને તેને પાપરહિત - નિર્મળ બનાવે છે. પછી ભગવાન શ્રીકૃષ્ણ એ જીવને અપનાવે છે. પહેલું મહત્વ નામનું ખરું કે નહિ ? માટે નામને જનનીની ઉપમા આપી અને શ્રીકૃષ્ણ સ્વરૂપને જનક (પિતા)ની ઉપમા ! (શબ્દ) પ્રક્ષાલી = ધોઈને.

અમિત અપરાધ અવગુણ ભર્યા અર્ભ છે,
નામ હરિ માતાને દોષ નાવે;
જ્યાં લગી શુદ્ધ શુભ બુદ્ધિ રહે ત્યાં લગી,
તાત શ્રીકૃષ્ણને બાલ ભાવે...૬

ભાવાર્થ : માતાને અનેક અવગુણ અને અશુદ્ધિ ભરેલા બાળકની સૂગ હોતી નથી તેમ શ્રીકૃષ્ણ નામ તો ગમે તેવો દોષિત જીવ અને તેની અશુદ્ધ સ્થિતિમાં પણ મુખમાં પ્રવેશ કરે છે. (એ નામ લઈ શકે છે) પરંતુ જેમ બાળક મળ રહિત રહે ત્યાં સુધી જ પિતા એને ગોદમાં રાખે છે તેમ જીવ દોષ રહિત રહે ત્યાં સુધી જ શ્રીકૃષ્ણના સ્વરૂપનો સંબંધ તેને રહે છે. આ પણ સ્વરૂપ કરતાં નામની વિશેષતા !



નામ શ્રીકૃષ્ણનું સકલ સાધન પૂરણ,
ન્યૂનતા દોષ સહુ સદ્ય ભાગે;
વણ વિધે સફળ સ્વીય નામ શ્રીકૃષ્ણનું,
કોઈ સાધનની નવ સ્હાય માગે...૭

ભાવાર્થ : શાસ્ત્રોક્ત કર્મવિધિમાં - સાધનોમાં - જો કંઈ ઉણપો રહી હોય, દોષો થયા હોય, તો અંતમાં શ્રીકૃષ્ણ નામ લેવાથી એ બધું તરત દૂર થઈ જાય છે. (૨) શ્રીકૃષ્ણના નામ મંત્રના જપમાં કોઈ વિધિ-વિધાનની જરૂર પડતી નથી. એ સ્વયમ્ સફળ થાય છે. બીજા કશાની સહાયની એને આવશ્યકતા નથી.

શબ્દો : સકલ સાધન પૂરણ = બધી વિધિઓને પૂર્ણતા આપનાર. ન્યૂનતા = ઉણપ. સદ્ય = તરત જ. સ્વીય = પોતાનું.

નામ શ્રીકૃષ્ણ જો અંક આદ્યે ધરે.
શૂન્ય સાધન સકળ સફળ ત્યારે;
અંક વિણ શૂન્ય જેમ નહિ કશા કામની,
એમ હરિ-નામ સાધન વિચારે...૮

ભાવાર્થ : પહેલાં આંકડો લખીએ અને પછી તેના પર મીંડાં ચઢાવીએ તો તે સંખ્યાનું મહત્વ વધતું જાય; પણ એકલાં મીંડાં અનેક લખીએ તો યે નકામાં ને ! તેમ કોઈપણ શાસ્ત્રોક્ત સાધનના આરંભમાં (અને સાથે સાથે) શ્રીકૃષ્ણનો નામ-મંત્ર આવશ્યક છે તેનાથી જ સકળ સાધનોની સફળતા સિદ્ધ થાય છે.

શબ્દો : આદ્યે = આરંભમાં. સાધન-વિચારે = સાધનો કેમ સફળ થાય તેનો વિચાર કરીએ તો.

વેદ પ્રારંભ તે પ્રણવથી થાય પણ,
પડે પૂર્વે હરિ-નામ કહેવું;
સકળ સાધન ધર્મ નિગમથી નીકળ્યા,
તેમાં પ્રધાન હરિ-નામ લહેવું...૯

ભાવાર્થ : વેદ-પઠનના પ્રારંભમાં ઓમ્કાર આવશ્યક છે. પરંતુ એમાં ય હરિ-ઓમ્ કહેવાય છે ને ! પ્રણવથી યે પહેલાં હરિ-નામનું ઉચ્ચારણ ! (૨) સર્વ ધર્મ - સંપ્રદાયો વેદ-મૂલક છે. વેદમાંથી નીકળ્યા છે. તો સર્વ ધર્મોમાં ભગવન્નામનું પ્રાધાન્ય તો હોય જ ને !

શબ્દો : નિગમ = વેદ. પ્રધાન = મુખ્ય.

विप्र वर सर्वथी जप गायत्री थकी,
ते यतिने नमे प्रणव जापे;
ते प्रणवथी प्रथम हरि कहेवुं पडे,
मूढ जे मोहे ना ए प्रतापे...१०

ભાવાર્થ : બ્રાહ્મણ સર્વમાં મોટા ગણાય; કેમ કે એ ગાયત્રીનો જપ કરે છે. એ બ્રાહ્મણ પણ સંન્યાસીને નમે છે. સંન્યાસી હરિ ઓમ્ તત્સત્ કહે છે એમાં પણ હરિનામની મુખ્યતા સમજાય છે. આવું જે હરિ-નામ તેના પર જેઓ મુગ્ધ થતાં નથી તેમને મૂઢ કહેવા પડે.

શબ્દો : વિપ્ર = બ્રાહ્મણ. વર સર્વથી = સૌથી શ્રેષ્ઠ. એ પ્રતાપે = હરિ નામના પ્રતાપ ઉપર.

નામ શ્રીકૃષ્ણ શ્રદ્ધા સહિત બહુ ભલું,
ન હોય તદપિ ફળે વસ્તુ-શક્તિઃ
રામ - નામેથી પાષાણ પયમાં તર્યા,
તેહને કયાં હતી ભાવ-ભક્તિ...૧૧

ભાવાર્થ : શ્રીકૃષ્ણ નામ શ્રદ્ધાથી લેવાય તે તો ઉત્તમ જ છે, પરંતુ માનો કે કોઇ શ્રદ્ધા વિના લે (મશ્કરીમાં બોલે, કોઇ બીજા હેતુથી બોલે) તો પણ તે તેને તારે છે. નામમાં જ એ શક્તિ રહેલી છે. એમાં શ્રદ્ધાનું બળ ન ઉમેરાય તો પણ ચાલે. દાખલો જોઇએ તો પત્થર ઉપર રામ-નામ લખીને સમુદ્ર-જળમાં મૂક્યા તે તરવા લાગ્યા. એ પત્થરોમાં કંઇ ભક્તિ ભાવ હતો ? છતાં નામને પ્રતાપે જ તર્યાને ? ભગવન્નામ સ્વયમ્ સર્વશક્તિ માન્ છે.

શબ્દો : પાષાણ = પત્થર. પયમાં = જળમાં.

પાપ પ્રીતિ થકી કોઈ કરતું નથી,
તેના પણ ભોગ આવી નડે છે;
તેથી પણ કૃષ્ણનું નામ નાપાટ !
કે 'વણ રુચિ સફળ' સંદેહ અડે છે !...૧૨

ભાવાર્થ : તમને ભગવન્નામમાં બહુ પ્રેમ ન આવતો હોય, શ્રદ્ધા બેસતી ન હોય, તો પણ ગમે તેમ કરીને નામનું ઉચ્ચારણ કરતાં રહો. એમાં લાભ જ છે. દાખલો આપું ? જેઓ પાપ કરે છે તેમને કંઇ પાપમાં પ્રેમ હોતો નથી. શ્રદ્ધા હોતી નથી. છતાં પાપનું અવળું ફળ 'દુઃખ' એમને ભોગવવું જ પડે છે. પાપ સ્વયમ્ પાપ રૂપ છે તેમ હરિ-નામ સ્વયમ્ પૂણ્યરૂપ છે. વિના શ્રદ્ધાએ પણ



નામોચ્ચારણ રૂપી પૂણ્યનું સવળું ફળ 'સુખ' તમને મળશે જ. (હવે આ બીજી પંક્તિનો શબ્દ પ્રમાણે અર્થ કરીએ) શું એ પાપના કરતાં પણ પ્રભુનું નામ નાપાટ છે કે વિના પ્રેમે પણ એનું ફળ ન મળે ! શું તમને સંદેહ રહે છે ? (રાખશો નહિ.)

અમૃત વા વિષ વિના જ્ઞાને ભક્ષણ થયું,
તદપિ ગુણ તેહનો તે ન મૂકે;
તેથી પણ કૃષ્ણનું નામ નબળું ગણો ?
જે વિના-જ્ઞાન નિજ માહાત્મ્ય ચૂકે !...૧૩

ભાવાર્થ : બીજો દાખલો આપે છે. વિના સમજે કોઈ અમૃત-પાન કરે તો અમર બને કે નહિ ? વિના સમજે કોઈ વિષ ખાય તો મરે કે નહિ ? કૃષ્ણ નામનું માહાત્મ્ય - જ્ઞાન ન હોય. એમાં પૂરી શ્રદ્ધા ન હોય, છતાં નામ લીધા કરે તો તે તેનો પ્રભાવ બતાવ્યા વિના રહેતું નથી.

વિના ઈચ્છા અડે તદપિ બાળે અનલ,
એક દુર્વચનથી પ્રીત જાયે;
નામ શ્રીકૃષ્ણનું તેથી પણ હીન કે,
સહજ દુઃખ-દોષ પ્રલય ન થાયે !...૧૪

ભાવાર્થ : અગ્નિને અજાણતાં અડકી જશો તો યે તે બાળશે કે નહિ ! શ્રીકૃષ્ણ નામ અણસમજમાં લેશો તો યે તે તેના સાહજિક ગુણ પ્રમાણે તમારાં દુઃખોને, દોષોને બાળશે જ.

(૨) સ્નેહીને કોઈવાર વગર વિચાર્યે અવળું વેણ કહેવાઈ જશે તો યે સ્નેહ ભંગ થશેને ! તેમ ભગવન્નામ વિના વિચારે બોલાશે તો પણ તે દુઃખ - દોષ-ભંગ કરશે જ. (શબ્દો) અનલ = અગ્નિ. પ્રલય = નાશ, ભંગ.

પાપ પાપી પ્રયત્ને કરે તદપિ યે,
નથી સમરથ તેવા પાપ કરવા;
નામ શ્રીકૃષ્ણનું સહજ સકૃત લીધું,
સમરથ જેટલાં પાપ હરવા...૧૫

ભાવાર્થ : અરે, માત્ર એક વાર, સહેજમાં બોલાયેલું કૃષ્ણ નામ તમારાં એટલા બધાં પાપ દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે, કે એટલા પાપ તો તમે ધારશો તો યે કરી શકશો નહિ.

શબ્દો : સહજ = સહેજમાં.

અખિલ અવની કદા હોય તૃણથી ભરી,
અણુ અનલ જ્યમ કરે ભસ્મીભૂત;
નામ શ્રીકૃષ્ણનું ત્યમ અખિલ અઘ દહી,
કરે નિજ દાસને પરમ પૂત...૧૬

ભાવાર્થ : માનો કે આખી પૃથ્વી ભરીને ઘાસ હોય, પણ એમાં એક ઠેકાણે એક ચિનગારી અગ્નિની પડે તો તમામ બળીને ભસ્મ થઇ જાય કે નહિ ! તેમ તમારાં તમામ પાપોના ગંજના ગંજને ભસ્મીભૂત કરવા એક કૃષ્ણ નામ પુરતું થઇ રહેશે. પાપ બળીને તમને પવિત્ર બનાવશે.

શબ્દો : અઘ દહી = પાપ બાળીને. વિશેષ - અષ્ટાક્ષર તથા નિવેદન મંત્ર દ્વારા ગુરુદેવ જન્મ - જન્મના દોષને દૂર કરી આપે છે. એ પણ નામનો પ્રતાપ ને ! **સર્વેષાં દેહ જીવયોઃ સર્વદોષ નિવૃતિ ર્હિ ॥**

કોટિ શત કલ્પનું તિમિર કોઈ સદ્મ હો,
એક દીપકથી જ્યમ સદ્ય નાસે,
નામ શ્રીકૃષ્ણનું એક ત્યમ ઉચ્ચરે,
અમિત અવતાર અઘ-ઓઘ ત્રાસે...૧૭

ભાવાર્થ : બંધ પડી રહેલા મકાનના ઓરડામાં અનેક વર્ષોથી ઘોર અંધારું છવાયેલું હોય, છતાં ત્યાં એક દીવો પ્રગટાવતાં તમામ અંધકાર તરત ભાગી જાય છે, તેમ એક શ્રીકૃષ્ણ - નામના ઉચ્ચારણથી અનેક જન્મોનાં સંચિત સકલ પાપ પલાયન થઇ જાય છે.

શબ્દો : સદ્મ = સદન, મકાન. સદ્ય = તરત જ. અમિત = અમાપ, અનંત, અવતાર = જન્મોના. અઘ - ઓઘ = પાપના ઢગલા. ત્રાસે = ત્રાસ પામીને ભાગી જાય.

ભટકતે મંન પણ જેમ ભોજન કરે,
ભૂખ તો જાય, કંઈ સ્વાદ છો છો;
તેમ શ્રીકૃષ્ણનું નામ લે ચપલ ચિત્ત,
દોષ-દુઃખ જાય આનંદ ઓછો...૧૮

ભાવાર્થ : કોઇ કહે કે 'શું કરીએ, મન સ્થિર રહેતું નથી; ભટકતાં મનથી ભગવન્નામ લઇએ તેથી શું ફળ સિદ્ધ થાય !'

તો કહે કે, ખાતી વખતે મન કોઇ વિચાર પર ચઢી જાય કે ચિંતામાં પડી જાય તો શું થાય છે ? સ્વાદનું ધ્યાન રહેતું નથી - પણ પેટ ભરાય છે ને ! અહીં એવું જ છે. એકાગ્ર મનથી નામ સ્મરણ અને સાથે સ્વરૂપ ધ્યાન, લીલા ચિંતન

વગેરે થાય તો વિશેષ આનંદ આવે; પરંતુ મન લૌકિકમાં ફરતું હોય અને મુખથી હરિ-નામ લેવાતું હોય, તો યે દોષ અને દુઃખો તો દૂર થાય જ છે. ઉણપ એટલી કે આનંદ ઓછો આવે !

બ્રહ્મ હત્યા અયુત મદ્યપાની સદા,
કોટિ ગુરુ વારાંગનાદિ ભોગી;
રૂક્મ-રત્નાદિ તસ્કર આલાપી-અનૃત,
ઘાતી વિશ્વાસ કરુણા-વિયોગી...૧૯
જનક જનની શિશુ ભ્રૂણ નૃપ ગો ગુરુ,
વિપ્ર સ્ત્રી શરણાગત મિત્ર ઘાતી;
ઈત્યાદિક અઘ અતિ સદ્ય પ્રલય કરે,
નામ શ્રીકૃષ્ણનું સર્વ ભાંતી...૨૦

ભાવાર્થ : દશ હજાર બ્રહ્મ હત્યાનું પાપ, અથવા માતાની, પિતાની, બાળકની, ગાયની, રાજાની, ગુરુ પત્નીની, વિપ્ર પત્નીની, શરણે આવેલાની કે મિત્રની હત્યાનું પાપ; તેમજ અનેક વેશ્યાગમન, મદ્યપાન, જર ઝવેરાતની ચોરી. અસત્યવાદ, વિશ્વાસઘાત, ગર્ભપાત નિર્દયતા - આવાં આવાં અનેક પાપોનો પ્રલય કરવા માટે, શ્રીકૃષ્ણ નામ સર્વ પ્રકારે સમર્થ છે.

શબ્દો : અયુત = દશ હજારની સંખ્યા. ગુરુ વાર + અંગના ભોગી = ગુરુ અંગના = ગુરુ પત્ની; વાર અંગના = (વારાંગના) = વેશ્યા, ગણિકા, ભોગી = તેને ભોગવનાર. રૂકમ્ = ધન, જર. તસ્કર = ચોર. અનૃત = અસત્ય બોલનાર. ઘાતી વિશ્વાસ = વિશ્વાસઘાતી. કરુણા = દયા; કરુણા-વિયોગી = નિર્દય. ભ્રૂણ = ગર્ભ. ઘાતી = (આ બધાને) મારનાર. અતિ સદ્ય = ઘણી જલદીથી. સર્વ ભાંતિ = સર્વ પ્રકારે, બધી રીતે.

બ્રહ્મ હત્યા અમિત કોટિ લાગી હતી,
ગણપતિ તે હણી રામ-નામે;
મતિ પતિ ઈડ્ય આદિ થયા તે સકલ,
બલ અકલ નામ શ્રીકૃષ્ણ-ગ્રામે...૨૧

ભાવાર્થ : શિવ પુરાણનો પ્રસંગ છે. ગણપતિજીને અનેક બ્રહ્મ હત્યાઓ લાગેલી. તે ગૌતમ ઋષિની આજ્ઞાથી ગણપતિજીએ રામ-નામ લીધું, તેના પ્રતાપે તે બ્રહ્મહત્યાઓ દૂર થઇ ગએલી. દરેક શુભ કાર્યના આરંભમાં ગણેશજી પૂજાય છે, એવા તે પ્રશંસનીય બન્યા છે. તે બધું અચિન્ત્ય બળ શ્રીકૃષ્ણ નામથી આવ્યું છે.

શબ્દો : અમિત કોટિ = પુષ્કળ, પાર વિનાની. મતિ-પતિ = ગણપતિ. ઇડ્ય = પ્રશંસનીય (પૂજ્ય) આદિ = કાર્યના આરંભમાં. બળ અકલ = કળી ન શકાય તેવું બળ.

નામ શ્રીકૃષ્ણ શિવરૂપ શિવજી થયા,
ભવ - દહન - દોષ નહિ કૃષ્ણ નામે;
સતત કાશી સદાવ્રત મુક્તિ તણું,
અધમ ઉદ્ધાર બલ રામ - નામે...૨૨

ભાવાર્થ : શિવ એટલે કલ્યાણ. શંકર કલ્યાણકારી બન્યા તે શ્રીકૃષ્ણ નામને પ્રતાપે, વળી શિવજી પ્રલયના દેવ છે; સંહારનો દોષ, જગતનો નાશ કરવાનો દોષ તેમને કેમ નથી લાગતો ? કૃષ્ણ નામને પ્રતાપે જ. કેમ કે શંકર મોટા ભક્ત છે, શ્રીકૃષ્ણ અને શ્રીરામનું નામ રટે છે. શાસ્ત્રો કહે છે કે કાશીમાં જેનું મરણ થાય તેને મુક્તિ મળે - એ જીવ અધમ હોય તો પણ મળે. કાશી જાણે મુક્તિનું સદાવ્રત હોય ! આવું શા માટે ? કાશીપુરી શિવજીની છે અને શિવજી રામ-નામ રટે છે, માટે.

શબ્દો : ભવ = સંસાર, જગત. દહન = બાળવું, નાશ કરવો. મુક્તિનું સદાવ્રત = જેમ અન્નનું સદાવ્રત ચાલતું હોય ત્યાં જે જાય તેને અન્ન મળે તેમ અહીં મુક્તિ મળે.

નામ શ્રીરામ જપી કપીશ પ્રિય રામને,
વિજય વણ આયાસે કાળ-માયા;
રામ ઊલટા જપી આદિ કવિ વાલ્મીકિ,
રા...થી તરી પુંશ્ચલી અઘની કાયા...૨૩

ભાવાર્થ : રામના નામના સતત રટણથી હનુમાનજી રામને પ્રિય બન્યા. એ નામને પ્રતાપે એમણે સહજમાં કાળ ઉપર વિજય મેળવ્યો - માયા ઉપર પણ વિજય મેળવ્યો. (૨) આદિ કવિ વાલ્મીકિ ઋષિ તે વાલિયો લૂંટારો હતો. નારદજી મળ્યાં. એમના ઉપદેશથી એ લૂંટારાએ રામ નામની અહાલેક જગાવી. ધૂનમાં ને ધૂનમાં રામ રામને બદલે 'મરા મરા' બોલવા લાગ્યો. છતાં ફળ મળ્યું. ઋષિ બન્યા. રામાયણ રચ્યું અને મહાન્ થયા. (૩) એક વેશ્યા બોલવા જતી હતી રામ પણ રા... બોલી અને દેહ છૂટી ગયો. અર્ધે નામે પણ પાપની પૂતળી જેવી એ તરી ગઇ.

શબ્દો : કપીશ = હનુમાનજી. વણ આયાસે = વિના પ્રયત્ને. અઘની કાયા = પાપી દેહવાળી. પુંશ્ચલી = ગણિકા.

નામ શ્રીકૃષ્ણ બળ, બ્રહ્મા સૃષ્ટિ સર્જે,
અધમ ઉત્તમ તણું અઘ ન લાગે;
નામ શ્રીકૃષ્ણ બલ વિશ્વ મોહિની અજા,
કૃષ્ણ જાપક સદા તેહ ત્યાગે...૨૪

ભાવાર્થ : બ્રહ્માજી સૃષ્ટિનું સર્જન કરે છે. તેમાં કોઇને અધમ અને કોઇને ઉત્તમ બનાવે છે. ખરેખર તો આ અન્યાય કહેવાય; તેનો દોષ તેમને લાગે. પણ તે ભગવદિચ્છાનુસાર કરે છે અને ભગવન્નામનું બળ છે; માટે તે દોષ તેમને લાગતો નથી. (૨) આખા જગતને મોહ પમાડનારી જે માયા, તેનાથી એ જ અલિપ્ત રહી શકે છે કે જે નિરંતર કૃષ્ણ નામનો જપ કર્યા કરે છે.

શબ્દો : અજા = માયા. કૃષ્ણ જાપક = કૃષ્ણ નામનો જપ કરનાર.

સુર-ઋષિ કૃષ્ણ વદી વિશ્વ વલ્લભ હરિ,
કૃષ્ણ રટી ચતુસ્સન બ્રહ્મચારી;
નામ શ્રીરામ જપી ભૂષંડી ભક્ત મણિ,
યોગીવર અચલ આનંદ આહારી...૨૫

ભાવાર્થ : દેવર્ષિ નારદ નિરંતર કૃષ્ણનામ લેતાં રહેવાથી જગતમાં સૌને પ્રિય થયા છે ને શ્રીહરિને પણ વહાલા લાગે છે. એ જ પ્રમાણે ચાર સનકાદિકો- જે સતત પાંચ વર્ષની વયના રહીને, દિગંબર રહીને, કૃષ્ણ નામ રટતા ફર્યા કરે છે, એટલે તે પણ હરિને પ્રિય લાગે છે.

(કાક ભૂષંડી ઋષિ અને ગરુડજીના સંવાદરૂપે રામાયણની કથા છે.) આ ઋષિનો દેહ કાગડાનો હોવાથી કાક ભૂષંડી કહેવાયા. એ ઋષિ રામ નામ જપને પ્રતાપે ભક્ત શ્રેષ્ઠ અને યોગીવર બન્યા છે. આ ચાર સનકાદિકો તેમજ ઋષિ ભૂષંડી અન્નાહાર ન કરતાં હરિ નામના આનંદનો જ આહાર કરતાં.

શબ્દો : વિશ્વ વલ્લભ હરિ = વિશ્વને વહાલા, હરિને પણ વહાલા (વલ્લભ એટલે વહાલા - આ શબ્દોનો અર્થ બે બાજુ લાગે છે.) ચતુસ્સન = સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર - આ ચાર છે (માટે ચતુસ્સન) તેઓ બ્રહ્મચારી છે.

કૃષ્ણ જપતાં ગિરા પ્રવીણ પરમેશ્વરી,
કૃષ્ણ જપી કાલિકા અસુર માર્યા;
કૃષ્ણ નામે પરમ પૂજ્ય પ્રહ્લાદજી,
કૃષ્ણ નામે અધમ અસુર તાર્યા...૨૬

ભાવાર્થ : વાણીની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી પરમ પ્રવીણ - વિદ્યાની દેવી બની તે કૃષ્ણ નામને પ્રતાપે; દેવી કાલિકા અસુરોને મારી શકી તે પણ તે જ રીતે. પ્રહ્લાદજી પરમ પૂજ્ય ભક્ત બન્યા તે પણ ભગવન્નામને પ્રતાપે જ. નામને પ્રતાપે તો અનેક અધમ જીવો, અરે અસુરો પણ, તરી ગયા છે !

શબ્દો : ગિરા - પરમેશ્વરી = વાણીની અધિષ્ઠાત્રી દેવી, સરસ્વતી. (ગિરા - વાણી)

કૃષ્ણ જપ બળ, ધ્રુવે કાળ શિર પગ ધર્યો,
શુક અવિદ્યા અલગ કૃષ્ણ નામે;
શૌનકાદિક શ્રોતા થયા સૂત જદપિ,
વ્યાસ-પદ નામ બળ કૃષ્ણ જામે...૨૭

ભાવાર્થ : ધ્રુવજીએ શ્રીકૃષ્ણ નામ જપ કરેલો છે. (ઓમ્ નમો ભગવતે વાસુદેવાય) તેને પ્રતાપે તે કાળના બળને ઉલ્લંઘીને ગગનમાં તારકરૂપે અમર બની ગયા છે.

(૨) શ્રીકૃષ્ણ નામ પ્રતાપે શુકજીની અવિદ્યા નિવૃત્ત થઇ. સૂતજી શુદ્ધ બ્રાહ્મણ નથી. (ક્ષત્રિય અને બ્રાહ્મણીથી જન્મેલા છે) છતાં શ્રીકૃષ્ણ નામને પ્રતાપે વ્યાસ પદને પામ્યા. એ વક્તા અને શૌનક મુનિ જેવા શ્રોતાઓ થયા. જે શૌનક એક હજાર શિષ્યોને ભણાવનાર શુદ્ધ બ્રાહ્મણ ઋષિ હતાં.

શબ્દો : વ્યાસ પદ નામ બળ કૃષ્ણ જામે = (અન્વય) કૃષ્ણ નામના બળથી સૂતજીનું વ્યાસ પદ જામેલું. સૂત જદપિ = જો કે સૂત શુદ્ધ બ્રાહ્મણ કુળના ન હતા તો પણ (શૌનક જેવા તેમના શ્રોતા બન્યા.)

કૃષ્ણ નામે કૃષ્ણ પ્રેમ ભક્તિ મળે,
સાંગ અનપાયિની સહ પ્રતીતિ;
વ્હાલ વિશ્વાસ હરિ નામે હરિ નામથી,
નામ કૃષ્ણે મતિ નિત્ય નીતિ...૨૮

ભાવાર્થ : શ્રીકૃષ્ણ નામ લેતાં રહેવાથી હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમ અને દૃઢ વિશ્વાસ પ્રગટે છે. વળી અખંડ ભક્તિ - તે પણ શ્રવણ કીર્તનાદિ સર્વ અંગ સહિતની - સિદ્ધ થાય છે. વળી કોઇને હરિ-નામમાં પ્રેમ કે વિશ્વાસ ન હોય, તેઓ પણ (એક અખતરા રૂપે) નામ-જપ શરુ કરે તો નામના સામર્થ્યમાં એને વિશ્વાસ બેસી જાય છે. એટલું જ નહિ, એનાથી એનું મન પ્રપંચનો માર્ગ છોડીને ન્યાય - નીતિને માર્ગે વળી જાય છે.

શબ્દો : સાંગ (સ+અંગ) = અંગ સહિત (નવધા સહિત પ્રેમ લક્ષણા). અનપાયિની (અપાય = નાશ) = જે કદી નાશ ન થાય તેવી અખંડ. સહ પ્રતીતિ = વિશ્વાસ સહિત. નામ કૃષ્ણે = કૃષ્ણ નામને પ્રતાપે.

નામ શ્રીકૃષ્ણ બળ સકળ સંદેહ ટળે,
સકળ દુર્વાસના સમૂળ જાયે;
નામ બળ કૃષ્ણ જીતાય મન પ્રકૃતિ,
અશુભ દર્શન કદાપિ ન થાયે...૨૯

ભાવાર્થ : શ્રીકૃષ્ણ નામને પ્રતાપે સર્વ સંદેહો દૂર થઇ જાય છે. મનની ખરાબ વૃત્તિઓ મૂળમાંથી શમી જાય છે. અરે, દુષ્ટ સ્વભાવ ઉપર પણ વિજય મળે છે. કૃષ્ણ નામ લેનારને સ્વપ્નમાંયે અશુભ દશ્યો દેખાતાં નથી.

પરમ આનંદ ઉર કૃષ્ણ નામે સદા,
પાપ સંતાપ સહુ સમૂળ નાસે;
કૃષ્ણ રટતાં જ શ્રીકૃષ્ણ ઉરમાં વસે,
મન અચળ કૃષ્ણ લીલા વિલાસે...૩૦

ભાવાર્થ : કૃષ્ણ નામ લેનારના હૃદયમાં સદા આનંદ ભરેલો રહે છે. (કેમ કે શ્રીકૃષ્ણ આનંદ સ્વરૂપ છે.) વળી મનનો સંતાપ નિવૃત્ત થાય છે તેમ જ તેના દોષ - પાપ દૂર થઇ જાય છે. (કેમ કે શ્રીકૃષ્ણ નિર્દોષ પણ છે.)

વળી ભગવદીયોની મુખ્ય કામના ભગવાનને હૃદયમાં પધરાવવાની હોય છે. **(યદિ શ્રીગોકુલાધીશો - ધૃતઃ સર્વાત્મના હૃદિ)** શ્રીકૃષ્ણ નામ રટતાં શ્રીકૃષ્ણ ભગવાન લીલા સહિત હૃદયમાં પધારે છે. એનું મન શ્રીકૃષ્ણના લીલા ચિંતનમાંથી કદી ચલિત થતું નથી.

નામ શ્રીકૃષ્ણથી, કૃષ્ણ સ્વાધીન-પ્રસન્ન,
કૃષ્ણ જપ સન્ત ગુરુ વહાલ વાધે;
નામ શ્રીકૃષ્ણથી સૂક્ષ્મ વસ્તુ મળે,
વસ્તુ દુર્લભ પરમ સહજ લાધે... ૩૧

ભાવાર્થ : કૃષ્ણ નામ લેનાર ઉપર તો શ્રીકૃષ્ણ એવા પ્રસન્ન થાય છે કે એને આધીન થઇને રહે છે. પછી એને હરિ-ગુરુ તથા વૈષ્ણવમાં સ્નેહ વૃદ્ધિ થાય છે.

(૨) લૌકિક બુદ્ધિથી ન સમજાય તેવા સૂક્ષ્મ લાભ પણ તેને મળે છે. જે બીજી રીતે મળવું મુશ્કેલ છે તે નામને પ્રતાપે સહેજમાં સિદ્ધ થાય છે.

શબ્દો : વસ્તુ દુર્લભ પરમ = પરમ દુર્લભ વસ્તુ (અન્વય) સહજ લાધે = સહેજમાં મળે.

કૃષ્ણ નામે પ્રપંચ - પ્રીત સહુ વીસરે,
શ્રીકૃષ્ણ - સેવા સતત વ્યસન લાગે;
કૃષ્ણ નામે સકળ કામના પૂર્ણ મન,
કૃષ્ણ નામે સકળ ક્લેશ ભાગે...૩૨

ભાવાર્થ : લૌકિક વ્યવહારોમાં અને કાવાદાવામાં મનની જે લગન રહે છે તે પ્રપંચની પ્રીત કહેવાય, ભક્તિમાં એ બધું બાધક છે. નામને પ્રતાપે મનની આ લૌકિક -આસક્તિ છૂટતી જાય છે અને પછી શ્રીકૃષ્ણની સેવામાં પ્રીતિ-પ્રગટે છે. એ જીવ શ્રીકૃષ્ણની સેવા વિના રહી શકતો નથી, એવું વ્યસન લાગે છે. નામ સ્મરણનો પ્રતાપ કેટલો બધો ગણાય ! મનની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે અને સર્વ ક્લેશો નિવૃત્ત થાય છે.

કૃષ્ણ નામે મરુત મિત્ર અરિ શક્રને,
ગરલ અમી ભીમને કૃષ્ણ નામે;
સકલ અધર્મ થયા ધર્મ કુંતી કુંવર,
કૃષ્ણ પ્રિય નામ બળ ઘનશ્યામે...૩૩

ભાવાર્થ : કથા એવી છે કે દિતિએ પયોવ્રત કર્યું. એના ઉદરમાં ''વાયુ''નો ગર્ભ રહ્યો. ઇંદ્રે તેને મારી નાખવા ગર્ભના સાત ટુકડા કર્યા, છતાં સાતેમાં જીવન રહ્યું. પછી તે દરેકના સાત-સાત કકડા કર્યા (૭ x ૭ = ૪૯), છતાં મર્યા નહિ. પછી સમાધાન કરવું પડ્યું. આ નામને પ્રતાપે બન્યું. વાયુ શત્રુને બદલે ઇંદ્રનો મિત્ર બન્યો. (વાયુની સહાયતાથી ઇંદ્ર વૃષ્ટિ વરસાવે છેને !) (૨) ભીમને ખવડાવેલા ઝેરના લાડુ કૃષ્ણ નામને પ્રતાપે અમૃત બન્યા હતાં. (૩) પાંડવોને હાથે થયેલા બધા અધર્મ ધર્મરૂપ બની ગયા અને તે કૃષ્ણને પ્રિય બન્યાં. તે બધું કૃષ્ણ નામને પ્રતાપે. (કુંતાજી મોટાં કૃષ્ણ ભક્ત હતાં. પુત્રોને કૃષ્ણ નામ માટે એમણે પ્રેરેલાં.)

શબ્દો : મરુત્ = વાયુદેવ, પવન. અરિ = દુશ્મન. શક્ર = ઇંદ્ર ગરલ = ઝેર. કુંતી કુંવર = પાંડવો. (કુંતાજીનો કૃષ્ણ ભક્તિનો સંબંધ બતાવવા આ શબ્દ પ્રયોગ કર્યો છે.) કૃષ્ણ પ્રિય નામ બળ ઘનશ્યામે = ઘનશ્યામ એવા કૃષ્ણના નામના બળથી શ્રીકૃષ્ણ એને પ્રિય લાગે છે.

કૃષ્ણ નામે સકળ ઉલટું સુલટું પડે,
વિષની વિષયા થઈ ચન્દ્રહાસા;
કૃષ્ણ નામેથી અપરાધ અકથિત શમે,
કૃષ્ણ નામે ઉદય ત્રાસ નાસા...૩૪

ભાવાર્થ : ભગવન્નામને પ્રતાપે અવળું પણ સવળું થઇ શકે છે. પત્રમાં લખેલું કે ચંદ્રહાસને 'વિષ' આપો. એમાં 'યા' ઉમેરીને 'વિષયા' કરવામાં આવ્યું, રાજાની કુંવરીનું નામ વિષયા હતું. ઝેર અપાતું રહી ગયું અને રાજકુંવરી સાથે લગ્ન થયાં. (૨) કોઇના અગણિત તેમજ ન કહેવાય તેવા અપરાધો હોય તે પણ કૃષ્ણ નામથી શમે છે. (૩) શ્રીકૃષ્ણ નામ લેતાં રહેવાથી જીવનમાં અભ્યુદય થાય છે અને દુઃખ ક્લેશ ત્રાસ જે હોય તે નાસી જાય છે.

નામ શ્રીકૃષ્ણ તીવ્ર તપ ફળ મળે,
જાપ સઘળા સફળ કૃષ્ણ કહેતાં;
વિવિધ વ્રત નામ શ્રીકૃષ્ણમાં આવિયાં,
નેમ પણ નામ શ્રીકૃષ્ણ ગ્રહેતાં...૩૫

ભાવાર્થ : શાસ્ત્રોક્ત સાધનોનો સમાવેશ પણ કૃષ્ણ નામમાં થઇ જાય છે. જપ - તપ - વ્રત - યમ - નિયમ - બધું જ એમાં આવી જાય છે. તીવ્ર તપથી જે ફળ બીજા યુગમાં મળતું તે આ યુગમાં નામ સ્મરણથી મળે છે. અન્ય જપની અપૂર્ણતા ટળીને શ્રીકૃષ્ણ - નામ - જપ કરવાથી, તે જપ પણ ફળે છે. વ્રતોનું અને યમ - નિયમનું ફળ પણ એનાથી મળી જાય છે.

પુષ્કરાદિક તીર્થ, સુરસુરી આદિ નદી,
ત્યાં વસે જ્યાં સદા કૃષ્ણ નામ;
નામ શ્રીકૃષ્ણમાં જ્ઞાન વૈરાગ્ય ફળ,
નામ શ્રીકૃષ્ણ સહુ ધર્મ - ધામ...૩૬

ભાવાર્થ : ગંગાજી જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું ફળ, પુષ્કરજી જેવા તીર્થોની યાત્રાનું ફળ, જ્ઞાન અને વૈરાગ્ય જેવા ગુણોની સિદ્ધિ - આ બધું જ શ્રીકૃષ્ણ નામ દ્વારા પ્રાપ્ત થઇ શકે છે. આવા નામને સમગ્ર ધર્મોનું ધામ કેમ ન કહી શકાય !

શબ્દો : સુરસુરી = સ્વર્ગના દેવોની નદી, ગંગાજી.

યોગ અષ્ટાંગ મખ અશ્વમેધાદિ સહુ,
વર્ણાશ્રમ ધર્મ શ્રીકૃષ્ણ બોલે;
કૃષ્ણ જપતાં અનુષ્ઠાન આવ્યાં અખિલ,
ધ્યાન ફળ નામ નહિ કૃષ્ણ તોલે...૩૭

ભાવાર્થ : અષ્ટાંગ યોગનું ફળ, અશ્વમેધાદિ યજ્ઞોનું ફળ, અનેક અઘરાં અનુષ્ઠાનોનું ફળ અને ધ્યાનીઓના ધ્યાનનું ફળ - આમાંનું કશું જ શ્રીકૃષ્ણ નામ રટણની તોલે આવી શકે તેમ નથી ! કેટલું સરળ છતાં શ્રેષ્ઠ સાધન : નામ !

શબ્દો : અષ્ટાંગ યોગ = નીચેનાં આઠ અંગવાળો યોગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, મખ = યજ્ઞ. શ્રીકૃષ્ણ બોલે = કૃષ્ણ કૃષ્ણ બોલતા રહેવાથી (વર્ણાશ્રમ ધર્મ પણ સચવાય છે.) અખિલ = બધાં. ધ્યાન ફળ નામ નહિ કૃષ્ણ તોલે = (અન્વય) ધ્યાન - ફળ, કૃષ્ણ - નામ તોલે નહિ.

સહસ્ર બ્રહ્માંડ સુવર્ણ પૂરી કરે,
દાન સુપાત્ર કર પર્વ સાધી;
ચાર, ષટ્, અષ્ટાદશ પાઠ એ સર્વથી,
નામ શ્રીકૃષ્ણ બળ જાય વાધી...૩૮

ભાવાર્થ : દાન ધર્મનું પણ એવું જ. કદાચ કોઈ ચક્રવર્તી રાજા, વિશ્વમાં સમાય તેટલા સુવર્ણનું દાન કરે, અને તે પણ પોતાને હાથે, પર્વકાળમાં અને સુપાત્રને કરે ! તોયે તેનાથી શ્રીકૃષ્ણ - નામ - જપ વધી જાય છે.

(૨) કોઈચાર વેદ છ શાસ્ત્રો (ખટ્ દર્શન) અને અઢાર પુરાણોનો જપ-પાઠ કરે, તો તે કરતાંય શ્રીકૃષ્ણ નામના જપનું ફળ વધી જાય છે.

શબ્દો : પૂરી = ભરીને (હજાર બ્રહ્માંડ ભરીને) (સુપાત્રે દાન, પર્વકાળનું દાન, ઉત્તમ ગણાય છે.) નામ શ્રીકૃષ્ણ બળ જાય વાધી- (અન્વય) શ્રીકૃષ્ણ નામનું બળ વધી જાય.

નામ શ્રીકૃષ્ણનું સકલ શિરોમણિ.
રુચિ સહિત રટે તે કૃષ્ણ જેવા;
તેહની પૂંઠળ ફરે સદા કૃષ્ણજી,
જેની કમલા કરે સતત સેવા...૩૯

ભાવાર્થ : સર્વમાં શિરોમણિ એવા કૃષ્ણ નામનું નિરંતર પ્રેમથી રટણ કરનાર વૈષ્ણવમાં શ્રીકૃષ્ણનું સામર્થ્ય આવે છે. કમલાવર કૃષ્ણ સદા તેની પાછળ ફરે છે.

નામ શ્રીકૃષ્ણ બળ જેહને ઉર વસ્યું,
કોટિ કૌતક કરે શંક છોડી;
લોક કુળ વેદની શૃંખલા ચહાય તો,
નામ બળ કૃષ્ણ નાખે જ તોડી...૪૦

ભાવાર્થ :શ્રીકૃષ્ણ નામનું બળ જેને મળ્યું છે, તે નિઃશંક બનીને અનેક અસાધારણ કાર્યો કરી શકે છે. એ ઇચ્છે તો, એ નામના પ્રભાવથી લૌકિક વૈદિક બંધનોને તોડી શકે છે; કુળ-કા'ન પણ છોડી શકે છે. (આ બંને પ્રભુ - મિલનમાં અંતરાયરૂપ છે.)

શબ્દો : જેહને ઉર વસ્યું = જેના હૃદયને નામમાં પૂરો વિશ્વાસ બેસી ગયો છે તે. શૃંખલા = બેડીઓ, સાંકળો, બંધનો, ચહાય તો = ઈચ્છા કરે તો.

નામ શ્રીકૃષ્ણ બલ જુઓ કશ્યપ ઋષિ,
પુત્ર પુત્રી વર્યા શાસ્ત્ર બોલે;
નામ શ્રીકૃષ્ણ બલ પરશુરામે હણ્યાં,
ભાત ને માત અઘ કો ન તોલે...૪૧

ભાવાર્થ : કથાસાર - કશ્યપ ઋષિના પુત્ર વૈશ્વાનર હતાં. વૈશ્વાનરની બે પુત્રીઓઃ પુલોમા અને કપીલા હતી. બ્રહ્માજીની પ્રેરણા અને આજ્ઞાથી, સૃષ્ટિ વધારવાના ઉદ્દેશથી, કશ્યપજીએ પોતાની આ પૌત્રીઓ સાથે લગ્ન કરેલાં; જે અનુચિત હતું છતાં ભગવન્નામના બળથી એ એમને બાધક થએલું નહિ.

(૨) પરશુરામ કથાસાર - પરશુરામના પિતા સમાધિમાં હતાં અને માતા રેણુકા જળ ભરવા ગયાં. ત્યાં સરોવરમાં એક ગંધર્વ અપ્સરાઓ સાથે વિહાર કરતો હતો. એ ગંધર્વ સ્વરૂપવાન હતો. તેનું રૂપ જોઈને રેણુકા માનસિક રીતે ચંચલ થયાં. એ પતિવ્રતા હતા પણ એમાં આટલી ઉણપ આવી. પરશુરામના પિતાએ આ વાત સમાધિમાં જાણી અને તેમને ગુસ્સો આવ્યો. માતા જળ ભરીને ઘેર આવ્યાં. બીજા પુત્રો ઘરમાં હતાં. પિતાએ તેમને આજ્ઞા કરી કે તમારી માતાને મારી નાખો. પણ તેમણે માન્યું નહીં. પરશુરામ બહારથી આવ્યા. પિતાએ તેમને કહ્યું, તેમણે માતાને અને ભાઈઓને મારી નાખ્યાં. આવું પાપ બીજુ ક્યું હોય ! પણ ભગવન્નામના બળ ઉપર એ પાપ તેમને લાગ્યું નહીં. એ નિષ્પાપ રહ્યા.

ઋષિનો ક્રોધ ક્ષણિક હતો; ઉતરી ગયો. પરશુરામના આજ્ઞા પાલન ઉપર પ્રસન્ન થયા. વરદાન માગવા કહ્યું, પરશુરામે માગ્યું કે મારા ભાઈઓ અને માતાને સજીવન કરો, અને બીજું એ કે મેં એમને માર્યા છે તે વાત કોઈ જાણે નહિ. ઋષિએ સૌને સજીવન કર્યા. એકવીસ વખત પૃથ્વીને ન-ક્ષત્રી કરનાર આ પરશુરામ ભગવદ્ - અવતાર મનાય છે.

નામ શ્રીકૃષ્ણ બળ મુનિ પરાશર કર્યું,
મધ્ય ગંગા ગમન કેવટ કન્યા;
નામ બળ કૃષ્ણ વિણ સઘ નરકે પડે,
જો કરે અવર કો એમ અન્યા...૪૨

ભાવાર્થ : પરાશર મુનિ નાવમાં બેસીને ગંગાજી પસાર કરતાં હતાં. માછીમારની કન્યા નાવ હંકારતી હતી. એકલાં જ હતાં. નાવ નદીની મધ્યમાં ગયું ત્યાં મુનિ કન્યા પર મોહિત થયા. સમાગમની માગણી કરી. કન્યાએ કહ્યું

'જુઓ ઋષિરાજ મારા શરીરમાંથી માછલાંની ગંધ આવે છે.' (નામ એનું મત્સ્યગંધા) ઋષિએ ગંગા જળની અંજલિ ભરી; મંત્ર ભણીને તેના પર છાંટી. કન્યાનું શરીર એવું થઇ ગયું કે સુગંધ પ્રકટી. (યોજનગંધા નામ પડ્યું - ચાર ગાઉ સુધી તેની સુગંધ પ્રસરે તેવી) પછી સમાગમ કર્યો. મહાભારતનો જાણીતો પ્રસંગ છે.

કવિ કહે છે કે ઋષિ સમર્થ હતાં. ભગવન્નામનું બળ હતું. માટે દોષ લાગ્યો નહિ. બીજા કોઈએ આવી અનીતિ આચરી હોત તો નરકે જાત.

નામ શ્રીકૃષ્ણ બળ કવિ પુરોહિત અસુર,
માંસ મધુ અશન મુનિ સર્વ કરતા;
નામ બળ કૃષ્ણ ગુરુ ભ્રાત સ્ત્રી ભોગવી,
સર્વ ભોગી શુચિ સ્વાહા ભરતા...૪૩

ભાવાર્થ : કવિ એટલે 'મુનિ શુક્રાચાર્ય' તે અસુરોના એટલે દાનવોના ગુરુ હતાં. તેમને પણ ભગવન્નામનું બળ હતું. એ માંસાહાર, મદ્યપાન કરતાં. ભ્રાત - પત્ની - ગમન જેવા દોષોથી પણ એમને બાધ ન થયો.

(૨) અગ્નિદેવ જે મળે તે બધું જ સ્વાહા કરી જાય છે, છતાં ભગવન્નામના બળ ઉપર એ પવિત્ર રહેલ છે. (શબ્દો) મધુ = મદ્ય, દારુ. અશન કરતાં = ખાતાં. સર્વભોગી = બધું ખાનાર. શુચિ = પવિત્ર. સ્વાહા - ભર્તા = સ્વાહાના પતિ અગ્નિદેવ. (અગ્નિદેવની પત્નીનું નામ સ્વાહા છે.)

નામ શ્રીકૃષ્ણ બળ શંકરાચાર્યજી,
ખાધી ભિક્ષા શ્વપચ જે ન ખાવી;
નામ શ્રીકૃષ્ણ બળ જ્ઞાનદેવે જુઓ,
મહિષ પુચ્છેથી શ્રુતિઓ ભણાવી...૪૪

ભાવાર્થ : શંકરાચાર્યજીએ ચાંડાલના ઘરના રોટલાના ટુકડા ભિક્ષામાં લઇને ખાધા, જે ન ખવાય, તે પણ શ્રીકૃષ્ણ નામના બળ ઉપર ખાધા. કૃષ્ણાત્ પરં કિમપિ તત્ત્વમહં ન જાને (કૃષ્ણથી મોટું બીજું કોઇ તત્ત્વ હું જાણતો નથી.)

જ્ઞાનદેવે પાડા પાસે વેદની શ્રુતિઓ બોલાવેલી અને તે પણ તેના પૂંછડેથી. આ પણ ભગવન્નામના બળ ઉપર બોલાવેલી.

નામ બલ કૃષ્ણ પંડિત જગન્નાથજી,
યવન પુત્રી કરી ઘરની જાયા;
જગતને જણવ્યું કે શુદ્ધ પાદોદથી,
સીઢી બાવન ચઢાવીને ન્હાયા...૪૫

ભાવાર્થ : જગન્નાથ પંડિતે મલેચ્છની પુત્રીને પત્ની કરી હતી. (નામ લવંગી) તે ભગવન્નામના બળ ઉપર કરેલું. તેથી તો વિષ્ણુ પાદોદકી ગંગાજીએ બાવન પગથિયાં ચઢીને, પંડિતજીને ન્હવરાવીને, તે શુદ્ધ હોવાનું જગતને જણાવ્યું.

નામ બલ કૃષ્ણ વિંધ્યાદ્રિ નમવ્યો ઘટજ,
અંજલિ લેઈ ઉદધિ આરોગ્યા;
નામ શ્રીકૃષ્ણ બલ સૌભરી તરુણ થઈ,
રૂપ પચાસ સ્ત્રી ભોગ ભોગ્યા...૪૬

ભાવાર્થ : ઘટજ એટલે અગસ્ત્ય ઋષિ. સમુદ્રમાંથી એક કુંભ (ઘટ, ઘડો) મળેલો. એમાંથી બાળક નીકળ્યો. તે જ અગસ્ત્ય. તેથી તે કુંભજ, ઘટજ પણ કહેવાય છે. (ઘટ = ઘડો; જ = જન્મેલા.) એક કથા એવી છે કે પહેલાં વિંધ્યાદ્રિ પર્વત ઘણો ઊંચો હતો. ઘણાં પ્રદેશના સૂર્ય પ્રકાશને એ રોકતો. અનેકની પ્રાર્થનાથી અગસ્ત્ય ઋષિએ એ પર્વતને નીચો કર્યો. તે ભગવન્નામના બળથી કરી શક્યા.

(૨) અને, એ જ ભગવન્નામના બળ ઉપર સમુદ્ર પાનનું સામર્થ્ય અગસ્ત્ય ઋષિમાં આવેલું.

પૌરાણિક કથા આવી છે :

પૂર્વે કેટલાક અસુરો ઇંદ્રાદિ દેવોને, ઋષિઓને તથા પ્રજાને ઘણો ત્રાસ આપતાં હતાં. ત્રાસના કુકર્મો કરીને તેઓ સમુદ્રમાં સંતાઈ જતાં. સમુદ્રના જળને શોષી લેવાથી આ ત્રાસ ટળશે એમ માનીને ઇંદ્રે અગ્નિદેવ અને વાયુદેવને આજ્ઞા કરી કે તમે સમુદ્રને શોષી લો. (ગરમી અને પવનથી પાણી સુકાય.) પરંતુ બંનેએ ઇંદ્રની આજ્ઞાનો અનાદર કર્યો. તેથી તેણે એ બંનેને શાપ આપ્યો કે તમે મનુષ્ય યોનિમાં જન્મ લો. તે વખતે વૈવસ્વત મન્વંતરનો સમય હતો. અગ્નિ અને વાયુદેવ બંને એક જ દેહમાં અવતર્યા. તે સમુદ્રના કુંભમાંથી પ્રગટચા. તે જ ઋષિ અગસ્ત્ય. હવે સમુદ્ર પાનનો પ્રસંગ કેવી રીતે બને છે તે જોઇએ.

અગસ્ત્યે વિદર્ભ રાજાની કન્યા લોપામુદ્રા સાથે લગ્ન કર્યુ. પછી સંતાન પ્રાપ્તિ માટે આતુર થયા. ત્યારે લોપામુદ્રાએ કહ્યું કે દરિદ્રને સંતાન પ્રાપ્તિનો અધિકાર નથી. પહેલાં તમે ઐશ્વર્યવાન્ - શ્રીમાન્ બનો.

એટલે તે વસદ્ધસ્યુ પાસે ગયા. તેમણે કહ્યું કે ઇલ્વલ નામના અસુર પાસે ઘણી સંપત્તિ છે. તેને જીતી લેવાથી તે ધન તમને મળશે.

આતાપી, વાતાપી અને ઇલ્વલ એ ત્રણ માયાવી અસુરોની વાત આવી છે :

તેઓ રસ્તા ઉપર બેસતાં. કોઈ ધનિક મુસાફર જતો હોય ત્યારે આતાપી ફળ બની જતો; વાતાપિ જળ બની જતો અને પછી ઈલ્વલ પેલા મુસાફરને ભોળવીને ફળ ખવરાવી જળ પાતો, પેટમાં જઈને તેઓ મુળરૂપ પ્રગટ કરી મુસાફરને મારી નાખતા અને ધન લૂંટી લેતાં, આ રીતે ઈલ્વલ ઘણો ધનિક બન્યો હતો.

એકવાર ઋષિ અગસ્ત્ય જઈ ચઢ્યા. ફળ અને જળ પેટમાં જતાં જ ઋષિ આ કરતૂત પામી ગયાં. અને ભગવન્નામ લઈને પેટ પર હાથ ફેરવ્યો, આતાપી અને વાતાપી પેટમાં જ બળીને ભસ્મ થઈ ગયા અને ઈલ્વલ ત્યાંથી નાઠો. તે સમુદ્રમાં સંતાયો, ઋષિ અંજલી દ્વારા સમુદ્ર-પાન કરી ગયા. ઈલ્વલને પકડ્યો, જીત્યો અને જોઈએ તેટલું ધન પ્રાપ્ત કર્યું.

(૩) સૌભરી ઋષિની કથા એવી છે કે તેમણે સાઠ હજાર વર્ષ સુધી તપ કરેલું, ઉનાળામાં ધૂણી ધખાવે, શિયાળામાં શીતળ જળમાં નદીમાં બેસી રહે, એક દિવસ જળમાં મત્સ્ય વિહાર જોયો અને મન ચલિત થયું. તપ મૂકીને સંસાર સુખ ભોગવવાની ઈચ્છા થઈ, માંધાતા રાજાને ત્યાં જઈને કહ્યું કે મારે લગ્ન કરવા છે. રાજાને પચાસ રૂપવતી કન્યાઓ હતી. ઋષિ વૃદ્ધ છતાં તપ અને ભગવન્નામના બળથી તરુણ થઈને ગયા હતાં. તેમને જોઈને બધી કન્યાઓ પરણવા આતૂર થઈ ગઈ, અહમ્ પૂર્વમ્ અહમ્ પૂર્વમ્ પહેલાં હું, પહેલાં હું, એમ કહેવા લાગી. ઋષિએ એ પચાસે કન્યાઓ સાથે લગ્ન કરીને સંસાર સુખ ભોગવ્યું. (કામદેવના પ્રબળ પ્રભાવનું નિરૂપણ કરતાં સૌભરી ઋષિનું દૃષ્ટાંત અપાય છે.)

શબ્દો : ઉદધિ = સમુદ્ર, તરુણ = યુવાન.

સંચિત ક્રિયમાણ પ્રારબ્ધ ત્રણે ટળ્યાં,
નામ શ્રીકૃષ્ણ બળ મુનિ સુદામા;
તત્ત્વવેત્તાજીએ નારીનો નર કર્યો,
પ્રગટ બળ જોઈ લો કૃષ્ણ નામ...૪૭

ભાવાર્થ : સુદામા શ્રીકૃષ્ણના મિત્ર અને ભક્ત, પૂર્વ કર્મો અનુસાર ભાગ્યમાં દરિદ્રતા છતાં કૃષ્ણ નામના બળથી અને કૃષ્ણની કૃપાથી સમૃદ્ધિવાન બન્યા. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ - ત્રિવિધ કર્મ બંધનથી મુક્ત થઈ શક્યા. (૨) શિખંડીની કથા મહાભારતમાં છે. શ્રાદ્ધદેવ મનુને પુત્રની કામના હતી. પુત્ર કામેષ્ટિ યજ્ઞ કર્યો, પુત્ર પ્રાપ્તિનો સંકલ્પ કર્યો. પણ તેની પત્ની શ્રદ્ધા દેવીને પુત્રીની કામના જાગી. બ્રાહ્મણોને કહ્યું. તેમણે મંત્ર - પરિવર્તન કર્યું

અને પુત્રી જન્મી. કન્યા છતાં માતાએ તે વાત છુપાવીને પુત્ર તરીકે જાહેર કરી કપડાં છોકરાના પહેરાવે. નગ્ન રાખીને સ્નાન ન કરાવે. ઉંમર લાયક થતાં સગાઇનો પ્રશ્ન આવ્યો. છોકરાની સગાઇ તો છોકરી સાથે જ થાયને ! એક રાજકુમારી સાથે સગાઇ અને લગ્ન કર્યા. પરંતુ પછી શિખંડીને શરમ આવતાં તે જંગલમાં નાસી જાય છે; કૂવામાં પડીને આપઘાત કરવા વિચારે છે. અને ભગવાનની સ્તુતિ કરે છે. ત્યાં તત્ત્વવેત્તા વસિષ્ઠ મુનિ આવી ચઢે છે. ભગવન્નામના બળથી એને નારીમાંથી નર બનાવે છે. (યોગવસિષ્ઠગ્રંથ રચનાર વસિષ્ઠ માટે તત્ત્વવેત્તા કહ્યા.)

(મહાભારતના યુદ્ધ વખતે ભીષ્મ જાણતા હતા કે આ પુરુષ દેખાય છે પણ મૂળમાં સ્ત્રી છે. તેથી તેના પર શસ્ત્ર ચલાવ્યું નહીં છેવટે તેના બાણથી મરાયા)

જુઓ જયદેવ સ્ત્રી મૃતક પદ્માવતી,
સજીવન કીધી શ્રીકૃષ્ણ નામે;
જીવિત કીધો જ સ્મશાન પહોંચ્યો પુરુષ,
તુલસીદાસે પ્રબલ રામ નામે...૪૮

ભાવાર્થ : શ્રીકૃષ્ણ - લીલાના સંસ્કૃત કાવ્ય ગીત ગોવિંદના રચયિતા કવિ જયદેવનો આ પ્રસિદ્ધ પ્રસંગ છે. એ રાજાના પ્રિય કવિ હતાં. કવિની પત્નીનું નામ પદ્માવતી. તે રાણી સાથે રહેતી. એકવાર વાત વાતમાં પદ્માવતીએ રાણીને કહ્યું : 'પતિ મરી જાય પછી પત્ની જીવી જ કેમ શકે !'

રાણીએ કસોટી કરવા જયદેવજીના મૃત્યુના ખોટા સમાચાર મંગાવ્યા. સાંભળતાં જ પદ્માવતીનો દેહ છૂટી ગયો. જયદેવે આવીને જોયું. પદ્માવતીનું માથું ખોળામાં લઇને, પોતાના કાવ્યની દશાવતાર સ્તુતિની અષ્ટપદી ગાઇ, 'શ્રિત કમલા કુચ મંડલ ધૃત કુંડલ' ! એ ભગવદ ગુણગાનના પ્રભાવથી મૃત પત્નીને સજીવન કરી.

(૨) તુલસીદાસના ચરિત્રનો આ પ્રસંગ છે. કોઇ માણસના મૃતદેહને સ્મશાને લઇ ગયેલા. સંબંધીઓના કલ્પાંતથી કરુણાવશ બની ભક્ત તુલસીદાસે રામ નામના પ્રતાપે તેને સજીવન કર્યો.

નામ શ્રીકૃષ્ણ બલ નામદેવ મૃતક,
ગૌ જીવાડી જોયું યવન રાણે;
કૃષ્ણ નામે તુકારામ વૈકુંઠ,
પહોંચ્યા સદેહે સકલ જગત્ જાણે...૪૯

ભાવાર્થ : પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીના ભક્ત નામદેવે ભગવન્નામના બળથી મરેલી ગાયને જીવતી કરી અને યવન રાજાએ તે જોયું. (૨) ભક્ત તુકારામ 'પાંડુરંગ - પાંડુરંગ' બોલતાં સદેહે (દેહ સહિત) વૈકુંઠમાં પહોંચ્યા છે, તે પણ જાણીતી વાત છે.

નામ બલ કૃષ્ણ નરસિંહ મહેતાજીએ,
પારખાં પ્રગટ અગણિત આપ્યાં;
નામ બળ કૃષ્ણ પીપાજી પ્રભુ મળ્યાં,
મુદ્રા આયુધ તન જગત્ છાપ્યાં...૫૦

ભાવાર્થ : ભક્તમાળના પ્રસંગો છે. ભક્ત નરસિંહ મહેતાએ તો જીવનના અનેક પ્રસંગોએ કૃષ્ણ નામના બળના પ્રગટ પારખાં કરાવી દીધા છે. (૨) મર્યાદા ભક્ત રાજા પીપાજીને કૃષ્ણ નામને બળે પ્રભુ મળ્યા છે. એ પીપાજી રાજાના શસ્ત્રોની મુદ્રાઓ (ગોપીચંદનના છાપાં) લોકો શરીર પર છાપતા થઇ ગએલા. આયુધ = હથિયારો.

નામ બલ કૃષ્ણ વિષ અમૃત મીરાં થયું,
સુધન્વાને શીતળ તેલ તાતું;
શ્રીકરે કરી હરિ જટાયુની ક્રિયા,
ગીધ પદ પરમ નિજ નામ નાતું...૫૧

ભાવાર્થ : રાણાએ મીરાને મોકલેલું ઝેર શ્રીકૃષ્ણ નામના બળથી અમૃત બની ગયું અને મીરાએ તેનું પાન કર્યું (૨) મહાભારતમાં અશ્વમેધ યજ્ઞની કથામાં સુધન્વાની વાત છે. પાંડવોના અશ્વમેધના ઘોડાને સુધન્વાના પિતા બાંધે છે. યુદ્ધ કરવાનું હતું. એ રાજા ઢંઢેરો પીટાવે છે કે કાલે સૂર્યોદય પહેલાં સેનાપતિ, સૈનિકો અને સૌએ યુદ્ધ મેદાનમાં હાજર થવું. જે મોડા પડશે તેને ઉકળતા તેલની કઢાઇમાં નાંખવામાં આવશે.

પુત્ર સુધન્વાને તો જવું જ પડે, પણ તે સમયસર જઇ ન શકયા. એ ભક્ત હતાં. બ્રાહ્મ મુહૂર્તનો સેવા પૂજાનો સમય ચુકાય નહિ. મોડા પડ્યા. રાજાએ ઉકળતા તેલમાં પડવા હુકમ કર્યો. ભગવન્નામ લેતાં લેતાં એ તેલમાં પડ્યા અને શીતળ જળમાં સ્નાન કરતાં હોય તેમ તરવા લાગ્યા.

(૨) રામાયણની કથા છે. ગૃધ્રરાજ જટાયુ રાજા દશરથના મિત્ર હતાં. સીતાજીને હરીને રાવણ જાય છે, ત્યારે જટાયુ રામ નામ જપતાં, રાવણને આંતરે છે. રાવણ સાથેની ઝપાઝપીમાં જટાયુ ઘાયલ થાય છે, અને અર્ધમૃત દશામાં ધરતી પર પડે છે. રાવણ આગળ જાય છે. પછી રામ લક્ષ્મણ સીતાને શોધતાં

ત્યાંથી પસાર થાય છે. જટાયુ પગે લાગે છે. રામ લક્ષ્મણને વિનવીને રોકે છે. રાવણ કઇ બાજુ ગયો તેના સમાચાર આપે છે.

શ્રીરામને તેના પર પ્રેમ આવે છે તેને મટાડી દેવાનું કહે છે. ત્યારે જટાયુ વિનવે છે : ''ભગવન્ ! મરતી વખતે આપનાં દર્શન કરવા હું પ્રાણ ટકાવી રહ્યો હતો. સીતા માતાના સમાચાર આપવાની સેવા પણ કરવી હતી. હવે આપની સંનિધિમાં પ્રાણ છૂટે એમાં જ અહોભાગ્ય માનું છું.'' એમ કહીને, રામ નામ લેતાં લેતાં પ્રાણ છોડ્યા. પછી રામચંદ્રજીએ તેની ઉત્તર ક્રિયા કરી અને જટાયુને પરમ પદ પ્રાપ્ત કરાવ્યું. (રામજીએ સંતોષ લીધો કે મારા પિતા દશરથની ઉત્તર ક્રિયા કરવાની મળી નહિ, પણ પિતાતુલ્ય, પિતાના મિત્રની ક્રિયા કરવાની તો મળી !)

શબ્દો : નાતું = નાતો, સંબંધ, (રામ નામના સંબંધે કરીને જટાયુને આ લાભ મળ્યો.)

શાપ દુર્વાસા અંબરીષને ના નડ્યો,
બ્રહ્મ હત્યા બળી કૃષ્ણ નામે;
જાણી જોઇ મગધમાં કબીરજી તન તજ્યું,
રામ નામે ગયા પરમ ધામે...૫૨

ભાવાર્થ : કૃષ્ણ ભક્તિ અને કૃષ્ણ નામને પ્રતાપે રાજા અંબરીષને મુનિ દુર્વાસા જેવાનો શાપ પણ નડ્યો નહિ. ઉલટું દુર્વાસાએ મૂકેલી કૃત્યા શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રથી બળી ગઇ.

(૨) તામસ દેશોમાં મગધની ગણના છે. ત્યાં દેહ છોડનારની સદ્‌ગતિ ન થાય. છતાં કબીરજી મૃત્યુ સમયે મગધ ગયા અને ત્યાં રામ નામ લેતાં દેહ છોડ્યો. એમને પરમ ગતિ પ્રાપ્ત થઇ. (પછી તેમના શિષ્યો વચ્ચે વિવાદ થયો. હિન્દુઓ કહે અગ્નિદાહ દઇએ, મુસ્લીમો કહે દાટીએ. પણ શરીર ઉપરથી ચાદર ઉઠાવતાં દેહ ન મળ્યો - ફૂલનો માત્ર ઢગલો હતો. અર્ધા દાટ્યા અર્ધાને બાળ્યાં.)

દાસ માધવ તણી ટહેલ જગદીશ કરી,
નામ નિજ જપે તે પરમ પ્યારો;
કાળને ફેરવ્યો પિતામહ ભીષ્મજી,
નામ શ્રીકૃષ્ણ બળ એ વિચારો...૫૩

ભાવાર્થ : ભક્ત માળમાં ચરિત્ર છે. માધવદાસ શ્રીજગદીશના ભક્ત હતાં. એમને દસ્તનો રોગ થએલો. ત્યારે શ્રીજગન્નાથજીએ માનવ રૂપ ધરીને એમની ચાકરી કરી છે. (૨) ભીષ્મ પિતામહે, ભગવન્નામના બળ ઉપર; દક્ષિણાયનમાં થતાં મૃત્યુને ઉત્તરાયણ સુધી લંબાવેલું.

નામ શ્રીકૃષ્ણ અંકુશ માતંગ મન,
વાયુ સમ વશ વૃષ્ટિ પ્રકૃતિ કરવા;
નામ શ્રીકૃષ્ણનું પાપ પર્વત પવિ,
મેઘ ત્રય તાપ દાવાગ્નિ હરવા...૫૪

ભાવાર્થ : આ અને હવે પછીની કડીઓમાં જુદા જુદા રૂપકો આપીને કવિ નામ - ઉપમા સમજાવે છે.

શબ્દો : માતંગ = હાથી, પ્રકૃતિ = મન, સ્વભાવ. પવિ = વજ્ર. દાવાગ્નિ = દાવાનળ.

(૧) મન્દોન્મત્ત હાથીને અંકુશ જેમ વશમાં રાખે છે તેમ માનવીના ભટકતાં મનને ભગવાનનું નામ કાબુમાં લઈને યોગ્ય માર્ગે ચલાવે છે.

(૨) વાયું વરસાદને જેમ યોગ્ય માર્ગે લઈ જાય છે તેમ ભગવન્નામ જીવને યોગ્ય માર્ગે પ્રેરીને કાર્ય સફળ કરાવે છે. (૩) ઈંદ્રનું આયુધ - વજ્ર - પર્વતની પાંખોને કાપી નાખે તેમ શ્રીકૃષ્ણનું નામ જીવના પર્વત જેવા પાપના ઢગલાને પણ કાપી શકે છે. (૪) મેઘ વરસીને વનના દાવાનળને હોલવે છે તેમ ભગવન્નામ જીવના ત્રિવિધ તાપનું (આધિ વ્યાધિ ઉપાધિનું) શમન કરે છે.

નામ શ્રીકૃષ્ણનું કૃષ્ણ મન્મથ કંસ,
ક્રોધ દશ સ્કંધને રામ જેવું;
નામ હરિ નૃહરિ, લોભ કશ્યપ કનક,
મોહ આદિ ગરુડ જોઈ લેવું...૫૫

ભાવાર્થ : શ્રીકૃષ્ણે જેમ કંસને માર્યો તેમ મનના કામ રૂપી દોષનું શ્રીકૃષ્ણ નામ નિવારણ કરે છે. (૨) શ્રીરામે જેમ રાવણને માર્યો તેમ મનના ક્રોધને ભગવન્નામ મારે છે. (૩) નૃસિંહજીએ જેમ હિરણ્યકશિપુને માર્યો તેમ મનના લોભને નિવારવાનું કાર્ય પણ ભગવન્નામ કરે છે. (૪) ગરુડજી જેમ સર્પને મારે છે તેમ મનના મોહને ભગવન્નામ મારે છે.

શબ્દો : મન્મથ = કામદેવ. દશ સ્કંધ = દશ ખભાવાળો રાવણ. નૃહરિ = નરસિંહજી. કશ્યપ કનક = હિરણ્ય કશિપુ

નામ શ્રીકૃષ્ણનું મદ મદન શિવ સદૃશ,
જંભ માત્સર્ય શિર વજ્ર પાણિ;
નામ શ્રીકૃષ્ણનું કહાન કાલિય વિષય,
દંભ દુર્દૈત્ય મહાકાલિ જાણી...૫૬

ભાવાર્થ : શિવજીએ જેમ મદન (કામદેવ)ને નમાવ્યો તેમ ભગવન્નામ મનના મદને નિવારે છે. (દૈન્ય સિદ્ધ કરે છે) જેના હાથમાં વજ્ર છે એવા ઇન્દ્રદેવે જૃંભ નામના અસુરનું માથું વજ્રથી ઉડાવ્યું તેમ કૃષ્ણ નામ ઈર્ષ્યાનો નાશ કરે છે. શ્રીકૃષ્ણે કાલિય નાગને નાથ્યો તેમ શ્રીકૃષ્ણ નામ વિષયાસક્તિને નાથે છે. દેવી મહાકાલી જેમ દુષ્ટ દૈત્યોને મારે છે તેમ ભમવન્નામ દંભ - પાખંડનો નાશ કરે છે.

શબ્દો : મદન = કામદેવ. શિવ સદ્દશ = શિવજીની જેમ. માત્સર્ય = ઈર્ષ્યા, અદેખાઇ. કહાન કાલિય = કહાને કાલિયને નાથ્યો તેમ.

નામ શ્રીકૃષ્ણ છલ જલધિ વડવાગ્નિ સમ,
ક્લેશ મહા રોગ ધનવંત્રી રૂપ;
નામ શ્રીકૃષ્ણ સાહસ કરિભિ કેસરી,
દ્વેષ કપિ દ્વિવિદ હલધર સ્વરૂપ...૫૭

ભાવાર્થ : સમુદ્રમાં પ્રગટતો અગ્નિ એટલે કે વડવાનલ જેમ સમુદ્રના જલને બાળે છે તેમ શ્રીકૃષ્ણ નામ દંભ પાખંડને પ્રજાળે છે. (૨) વૈદરાજ ધન્વંતરી જેમ તનના રોગને દૂર કરે છે તેમ શ્રીકૃષ્ણ નામ મનના ક્લેશોનો નાશ કરે છે. (૩) પરાક્રમી સિંહ જેમ હાથીને મારે તેમ, ખોટું સાહસ કરવાની દુર્બુદ્ધિને કૃષ્ણ નામ દૂર કરે છે. (૪) દ્વિવિદ વાનરને જેમ બલદેવજીએ માર્યો તેમ શ્રીકૃષ્ણ નામ દ્વેષના દુર્ગુણને દફનાવે છે.

શબ્દો : જલધિ = સમુદ્ર. કરિભિ = હાથી. કેસરી = સિંહ. કપિ = વાનર. હલધર = બલદેવજી.

નામ શ્રીકૃષ્ણ ઉદ્વેગ ખગ બાજ સમ,
હર તિમિર અમૂલ અજ્ઞાન ભાનુ;
નામ શ્રીકૃષ્ણ સંકટ સુલભ દીપ સમ,
સંસૃતિ કષ્ટ કાનન કૃશાનુ...૫૮

ભાવાર્થ : બાજ જેમ નાના પક્ષીને મારે છે તેમ શ્રીકૃષ્ણ નામ અંતરના ઉદ્વેગને હણે છે. (૨) સૂર્યદેવ જેમ અંધકારને હણે છે તેમ શ્રીકૃષ્ણ નામ અજ્ઞાનને મૂળમાંથી મટાડે છે. (૩) દીવો અંધકારને દૂર કરે તેમ શ્રીકૃષ્ણ નામ એટલી જ સરળતાથી સંકટને હટાવે છે અને (૪) દાવાનળ જેમ વનને બાળે તેમ સંસારના દુઃખોને શ્રીકૃષ્ણ નામ બાળે છે.

શબ્દો : ખગ = પક્ષી. તિમિર = અંધારું, ભાનુ = સૂર્ય. સુલભ = સહેલો. સંસૃતિ કષ્ટ = સંસારનાં દુઃખો, કાનન = વન, જંગલ. કૃશાનુ = અગ્નિ.

નામ શ્રીકૃષ્ણ ભય મૂષક માંજાર સમ,
અવિદ્યા સર્પિણી નકુલ નામ;
નામ શ્રીકૃષ્ણનું અશુભ વૃશ્ચિક મયૂર,
સહસ્ર બાહુ શત્રુ પરશુરામ...૫૯

ભાવાર્થ : ઉંદર બિલાડીને જોઇને નાસે છે તેમ કોઇપણ પ્રકારનો ભય લાગતો હોય તો, તે ભય ભગવન્નામથી ભાગે છે. (૨) નોળિયાથી જેમ સાપણ નાસે તેમ અવિદ્યા, નામના પ્રતાપથી નાસે છે. (૩) મોરથી વીંછી ત્રાસે તેમ સર્વ પ્રકારના અશુભ - અમંગળ નામ - પ્રતાપે ત્રાસીને નાસે છે. (૪) પરશુરામ દ્વારા જેમ બળવાન સહસ્રાર્જુનનો નાશ થયો તેમ ભગવન્નામ દ્વારા જોરદાર શત્રુઓનો પણ નાશ થાય છે.

કથા એવી છે કે હૈહયાર્જુન નામે રાજા હતો. દત્તાત્રયની ઉપાસનાથી તેને હજાર હાથ મળેલા; એટલે સહસ્રાર્જુન કહેવાયો.

આ સહસ્રાર્જુન એક વખત જમદગ્નિ ઋષિને ત્યાં આવ્યો. સાથે હજારો સૈનિકો હતાં. જમદગ્નિ પાસે કામધેનુ હતી. એની સહાયથી ઋષિએ સૌને જમાડ્યા. રાજાએ આ જોયું. એની દાનત બગડી, કામધેનુને જબરદસ્તીથી ઉપાડી ગયો.

આ વખતે જમદગ્નિના પુત્ર પરશુરામ બહાર ગએલા હતાં, બહારથી આવ્યા; આ જાણ્યું, ઉપડ્યા, સહસ્રાર્જુનને મારી નાખ્યો.

પછી સહસ્રાર્જુનના છોકરાએ ચઢાઇ કરી. જમદગ્નિને માર્યા. પરશુરામે તે છોકરાઓને માર્યા. એટલું જ નહીં, ક્ષત્રિયો તરફ એવી નફરત પેદા થઇ કે તમામ ક્ષત્રિયોને મારીને પૃથ્વીને ન-ક્ષત્રી કરી.

શબ્દો : મૂષક = ઉંદર. માંજાર = બિલાડી. નકુલ = નોળિયો. વૃશ્ચિક = વીંછી. સહસ્ર બાહુ = સહસ્રાર્જુન.

નામ શ્રીકૃષ્ણ પાલક જનની જનક સમ,
જ્ઞાન દાયક ગુરુ સહસ સરખું;
નામ શ્રીકૃષ્ણ તોષદ કોટિ કલ્પ દ્રુમ,
દોષ સહી સુખદ સમ ક્ષમા નિરખું...૬૦

ભાવાર્થ : જેમ માતાપિતા પુત્રને પાળે છે તેમ શ્રીકૃષ્ણ નામ એ નામ લેનારનું પાલન કરે છે. પોષણ કરે છે. અનેક ગુરુ દ્વારા જે વિદ્યા પ્રાપ્ત થાય તે જ્ઞાન નામ સ્મરણ દ્વારા મનમાંથી સ્ફુરે છે. અનેક કલ્પવૃક્ષ પાસેથી જે ઇચ્છાઓ પૂર્ણ થાય અને તેથી જેટલો સંતોષ થાય, તેટલો સંતોષ ભગવન્નામને પ્રતાપે

પ્રાપ્ત થાય છે. આપણા દોષોની ક્ષમા કોઇ આપે, અને તેથી મનમાં જે સુખ થાય એવું સુખ ભગવન્નામથી મળે છે. (દોષ નિવૃત્તિ થઇ જાય, પછી ક્ષમા તો મળેલી જ છેને !)

નામ શ્રીકૃષ્ણનું સકલ સદ્ગુણ સમું,
અખિલ અવગુણ સહજ નાશ કારી;
નામ શ્રીકૃષ્ણનું અન્ય આશ્રય તજી,
દઢ ભરોસે ભજે સુખકારી...૬૧

ભાવાર્થ : શ્રીકૃષ્ણ નામ સકલ સદ્‌ગુણોનું ધામ છે; એટલે બધા અવગુણોનો સ્વાભાવિક રીતે જ એનાથી નિરાસ થાય છે.

પરંતુ આ ગ્રંથમાં દર્શાવેલી કૃષ્ણ નામની તમામ ફલ સિદ્ધિઓ મળવામાં એક મહત્વની શરત છે. જે આ કડીમાં દર્શાવે છે. શ્રીકૃષ્ણ નામ લેવાની સાથે, શ્રીકૃષ્ણનો દઢ આશ્રય હોવો જોઇએ. હવે જ્યાં સુધી જીવ કંઇ પણ અન્યાશ્રય કરે ત્યાં સુધી દઢ આશ્રય થાય જ કેવી રીતે? માટે અન્યાશ્રયનો ત્યાગ કરવો જ જોઇએ. અન્યાશ્રય એટલે શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવ દેવી. મંત્ર - જંત્ર, બાધા આખડી. અન્ય ધર્મોમાં રુચિ, સાધનોનો આશ્રય, એ બધુ છોડવું જોઇએ, શ્રીકૃષ્ણને ભજવા જોઇએ. જો આ રીતે નામ સ્મરણ થાય તો ઘણું સુખકારી બનશે. ફલદાયી બની જશે. અન્ય આશ્રય તજી એનો એવો પણ અર્થ થાય કે શ્રીકૃષ્ણ નામ સિવાય બીજા કોઈપણ સાધનનો આશ્રય નહિ કરવાનો.

તું ઉઠતાં કૃષ્ણ કહે, બેસતાં કૃષ્ણ કહે,
સૂતાં શ્રીકૃષ્ણ કહે, હરતો ફરતો;
ચાલતાં કૃષ્ણ કહે, દોડતાં કૃષ્ણ કહે,
વણ કહ્યે કૃષ્ણ રખે કાંઈ કરતો...૬૨

ભાવાર્થ : (સરળ છે) જીવનમાં સર્વ કાર્યો 'શ્રીકૃષ્ણ' બોલતાં કર. કૃષ્ણને ભૂલીને કંઇ જ કરીશ નહીં.

કૃષ્ણ કહી ખાન કર, કૃષ્ણ કહી પાન કર,
કૃષ્ણ ગુણ ગાન કર, દુઃખ સુખમાં;
ભીતે શ્રીકૃષ્ણ કહે, પ્રીતે શ્રીકૃષ્ણ કહે,
અહર્નિશ નામને રાખ મુખમાં...૬૩

ભાવાર્થ : તું સુખમાં હોય કે દુઃખમાં, ખાન પાન કરતાં પણ કૃષ્ણનું ગુણગાન કર. કોઇ પ્રકારનો ભય લાગતો હોય તો કૃષ્ણ કહે. ભય ટળી જશે. શ્રીકૃષ્ણના નામમાં તને એવો પ્રેમ લાગવો જોઇએ કે રાત્રિ દિવસ હેતુ વિના પણ મુખમાં કૃષ્ણ નામ રમ્યા જ કરે.

ભૂલીને કૃષ્ણ કહે, સમઝીને કૃષ્ણ કહે,
સહજમાં કૃષ્ણ કહે, કૃષ્ણ કામે;
અવસ્થા સર્વમાં કૃષ્ણ સર્વત્ર કહે,
સિદ્ધ કારજ સકળ કૃષ્ણ નામે...૬૪

ભાવાર્થ : જાણીને કૃષ્ણ કહે, અજાણતાં પણ કૃષ્ણ કહેવાઇ જાય એવી ટેવ પાડ, કામ પડે ત્યારે કૃષ્ણ કહે. કામ વિના પણ કૃષ્ણ કહે, દરેક જગ્યાએ, દરેક અવસ્થામાં કૃષ્ણ કહે. (બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી) ગરીબાઇમાં અને સંપત્તિમાં, કામમાં અને નવરાશમાં - દરેક અવસ્થામાં જો તું કૃષ્ણ કહેતો રહીશ તો તારાં કામ સફળ થતાં રહેશે. નામનો પ્રતાપ જ એવો છે.

લટકું અમૂલ્ય જાય ચાલ્યું, ચેતી ચતુર;
કૃષ્ણ કહે, 'ઓ આવ્યો કાળ ગ્રસવા!'
કોટિ કલ્પે ફરી આ સમય નહિ મળે,
પછી પસ્તાઇને હાથ ઘસવા...૬૫

ભાવાર્થ : હે માનવી ! તું તને ચતુર માને છે તો ચેત; નાનકડું છતાં અમૂલ્ય એવું આ જીવન ચાલ્યું જાય છે. સતત ખ્યાલ રાખ કે ગમે ત્યારે કાળ ગ્રસી શકે છે - મૃત્યુ આવી શકે છે. અને પછી ઘણાં લાંબા સમય સુધી મનુષ્ય દેહ મળવાનો નથી. (ચોરાશી લાખ અવતારો વચ્ચે છે.) ઉદ્ધાર નહિ થાય, જન્મ મરણ થયા જ કરશે. પસ્તાઇને હાથ ઘસવા પડશે. તે કરતાં કૃષ્ણ - સ્મરણ કરી લે ને ! બીજા કોઇ અવતારમાં ભક્તિ થઇ શકશે નહીં.

કઠિન કિંચિત નથી, સહજમાં સકળ ફળ,
(પણ) તે જ સમજે જેનું ભાગ્ય જાગે;
સફળ સમજ્યું ગણો (જો) કૃષ્ણ કીર્તન બને,
બને ત્યારે અખિલ દુઃખ ભાગે...૬૬

ભાવાર્થ : આ કામ કઠિન નથી. સહેલું છે, છતાં ફળદાયી છે. પણ જો તારા ભાગ્યમાં હશે તો જ તને આ વાત સમજાશે. (પ્રવાહી જીવોને સમજાતી નથી. જેને અનેક અવતારોમાં ભટકવાનું નિર્માણ છે તેને સમજાતું નથી.)

આ મારી કહેલી વાત તું મનથી સમજીને, માનીને, બેસી રહે, તેમ નહિ ચાલે. તું કૃષ્ણ - કીર્તનમાં લાગી જાય તો જ આ સમજ્યાની સફળતા ગણાય- તો તારાં સર્વ દુઃખો દૂર થઇ જશે.

ગ્રાસે ગ્રાસે ગ્રહે નામ શ્રીકૃષ્ણનું,
શુદ્ધ એકાદશી, જદ્યપિ ભોગી;
કૃષ્ણના કર્મ ગાતો કરે કાર્ય સહુ,
જાણીએ તે સમાધિસ્થ યોગી...૬૭

ભાવાર્થ : વૈષ્ણવ જમતી વખતે કોળિયે કોળિયે કૃષ્ણ નામ લે તો બધું જમવા છતાં તેને સદા ઉપવાસી સમજવો. (વિના વ્રતે એકાદશી ફળ મળે છે.) અને જે સંસારી ઘરનાં કામ કરતાં કરતાં સાથે કૃષ્ણનું નામ જપ્યા કરે છે તેને સંન્યાસી જાણવો. અરે, યોગી ! તે પણ સમાધિમાં લીન (નામની લગની એ મોટો જપ યોગ છે. નામ લેતાં ચિત્ત ભગવાનમાં લાગેલું રહે તો તે ભક્તિ માર્ગીય સમાધિ છે.)

શબ્દાર્થ : જદ્યપિ ભોગી = તે બધુ જમતો હોય તો પણ ઉપવાસી છે.

કૃષ્ણ કહેતો મુખે, પંથ ચાલે પુનિત,
અશ્વમેધાદિ ફળ ડગલે ડગલે;
કૃષ્ણ કહેતાં સમૂળ વિઘ્ન અળગાં રહે,
મોદ મંગળ દશોદિશ ઢગલે...૬૮

ભાવાર્થ : રસ્તે ચાલતાં 'કૃષ્ણ કૃષ્ણ' ક્હે તો તે પાપથી મુકત અને પવિત્ર રહે છે. એને પગલે પગલે યજ્ઞ-ફળ પ્રાપ્ત થાય છે. એનાથી વિઘ્નો બધાં અળગા રહે છે; સર્વત્ર શુભ અને મંગળ વર્તાય છે.

વિપ્ર ગુણ બાર સહ, હરિ વિમુખ અતિ અધમ.
તેથી સારો શ્વપચ કૃષ્ણ ક્હેતો;
સકુળ શુભ ગતિ લહે, દુરાચારી જદ્યપિ,
હરિ વિમુખ જાતે પણ જાય વહેતો...૬૯

ભાવાર્થ : દ્વાદશ ગુણ યુક્ત બ્રાહ્મણ પણ જો તે હરિ વિમુખ હોય તો અધમ છે. **(વિપ્રાદ્ દ્વિષડ્ ગુણયુતાત્)** હીન જાતિનો મનુષ્ય પણ જો કૃષ્ણ પરાયણ હોય તો ઉત્તમ છે. અરે ! કદાચિત્ કોઈ દુરાચારી જીવ હોય તો પણ તે કૃષ્ણ નામથી તરી જાય છે. તે એકલો નહિ, કુળ સહિત ! અને હરિ વિમુખ જીવ જાતે પણ તરી શકતો નથી. (સંસાર સાગરમાં તણાતો રહે છે.)

શબ્દો : સકુળ = કુળ સહિત.

ધ્યાન ને યજ્ઞ પૂજન કૃતાદિ ત્રિયુગ,
આજ તે સર્વ ફળ કૃષ્ણ કહેતાં;
આવ્યું આશૌચ કલિકાલ, અધિકાર નહિ,
કોઈ સાધન ઊલટ દોષ ગ્રહેતાં...૭૦

ભાવાર્થ : સતયુગ, ત્રેતા અને દ્વાપરમાં ધ્યાન, યજ્ઞ, અને પૂજનથી જે ફળ મળતું તે આ યુગમાં કૃષ્ણ નામથી મળે છે.

આ કલિયુગ સ્વયમ્ સૂતક મય છે. એમાં કોઇ શાસ્ત્રોકત કર્મ કરવાનો અધિકાર નથી. અપવિત્ર સ્થિતિમાં સાધનો સિદ્ધ થતાં નથી, ઊલટો દોષ લાગે છે. (શૌચાચાર વિહીનાનાં નિષ્ફલાઃ સકલાઃ ક્રિયાઃ) અને કલિયુગમાં પવિત્રતા સચવાતી નથી. (મલેચ્છાક્રાંતેષુ દેશેષુ)

કલ્પના સર્વ કાઢી કહો કૃષ્ણ એક,
સર્વ સિદ્ધાંતનો એ જ સાર;
સાર ન હોય તો શેષ શિવ શિદ રટે,
એમ મનમાં કરવો વિચાર...૭૧

ભાવાર્થ : શું તમને એવો તર્ક થાય છે કે કેવલ કૃષ્ણ બોલવાથી શું થવાનું છે? આવી કોઇ શંકા - સંદેહ - કુતર્ક - સંકલ્પ વિકલ્પ ન કરશો. આ સર્વ સિદ્ધાંતોનો સાર તમને કહું છું. મોટા મોટા શેષ અને શિવજી જેવા પણ ભગવન્નામ રટે છે. એમ શાસ્ત્રો કહે છે. જો એ જ સર્વનું સાર તત્ત્વ ન હોય તો એ એવું કરે જ કેમ ? આટલું જ વિચારી લોને !

વન જવું ના પડે, કષ્ટ તન ના અડે,
ધન ખરચ નહિ, એક જીભ હાલ્યે;
પાય લાગી કહું, કૃષ્ણ કહે કૃષ્ણ કહે,
ચેતીને ચાલ, ઘર શિદ ઘાલે !...૭૨

ભાવાર્થ : સહેલું પણ કેટલું બધું ! બાવા બનવું ન પડે, શરીરને કષ્ટ ન થાય, ધનનું ખર્ચ પણ નહિ, કેવલ જીભનું કામ છે !

અરે ભાઇ ! તારા હિતની વાત તને પગે લાગીને કહું કે તું કૃષ્ણ નામ લે. ચેતીને ચાલ, ઘરનું ગુમાવવાનો રસ્તો શિદ લે છે !

મૂક આળસ, અવિશ્વાસ અળગો કરી,
બોલ શ્રીકૃષ્ણ, દુઃખ સકળ હરશે;
જે ગમે છે તને તે સુખ એ થકી,
લોક પરલોક બંને સુધરશે...૭૩

ભાવાર્થ : ભગવન્નામ લેતાં તને આળસ આવે છે ? આળસ છોડી દે. તને તેમાં અવિશ્વાસ આવે છે ? અવિશ્વાસ ન રાખીશ. મન મક્કમ કરીને કૃષ્ણ નામ લીધા કર. તને અનુભવ થશે કે એનાથી દુઃખ દૂર થાય છે. પછી તો વિશ્વાસ બેસશે ને ? દુઃખ જશે એટલું જ નહીં, ઇચ્છેલાં સર્વ સુખ પણ મળશે : આ લોકનાં અને પરલોકનાં પણ ખરાં જ.

કાંઇ કહેવું પડે નહિ કૃષ્ણ નામને,
અંતર અભિલાષ સહુ સહજ જાણે;
કૃષ્ણ કહેનારનું કાંઇ બગડે નહિ,
ભોગ વિધ વિધ તણા સહજ માણે...૭૪

ભાવાર્થ : તું પૂછીશ કે કૃષ્ણ નામ રટણની સાથે કોઇ પ્રાર્થના કરવાની કે ? ના, નાં. અંતર્યામીને મૌખિક પ્રાર્થનાની જરૂર નથી. (ભગવાનનું સ્વરૂપ અને નામ બંને અલૌકિક છે. સ્વરૂપમાં અંતર્યામીપણું છે તેવું નામમાં પણ ખરું જ) એ વિના માગે સર્વ સિદ્ધ કરશે.

વળી, કૃષ્ણ કૃષ્ણ કહેવાથી કંઇ બગડવાનું તો છે નહિ, એ તો નક્કી જ છે ને ! પણ વિશેષમાં, સર્વ સુધરશે - સર્વ સુખ ભોગ માણી શકાશે.

કૃષ્ણ કહેનાર થકી દોષ કદી નીપજે,
તદપિ જવાબ જમને ન આપે;
શુભ મતિ શીઘ્ર આવે હરિ નામથી,
પાપનું નામ પણ નામ કાપે...૭૫

ભાવાર્થ : કૃષ્ણ નામ લેનારથી કોઇવાર દોષ કે પાપ થઇ જાય તો પણ તેને જમ પાસે જવાનું રહેતું નથી. તેને જવાબ આપવો પડતો નથી. (શ્રીકૃષ્ણ જ એનું સંભાળી લે છે.)

વળી, એનાથી પાપ થવાની સંભાવના પણ રહેતી નથી, કેમ કે નામને પ્રતાપે એની બુદ્ધિ સુબુદ્ધિ બને છે, પાપ કરવાની કુબુદ્ધિ એને થાય જ નહિને ! કૃષ્ણ નામ પાપનું નામ જ રહેવા દેતું નથી. આ નામ પાપના નામ માત્રને કાપવા માટે સમર્થ છે.

શબ્દો : જવાબ જમને ન આપે = (૧) જમને જવાબ આપવાનું રહે નહિ, (૨) જમની પણ પરવાહ ન કરે, એવું અલૌકિક સામર્થ્ય એનામાં આવી જાય છે.

વિનતિ વિણ, દાસ-રક્ષક હરિ નામ નિત્ય,
નેત્ર ગાફલને જેમ પલક રાખે;
તે થકી વિમુખ નિભાર્ગિયા શિદ ફરે !
કૃષ્ણ શ્રીકૃષ્ણ મુખ શેં ન ભાખે...૭૬

ભાવાર્થ : આંખના પોપચાં ને શું કહેવું પડે છે કે જુઓ, કચરો આવે છે, તમે બંધ થઇ જાઓ. મારી આંખનું રક્ષણ કરો ? ના, ના. એ તો આપોઆપ જ રક્ષણ કરે છે. એવી રીતે કૃષ્ણ નામ, વિના વિનંતીએ, નિત્ય પ્રતિ, તમારું રક્ષણ કરશે. શેનાથી રક્ષણ કરશે ? દોષ - ક્લેશથી, દુઃખ દારિદ્રયથી અને સર્વ મુશ્કેલીઓથી. આવું છતાં જે કૃષ્ણ નામ લેતાં નથી, વિમુખ થઇને ફરે છે, તેમને

તો અભાગી જ કહેવા પડે ને ! એમના ભાગ્યમાં આ લાભ નહિ હોય ! બીજું શું ? (નોંધ) હવે ૭૭ થી ૮૬ સુધી દશ કડીમાં કવિ શ્રીભગવાનના વિવિધ નામો રજુ કરે છે. કવિ દર્શાવે છે કે કોઇને એક જ નામ ફરી ફરી લેવાનું કદાચિત્ અરુચિકર લાગે તો વિવિધ નામો પણ લઇ શકાય.

બોલ, હે કૃષ્ણ, શ્રીકૃષ્ણ, કરુણાનિધે,
કમલ લોચન, કૃપાનાથ, સ્વામી;
કહાન, કાલીય - મર્દન, કંસ - કાળ,
કાન્ત - કમલા, ઇશ, અંતર્જામી...૭૭
બોલ ગોવિંદ, ગોપાળ, ગોપીપતિ,
ગોકુલાધીશ, ગિરિરાજધારી;
રાધિકા - પ્રાણ, કેશવ, રાધા - રમણ,
રાધિકા - રમણ, રાધા - વિહારી...૭૮
નંદ નંદન, નિરંકુશ, નટવર વપુ,
લલિત ત્રિભંગ, વર ગોકુલેન્દ્ર;
હલધરાનુજ, યશોદા - જીવન, બંસીધર,
વ્રજવિહારી, વૃન્દારણ્ય - ચંદ્ર...૭૯
ગોવર્ધનધરણ, શ્રીલાલ નવનીત પ્રિય,
મધુપુરીનાથ, શ્રીવિઠ્ઠલેશઃ
દ્વારકાધીશ, વ્રજ ઇશ, ગોકુલપતિ,
ગોકુલેન્દુ, મદન મોહનેશ...૮૦
વલ્લભ, ગોપીજન વલ્લભ, શ્રી હરે,
જક્ત ગોસ્વામી, જય ગરુડ ગામી;
જગત્‌જીવન, જગન્નાથ, જલશાયી, વિભુ,
જનાર્દન, અનુપમ, અમિત, નામી...૮૧
ત્રિભુવનેશ્વર, ત્રિવિક્રમ, ત્રિકાલજ્ઞ, હરિ,
શુભ, તુલસી - વલ્લભ, ત્ર્યંબકેશ;
દેવકીનંદન, દામોદરાચ્યુત અચળ,
ધરણીધર, શ્રી ધરાખંડ શેષ...૮૨
પૂર્ણ પુરુષોત્તમાનંદ, ઘનશ્યામ ઘન,
મદન મોહન ભૂધર મુરારિ;
રામ રાઘવ રમાનાથ રાજીવ દૃગ,
જાનકી જીવન આનંદકારી...૮૩

નવલ નારાયણાનંત ભગવન્ત ગુરુ,
બાલમુકુન્દ ભવભીતિ હારી;
દીન વત્સલ અકળ ભક્ત ભૂષણ સકળ.
નરહરિ શ્રીજી સ્વેચ્છાનુચારી...૮૪
સત્ય સંકલ્પ મધુસૂદન માધવ,
શ્રીશ વિઠ્ઠલ વસુદેવ - બાલ;
શંખધર, ચક્રધર, ગદાધર, પદ્મધર,
શ્રીધર, સારંગધર, કાલ - કાલ...૮૫
ત્રિગુણધર અજાપર અક્ષરાતીતનાં,
નામ ઈત્યાદિ રટ પ્રેમ આણી;
લાભની અવધ તે એથી આવી રહી,
અહર્નિશ કૃષ્ણ કહે ભાગ્ય જાણી...૮૬

ભાવાર્થ : ભગવાનનાં આવાં હજારો નામ છે. વિવિધ લીલા ગુણ સામર્થ્ય વિચારવા તેમજ વિવિધતાની રુચિ પોષવા, આવી અનેક નામાવલીઓ પ્રસિદ્ધ છે.

આ કડીઓ સાથે સાથે એટલા માટે છાપી છે કે સાથે ગાઈ શકાય. કાવ્ય અને રાગના આનંદ સાથે વિવિધ નામ રટણ થઈ જાય. પરંતુ એક વાર અર્થ સમજી લેવા જોઈએ. મુખ્ય નામોના અર્થ જોઈએ.

(**ભાવાર્થ :** કડી ૭૭) શ્રીકૃષ્ણ = સ્વામિનીજી સહિત કૃષ્ણ. કૃષ્ણ એટલે સદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ. કરુણાનિધિ = દયાના ભંડાર. કમલ લોચન = કમળ સમાં નયનોવાળા. કૃપાનાથ = કૃપા કરનારા. નાથ = સ્વામી. કાલીય - મર્દન- કાલીનાગને નાથનાર. કંસ કાળ = કંસના કાળ. કાન્ત - કમલા = કમલા- કાન્ત, લક્ષ્મી પતિ. ઈશ = ઈશ્વર. અંતરજામી = જીવ માત્રના અંતરમાં રહેલા.

(**ભાવાર્થ :** કડી ૭૮) ગોવિંદ = ગિરિરાજ ધારણ કર્યો તે, ગાયોના ઈન્દ્ર. ગોપાળ = ગૌ પાલક. ગોકુલાધીશ = (ગોકુલ + અધીશ) ગોકુલના અધિપતિ.

(**ભાવાર્થ :** કડી ૭૯) નિરંકુશ = સર્વથી સ્વતંત્ર, જેના પર કોઈનો અંકુશ નથી તેવા. નટવર વપુ = શ્રેષ્ઠ નૃત્યકાર, વેષવાળા. વર = વરણીય, પસંદ કરવા યોગ્ય. ગોકુલેન્દ્ર = ગોકુલના ઈન્દ્ર, રાજા. હલધર + અનુજ = બલ દેવજીના નાના ભાઈ. લલિત ત્રિભંગ = બંસી - બજાવતા ત્રણ સ્થળેથી ટેઢા બનેલા (ગરદન, કટિ, ચરણ) અને તેથી સુંદર લાગતા. (લલિત = સુંદર) વૃંદારણ્ય = વૃંદાવન (તેના ચંદ્ર)

(ભાવાર્થ : કડી ૮૦) શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી, મથુરેશજી, વિઠ્ઠલનાથજી, દ્વારકાધીશ, ગોકુલનાથજી, ગોકુલચંદ્રમાજી, મદનમોહનજી. (સાત સ્વરૂપો આવી ગયા.)

(ભાવાર્થ : કડી ૮૧) વલ્લભ = વહાલા શ્રીમહાપ્રભુજી. ગોપીજન વલ્લભ = ગોપીજનોના વહાલા, શ્રીકૃષ્ણ. હરિ = ભક્તોનું દુઃખ હરનાર, જગત્ ગોસ્વામી = જગતના અને ગાયોના સ્વામી. જગન્નાથ = જગતના નાથ. જલશાયી = શેષ શય્યામાં પોઢનાર. વિભુ = પ્રભુ. જનાર્દન = વિષ્ણુ. અનુપમ = જેને કોઈની ઉપમા ન આપી શકાય તેવા, સર્વથી પર, સર્વશ્રેષ્ઠ. અમિત નામી = જેના નામનું કોઈ માપ (સંખ્યા) નથી તેવા.

(ભાવાર્થ : કડી ૮૨) ત્રિભુવન + ઈશ્વર. ત્રિવિક્રમ = ત્રણ પગલામાં ત્રિલોકને માપનાર. ત્રિકાલજ્ઞ = ત્રણે કાળની વાત જાણનાર. શુભ = મંગલમય. તુલસી વલ્લભ = તુલસી જેમને વહાલા છે તેવા. ત્રંબકેશ = (ત્રંબક - શિવ. તેમના પણ ઈશ) દામોદરાચ્યુત (દામોદર + અચ્યુત) દામોદર = દામણેથી બંધાયા તે; અચ્યુત = અખંડ. અચળ = સ્થિર. ધરણીધર = ધરતીને ધારણ કરનાર. શ્રીધર = શોભાને ધારણ કરનાર. શ = કલ્યાણ. શેષ = (શ+ઈશ) કલ્યાણકારી ઈશ.

(ભાવાર્થ : કડી ૮૩) પૂર્ણ પુરુષોત્તમાનંદ=પૂર્ણ પુરુષોત્તમના આનંદ સ્વરૂપ. ઘનશ્યામ ઘન = મેઘ સમાન વર્ણવાળા. મદનમોહન = કામદેવને મોહિત કરનાર. ભૂધર = ધરણીધર. મુરારિ = મુર દૈત્યને મારનાર. રમાનાથ = લક્ષ્મીપતિ. રાજીવ દ્દગ = કમલ લોચન.

(ભાવાર્થ : કડી ૮૪) નારાયણ + અનંત = જેનો અંત નથી. ભવ - ભીતિ હારી = સંસારના ભયને હરનારા. દીન વત્સલ = દીનતા યુક્ત ભક્તો પ્રતિ પ્રેમ રાખનારા. અકળ = જેની લીલાને કળી શકાય નહિ. ભક્ત ભૂષણ સકળ = સર્વ ભક્તોને શોભાવનાર. શ્રીજી = શ્રીનાથજી. સ્વેચ્છાનુચારી = પોતાની ઈચ્છા પ્રમાણે કરનાર સર્વતંત્ર સ્વતંત્ર.

(ભાવાર્થ : કડી ૮૫) સત્ય સંકલ્પ = વચન પાળનાર. મધુસૂદન = મધુ દૈત્યને મારનાર. મા+ધવ = લક્ષ્મીપતિ (મા = લક્ષ્મી, ધવ = ધણી) શ્રી+ઈશ = શ્રીશ (લક્ષ્મીના ઈશ) સારંગધર - શૃંગ = શિંગડાનું વાજિંત્ર, તેને ધરનાર, કાલ-કાલ= કાળના પણ કાળ.

(ભાવાર્થ : કડી ૮૬) ત્રિગુણ ધર = ત્રણ ગુણ સત્વ, રજ, તમ, ને ધારણ કરનાર. અજા પર = (અજા - માયા) માયાથી પર (શ્રેષ્ઠ) અક્ષરાતીત = અક્ષર બ્રહ્મથી પર (૮૬ ચાલુ) હે મનુષ્ય, તું આવા અનેક નામનું પ્રેમપૂર્વક રટણ કરતો રહે. એમાં જ લાભની પરિસીમા આવી જાય છે. એથી મોટો લાભ બીજો કોઈ નથી. અહોભાગ્ય માનીને તું રાત્રિ દિવસ ભગવાન શ્રીકૃષ્ણને રટ્યા કર.

સર્વનું શિરોમણિ વેદ ચિંતન વધ્યું,
વેદ અધિકું વિષ્ણુ નામ એક;
નામ તેવા રટે કોટિ તેથી અધિક,
એક શ્રીકૃષ્ણનું નામ ટેક...૮૭

ભાવાર્થ : શાસ્ત્રોના અધ્યયનમાં સર્વશ્રેષ્ઠ વેદનું ચિંતન કહેવાયું છે. એક વિષ્ણુ નામ વેદથી વધી જાય છે. વિષ્ણુના અનેક નામ છે તેનો જપ કરવા કરતાંયે શ્રીકૃષ્ણનું નામ માત્ર એકવાર બોલે, તેનું ફળ ચોક્કસ વધી જાય છે.

શબ્દો : વધ્યું = કહેવાયું છે. શિરોમણિ = ઉત્તમ, માથાના મુકુટ જેવું શ્રેષ્ઠ.

એમ શ્રીમુખ કહ્યું શ્રીમદ્ નારાયણે,
વિધિ પ્રત્ય ચરણ શિર માહાત્મ્ય ઠામે;
નામ મારાં સકલ, પ્રસિદ્ધ મુજને કરે,
(પણ) પરમ પ્રસન્નતા કૃષ્ણ નામે...૮૮

ભાવાર્થ : શ્રીમદ્ નારાયણે બ્રહ્માજી પ્રત્યે નખશિખ માહાત્મ્ય વર્ણન કરતાં કહ્યું છે કે 'મારા બધાં નામોથી હું પ્રસિદ્ધ છું, લોકો એ નામો લે છે પરંતુ શ્રીકૃષ્ણ નામ લેનાર ઉપર હું પરમ પ્રસન્ન થાઉં છું.'

શબ્દો : ચરણ-શિર = નખ-શિખ, માહાત્મ્ય ઠામે = જે જગ્યાએ એ માહાત્મ્યનું વર્ણન આવે છે ત્યાં આવું પણ કહ્યું છે.

કૃષ્ણ એ નામ છે ચંદ્રમા સરિખડું,
તાપ દહી અખિલ આનંદ આપે;
તદપિ શ્રી સહિત તે શરદ ઋતુ સુધાકર,
નિરખતાં અતિ હર્ષ હૃદય વ્યાપે...૮૯

ભાવાર્થ : હવે કવિ શ્રી ચંદ્રની ઉપમા આપીને 'કૃષ્ણ' અને 'શ્રીકૃષ્ણ' નામનો ભેદ સમજાવે છે. કૃષ્ણ એટલે એકલા કૃષ્ણ અને શ્રીકૃષ્ણ એટલે સ્વામિનીજી સહિત - લીલા સહિત - કૃષ્ણ. અધિકતા શું ! તે કહે છે.

કોઈપણ વખતે ચંદ્ર તાપ દૂર કરે છે અને શીતળતા સુખ આપે છે તેમ કૃષ્ણ નામ સંસારના તાપ-ક્લેશ નિવારીને હૃદયમાં શીતળતા પ્રસરાવે છે.

પરંતુ, શરદ પૂર્ણિમાના ચંદ્રને જોતાં તો વિશેષ આનંદ આવે છે. તેમ શ્રીકૃષ્ણ (લીલા સહિત કૃષ્ણનું) નામ સ્મરણ, ધ્યાન, ચિંતન, કરતાં તો હૃદયમાં પરમ હર્ષ વ્યાપે છે.

ઉપર અનેક ભગવન્નામ દર્શાવ્યા. પરંતુ સર્વમાં શ્રેષ્ઠ તો શ્રીકૃષ્ણ નામ જ છે.

જેવું છે નામ શ્રીકૃષ્ણનું તેવું જ,
ગુણ કર્મગાન શ્રીકૃષ્ણનું કહાવે;
નામ-જપ ઘણી વાર કરે, આદર ઘટે,
સ્વાદ કીર્તન નવલ અરુચિ નાવે...૯૦

ભાવાર્થ : હવે નામ - જપથી આગળ વધીને શ્રીકૃષ્ણના ગુણગાન - લીલા ગાનની વિશેષતા બતાવે છે. કહે છે કે નવીનતામાં રમણીયતા છે. એક સરખો નામ જપ નિત્ય કર્યા કરવાથી, કોઈને કદાચિત્ કંટાળો આવે, અને રસ - રુચિ ઓછી થાય ! તો એનો શો ઉપાય ?

શ્રીકૃષ્ણના ગુણોનું ગાન, રસિક લીલાઓનું ગાન (સંગીતમય ઉચ્ચારણ) એ પણ એજ છે. શ્રીકૃષ્ણના સ્વરૂપના, ગુણનાં, લીલાના કીર્તનો ગાવાથી નવો નવો સ્વાદ પ્રગટે છે. અણગમો તો આવતો જ નથી.

શબ્દો : નાવે = (ન+આવે). અરુચિ = અણગમો કંટાળો. સ્વાદ કીર્તન નવલ = કીર્તનોમાં નવો નવો સ્વાદ આવે.

સકલ પકવાન જ્યમ સ્વાદ ઘૃત ખાંડનો,
એકનો અધિક આહાર ન થાયે;
અન્ય સંબંધ રચી સ્વાદ અધિકો ઉદય,
વિવિધ સ્વર રાગ જ્યમ વાદ્ય વાયે...૯૧

ભાવાર્થ : ઉપરની વાત સદૃષ્ટાંત સમજાવે છે. બધી જાતના પકવાનોમાં સ્વાદ તો ઘી ખાંડનો જ હોય છે પણ એક જ પકવાન બહુ ખવાશે ખરું ?

એકનું એક રોજ ભાવશે પણ નહીં પણ બુંદી, ઠોર, જલેબી, મોહનથાળ ઈત્યાદિ જુદા જુદા રૂપમાં એ જ ઘી, ખાંડ વારાફરતી લેવાથી વધુ સ્વાદ આવશે. વળી, એક જ પદ - એક જ રાગ - એક જ વાજિંત્ર વારંવાર નહિ ગમે. પણ વિવિધ રાગ સ્વર - તાલ - વાદ્ય સાથે શ્રીકૃષ્ણના કીર્તનો વારા ફરતી ગમશે.

નામ શ્રીકૃષ્ણનું ગુટક કંચન તણો,
કરે વિક્રય તહાં દામ આવે;
તદપિ તેના આભૂષણ અધિક રુચિ કરે,
વસ્તુતઃ તેહનું તેહુ કહાવે...૯૨

ભાવાર્થ : હવે બીજું દષ્ટાંત આપે છે. સોનાની લગડી અને સોનાના આભૂષણોનું. કિંમત તો તેની તે જ છે. લગડી વેચવાથી ધન મળે એ લાભ. પણ આભૂષણો પહેરવાથી તો આનંદ મળે. એ એથી ય મોટો લાભ.

શ્રીકૃષ્ણ નામ સોનાની લગડી જેવું; શ્રીકૃષ્ણ કીર્તનમાં સોનાના વિવિધ આભૂષણો જેવો નવીનતાનો આનંદ. વળી આભૂષણની કિંમત તો સોના જેવી જ ! સોનાથી યે વધારે !

શબ્દો : ગુટક = લગડી. વિક્રય = વેચવું.

એક નિશ્ચય નહિ, જેમ ગમે તેમ ભજો,
વસ્તુ વિચારતાં એક બેની;
ઘૃત કેવલ દીપ રુચિ, મીસરી સક્કર ખોર,
તેને પકવાનનું કામ છે ની...૯૩

ભાવાર્થ : તેમ છતાં જેને જે ગમે તે રીતે કરવું. વસ્તુતઃ બધું એક જ છે. ઘી-સાકરના બનેલાં વિવિધ પકવાન ભાવે તેણે તે ખાવાં. પણ કોડિયાના દીવામાં ઘી પૂરવાને બદલે પકવાન ચાલશે ? ના. સક્કરખોર નામના પ્રાણીને એકલી સાકર જ ખાવા જોઇશે. તેમ કોઇને એકલા નામની ધૂનમાં રસ આવે તો તે ય ખોટું નથી. જેને અણગમો આવે તે વિવિધ ઘોળ, પદ, કીર્તનો, છંદ, રાગ, વાજિંત્રો સાથે ગાય તો યે તે ઉત્તમ છે.

શબ્દો : વસ્તુ વિચારતાં એક બેની = બેની (નામ અને કીર્તનની) મૂળ વસ્તુ વિચારીએ તો તે એક જ છે. કામ છે ની - કામ છે નહિ = કામ નથી.

આળસ ન રાખવી, કાયર થાવું નહિ,
જ્યમ વિલંબ તેમ ફળ અધિક લહેવું;
શપથ કરી કહું છું, વિશ્વાસ છોડીશ નહિ,
સફળ થાશે સદા કૃષ્ણ કહેવું...૯૪

ભાવાર્થ : કોઇને નામ જલ્દી ફળે છે. કોઇને વિલંબથી ફળે છે. એ ભગવાનની લીલા છે. ફળ મળવામાં વિલંબ થાય તો યે કંટાળવું નહીં. અરે, કેટલીક વાર તો વિલંબ થયા પછી અધિક ફળ મળે છે, (ભગવાન કસોટી કરતાં હોય છે.) તું આળસ છોડીને નામ સ્મરણ કરતો રહે. વિલંબ થાય તો યે વિશ્વાસ છોડીશ નહિ. કવિ સોગંદપૂર્વક કહે છે કે નામ સ્મરણનું ફળ વહેલું મોડું પણ અવશ્ય મળશે.

સહુ વિપત્તિ સમૂળ સઘ નાસી જશે
કૃષ્ણ સમર્યે, કહ્યું શુકજી સાચું;
સ્વપ્નના ક્લેશ જેમ જાગતાં માત્રમાં,
જાય સઘળા જ કંઈ ન રહે કાચું...૯૫

ભાવાર્થ : શુકજીએ સાચું જ કહ્યું છે કે શ્રીકૃષ્ણ સ્મરણથી વિપત્તિઓના વાદળ વિખેરાઇ જાય છે. જેમ કોઇને સ્વપ્નમાં દુઃખદ દશ્ય દેખાયું હોય, પણ જાગતાં માત્રમાં તે દુઃખ દૂર થઈ જાય છે. તેમ કૃષ્ણ સ્મરણથી અજ્ઞાનરૂપી નિંદ્રા ઉડી જાય છે અને જ્ઞાનની જાગૃતિમાં સંસારના ક્લેશ બાધા કરતાં જ નથી. માટે કૃષ્ણ સ્મરણ કરતાં જ રહો. સાચું. જ્ઞાન થશે.

નામ શ્રીકૃષ્ણના માહાત્મ્યનો પાર નથી,
જ્યમ ગગન અંત ગરુડો ન પામે;
શાસ્ત્ર સંમતિ ગ્રહી કિંચિત્ આ મેં કથ્યું,
પાઠથી પાપ સહુ તાપ વામે...૯૬

ભાવાર્થ : એમ ન સમજશો કે શ્રીકૃષ્ણ નામનું માહાત્મ્ય ઉપર કહ્યું તેટલું જ છે ! ગરુડ ગમે તેટલું ઉંચું ઉડે તો પણ શું આકાશનો તાગ મેળવી શકવાનું છે ! મેં તો મારી મતિ અનુસાર, શાસ્ત્ર વચનોનાં આધાર પર કેટલુંક માત્ર કહ્યું છે. એટલું તો નક્કી કે નામ - જાપથી પાપ અને તાપ સઘળાં પલાયન થઈ જાય છે.

વ્હાલ વિશ્વાસ શ્રીકૃષ્ણ નામે વધે,
કૃષ્ણને પરમ સંતોષ થાયે;
પ્રાપ્તિ શ્રીકૃષ્ણ લીલા તણી તેહને,
પૂર્ણ મન-કામ પ્રેમે ગવાયે...૯૭

ભાવાર્થ : શ્રીકૃષ્ણ - સ્મરણની શ્રેષ્ઠ ફલશ્રૃતિ હવે બતાવે છે. નામ લેતાં રહેવાથી શ્રીકૃષ્ણમાં વિશ્વાસ વધે છે - પ્રેમ પ્રગટે છે. તેથી શ્રીકૃષ્ણ પરમ પ્રસન્ન થાય છે. પછી શું બાકી રહે ! પ્રેમભર્યું ગુણગાન ગાનારની ઐહિક મનોકામનાઓ શ્રીકૃષ્ણ પૂર્ણ કરે છે. એટલું જ નહિ પોતાના લીલાધામની પણ એને પ્રાપ્તિ કરાવે છે.

હરિને વલ્લભ દાસ લાગે જે લક્ષણે,
તે હરિ-નામે નિજ હૃદય વાસે;
પૂર્ણ પ્રાપ્તિ વિષે પ્રતિબંધ રૂપ જે,
તે સર્વ વણ પ્રયાસે જ નાસે...૯૮

ભાવાર્થ : ભગવદીયના લક્ષણો કેવાં હોય તે તો પ્રસિદ્ધ છે. એ લક્ષણ મનમાં વસે ત્યારે એ વૈષ્ણવ હરિને વહાલો લાગે છે. પણ એ આવે કેવી રીતે ? નામ સ્મરણને પ્રતાપે એ લક્ષણો આવે છે. વળી પ્રભુ પ્રાપ્તિમાં પ્રતિબંધક જે કંઇ હોય તે એનાથી વિના શ્રમે દૂર થઇ જાય છે.

શ્રી ગુરુ વલ્લભાધીશ જગદીશની,
ચરણરજ જન દયારામ વિપ્રે;
શ્રી ગુરુ કૃષ્ણ બલ ગ્રંથ રચના રચી,
શ્રવણ પઠને મળે કૃષ્ણ ક્ષિપ્રે...૯૯

ભાવાર્થ : હું વિપ્ર દયારામ. હું તો સૌની ચરણરજ છું. ગુરુદેવ - શ્રીમહાપ્રભુજી - શ્રીઠાકોરજીના ચરણનો દાસ છું.

મેં મારા બળથી આ લખ્યું નથી. એમના કૃપા બળથી લખ્યું છે. આ કાવ્ય સાંભળશો ગાશો તો તમને શ્રીકૃષ્ણ સત્વરે મળશે. (આ ગ્રંથની ફલશ્રુતિ)

શબ્દો : પઠન = પાઠ કરવો. ક્ષિપ્ર = જલ્દી.

સકળ ચિન્તા ટળે, ચિત્ત સહજ ચિન્તને,
પ્રતિ પદે નામ શ્રીકૃષ્ણ જેમાં;
સહજ સુકૃત હરિ ઉચ્ચરે અખિલ ફલ,
પદ્ય પદ્યે કૃષ્ણ, બાકી શું તેમાં...૧૦૦

ભાવાર્થ : (ફલશ્રુતિ ચાલુ છે.) આ કાવ્યમાં કડીએ કડીએ કૃષ્ણ નામ છે. કાવ્યના ચિંતનથી તમારી ચિન્તાઓ જશે. હરિ નામના ઉચ્ચારણથી સહજમાં સુકૃત ફળ થશે. તમે આ કાવ્ય ગાતા રહેશો તો યે ફળમાં બાકી નહિ રહે. કેમ કે એમાં પદે પદે શ્રીકૃષ્ણ ઝળકે છે - કડીએ કડીએ કૃષ્ણ નામ આવે છે.

શબ્દો : પ્રતિ પદ્યે = દરેક કડીએ. હરિ - ઉચ્ચરે = ભગવન્નામ બોલવાથી. સુકૃત = પૂણ્ય કાર્ય. અખિલ ફલ = અર્ધુ નહિ, આખું ફળ પ્રાપ્ત થશે.

હે નામ શ્રીકૃષ્ણ ! તવ દાસનો દાસ છું,
પ્રાર્થના મારી એક હૃદય ધરિયે;
નામી સહ આપ મુજ હૃદયમાં નિત્ય વસો,
જન દયાને કૃપા એ જ કરીએ...૧૦૧

ભાવાર્થ : અહીં કવિ શ્રીકૃષ્ણને વિનંતી કરવાને બદલે શ્રીકૃષ્ણના નામને સંબોધીને વિનંતી કરે છે. શ્રીમદ્ ભાગવત જે ભગવત્ સ્વરૂપ છે, તેમ શ્રીકૃષ્ણ નામ શ્રીકૃષ્ણ સ્વરૂપ ખરુંને ? માટે નામને વિનવે છે. "હે કૃષ્ણનામ ! તમે મારા હૃદયમાં વસો. એકલાં નહિ, શ્રીકૃષ્ણના સ્વરૂપ સહિત વસો." મારા પર આ કૃપા કરો.

નામ સ્મરણ કરતાં હૃદય અને નજર આગળ શ્રીકૃષ્ણનું સ્વરૂપ તરી આવે ! બસ આ છે કવિની અભિલાષા - આપણે પણ એવી જ અભિલાષા સેવીશુંને !

શબ્દો : નામી = કૃષ્ણ નામ જેનું છે તે સ્વરૂપ; શ્રીકૃષ્ણ.

પ્રબંધ– કટાવ

(દયારામભાઈ રચિત ભગવન્નામાવલી)

શ્રીગુરુદેવ, શ્રીમદ્ વલ્લભ વર, વાગધીશ,
મહાપ્રભુ પુરુષોત્તમ, શ્રીગોસ્વામી,
શ્રીકૃષ્ણચંદ્ર, ગોપીજન વલ્લભ, વ્રજેન્દ્ર,
વ્રજ જીવન, વૃંદાવન ચંદ્ર, રસિકવર,
શ્રીગોવર્ધન ધરણ ધીર, બલભદ્ર વીર,
કંદર્પકોટિ લાવણ્ય, કલાનિધિ,
પૂર્ણબ્રહ્મ, પૂર્ણાનંદ, પરમાનંદ કંદ,
હરિ લલિત ત્રિભંગ....

સદ્‌ગુણ સાગર, નટવર નાગર,
સરસ, સનાતન, સદાનંદ, સચ્ચિદાનંદ,
આનંદઘન, અનુપમ, અનંતકોટિ બ્રહ્માંડ ભૂપ,
રસ રૂપ, રાધિકા રમણ, રાસ રસ મગ્ન,
મનોહર, મદન માન હર, મદન મદ મર્દન,
ત્રિલોક સુંદર, હરિ, ઈશ્વર, ભગવાન્...

ભક્ત વત્સલ, સર્વેશ્વર કેશવ,
કમલ નયન, કમલાવર, યમુના - પ્રાણપ્રેષ્ઠ,
લલિતાદિ લલના - પ્રાણજીવન ધન,
ચંદ્રાવલી મુખ ચારુ ચંદ્રમા ચકોર,
વ્રજ જીવન, વન માલી, મર્દન કાલીય,
નંદકિશોર, યશોદાનંદન, મુરલીધર,
હૃષિકેશ રામપ્રિય, દેવકીનંદન,
વસુદેવાત્મજ, વાસુદેવ, વરદરાજ...

અચ્યુત, અનંત, વિભુ, ગોવિંદ,
ગદાધર, ગરુડ દવજ, ગોપાલ, ગોકુલાધીશ,
ગોપિકા પ્રાણપતિ, પુંડરિકાક્ષ, માધવ,
દામોદર, પદ્મનાભ, મધુસુદન, મુરારિ,

મુકુંદ, શ્રીજી, પીતાંબરધર વંશીધર,
વિશ્વંભર, જગદીશ, જનાર્દન, જગન્નાથ...
શ્રીપતિ, સર્વોત્તમ, વિષ્ણુ, ત્રિગુણપર,
તુલસી વલ્લભ, બાલ કૃષ્ણ, ધરણીધર,
ધર્મિસ્વરૂપ, દીનાનાથ, શરણાગત વત્સલ,
પતિત પાવનજી અધમોદ્ધારણ,
દીન બંધુ, સ્મૃતિ માત્ર સકલ સંતાપ પાપ હર...
અવતારી, આનંદરૂપ, શ્રીઘનશ્યામ સુંદર,
નવનીતપ્રિય, મથુરાધીપ,
વિઠ્ઠલેશરાય, શ્રીદ્વારિકેશ, ગોકુલેશ,
ગોકુલચંદ્ર, મદનમોહન, નાથ, હરિ, અનાથબંધુ,
કરુણાસિંધુ.....
અતિ ગંભીર, ઉદાર, અકળ, અજ,
અપાર, અંતર્યામી, પ્રાણપતિ,
પરમ દયાળુ, પરમ પ્રવીણ, સર્વશક્તિ પતિ,
સર્વાત્મન્, પ્રભુ પુષ્ટિ પથેશ્વર,
શ્રીકૃષ્ણચંદ્ર ! તવ દાસોહમ્, દાસોહમ્ દાસોહમ્
પાહિ પાહિ પ્રભો! નમો નમો!
જય 'દયા'નાથ ! ત્વમ્ જય જય, જય જય, જય

ભક્ત કવિ શ્રીદયારામભાઈ રચિત 'રસિક-રંજન કાવ્ય'માંથી થોડી રસકણિકા

૧. ભગવદ્‌નામ માહાત્મ્ય

છપ્પો

એક દુર્વચન બહુત દિનનકી પ્રીતિ મિટાવે,
એક દીપ જ્યોં બહુત બરસકો તિમિર ભજાવે;
એક ચિનગિ જ્યોં અગન દારુ બડ ઓઘ ઉડાવે,
છુવત પરસમનિ બહુત લોહ કંચન વ્હે જાવે;
ઈક વા અનેક કરિનિ બલ ભજે નાદ એક કેસરી,
દયાનાથ એક નામ હરિ, સબ દુઃખ અઘ ડારે હરી.

ભાવાર્થ : અનેકને ભગાડવા એક કેવું કાર્ય કરી શકે છે ! દાખલા આપે છે - (૧) બે જણ વચ્ચે લાંબા સમયનો સ્નેહ હોય છતાં એક વાર કોઇ એવું કઠિન વચન બોલાઇ જાય તો સ્નેહ ભંગ થઇ જાય ! (૨) કોઇ અવાવરૂ ઓરડામાં વર્ષો જૂનું અંધારૂં છવાએલું હોય છતાં ત્યાં એક જ દીપ પ્રગટે અને અંધકાર ભાગી જાય. (૩) દારુના મોટા ભંડારને અગ્નિની એક જ ચિનગારી સળગાવીને ઉડાવી દે છે. (૪) એક પારસમણિ ગમે તેટલા લોખંડના સમૂહનું સુવર્ણ બનાવી શકે છે. (૫) સિંહની એક જ ત્રાડ સાંભળતાં અનેક હાથી નાસ ભાગ કરે છે. તેવી રીતે કહે છે કે, એક માત્ર હરિ નામ અનેક દુઃખોને અને અગણિત પાપોને દૂર કરી દે છે.

૨. ઉત્તમ ઉપદેશ—માત્ર મૂળાક્ષરોનો જ ઉપયોગ કરીને છપ્પો

સમર સમર છબ સરસ,
સતત મન નટવર નગધર,
જસ પદ પય સર ધરત, ચરણ રજ શરણ રહત હર
જનમ મરણ યમ ભય ન રહત, પગ નમન કરત નર
સહસ વદન જપ કરત, રહત રસ નવ નવ વ્રજવર
જડ ! તસ પદ કમલ ન ઠરત,
કત ભટકત જગ નરકમય,
અબ છલ બલ ખલ ! તજ સહજ,
ભજ વ્રજવર ભવ ત્રસન ક્ષય.

ભાવાર્થ : હે મન ! પર્વતને ધારણ કરનારા શ્રીનટવરની સુંદર છબિ (સ્વરૂપ) જે રસમય છે તેનું નિરંતર સ્મરણ કર્યા કર. (૨) જેના ચરણોદકને મસ્તક પર મૂકીને શિવજી જેવા પણ ચરણ-શરણમાં રહે છે. (૩) એમના ચરણમાં નમન કરનાર મનુષ્યને જન્મ મરણ (પુનર્જન્મ) અથવા યમયાતનાનો ડર રહેતો નથી. (૪) શેષનાગ પણ સહસ્ર મુખ વડે જેનું નામ જપે છે. એ વ્રજવરમાં નૂતન નૂતન રસ પ્રગટ થતો રહે છે. (૫) હે જડ મનુષ્ય ! તેવા ચરણ કમલમાં ઠરીને ન રહેતા, આ દુઃખમય જગતમાં તું શા માટે ભટકતો રહે છે ? (૬) હે કપટી ! તારાં છળ બળ છોડીને સહજ ભાવે શ્રીવ્રજવરને ભજ. તેથી તારા સંસાર દુઃખનો ક્ષય થઇ જશે.

૩. ચિંતા-ક્લેશ-નિવૃત્તિ

(છંદ : કવિત)

ક્લેશ જો અલૌકિક તો ફલ હૈ પથ પુષ્ટિકો,
હરિ અંગીકૃત લક્ષણ, લૌકિક જો ક્લેશ હૈ !
દુ:ખ સાધુ-સંગ સાંચો, સમરાવે કૃષ્ણ નામ,
હરિકો વિસરાવે સુખ, માયા આવેશ હૈ.
દુ:ખમેં લાભ હોય ના તો, કુંતીજી માગે કેસે ?
સંત ક્લેશ સહે કેસે, કૃપાલુ વ્રજેશ હૈ ?
ભક્તકો અહિત કબૂ, દયા પ્રભૂ કરે હી ના,
ચિત્તમેં ઉદ્વેગ સો તો લીલા ગોકુલેશ હૈ.

ભાવાર્થ : વિરહતાપ રૂપી અલૌકિક ક્લેશ તે તો પુષ્ટિમાર્ગનું ફલ છે; લૌકિકમાં ક્લેશ થાય તો સમજવું કે હરિએ મારો અંગીકાર કર્યો છે.

દુ:ખ એ સાચો સત્સંગ છે કેમકે દુ:ખથી જ જીવ પ્રભૂનું નામ સ્મરણ કરવા પ્રેરાય છે. સુખ તો માયામાં ફસાવીને હરિને વિસરાવનારું છે.

દુ:ખથી લાભ ન થતો હોય તો કુંતાજીએ દુ:ખ માગ્યું છે તે કેમ માગત ? વળી, જો દુ:ખથી ભક્તોને લાભ ન થતો હોત તો કૃપાલુ શ્રીકૃષ્ણ પોતાના ભક્તોનું દુ:ખ સહન કરે જ નહિ ! તરત જ દૂર કરી દે - એ સમર્થ છે.

કવિ કહે છે કે ભક્તોનું અહિત ભગવાન કદી કરતા જ નથી. મનમાં ઉદ્વેગ થાય તેવું જે કંઇ બને તે શ્રીગોકુલેશની લીલા જ છે. આ વાત સમજી લઇને ચિંતા ક્લેશ છોડી દેવો.

૪. સૌથી મોટું શું ?

(છંદ : કવિત)

સુખ સીમા મન-સંતોષ, દુ:ખ સીમા પરાધીન,
ભય સીમા કાલ, અભય સીમા હરિ શરન હૈ.
જય સીમા મન જીતે, હાનિ સીમા દુષ્ટ સંગ,
શ્રેય સીમા સંત સેવા, પ્રીતિ ગુરુ-ચરન હૈ.
પૂણ્ય સીમા પ્રાણ દાન, પાપ સીમા ભક્ત દ્રોહ,
મંત્ર સીમા કૃષ્ણ નામ, પાપ તાપ હરન હૈ.
સુજ્ઞ સીમા હરિ સ્મૃતિ, હર્ષ સીમા કૃષ્ણ પ્રેમ,
દયારામ લાભ સીમા સેવા ગિરિધરન હૈ.

ભાવાર્થ : શ્રેષ્ઠ સુખ શેમાં છે ? મનના સંતોષમાં. સૌથી મોટું દુ:ખ ક્યું ? પરતંત્રતા. ભય ? મરણનો. અભય ? હરિશરણમાં. સાચો જય ? મનને જીતવામાં. સૌથી મોટી હાનિ ? દુ:સંગથી. ઉત્તમ શ્રેય ? ભક્તોની સેવા કરવાથી અને ગુરુદેવના ચરણમાં પ્રીતિ રાખવાથી. શ્રેષ્ઠ પૂણ્ય ? બીજાના સુખ માટે પ્રાણ આપવામાં. પાપ ? ભક્તનો દ્રોહ. શ્રેષ્ઠ મંત્ર ? શ્રીકૃષ્ણ નામ કે જે પાપ અને દુ:ખોને હરનારું છે. સુજ્ઞતા એટલે ડહાપણ શ્રેષ્ઠ શેમાં ? હરિના સ્મરણમાં. ઉત્તમ હર્ષ (આનંદ) કઇ રીતે થાય ? શ્રીકૃષ્ણમાં પ્રેમ પ્રગટ થવાથી થાય. અને સૌથી મહાન્ લાભ ? શ્રીકૃષ્ણની સેવા કરવાની મળે તે જ છે.

૫. અનન્ય કૃષ્ણ પ્રેમ

(છંદ : કવિત)

નરસંઈ મહેતાજીને ટેક એક કૃષ્ણ ગાયે,
રામ નહીં બોલે, ઔર કી તો કહા ચલી હૈ ?
ઔર હુ અનન્ય રામભક્ત તુલસી ટેકી હૈ,
કૃષ્ણચંદ્ર રામ ભયે, લગી ટેક ભલી હૈ.
દેવીકોં નમન નહીં કીનો મીરાં પતિવ્રતા,
ગિરિધારી બિના મતિ કહું નહીં ચલી હૈ.
દયારામ કહે પંચપિરિયાકોં કૌન જાને ?
ઈત્યાદિ ટેકીકોં કીરતિ જગ મિલી હૈ.

ભાવાર્થ : નરસિંહ મહેતા એ કેવલ કૃષ્ણનાં જ પદ ગાયાં છે. 'રામ' બોલ્યાં નથી તો અન્ય દેવ દેવીઓની તો વાત જ શું ?

બીજા પણ અનન્ય ભક્તો થયા છે. તુલસીદાસને રામચંદ્રજીમાં અનન્યતા હતી તો શ્રીનાથજીએ એમને રામચંદ્રજી રૂપે દર્શન આપ્યાં છે. એમની ટેક સાચવી છે.

મીરાને શ્રીગિરિધરલાલમાં અનન્ય પતિવ્રતભાવ હતો. પરણીને સાસરે ગઇ ત્યારે સાસૂએ કહ્યું કે "વહુ, કુળદેવીને પગે લાગો." "પણ મીરા એને નમી નહિ." (એણે પૂછયું : સાસૂજી, દેવીને શા માટે પગે લાગવાનું ? સાસૂએ કહ્યું : "એનાથી અખંડ સૌભાગ્ય રહે." ત્યારે મીરાંએ પ્રત્યુત્તર આપ્યો : સાસૂજી તમે પગે લાગેલાં ને ! ત્યારે સસરાજી કેમ મરી ગયા ? - આવી નીડરતા અને અનન્યતા હતી.) શ્રીકૃષ્ણ વિના એનું મન અન્યત્ર ગયું જ નથી. કવિ કહે છે કે આવા ટેકી ભક્તો તો જગતમાં પ્રસિદ્ધ થયા છે. અને બધાને માનનાર પામર લોકોને તો કોઈ જાણતું ય નથી. અનન્ય ભક્તિ એ જ સાચી ભક્તિ છે.

શબ્દાર્થ : પંચપિરીયા = પંચ દેવ અર્થાત્ અનેક દેવદેવીઓને તેમજ પીર જેવા પરધર્મનાં તત્ત્વોને માનનારા પામર લોકો.

૬. અનન્ય કૃષ્ણ-પ્રેમ

(છંદ : કવિત)

મધુકરકોં પંકજ, ચકોર પ્યારો ચંદા જ્યોં,
ભૃગ રાગ, ફની મની, મીન પ્યારો વારિ હે.
પ્રિય હે પતંગ દીપ, ચાતકકોં સ્વાતિ નીર,
જાર પ્રીતિ પરસ્પર જેસે નર નારી હે.
ક્ષુધિતકોં ભોજન અરુ પ્યાસેકોં પાની પ્યારો,
વ્યસનકી ચીજ જેસે વ્યસનીકોં પ્યારી હે.
કહે દયારામ વાકે દાસનકો દાસ બનું,
એસે પ્યારે જિનકોં શ્રી લાલ ગિરિધારી હૈં.

ભાવાર્થ : આ દૃષ્ટાંતો જેવો પ્રેમ જેને શ્રી ગિરિધરલાલમાં છે. તે ભગવદીયનો હું દાસાનુદાસ બનું, એવી અભિલાષા કવિ સેવે છે. કેવો પ્રેમ ? જેવો ભમરાનો કમળમાં, ચકોરનો ચંદ્રમાં, મૃગનો રાગમાં, નાગનો પોતાના મસ્તક પરના મણિમાં, અને માછલાનો જળમાં છે. જેવો, વળી, પતંગિયાનો દીવામાં, ચાતકનો સ્વાતિના વરસતા જળમાં, અને જેવો નર નારીનો પરસ્પર જાર (પરકીય) પ્રેમ હોય છે.

ભૂખ્યાને ભોજનમાં, તરસ્યાને જળમાં અને વ્યસનીને વ્યસનમાં જેવો પ્રેમ હોય છે, તેવો પ્રેમ શ્રીજીમાં થાય તો શું બાકી રહે !

૭. શ્રીકૃષ્ણ નામ અને અંત સમય

(છંદ : મત્તગયંદ)

સંગ્રહ સહજ બને જલ પાવસ,
ગ્રીષ્મ સો હોય મહા સુખકારી.
સંચય અન્ન સુકાલ સુગમ,
દુષ્-કાલ કરે વહ સુખ અતિ ભારી.
સુલ્લભ બાલપને જુ સરસ્વતી,
ભર જીવન બનિ અતિ હિતકારી.
ત્યોં હરિ-નામ દયા અબ સરલ.
સો અંત સમે દુઃખ દુસ્તર હારી.

ભાવાર્થ : વર્ષાઋતુમાં જળનો સંગ્રહ કર્યો હોય તે ઉનાળામાં ઘણો સુખ દાયક થઇ પડે છે; સારા વર્ષમાં કરેલો અનાજનો સંગ્રહ દુષ્કાળ પડે ત્યારે મોટું સુખ ઉપજાવે છે. બાળપણમાં મેળવેલી વિદ્યા જીવનભર ઘણી હિતકારી થાય છે. તે જ રીતે જીવન ભર ભગવન્નામનું રટણ કર્યું હોય તો અંત સમયે પણ તે યાદ આવીને; મરણ દુઃખ, યમ યાતના ઈત્યાદીને દૂર કરે છે.

૮. શ્રીકૃષ્ણનામ અને આસુરી જીવો

(છંદ : કવિત)

આમ્રાદિ તજી ઉષ્ટ્ર ચાહિકે કંટાલ ખાવે,
ગંગાતટ-વાસી દુષ્ટ કૂપોદક ભાવે હૈ.
વિષકો જો કીટ સો તો મિસરીમેં મર જાવે,
મીન ક્ષાર સિંધુ જલ, સરિતા ન સુહાવે હૈ.
દ્રાખ જબ પકે તબ વાયસકી ચોંચ દુખે,
પકે જબ નિંબોરી તબ નીકી વ્હે જાવે હૈ.
આસુરી સ્વભાવ જીવ, નામપેં વિશ્વાસ નહીં,
દયા પ્રભુ નામ શ્રેષ્ઠ, સહજ ક્યો ન ગાવે હૈં.

ભાવાર્થ : ઉંટ આંબાની કેરીઓ છોડીને કાંટા ખાવા જાય, ગંગા તટ વાસી ગંગાજળ મૂકીને જેવા તેવા કૂવાનું પાણી પીએ, ઝેરી છોડનો કીડો, સાકરમાં મૂકતાં મરી જાય, અને ખારા સમુદ્રનાં માછલાને મીઠા જળની નદીમાં ગમે નહિ. વળી દ્રાક્ષ પાકે ત્યારે કાગડાની ચાંચ દુખવા આવે; તે પાછી લીમડા પર લિંબોડી પાકે ત્યારે મટી જાય.

આમ જેનો જેવો સ્વભાવ અને ભાગ્ય હોય તે જ તેને ગમે છે અને મળે છે. એ જ પ્રકારે, આસુરી સ્વભાવવાળા જીવોને, આવા ઉત્તમ ફળદાયક ભગવન્નામમાં વિશ્વાસ બેસતો નથી. તેઓ કૃષ્ણનામ સ્મરણ કરી શકતા નથી.

૯. સ્તુતિ - વિજ્ઞપ્તિ

(છંદ : કવિત)

દ્રવ્ય વિના દુ:ખ ભારી, ધન હૈ મહા કષ્ટકારી,
ઉત્પત્તિ રક્ષણ વ્યય, ભર ક્લેશકે અતિ;
સંચી મરે, પ્રેત બને, સભી જન કૃપણ કહે,
તુર્ત ખર્ચિ દે તો આયુ કેતો સો ન હે ગતિ;
હરિ ગુરુ સંત સેવા, વિત્ત બિના હોત નહીં,
ગૃહસ્થિકો જીવન દામ, સબ ના બને યતિ;
દયાનાથ એસો કરે, આયો કામ અટકે ના,
ધન મન ભટકે ના, સદા આપમેં રતિ.

ભાવાર્થ : ધન વિષેની પરસ્પર વિરોધી દલીલો રજૂ કરીને પ્રભુને વિનંતી કરે છે :

દ્રવ્ય પાસે ન હોય તો એમાં ઘણું દુ:ખ છે. દ્રવ્ય ઘણું હોય તો તેની જંજાળ પણ કષ્ટ આપનારી બને છે. કમાવામાં મહેનત, સાચવવાની ચિંતા, ખર્ચવામાં ખટપટ, આ બધામાં કોઇવાર બહુ ક્લેશ પણ થાય છે.



ખર્ચે નહિ અને સંચી રાખે તો મરીને પ્રેત થવું પડે (એમાં વાસના રહી જાય તો.) પાસે ઘણું છે છતાં ખર્ચતો નથી એમ કહીને લોકો કંજૂસ ઠરાવી નિંદા કરે. સંચય ન કરે અને ઉડાવી દે તો જીવનભર ખાય શું ? આયુષ્ય કેટલું છે તે માણસ જાણી શકતો નથી.

વળી હરિ ગુરુ વૈષ્ણવની વિત્તજા સેવા કરવાનું આવશ્યક છે તે ધન વિના બને નહિ. ગૃહસ્થાશ્રમીને તો ધન એજ જીવન છે. બધા કંઇ સન્યાસી થોડા જ બની શકે છે. !

માટે હે દયાલુ નાથ ! આપ એવું કરો કે જેટલું આવશ્યક હોય તેટલું ધન આપો. જેથી આવેલું કામ અટકે નહિ અને ધનના અભાવમાં મન ધન માટે ભટકે નહિ.

પરંતુ, મારા મનની પ્રીતિ તો ધનમાં નહિ; આપના સ્વરૂપમાં જ રાખજો. જેથી એ ધન મને માયામાં ફસાવે નહિ.


૧૦. ભગવદિચ્છાનું પ્રાધાન્ય

(છંદ : મત્તગયંદ)

જો નિર્માણ કિયો નંદનંદન,
સો હરવહ્મા હુ તે ન ટરેગો,
દુ:ખ અરુ સુખ, હાનિ કિ લાભ,
સમય પર આપ હી આપ ઠરેગો;
યત્ન અનેક વૃથા જીવકે,
હિમકશ્યપ લોં શ્રમ શીષ પરેગો;
નાથ દયા કર દોરી સબેં જગ,
જ્યોં રુચિ ત્યોં જન નૃત્ય કરેગો.

ભાવાર્થ : ભગવાને નિજ ઇચ્છા પ્રમાણે જે કંઇ નક્કી કર્યું છે તેને શિવ અને બ્રહ્મા પણ ટાળી શકે તેમ નથી. દુ:ખ, સુખ, લાભ કે હાનિ જે કંઇ નિર્મિત છે તે સમય આવે આપો આપ થશે જ. અનેક યત્નો કરવાનું વૃથા છે. પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુએ ઘણી મહેનત કરી છતાં તે માથે પડી, જે બનવાનું હતું તે બન્યું જ. શ્રીનૃસિંહજીએ એને અવનવી રીતે માર્યો. કવિ કહે છે કે આખા જગતની દોરી મારા નાથના હાથમાં છે. એના દોરી સંચાર પ્રમાણે જ માનવી નાચ્યા કરે છે.





: ટાઈપોગ્રાફી, ડિઝાઈન & પ્રિન્ટીંગ :

પ્લસ કોર્પોરેશન

૧૦૩, પહેલા માળે, શાંતિ કોમ્પલેક્સ, ૧ કોટક શેરી મેઈન રોડ,
હોટલ આદિત્યની પાછળ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ફોન/ફેક્સ : (૦૨૮૧) ૨૨૩૫૬૧૧, મો. ૯૪૨૬૨ ૫૦૫૭૦, ૯૪૨૮૦ ૩૯૮૬૨
Website : www.pustimarg.com   Email : info@pustimarg.com